જૈન ગૂર્જર કવિઓ

ભાગ-૪



સંગ્રાહક અને સંપાદકો
મોહનલાલ દલીચંદ દેશાઈ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

જૈન ગૂર્જર કવિઓ

ભાગ ૪

[વિક્રમ અઢારમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી : ખંડ પહેલો]

સંગ્રાહક અને સંપ્રયોજક

મોહનલાલ દલીચંદ દેશાઈ

સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના

સંપાદક

જયંત કોઠારી

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

મુંબઈ

Jain Gurjar Kavio Vol. IV
Descreptive catalogue of Jain poets and their works in Gujarati Language of V.S. 18th century : Part I
ed. Mohanlal Dalichand Desai, revised by Jayant Kothari
1988, Mahavira Jaina Vidyalaya, Bombay

બીજી સંશોધિત આવૃત્તિ જાન્યુઆરી ૧૯૮૮
નકલ ૫૦૦

કિંમત : ૩. ૬૦

આવરણ : શૈલેશ મોઢી

વિક્રેતાઓ
આર. આર. શેઠની કંપની
૧૧૦–૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, ફુવારા પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
નવભારત સાહિત્ય મંદિર
૫૩૧, કાલબાદેવી રોડ, ઘોબી તલાવ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, પતાસાપોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
ગૂર્જર સાહિત્ય ભવન
ગાંધી માર્ગ, રતનપોળનાકા સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
ગ્રંથાગાર
મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

પ્રકાશક
જયંતીલાલ રતનચંદ શાહ
સેવંતીલાલ કેશવલાલ શાહ
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

મુદ્રક
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૧

સાંકેતિક અક્ષરોની સમજ

[ભા.૧, ૨ અને ૩માં અપાયેલી સાંકેતિક અક્ષરોની સમજની શુદ્ધિ-વૃદ્ધિ રૂપે અહીં કેટલીક સામગ્રી આપવાનું પ્રાપ્ત થાય છે. અહીં પણ સાંકેતિક અક્ષરો જેને માટે પ્રયોજ્યા ન હોય એવી નવી આધારસામગ્રીનો નિર્દેશ કર્યો છે. [ ]માં મૂકવામાં આવેલી સઘળી સામગ્રી બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવી છે.]

ક. આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

—	અજીમગંજ નેમનાથ ભંડાર
અભયસિંહ.	?
અમદાવાદ.	?
આ.ક.ભં.	[સ્થાનનિર્દેશ વિનાનો સંક્ષેપાક્ષર પાલીતાણાની પેઢીનો ભંડાર જણાવાયો છે, પણ કેટલેક સ્થાને અમદાવાદની પેઢીનો પણ હોવા સંભવ છે.]
આ.ક.ભં. અમ.	[શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ભંડાર, અમદાવાદ]
કમલમુનિ.	કમલમુનિનો સંગ્રહ (હાલ ગૂજરાત વિદ્યાપીઠ, પુરાતત્ત્વ-મંદિરમાં)
—	ગુલાબવિજય ભંડાર, ઉદયપુર
—	ચતુરવિજયગણિ પાસે [જુઓ ચતુ. અને ચતુર.]
ચા.	ચારિત્રવિજયજી કચ્છી
જે.	[જેસલમેર ભં. હોવાનો શકયતા. જુઓ જેસ.ભં.]
—	છત્તાબાઈ ઉપાશ્રય, બિકાનેર
[ટ્રેજૈભંડારઝ	ટ્રેઝર્સ ઑવ્ જૈન ભંડારઝ, સંપા, ઉમાકાંત પી. શાહ, પ્રકા. ઍલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઇન્ડોલૉજી, અમદાવાદ, ૧૯૭૮]
ડા. ત્રિ. પ્રશસ્તિસંગ્રહ	ડા. ત્રિભોવનદાસ પ્રશસ્તિસંગ્રહ
—	દિગ્મંડલાચાર્ય જ્ઞાનચંદ્રસૂરિ ભં. કાશી

—	નોટિસીઝ ઑવ્ સં. મૅન્યુ.
—	પૂનમચંદ યતિ સંગ્રહ, વિકાનેર
—	પોપટલાલ પ્રાગજી કાલાગલા કરાંચીવાળા પાસે
પ્ર.કા.ભં.	[આ નામે નોંધાયેલી પ્રતો ઘણે સ્થાને હા.ભં. (પાટણ)-નો હોવાનું પણ જણાયું છે. કેટલેક સ્થાને પ્ર.કા. (જેનું અહીં પ્ર.કા.ભં. કર્યું છે) એટલે પ્રવર્તક કાન્તિવિજયજીએ આપેલી માહિતી એટલો જ અર્થ હોવાનો સંભવ છે.]
બોટાદ.	?
ભ.વિ. રાધનપુર	?
ભાવ.ભં.૨	ભક્તિવિજય ભંડાર, ભાવનગર
મુ.એ.સો.	[મુંબઈની રોયલ એશિયાટિક સોસાયટી ? જુઓ રો. એ.સો.]
—	યતિ ચેનસાગર [યતિ ચેતનસાગર એ ભૂલ છે]
—	રાયધનપતિસિંહ ભં. અજીમગંજ
વિ.આ. સાણંદ	? [જુઓ વિ.અ.જ્ઞા.ભં. સાણંદ]
વિજાપુર જ્ઞા.મં.	[વિજાપુર જૈન જ્ઞાનમંદિર ભંડાર]
વિદ્યાશાળા અમ.	[જુઓ જૈ.વિ.શા.જ્ઞા.ભં. અમદાવાદ]
વિરમ. સંઘ ભં.	વિરમગામ સંઘ ભં.
વી.	?
—	શેઠ ડાહ્યાભાઈ પાસે, બોડા
શેઠિયા.	શેઠિયા ભં. વિકાનેર
સં. ઉપાશ્રય સુરત	[સંઘ ઉપાશ્રય સુરત એટલે વડા ચૌટા ઉપાશ્રય હોવાનો સંભવ]
—	સંઘ ભંડાર, વિકાનેર [વીકા. કે વીકાનેર ભં.થી પણ આ જ અભિપ્રેત હોવા સંભવ]

ખ. અન્ય સાંકેતિક અક્ષરો

દ્વ. [દ્વિતીય, દ્વિતીય]	મં. [મંત્રી ?]
ભ્રા. [ભ્રાતા]	સ. [(૨) સમાપ્ત]

મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ

[આ ગ્રંથની શુદ્ધિવૃદ્ધિમાં પણ ડૉ. હરિવલ્લભ ભાયાણીનો અત્યંત સદ્‌ભાવભર્યો પરિશ્રમ પડેલો છે તેની સાભાર નોંધ લેવી જોઈએ.]

પૃ./પં.	શુદ્ધિ	પૃ./પં.	શુદ્ધિ
૧/૯	જુદા	૧૦૧/૨૫	સાહીબા ચાકરી પધાર્યા
૧૧/૧૧	ગુણ-પરિવાડી-વેલિનું	૧૦૭/૫	જોઈ
૧૫/૨૭	ધમ	૧૧૦/૧૮	**માછીનો**
૩૦/૯	સરવારથથી	૧૧૩/૧૬	**માંડવી**
૩૫/૧૫	વિશ્વા વીસ	૧૧૭/૨૦	બહુલી
૪૦/૬	અ હોઇ દુવિહ તુ	૧૩૩/૩૦	ગ્રામકૂટ
૪૦/૭	**દ્વાભયગમાધ**	૧૪૧/૩	સાંઈધન
૪૨/૩	ન્યૂનઅધિક	૧૪૬/૨૭	**દ્વયાસાર**
૪૨/૫	ઉગુણસઠિ	૧૫૫/૪	નિર્ઘાટીને
૪૯/૫	વીસવા વીસ	૧૫૮/૧૪	ભાગચંદ્રાનુરોધેન
૫૨/૧૩	જોપેં	૧૬૩/૧૬	ચરણાંભોરુહ
૫૮/૨૩	વા સનીવાસરે	૧૬૩/૧૭	ભગવતી
૫૯/૧૦	ધનિષ્ટાયા	૧૬૩/૧૯	સંપાદિતામીહિતાઃ
૮૩/૧૯	સા રસનાધ	૧૬૬/૩	વિજયિનિ નિષ્ઠાં નીતોડર્યં
૮૩/૨૦	નર ગુણ-આગલો	૧૬૯/૨૫	મતિસારૈં
૮૫/૨૨	વરીયામ	૧૭૬/૨૮	સીપ મોનાહમ
૯૧/૭	રચીજી	૧૯૩/૭	પ્રાગ્વાટવંશી
૯૯/૨૦	વાધે ધર્મ પાપ ધ્યો જાઈ	૩૬૫/૩	**માનવિજયગણિ**

વૃદ્ધિ

૨૭/૯ 'કેટલોગગુરા' પછી ઉમેરો : જૈડાપ્રોસ્ટા.

૨૭/૧૦ પૃષ્ઠાંકમાં ઉમેરો : ૬૮.

૫૬/૪ કૌંસ પહેલાં ઉમેરો : (૨૨) જૈસ.ભં. (૨૩) ચ.ભં.

૬૪/૧૦ ભા.૨ના પૃષ્ઠાંકમાં ઉમેરો : ૨૪૩.

૬૫/ આરંભે ઉમેરો : 'નંદિષેણ રાસ' ભા.૨ પૃ.૨૪૩ પર ભૂલથી જિનદેવને નામે પણ મુકાયેલો.

અનુક્રમણિકા

સાંકેતિક અક્ષરોની સમજ 3
મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ 5
અનુક્રમણિકા 7
૮૩૫. ધર્મસિંહ ૧
૮૩૬. આનંદઘન ૧
૮૩૭. વિનયવિજય ઉપા. ૭
૮૩૮. જયરંગ–જેતસી ૨૭
૮૩૯. વિનયશીલ ૩૩
૮૪૦. ભુવનસોમ ૩૫
૮૪૧. જ્ઞાનસાગર ૩૭
૮૪૨. મતિસાગર ૬૫
૮૪૩. સંતોષવિજય [સંતોષી ૬] ૬૫
૮૪૪. વિનયસાગર ૬૬
૮૪૫. આનંદવર્ધન ૬૬
૮૪૭. માનવિજય ૬૯
૮૪૮. જ્ઞાનસમુદ્ર ૭૧
૮૪૯. રાજહર્ષ ૭૧
૮૫૦. ઋદ્ધિવિજય વા. ૭૪
૮૫૧. જયસોમ ૭૫
૮૫૨. સંઘસોમ ૭૮
૮૫૩. પુણ્યનિધાન વા. ૭૯
૮૫૪. મેરુલાભ–માહાવજી ૮૦
૮૫૫. જિનહર્ષ–જસરાજ ૮૨
૮૫૬. રાજસાર ૧૪૨
૮૫૭. ક્ષેમહર્ષ ૧૪૩
૮૫૮. રાજરત્ન ૧૪૪
૮૫૯. વર્ધમાન ૧૪૬
૮૬૦. વિક્રમ ૧૪૬
૮૬૧. દયાસાર ૧૪૬
૮૬૨. વૃદ્ધિવિજય ૧૪૭
૮૬૩. રાજસોમ ૧૪૯
૮૬૪. તેજમુનિ–તેજપાલ ૧૪૯
૮૬૫. જ્ઞાનકુશલ ૧૫૩
૮૬૬. લબ્ધોદયગણિ–લાલચંદ ૧૫૭
૮૬૭. ક્ષેમવિજય ૧૬૨
૮૬૮. પદ્મસુંદરગણિ ૧૬૩
૮૬૯. સ્થિરહર્ષ ૧૬૪
૮૭૦. વીરવિજય ૧૬૪
૮૭૧. હંસરાજ ૧૬૫
૮૭૨. પુણ્યહર્ષ ૧૬૬
૮૭૩. કેશવજી ઋષિ ૧૬૮
૮૭૪. ધનદેવ ૧૬૯
૮૭૫. જિનવર્ધમાન ૧૬૯
૮૭૬. જ્ઞાનહર્ષ ૧૭૦
૮૭૭. જિનરત્નસૂરિ ૧૭૦
૮૭૮. રામચંદ્ર ૧૭૧
૮૭૯. સુમતિહંસ ઉપા. ૧૭૫
૮૮૦. અભયસોમ ૧૭૮
૮૮૧. ઉત્તમચંદ ૧૮૪
૮૮૨. કમલહર્ષ વા. ૧૮૫
૮૮૩. ભાણવિજય ૧૮૮
૮૮૪. તેજસિંહગણિ ૧૯૦

૮૮૫. યશોવિજય-જશવિજય ૧૯૩
૮૮૬. યશોવિજય ૨૩૫
૮૮૭. લાભવર્ધન પા.-લાલચંદ ૨૩૫
૮૮૮. ઉત્તમસાગર ૨૪૭
૮૮૯. રામવિજય ૨૪૯
૮૯૦. વૃદ્ધિવિજય ૨૫૦
૮૯૧. ઇંદ્રસૌભાગ્ય ૨૫૨
૮૯૨. લબ્ધિરુચિ ૨૫૩
૮૯૩. સિદ્ધિવિજય ૨૫૪
૮૯૪. શુભવિજય ૨૫૫
૮૯૫. નયપ્રમોદ ૨૫૬
૮૯૬. દેવવિજય ૨૫૬
૮૯૭. સૌભાગ્યવિજય ૨૫૮
૮૯૮. મેઘવિજય ૨૫૯
૮૯૯. માણેકવિમલ ૨૬૦
૯૦૦. ગજકુશલ ૨૬૧
૯૦૧. પદ્મચંદ્ર ૨૬૩
૯૦૨. ઉદયચંદ ૨૬૫
૯૦૩. ઉદયવિજય ઉપા. ૨૬૬
૯૦૪. કુંવરવિજય ૨૭૪
૯૦૫. રંગપ્રમોદ ૨૭૪
૯૦૬. પદ્મવિજય ૨૭૪
૯૦૭. વિનયસાગર ૨૭૪
૯૦૮. દેવવિજય ૨૭૫
૯૦૯. માનવિજય ૨૭૫
૯૧૦. વિદ્યારુચિ ૨૭૭
૯૧૧. હસ્તિરુચિ ૨૮૨
૯૧૨. પદ્મચંદ્ર ૨૮૪
૯૧૩. સકલચંદ ૨૮૪
૯૧૪. જિનદાસ ૨૮૫
૯૧૫. જ્ઞાનનિધાન ૨૮૫
૯૧૬. ધર્મવર્ધન-ધર્મસિંહ પાઠક ૨૮૬
૯૧૭. હીર-ઉદયપ્રમોદ ૨૯૯
૯૧૮. ઉદયરત્ન ૨૯૯
૯૧૯. સુમતિવલ્લભ ૨૯૯
૯૨૦. સુમતિરંગ ૩૦૧
૯૨૧. રામચંદ્ર ૩૦૫
૯૨૨. હેમસૌભાગ્ય ૩૦૫
૯૨૩. તિલકસાગર ૩૦૬
૯૨૪. મેરુવિજય ૩૦૭
૯૨૫. પદ્મચંદ્રસૂરિ ૩૧૦
૯૨૬. સુરજી મુનિ ૩૧૧
૯૨૭. મહિમાઉદય ૩૧૩
૯૨૮. મહિમાસૂરિ ૩૧૪
૯૨૯. વીરવિમલ ૩૧૫
૯૩૦. વિનીતકુશલ ૩૧૬
૯૩૧. રાજલાભ ૩૧૮
૯૩૨. મેઘવિજય ૩૧૯
૯૩૩. ધર્મમંદિરગણિ ૩૧૯
૯૩૪. પ્રેમરાજ ૩૨૮
૯૩૫. માનસાગર ૩૨૯
૯૩૬. પરમસાગર ૩૩૫
૯૩૭. તત્ત્વવિજય ૩૩૮
૯૩૮. વધો ૩૪૧
૯૩૯. જિનસમુદ્રસૂરિ ૩૪૨
૯૪૦. હીરાણંદ-હીરમુનિ ૩૪૩
૯૪૧. ગુણસાગર ૩૪૬
૯૪૨. શ્રીસોમ ૩૪૬
૯૪૩. લક્ષ્મીવલ્લભ-રાજ-હેમરાજ ૩૪૭
૯૪૪. જિનદત્તસૂરિ ૩૫૭

૬૪૫. મહેશ મુનિ ૩૫૮
૬૪૬. સુરસાગર ૩૫૮
૬૪૭. માનવિજયગણિ ૩૫૯
૬૪૮. માનવિજય ૩૬૫
૬૪૯. ભાવપ્રમોદ ૩૬૫
૬૫૦. જિતવિજય ૩૬૬
૬૫૧. હેમરાજજી પંડિત ૩૬૮
૬૫૨. યશોનંદ ૩૭૦
૬૫૩. ધીરવિજય ૩૭૧
૬૫૪. જિનચંદ્રસૂરિ ૩૭૨
૬૫૫. દાનવિજય ૩૭૪
૬૫૬. લક્ષ્મીવિજય ૩૭૭
૬૫૭. જિનવિજય ૩૭૮
૬૫૮. આનંદનિધાન ૩૮૦
૬૫૯. પ્રીતિવિજય ૩૮૦
૬૬૦. વિજયસૂરિ ૩૮૨
૬૬૧. જ્ઞાનવિમલસૂરિ-
નયવિમલ ૩૮૨
૬૬૨. રૂપવિમલ ૪૧૮
૬૬૩. કનકનિધાન ૪૧૮
૬૬૪. મતિકુશલ ૪૨૦
૬૬૫. વીરજી-વીરચંદ ૪૨૪
૬૬૬. ઉદયસમુદ્ર ૪૨૫
૬૬૭. વિદ્યાવિલાસ ૪૨૭
૬૬૮. હર્ષવિજય ૪૨૭
૬૬૯. કર્મસિંહ ૪૨૮
૬૭૦. વિનયલાભ-બાલચંદ ૪૩૦
૬૭૧. કેસરકુશલ ૪૩૪
૬૭૨. અમૃતસાગર ૪૩૫
૬૭૩. વિવેકવિજય ૪૩૭
૬૭૪. તત્ત્વહંસ ૪૩૯
૬૭૫. જિનરંગસૂરિ ૪૪૧
૬૭૬. જિનવિજય ૪૪૨
૬૭૭. ક્ષમાસાગર ૪૪૫
૬૭૮. આણંદ ૪૪૬
૬૭૯. આણંદમુનિ ૪૪૬
૬૮૦. નિત્યસૌભાગ્ય ૪૪૯
૬૮૧. માનમુનિ ૪૫૧
૬૮૨. સમયનિધાન વા. ૪૫૨
૬૮૩. જયસાગર ૪૫૩
૬૮૪. વિબુધવિજય ૪૫૫
૬૮૫. ભગોતીદાસ ૪૫૬
૬૮૬. સુખસાગર ૪૫૭
૬૮૭. સુખસાગર ૪૫૯
૬૮૮. સુરવિજય ૪૬૦
૬૮૯. સૂર ૪૬૩

જૈન ગૂર્જર કવિઓ

ભાગ ૪

વિક્રમ અઢારમી સદી

૮૩૫. ધર્મસિંહ (લોં. રત્નસિંહ–દેવજી શિ)

જામનગરના દશાશ્રીમાળી વણિક જિનદાસને ત્યાં જન્મ. માતા શિવા. સ્વ. સં.૧૭૨૮.

(૨૦૦૮થી ૨૦૩૪) ૨૭ સૂત્ર પર ટબા

(૨૦૩૫) સમવાયાંગ સૂત્રની હૂંડી વગેરે (ગદ્યમાં)

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૮૪, ભા.૩ પૃ.૧૬૨૪. ત્યાં જન્મસંવત ૧૬૮૫ અને દીક્ષા સં.૧૭૦૦ દર્શાવેલ તે હકીકત ખરી હોવા વિશે શંકા છે. આ ધર્મસિંહ તે જેમણે શિવજી ઋષિથી સં.૧૬૮૫માં જુદી પડી દરિયાપુરી સંઘાડો સ્થાપ્યો. જુઓ પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૨૧૫. ત્યાં ધર્મસિંહે રત્નસિંહશિષ્ય દેવજી પાસે દીક્ષા લીધેલી એમ કહેવા સાથે એમને શિવજી ઋષિના શિષ્ય તરીકે ઓળખાવવામાં આવ્યા છે. દીક્ષા પછી એ શિવજી ઋષિની આજ્ઞામાં રહ્યા હોય એમ બને. આ કવિને નામે સ.સં.૧૭૨૫ની 'ધર્મસિંહ ભાવની' નોંધાયેલી તે વસ્તુતઃ ખરતરગચ્છના ધર્મસિંહ–ધર્મવર્ધન (જુઓ હવે પછી સંવત ૧૭૧૯ના ક્રમમાં)ની કૃતિ છે.]

૮૩૬. આનંદઘન (લાભાનંદજી)

આનંદઘન આ નામ પોતાનું રાખી, ૨૪ નહીં પણ ખરી રીતે પ્રથમનાં ૨૨ જિનસ્તવનો અને 'અધ્યાત્મપદ બહોતેરી' – 'બાવીશી' અને 'બહોતેરી' જે અધ્યાત્મકવિએ રચેલ છે તેમનું નામ લાભાનંદજી હતું. તે પ્રાયઃ તપાગચ્છના હતા, અને કોઈ કહે છે કે ખરતરગચ્છના હતા. પણ ગચ્છ પ્રત્યે જરા પણ મોહ નહોતો અને ઊલટું ગચ્છના ભેદોથી હાનિ જ થાય છે તે પ્રત્યક્ષ સ્વીકારતા હતા. જુઓ 'ગચ્છના ભેદ બહુ નયણ નીહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીઆ કલિકાળ રાજે' (અનંતનાથ સ્ત). તેમનાં સ્તવનો અને પદો એટલાંબધાં સરલ, છતાં એટલાબધા ગૂઢ ગંભીર આશયવાળાં

છે કે દરેક તેને સૂત્ર માફક મોઢે કરી તે પર પોતપોતાનાં ભાષ્ય, ટીકા કે અર્થ કરી આનંદ અનુભવે તેમ છે. તે દરેકની મીમાંસા કરતાં તે કવિના સંબંધમાં ઘણું મળી આવે છે. તેઓ તે સમયમાં એક આદર્શ યોગી – મહાવીર પ્રભુ કે જેમને દીર્ઘ તપસ્વી એ નામ આપેલું સાર્થક છે તેના યોગીપુત્ર – હતા, અનુભવી આગમજ્ઞાતા તત્ત્વજ્ઞાની હતા. કવિ તરીકે તેમની સ્પષ્ટ, સાથે ગૂઢાશયવાળી વાણી, તેનાં પદોની સુશ્લિષ્ટતા, પદલાલિત્ય મનને મુગ્ધ કરે તેમ છે. કબીરનાનકાદિનાં પદો કરતાં પણ તેમનાં પદો ચડી જાય તેમ છે. પ્રફુલ્લ વિકસિત કમલ જેવું આત્મજ્ઞાન સ્થળેસ્થળે દેખાય છે. ખરા વૈરાગ્યની સુગંધ જ્યાંત્યાં પ્રસરે છે. વિચારની વિશાલતા, હૃદયની ઉદારતા મહાસુધારકને છાજે તેવી છે. જુઓ પદ 'કોઈ રામ કહે રહેમાન કહે કોઈ...' તેમના સંબંધી અનેક ચમત્કારિક વાતો સાંભળવામાં આવે છે. (આ સર્વ સંબંધી જાણવા માટે જુઓ રા. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ તૈયાર કરેલ 'આનંદઘન પદ્ય રત્નાવળી' પ્રથમ વિભાગની પ્રસ્તાવના, સ્વ. શ્રી બુદ્ધિસાગરજીકૃત 'આનંદઘન પદસંગ્રહ'ની પ્રસ્તાવના, 'જૈન કાવ્યદોહન'માં સ્વ.શ્રી મનસુખલાલ રવજી મહેતાએ લખેલી પ્રસ્તાવના, મારો અંગ્રેજીમાં શ્રીમદ્ યશોવિજયજી પર નિબંધ વગેરે.)

આમ છતાં પણ વિશ્વસનીય હકીકતો આ યોગી કવિ સંબંધી જળવાઈ નથી, કારણકે તેઓ કોઈ આચાર્યની પદવી પામેલા નહોતા તેમજ કોઈ ગ્રંથ લખી તેમાં પોતાની લાંબી પ્રશસ્તિ પોતે આપવાની કાળજી રાખે તેવા તે નહોતા. તેમની મસ્તીમાં નામકીર્તિને સ્થાન નહોતું. છતાં પણ યશોવિજયજીએ તેમના પર બનાવેલી આઠ પદની સ્તુતિ – 'અષ્ટપદી' પરથી જણાય છે કે યશોવિજયજીએ તેમનો પરિચય લીધો હતો અને 'પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ, આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદ સબ ભયો સુજસ' એમ યશોવિજયજી મુક્તકંઠે સ્વીકારે છે. તેમનો ઉત્તરવયમાં મોટા ભાગે મેડતામાં વાસ હતો અને ત્યાં જ દેહત્યાગ થયો હોય. ત્યાં એક પડી ગયેલ ખંડેરને આનંદઘનજીનો ઉપાશ્રય એમ કહેવામાં આવે છે. ત્યાંના લોકો કહે છે કે આ ઉપરાંત મેડતામાં આનંદઘનજીનો સ્તૂપ (મૃત્યુસ્તંભ) હતો પણ તેનો પત્તો મળતો નથી. તેઓ સત્તરમી સદીના મધ્યભાગ સુધી [અઢારમી સદીના આરંભ સુધી] હતા એ હકીકત અનુમાનથી પુષ્ટ થાય તેમ છે.

જ્ઞાનસારજી જણાવે છે કે સં.૧૮૨૫થી 'આનંદઘન ચોવીશી' પર મેં

વિચાર કરવા માંડયો. સં.૧૮૬૬ સુધી પણ વિચારતાં-વાંચતાં-અનુભવતાં એ 'ચોવીશી' યથાર્થ ન સમજાઈ શકી. છેવટ હવે તો દેહ પડશે, માટે જેટલું જેમ સમજાયું છે તેમ તો લખું એમ કહી સં.૧૮૬૬માં વર્તમાનમાં જે ભીમસી માણેક દ્વારા અર્થ પ્રસિદ્ધ થયા છે તેવા લગભગ લખ્યા. ને તે ભાદરવા શુદિ ૧૪ના દિવસે પૂર્ણ કર્યા. તેમાં પોતે જણાવે છે કે :

આશય આનન્દઘન તણો, અતિ ગંભીર ઉદાર,
બાલક બાંહ્ય પસારીને, કહે ઉદધિ વિસ્તાર.

(૨૦૩૬) [+] ચોવીશી

ખરી રીતે ૨૨ જિનસ્તવન છે.

આના પર મહોપાધ્યાય યશોવિજયજી, જ્ઞાનવિમલસૂરિ અને જ્ઞાનસારમુનિ એ ત્રણેએ બાલાવબોધ – ટબા રચ્યા છે. યશોવિજયજીએ ૨૨ સ્તવન પર કર્યો છે તેથી મૂલ તેમનાં ૨૨ સ્તવન છે એમ સિદ્ધ થાય છે; પાછળથી બે અન્યકૃત ઉમેરાયાં છે. જ્ઞાનવિમલ અને જ્ઞાનસાર એ બંનેમાંથી સારભૂત લઈ શ્રાવક ભીમસી માણેકે ટબાસહિત ૨૪ સ્તવન 'આનંદઘન ચોવીસી' એ નામથી પ્રકટ કરેલ છે.

(૧) સંવલ્લોચનેંદ્રિયાબ્ધીંદુ ૧૭૫૨ વર્ષે શ્રા.શુ.૨ લિ. જગતીપુરે. પ.સં.૯–૧૨, સીમંધર. દા.૨૦ નં.૪૬. (૨) જ્ઞાનવિમલનાં છેલ્લાં બે જિનનાં સ્ત. સહિત : સં.૧૭૬૧ આશ્વિન શુ.૨ ભોમે લ. મુ. જયચંદ્ર· ગણિના. પ.સં.૫૦–૪, સીમંધર. દા.૨૦ નં.૮૮. (૩) જ્ઞાનવિમલનાં બે સ્ત. સહિત : પ.સં.૧૭–૧૧, જશ.સં. (૪) સં.૧૮૧૬ ચૈ.શુ.૧૨ અમૃતવિજય લિ. લક્ષ્મીબાઈ પઠનાર્થં. પ.સં.૧૨, જિ.ચા. પો.૮૩ નં.૨૧૧૬. (૫) જ્ઞાનવિમલકૃત બાલા. સહિત : સં.૧૮૧૩ કા.શુ.૧ પ.સં.૨૨, વિરમગામ સંઘ ભં. (૬) પ.સં.૬૪, વડા ચૌટા ઉ. પો.૯. (૭) સં.૧૮૪૪ ચૈ.શુ.૨, પ.સં.૧૫, જશ.સં. પો.૯૮. (૮) જ્ઞાનવિમલકૃત સપર્યાય : પ.સં. ૧૦, મહિમા. પો.૬૩. (૯) સૂત્ર ગ્રંથ ૩૬૫ પં. કાંતિવિજયગણિ શિ. નાયકવિજયેન લિ.સં.૧૭૭૮ પો.વ.૫ શાંતલપુર મધ્યે શ્રી અજરીજી પ્રસાદાત્. વિ.વી. રાધનપુર.(૧૦) જ્ઞાનસાર (હવે પછી ૧૯મી સદીમાં) કૃત બાલા. અને છેલ્લાં બે સ્ત. સહિત :

ચિદાનંદ આનંદમય, ચિદરૂપી અવિકાર,
સિદ્ધ બુદ્ધ સુવિસુધ્ધ તૂં, તૂ જગ પરમાધાર.
તુઝ કૃપાલતાથી કરૂં, ભાષા ભાષા રૂપ,

તવના જિન બાવીસની, આનંદઘન રસકૂપ. ૨
રાજરિદ્ધ જિમ દેખને, દુમક કરે મન આસ,
બુદ્ધિ રિદ્ધ વિણ હું દુમક, અરથ રાજરિદ્ધ રાસ. ૩
આસય **આનંદઘન** તણો, અતિ ગંભીર ઉદાર,
બાલક બાંહ પસાર જિમ, કહે ઉદધિ વિસ્તાર. ૪
તેમ મનોરથ મુઝ મને, પિણ બુધિ વિણ કિમ થાય,
ગુરુકિરપાથી ગહન નગ, પંગુર પાર લંઘાય. ૫
સા ભાષા ભાષા તણી, કો એહિવું કહિ દેય,
પીસ્યાનું સ્યૂં પીસવૂં, પીસ્યે છાંણ ન લેય. ૬
જ્ઞાનવિમલ કરતે અરથ, કર્યો ન કિમપિ વિચાર,
તેથી એ તવના તણો, લેખ લિખ્યો અવિચાર (?)...

(પદ્મપ્રભ સ્તવનના અર્થ અંતે.)

કર્ત્તા આસય અતિ કઠિન, કેમે હી ન લખાય,
પિણ જેહવી મુઝ ધારણા, અરથ તેહવો થાય. ૧
ઇક ગતિ મતિ આદરસની, જેહવી મતિ મુખ હોય,
તેહવી મતિ આદરસમે, આનન અરથ ઉજોય. ૨
કિહ મારી મતિ કિહ અરથ, અંતર દિનનિસ હોય,
આસય દિન તે અતિ ઉજલ, મતિ આમાવસ મોહિ. ૩
બાલક બાંહ પસાર જિમ, કહિ હે નભવિસતાર,
જ્ઞાનસાર તિમહિ લિખ્યો, અરથ વિચાર વિચાર. ૪
પિણ આતમ અનુભો વિના, **આનંદઘન** પદ અર્થ,
કરવો તે ગતિ આંખને, જેહવા અંજન વ્યર્થ. ૫

૫૨ સ્યું કરું ? કર્યા વિના રહ્યું ન ગયૂં, પદોની સુલલિતતા, અર્થ આસય ગૂઢ, અન્ય પદોનો એહવો ન દીઠો તેથી અર્થ કર્યૂં....

(હવે સુમતિજિન સ્તવનના પ્રારંભે)

જ્ઞાનવિમલસૂરિ મહા પંડિત હુતા તેણે ઉપયોગ તીક્ષ્ણ પ્રયુજ્યો હુંત તો તેણી તો તેણી તો સમર્થ અર્થ કરી સકતા. તેણે તો અર્થ કરતે વિચારણા અત્યંત ન્યૂન જ કરી ને મેં **જ્ઞાનસાર** મારી બુદ્ધિ અનુસારે સંવત્ ૧૮૨૬થી વિચારત-વિચારતે સંવત્ ૧૮૬૬ શ્રી કૃષ્ણગઢ મધ્યે ટબ્બો લિખ્યો, ૫૨ મેં ૪તરા વરસાં વિચાર વિચાર લિખતો તો સંપૂર્ણ

અર્થ થાતો, પરં **ગ્યાંનવિમલસૂરજી**યે તે અસમઝ વ્યાપારી જમું સોદ્દો વેચ્યો કરે નફોતોટો ન સમઝે, તિમ **જ્ઞાનવિમલ-સૂરિજી**ઇ પિણ લિખત લેખણ ન અટકાંવણી એ જ પંડિતાઇરો લક્ષણ નિર્દ્ધાર કીનો, અર્થ વ્યર્થ અર્થ સમર્થિતની ગિણત ન ગિણી...

અંત – શ્રાવક આગ્રહથી કર્યો, ચોવીસીનો અર્થ,
અર્થ સમર્થ કિહાં હુવા, કિહાં અર્થ નિ વ્યર્થ. ૧
તેહનૈ બુદ્ધિજન સોધસી, કરસી મુઝ ઉપગાર,
પરઉપગારી પુરુસનો, પરઉપગાર આચાર. ૨
પિણ જેહવી મુઝ ધારણા, તેહનો પૂર્ણ પ્રકાસ,
કરી કર્યો મૈ અર્થનૈં, અસહાયૈ આયાસ. ૩
પૂછ્યાં પંડિતથી અરથ, સરી ન કારજ સિદ્ધ,
કેથી અર્થ થયું નહી, કેણૈં કર્યું વિરૂદ્ધ. ૪
જ્ઞાનવિમલ કીનો અરથ, વાચ્યો વારંવાર,
પિણ કિમં હી ન વિચારણા, કરત કરી નિરધાર. ૫
સૂર ઉદૈ વિણ કુણ કરૈ, જલ-ગતિ જલજ વિકાસ,
તિમ મતિ રવિ પ્રતિભા કિરણ, રહિસ કરૈ સુવિકાસ. ૬
નહિ તેહવો મતિથી નિપુણ, નહીં સાસ્ત્રના ગ્યાંન,
પિણ ગુરૂકિરપાયૈં કર્યો, બાલકબોધ વિધાંન. ૭
દ્રવ્ય દ્રવ્ય માતા સુગતિ ૧૮૬૬ ગુણ વચ્છરનો અંક,
ભાદ્રવ સુદ ચવદસ મિતે, સંપૂરણૈ સટંક. ૮
ખરતરગચ્છ-દિન-દિનમણી, શ્રી **જિનલાભ** સુરિંદ,
રત્નરાજ તસ સિક્ષ સિષ, **જ્ઞાનસાર** મતિમંદ. ૯
યતિ **આનંદઘનૈ** કરી, તવના જિન બાવીસ,
દોય તવન કર મૈં કર્યા, સંપૂરણ ચૌવીસ. ૧૦
આનંદઘનકૃત તવનમાં, મુઝ તવનૈં અતિ વીચ,
અંતર રયણી-દિવસનો, ઉજ્જવલ જલ વલિ કીચ. ૧૧
એ વિન **આનંદઘન** તણા, અરથ રહિસ પદ દીઠ,
તસ પ્રસાદ એહવા થયા, નીઠ નીઠ પદ નીઠ. ૧૨

યતિશ્રી આનંદઘનકૃત ચોવીસી સંપૂર્ણ કૃતિરિયં **જ્ઞાનસારસ્ય** શ્રી કૃષ્ણગઢ મધ્યે. એક ગુટકો, યતિ મુકનજી શિ. જયકરણ. (જ્ઞાનસારજીનો

પોતાનો હસ્તલિખિત લાગે છે.) (૧૧) તે જ જ્ઞાનસાર ટબાસહિત : સં.૧૮૮૮ દ્વિ.માધવ માસે વદ ૧ બુધે ભ. જિનભદ્રસૂરિશાખાયાં ઉ. લક્ષ્મીરંગગણિ શિ. પં. પ્રેમરુચિ લિ. વિક્રમપુરે ચોમાસું. પ.સં.૮૬, અભય. નં.૧૨૧૦. (૧૨) પ.સં.૧૧–૧૪, આ.ક.ભં. (૧૩) ટબાસહિત : લિ.સં.૧૮૭૩ ભાદ્રપદ વદ ૬ રવૌ સૂર્યપૂર વરબંદરે સાગરગચ્છિ પં. ન્યાયસૌભાગ્યગણિભિઃ લિ. પ.સં.૨૯, વી.પા. (૧૪) પ.સં.૨૬–૧૫, આ.ક.ભં. કે જેમાં ટબાકાર આદિમાં કહે છે કે :

ચિદાનંદમય જિનવર, સદા મુદા ધરિ પ્રેમ,
પ્રણમી પરમ પ્રમોદ સું, જગનાયક જગએમ. ૧
જિનગુણ થુતિ કરતા થકાં, એ જન જિન હુયાય,
તે ભણી જિનગુણકીર્ત્તના, કરતા પાપ પુલાય. ૨

[મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૨, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૧૪૪, ૨૬૪, ૨૬૯, ૪૩૫, ૫૪૧, ૫૭૮, ૫૭૯, ૬૦૭, ૬૨૩, ૬૨૯).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસી માણક [૨. સંપા. રતિલાલ દીપચંદ દેસાઈ. ૩. આનંદઘન એક અધ્યયન, કુમારપાળ દેસાઈ.]

(૨૦૩૭) [+] બહોતેરી અથવા અધ્યાત્મ બહોતેરી [અથવા રાગ પદ બહોતેરી]

બધાં મળી ૧૦૭ આનંદઘનનાં પદો તરીકે હાલમાં ગણાયાં છે. ખરતરગચ્છીય કૃપાચંદજી મુનિશ્રીનું એમ કહેવું છે કે જ્ઞાનસારજીએ આનંદઘનજી બહોતેરીનાં ચાળીશ પદો ઉપર ટબો – બાલાવબોધ લખ્યો છે અને તેની પ્રત મોટી મારવાડમાં જયતારણ ગામમાં છે. (૧૯૧૨નો જન્યુ.-ફેબ્રુ. અંક, બુદ્ધિપ્રભા.)

(૧) શ્લો.૩૩૦, સં.૧૮૭૧ ફા.સુ. પ.સં.૧૧, દિક્ષમંડલાચાર્ય બાલચંદસૂરિ ભં. કાશી (નોટિસીઝ ઑવ્ સં. મૅન્યુ. સેકન્ડ સિરીઝ વૉ.૩ પૃ.૨). (૨) સં.૧૯૧૦ કા.શુ.૧ લિ. બનારસ મધ્યે પાર્શ્વનાથ પ્રસાદાત્ ઋ. વિનેયચંદ લિ. પ.સં.૧૫–૧૨, અનંત ભં.૨. (૩) પદ ૭૨ : સં.૧૯૨૧ કા.વ.૧૧ લિ. જીવ વાલૂચરા મધ્યે. પ.સં.૯, ચતુ. પો.૮. (૪) પદ ૭૭ : પ.સં.૧૨, કૃપા. પો.૪૬ નં.૮૪૨. (૫) પદ ૮૪ : સં.૧૯૨૨ જેઠ શુ.૧૫ બાલુચુર મધ્યે. પ.સં.૧૫, મહિમા. પો.૬૩. (૬) પ.સં.૩૨, ક્ષમા. પો.૨૬ નં.૩૨૧. (૭) પદ ૭૭ : પ્રાયઃ જ્ઞાનસારજીના હસ્તાક્ષરમાં, એક ગુટકો, યતિ મુકનજી શિ. જયકરણ. (૮) થોડાં પદ ટબાસહિત : લ.સં.૧૯૦૭

જેઠ સુદ ૭ રવિ લિખિતં ઓસી મનોરદાસ રતલામ (રત્નપુરિ) મધ્યે. અંબાલાલજી આત્માર્થે. પ.સં.૧૭–૧૫, આ.ક.ભં. [મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૨, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૩૬, ૪૧૪, ૪૮૫, ૫૮૦, ૫૯૬).]

પ્રકાશિત: ૧. પ્રકા. ભીમસી માણેક. ૨. આનંદઘન પદ્યરત્નાવળી, પ્રકા. જૈને ધર્મ પ્રસારક સભા, ભાવનગર (શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા બેરિસ્ટરના વિવેચનસહિત ૫૦ પદ). ૩. આનંદઘન પદસંગ્રહ ભાવાર્થ, પ્રકા. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ (બુદ્ધિસાગરજીના વિવેચન-સહિત). [૩. સં.પા. સારાભાઈ નવાબ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧–૪, ભા.૩ પૃ.૧૧૦૦–૧૧૦૩. આનંદ-ઘનજીના યશોવિજય સાથેના સંપર્ક વગેરેને અનુલક્ષીને વિક્રમની અઢારમી સદીના આરંભ – કદાચ પહેલી પચીસી – સુધી હયાત હોવાની સંભાવના થઈ છે. એને અનુલક્ષીને એમને અઢારમી સદીને આરંભે લીધા છે.]

૮૩૭. વિનયવિજય ઉપા. (ત. કીર્તિવિજયશિ.)

વિનયવિજયજીના ગુરુ કીર્તિવિજય સંબંધમાં જણાવવાનું કે વીરમ-ગામમાં વીરજી મલિક નામનો એક વજીર રહેતો હતો. તે જ્ઞાતે પોરવાલ હતો અને પોતાની સાથે કાયમને માટે પાંચસો ઘોડેસવારો રાખતો હતો. વીરજીનો પુત્ર સહસકરણ મલિક થયો તે પણ પ્રસિદ્ધ હતો અને મહમ્મદ-શાહ (રાજ્યકાલ ઈ.સ.૧૫૩૬થી ૧૫૫૪) બાદશાહનો મંત્રી હતો. સહસ-કરણને ગોપાલજી અને કલ્યાણજી નામના પુત્રો હતા. એક પુત્રી પણ હતી. ગોપાલજીએ બ્રહ્મચર્ય સેવી સાધુસમાગમ રાખી દીક્ષા લેવાની ઇચ્છા કરી. અમદાવાદ જઈ હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી અને સાથે પોતાના ભાઈ કલ્યાણજી તથા બહેનને પણ દીક્ષાનો વિચાર કરાવરાવી દીક્ષા લેવડાવી. ગોપાલજીનું નામ સોમવિજય રાખ્યું કે જે પછીથી પ્રસિદ્ધ ઉપાધ્યાય થયા. કલ્યાણજીનું નામ કીર્તિવિજય રાખ્યું કે જે પછીથી ઉપાધ્યાય અને આપણા કવિના ગુરુ થયા. બહેનનું નામ વિમલશ્રી રાખ્યું. આ વખતે સાથેસાથે શાહ ગણુજી નામના ગૃહસ્થે, ધનવિજયે અને તેની સાથે તેના બે ભાઈ કમલ અને વિમલ તથા તેમનાં માતપિતાએ, તથા તે ઉપરાંત સદયવચ્છ ભણશાળી, પદ્મવિજય, દેવવિજય અને વિજયહર્ષ મળીને એકંદર અઢારે દીક્ષા લીધી. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ્' પૃ.૨૧૭–૨૧૮. આ કીર્તિવિજયથી બીજા કીર્તિવિજય કે જેમણે વિજયસેનસૂરિ પાસે

દીક્ષા લીધી ને જે વિજયસિંહસૂરિના સંસારપક્ષે ભાઈ થાય ને જેમને સં.૧૬૭૦માં પંડિતપદ મળ્યું હતું તે જુદા છે. આપણા કવિ વિનયવિજયના પિતાનું નામ તેજપાલ અને માતાનું રાજશ્રી હતું. તેમણે સંસ્કૃતમાં કલ્પસૂત્ર પર 'સુખબોધિકા' નામની ટીકા સં.૧૬૯૬ જેઠ સુદ ૨ ગુરુને દિને, 'લોકપ્રકાશ' નામનો મહાગ્રંથ સં.૧૭૦૮ જેઠ શુદ ૫ જૂનાગઢમાં, 'હૈમલઘુપ્રક્રિયા'નો વ્યાકરણગ્રંથ સં.૧૭૧૦માં સ્વોપજ્ઞ ટીકાસહિત રાધનપુરમાં, 'નયકર્ણિકા' નામનો નય પર ૨૩ શ્લોકનો ટૂંકો અલ્પગ્રંથ દીવમાં, અને 'શાંતિસુધારસભાવના' નામનો જુદાજુદા રાગોમાં સંસ્કૃતમાં ૧૬ ભાવનાઓ પરનો – એ ગ્રંથ રચેલા છે. સંસ્કૃતમાં એક વિજ્ઞપ્તિ નામે 'આનંદલેખ' વિજયાનંદસૂરિ પર સં.૧૬૯૪માં લખેલી છે તે અપ્રસિદ્ધ છે જેની પ્રત મુનિશ્રી અમરવિજયજી પાસે છે; અને પછીથી વિજયપ્રભસૂરિ પર લખેલી બીજી વિજ્ઞપ્તિ નામે 'ઇંદુદૂત' જોધપુરથી પોતાના આચાર્ય પર સુરત મોકલી છે તેમાં આબુ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને પછી સુરતનું સુંદર વર્ણન કર્યું છે. તે 'પ્રાચીન કાવ્યમાળા'માં પ્રકટ થઈ છે. તે માટે જુઓ 'વિજ્ઞપ્તિત્રિવેણી' (શ્રી જિનવિજયજી). તેમનો એક શિલાલેખ મળ્યો છે તે આ પ્રમાણે છે: "સં.૧૭૧૦ના જ્યેષ્ઠ શુદ ૬ ગુરુને દિને શત્રુંજય ઉપર ઉગ્રસેન (આગ્રા શહેર) વાસી ઓસવાલ જ્ઞાતીય વૃદ્ધશાખીય અને કુહાડગોત્રીય સા. વર્ધમાન (સ્ત્રી વાલ્હાદે)ના પુત્ર સા. માનસિંહ, રાયસિંહ, કનકસેન, ઉગ્રસેન અને ઋષભદાસ આદિએ સા. જગત્સિંહ અને જીવણદાસ પ્રમુખ પુત્રાદિ પરિવાર સહિત પોતાના પિતા (વર્ધમાન)ના વચનથી તેના પુણ્ય માટે આ સહસ્રકૂટ તીર્થ કરાવ્યું અને પોતાની જ પ્રતિષ્ઠામાં પ્રતિષ્ઠિત કર્યું. તપગચ્છાચાર્ય શ્રી હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિની આજ્ઞાથી, હીરવિજયસૂરિશિષ્ય મહોપાધ્યાય શ્રી કીર્તિવિજયગણિના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ એની પ્રતિષ્ઠા કરી. આ કાર્યમાં શત્રુંજય તીર્થ સંબંધી કાર્યોની દેખરેખ રાખનાર પંડિત શાંતિવિજયગણિ, દેવવિજયગણિ અને મેઘવિજયગણિએ સહાયતા કરી છે." આ લેખ ખરતરવસહી ટૂંકમાં આવેલા શેઠ નરસી કેશવજીના મંદિરના ગર્ભાગારની બહારના મંડપમાં, દક્ષિણ દિશા તરફની દીવાલ ઉપર એક શિલાપટ્ટમાં ૪૩ પંક્તિમાં કોતરેલો છે. શત્રુંજયના શિલાલેખોમાં આ સૌથી આધુનિક છે. (જુઓ લેખાંક ૩૨, પ્રાચીન જૈન લેખસંગ્રહ, શ્રી જિનવિજયજી સંપાદિત.)

આના સંબંધમાં કેટલીક દંતકથાઓ છે તે માટે મેં વિસ્તારથી 'નયકર્ણિકા'ની મારી પ્રસ્તાવનામાં વિનયવિજયજીનું ચરિત્ર આપ્યું છે તેમાં જુઓ. તેમણે કેટલાક ગ્રંથો જ્ઞાનકોશમાં પોતાની માતાના શ્રેયસર્થે મૂકયા હતા એમ જણાય છે. આ પૈકી બે ગ્રંથોની પ્રતિઓ પાટણના હાલાભાઈ ભંડારમાં દાબડા ૬૨ અને ૧૨માં હાલ મોજુદ છે. તેમાં પહેલી જુદીજુદી કથાઓની પાનાં ૩૯ની પ્રતિ છે અને બીજી 'જ્ઞાતાધર્મ કથા'ના મૂળની પ્રતિ પાનાં ૯૬ની છે તે દરેકની અંતે સ્વહસ્તલિખિત કારિકાનો એ શ્લોક છે કે :

શ્રી કીર્તિવિજય વાચક શિષ્યોપાધ્યાય વિનયવિજયેન,
નિજજનનીશ્રેયોઽર્થં ચિત્કોશે પ્રતિરિયં મુક્તા. ૧

દેવવિજયગણિ(કલ્યાણવિજય અને મુનિવિજયના શિષ્ય)એ 'જિનસહસ્રનામ' (અથવા 'અર્હત્સહસ્રનામ' અથવા 'તીર્થંકરસહસ્રનામ') સં. ૧૬૬૮માં વિજયસેનસૂરિના સમયમાં (સં.૧૬૫૨થી ૧૬૭૧) બનાવેલું અને લાભવિજયગણિએ કિંચિત્ શોધેલું અને તેના પર સ્વોપજ્ઞ વૃત્તિ નામે 'સુબોધિકા' સં.૧૬૯૮માં વિજયાનંદસૂરિના રાજ્યમાં રચી અને તે વૃત્તિનું સંશોધન કીર્તિવિજયશિષ્ય આ વિનયવિજયે સં.૧૬૯૯માં કર્યું. (પ્ર.કા.ભં. વડો. નં.૧૦૮૭.)

(૨૦૩૮) + સૂર્યપુર ચૈત્યપરિપાટી ૨.સં.૧૬૯૯[૯૮ ?]

સુરતનાં મંદિરોનું વર્ણન.

આદિ – પૂજીએ પૂજીએ પ્રથમ તિથંકર એ, ત્રિભુવન ત્રિભુવનદીપક દેવ તો
સેવ કરું મનરંગ સ્યું એ, **સૂરતિ સૂરતિપુર** સિણગાર કે
પૂજીએ પ્રથમ તીથંકર એ.

અંત – **તપગચ્છ હીર** સમાન ગણધર **વિજયસિંહ** સૂરિંદ એ
તસ ગચ્છભૂષણતિલક વાચક **કીર્તિવિજય** સુખકંદ એ,
તસ ચરણસેવક **વિનય** ભગતઈ થુણ્યા શ્રી જિનરાજ એ,
સસિકલા સંવત વર્ષ **વસુનિધિ** ફલ્યા વંછિત કાજ એ. ૧૪

પ્રકાશિત : ૧. પ્રા.તી.સં. પૃ.૧૮૯–૧૯૪. [૨. વિનયસૌરભ.]

(૨૦૩૯) + વિજયદેવસૂરિ લેખ [અથવા **વિજ્ઞપ્તિ**] ૨૫ કડી ૨.સં.૧૭૦૫ ધનતેરસ ખંભાત

આદિ – સુગુણસવાઇ શ્રી ગુરૂ સેવીઇ, શ્રી **વિજયદેવ** સૂરીંદ,
અંત – સંવત **સતર પંચોત્તરે** એતો, ધનતેરસિં સુવિશેષ રે

કીર્ત્તિવિજય વાચક શિષ્યે, લિખિઓ **વિનયે** લેખ રે. ૨૫

પ્રકાશિત: ૧. ઐતિહાસિક રાસમાલા પૃ.૮૦. [૨. વિનયસૌરભ.]

(૨૦૪૦) [+] **નેમિનાથ ભ્રમરગીતા સ્તવન** ૨૭ કડી ૨.સં.૧૭૦૬ ભાદ્રપદ

આમાં નેમિરાજિમતીનું વર્ણન છે.

આદિ –

દૂહા.

સમુદ્રવિજયકુલતિલઉ, માતા **શિવાદેવી** નંદ,
બાલબ્રહ્મચારિ સદા, નમીઇ **નેમિ** જિણંદ. ૧.
તીર્થંકર બાવીસમો, **યાદવ**કુલિ શિણગાર,
રાજીમતી મનિ વાલહો, કરૂણરસભૃંગાર.
મુનિમનપંકજ-ભમરલો, ભવભયભેદણહાર,
ભમરગીત ટોડર કરી, પૂજૂ બંધૂ **મોરારિ**. ૩.

ઢાલ ફાગની.

પ્રણમીઅ **સરસતી** વરસતી, વચન સુધારસ સાર.
નેમિ જિણેસર ગાઈઇ, પાઇઇ હરષ અપાર.
જન લેઇ જવ આવીઆ, **યાદવ** તોરણ બારિ,
ગોષિ ચઢી તવ નિરષઈ, હરષે **રાજુલ** નારિ. ૪

અંત –

દૂહો.

નેમજી રાજુલ પ્રીતિ પાલી, વિરહની વેદના સવ ટાલી,
સુખ ઘણાં મુગતિનાં વેગિ દીધાં, નેમના વિનયથી કાજ સીધાં. ૨૫

ફાગ.

શ્રી **વિજયદેવ** સૂરિંધર તપગચ્છનો શિણગાર,
શ્રી **વિજયસિંહ** સૂરીશ્વર જયવંતા તસ પટોધાર.
શ્રી **કીર્તિવિજય** ઉવઝાયનો પામી ચરણ પસાય,
યદુપતિના ઈમ વાચક **વિનયવિજય** ગુણ ગાય. ૨૬
ભેદ સંયમ તણા ચિત્ત આણો માન સંવત તણું એહ જાણો,
વરસ **છત્રીસનો વર્ગમૂલ**, ભાદ્રવે પ્રભુ થુણ્યો સાનુકૂલ. ૨૭

(૧) (બીજી કૃતિઓ સાથે) પ.સં.૭-૧૨, તેમાં પ.સં. ૨, સે.લા. નં.૪૭૫૪. (૨) ના.ભં. (૩) સા.ભં. (૪) લિ. **મેઘવિજયેન પત્તનનગરે** તપીયા શ્રી **સત્યવિજયગણિશિ. તપિયા ઋદ્ધિવિજય** વાચનાર્થં. પ.સં. ૩-૧૬, વીરમ. લાય. (૫) પ.સં.૩-૧૧, તેમાં પ્રથમનાં બે પત્ર, હા.ભં. દા.૮૩ નં.૬૧. [આલિસ્ટઓફ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ

ભા.૧ (પૃ.૧૬૧, ૩૯૯).]

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ. ૨. પ્રાચીન ફાગુ સંગ્રહ.]

(૨૦૪૧) [+] પટ્ટાવલિ સજ્ઝાય સં.૧૭૧૦ પછી

આમાં વિજયપ્રભસૂરિને પટ્ટ પર સ્થાપ્યા એ વાત છે અને તે બીના સં.૧૭૧૦માં બની તેથી આ સઝાય તે સં.૧૭૧૦ પછી રચાયેલી સિદ્ધ થાય છે.

આદિ – **બ્રહ્માણી** વાણી દિએા, આણી અધિકે સનેહ,
હું સેવક છું તહ્મ તણેા, મન અવધારેા તેહ. ૧
ગુણ બેાલીસ ગણધર તણા, જિહા કરિસિ પવિત્ર,
ગંગાજલ પરિ નિરમલા, જેહના સરસ ચરિત્ર. ૨
ગુણ પરિ વાડી વેલિનું, મૂલ નમું **મહાવીર**,
ફલદાયક તેહ જેહથી, પસરિ ગૂંહિર ગંભીર. ૩
ઇંદ્રભૂતિ આદિ નમું, ગુરૂ ગણધર ઇગ્યાર,
સયલ સૂત્ર જેણિં રચ્યાં, જિનશાસન જયકાર. ૪
ગણધર માંહિ પાંચમેા, નમેા **સુધર્માસ્વામિ**,
પાટપરંપર જેહની, વર્ત્તિ ગુણ અભિરામ. ૫

ત્યાર પછી જંબૂથી તે હીરવિજયસૂરિ સુધીની પરંપરા આવે છે તેમાં પેાતાના ગુરુ કીર્તિવિજય સંબંધી હકીકત નીચે પ્રમાણે આપે છે :

વલી જુએા ગુરૂની પુણ્યાઈ, **ગેાપાલ** નઈ **કલ્યાણ**,
મલિક સહસકરણના, કુંઅર ધર્મભર્મના જાંણુ,
બાર વરિસ કુંઅર **ગેાપાલઇ**, અધિકી કીધી વાત,
જંબૂ પરિ લીધું ચેાથું વ્રત, દુઃખ આણઇં મનિ તાત. ૬૧
અનુમતિ નવિ પામઇ, માયબાપની તેહ,
લૂખઇ મનિ વસિઆ, સિવકુમાર પરિ જેહ,
પણિ કેતે વરસે માયબાપ અભાવઇં,
દિષ્યાનિં હેતિં **રાજનગર** માંહિ આવઇં,

ત્રુટક.

રાજનગરિ આવ્યા ભગનીપતિ સહા **હનુઆ** આવાસિં.
વસતા પુરૂષ ઘણાનિં કીધેા સંયમનેા ઉલ્હાસ,
છ મહિના કૂલેકે કૂરીઆ ધન છત્રીસ હજાર,
રૂપઇઆ ત્યારઇં ખરચાણા, દીષ્યામહેાત્સવ સાર. ૬૨

જગગુરૂનઇં હાથઈં, સાથઈં જણ અઢાર,
દોઇ બંધવ ભગનિ, ત્રિણિ ત્રિભુવન સાર,
સાધવી **વિમલશ્રી, સોમવિજય** ઉવઝાય,
શ્રી **કીર્ત્તિવિજય** ગુરૂ, હુયા વાચકરાય.

ત્રુટક.

હૂઆ વાચક શિષ્ય જેહના, વલી અનેક યતેરા,
શ્રી **કલ્યાણવિજય** વાચક બુધ, રામભાંણ ગુરૂ કેરા,
ઇણિ પરિ શિષ્ય અનેક નીપાયા, તપ વલિ બહોલા કીધા,
ભાદ્રવા સુદિ ઇગ્યારસ દિવસઈ, ઊંના માંહિ સીધા. ૬૩

પછી વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિની હકીકત આપી છે, પછી છેવટે –

અંત – કલસ.

એ **વીર** જિનવર પટ્ટદીપક, મોહજીપક ગણુધરા,
કલ્યાંણુકારણ દુખનિવારણ, વરણુવ્યા જગિ જયકરા,
હીરવિજયસૂરિ સીસ સુંદર, **કીર્ત્તિવિજય** ઉવઝાય એ,
તસ સીસ ઈમ નિસદીસ ભાવઇ, **વિનય** ગુરૂગુણ ગાય એ. ૭૨

(૧) પં. **વીર**વિજય શિ. ગણિ જીતવિજય લિ. પત્તનનગરે સં. ૧૭૧૮ પો.વદ ૭ બુધે **પાર્શ્વ**પ્રસાદાત્. પ.સં.૭-૧૧, ગો.ના.

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ. ૨. પટ્ટાવલી સંગ્રહ ભા.૨.]

(૨૦૪૨) + ધર્મનાથ સ્તવન અથવા લઘુ ઉપમિતિ ભવપ્રપંચ સ્તવન

૧૩૮ કડી ૨.સં.૧૭૧૬ સૂરતમાં

આદિ – દૂહા.

ચિદાનંદ ચિત્ત ચિંતવું, તીર્થંકર ચોવીસ,
જગઉપકારી જગતગુરૂ, જ્યોતિરૂપ જગદીશ. ૧
આપે આપ વિચારતાં, લહીએ આપસ્વરૂપ,
પ્રગટે મમતા તૃણ છપે, સમતા અમૃતકુંપ. ૨

અંત – **સત્તરિ સો સોલોત્તરઈ, સૂરતિ** રહી ચુમાસ,
તવન રચ્યુ મઈ અલ્પમતિ, આતમજ્ઞાનપ્રકાશ. ૧૩૭
શ્રી **વિજયદેવસૂરિંદ** પાટિ, શ્રી **વિજયપ્રભસૂરિ**,
શ્રી **કીર્ત્તિવિજય** વાચક તણો, **વિનયવિજય** રસપૂરિ. ૧૩૮

(૧) સં.૧૭૭૪ શ્રા.વ.૭ શનિ લિ. પં. લક્ષ્મીવિજય શિ. પં. રામ-

વિજય. પ.સં.૭-૧૩, વી.ઉ.ભં. (૨) પ.સં.૭, વડા ચૌટા ઉ. પો.૯. (૩) સં.૧૭૮૬ ચૈ.વ.૭ રવિ લિ. નાનવિજય પદમવિજયેન સૂરત બંદીરે. પ.ક્ર.૩થી ૬ પં.૧૫, હા.ભં. દા.૮૩ નં.૯૧. (૪) પ.સં.૬-૧૪, હા.ભં. દા.૮૩ નં.૧૦. (૫) પ્ર.કા.ભં. (૬) પ.સં.૬-૧૨, આ.ક.ભં. (૭) સં.૧૭૨૯ માધ વદિ ૪ રવિ. પ.સં.૬, પ્રે.ર.સં.

[પ્રકાશિત : ૧. જૈન કથા રત્નકોશ ભા.૩. ૨. જૈન કાવ્યસાર સંગ્રહ.]

(૨૦૪૩) + પંચકારણ (પંચસમવાય) સ્ત. અથવા **સ્યાદ્વાદસૂચક મહાવીર સ્ત.** ૫૮ કડી ૨.સં.૧૭૨૩

આદિ – દુહા.

સિદ્ધારથસુત વંદીઈ, જગદીપક જિનરાજ,
વસ્તુતત્ત્વ સવિ જાંણીઈ, જસ આગમથી આજ.

અંત – કલશ.

ઈય ધર્મનાયક મુગતિદાયક, વીર જિનવર સંથુણ્યો,
સેં સતર સંવત વહ્નિ લોચન વર્ષ હર્ષ ધરી ઘણો,
શ્રી વિજયદેવ સૂરીંદ પટધર શ્રી વિજયપ્રભ સૂરિંદ એ,
શ્રી કીર્ત્તિવિજય વાચક સીસ ઇંણિ પરેં, વિનય કહે આણંદ એ. ૫૮

(૧) સં.૧૮૮૫ ભાદ્રવા શુ.૧૦, પ.સં.૨-૧૮, આ.ક.ભં. (૨) પ.સં. ૪-૧૨, આ.ક.ભં. (૩) પ્ર.કા.ભં. નં.૭૯. (૪) સં.૧૭૪૪ માગશર શુ.૧ શુક્રે. પ.સં.૪-૧૧, વી.ઉ.ભં. દા.૧૭. (૫) સં.૧૭૬૦ માહ વદ ૫ દિને. પ.સં.૪-૧૩, વી.ઉ.ભં. દા.૧૭. (૬) સં.૧૭૨૫ ચૈ.વ.૫ પં. દાનવિજયેન લિ. શ્રી સૂર્યપુરે. પ.સં.૨-૧૬, વી.ઉ.ભં. દા.૧૭. (૭) સં.૧૯૨૨ ચૈ.વ. ૭ ભોમે લખાવિતં કપાસિ ડાયા લાડકા સ્વહસ્તે વિરમગ્રામે વાસ્તવ્યં. પ.સં.૪, વિરમગામ સંઘ જ્ઞાનભંડાર. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૨, ૨૪૬, ૨૫૦, ૨૫૬, ૫૦૭, ૫૪૦, ૫૫૪).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૧૬૦. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૬૫. ૩. સજ્જન સન્મિત્ર પૃ.૩૨૪થી ૩૨૬. [૪. વિનયસૌરભ.].

(૨૦૪૪) [+] નેમિનાથ બારમાસ સ્ત. કડી ૨૭ ૨.સં.૧૭૨૮ રાનેરમાં

આદિ – ઓધવ માધવનઈ કહો – એ દેશી.

પંથીઅડા રે સંદેસડો, કહયો નેમને એમ
છટકી છેહ ન દીજઇ, નવ ભવનો પ્રેમ. પંથિઅડા રે

માગસિર માસઈ મોહિઉ, મોહનીએ મન્ન,
ચિત માંહિ લાગી ચટપટી, ભાવઈ ઉદક ન અન્ન. પં. ૨

અંત – **નેમિ રાજુલ** બેહુ મિલ્યાં પામ્યાં સુખ અનંત
વિનય સદા સુખ પામીઈ, ભજતાં ભગવંત. ૨૬
સંવત **સતર અઠાવીસઇ**, રહી **રાંનેર** ચોમાસ
રાજુલ નેમિ સંદેસડો, ગાયો હરખ ઉલ્લાસ. ૨૭

(૧) પ.સં.૧૨ની પ્રતમાં, હા.ભં. દા.૮૨ નં.૧૧૯. (૨) પ્ર.કા.ભં. (તીર્થમાલા સાથે). [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૭, ૪૨૧).]

પ્રકાશિત: ૧. જૈનયુગ પુ.૪ પૃ.૩૭૪. [૨. વિનયસૌરભ. ૩. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

(૨૦૪૫) + પુણ્યપ્રકાશ (આરાધના)નું સ્તવન [અથવા **મહાવીર સ્તવન**] ૨.સં.૧૭૨૯ રાનેર ચોમાસું વિજયાદશમી

આદિ – ઢાલ.

સકલ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય,
સહગુરૂ સામિણિ **સરસતિ**, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ **ત્રિશલા** તણો, નંદન ગુણગંભીર,
શાસનનાયક જગિ જયો, **વર્દ્ધમાન** વડવીર. ૨

અંત – કલશ.

જય તરણુતારણ સુખકારણ દુખનિવારણ જગ જયો,
શ્રી **વીર** જિનવર થુણતાં અધિક પુનિ ઉલટ થયો,
શ્રી **વિજયદેવસૂરિંદ** પટધર તીરથ જંગમ ધણિ જગે
તપગછપતિ શ્રી **વિજયપ્રભસૂરિ** સૂરિ તેજે ઝગમગે.
શ્રી **હીરવિજયસૂરિ** શીષ વાચક શ્રી **કીર્ત્તિવિજય** સુરતરૂ
તસ શિષ્ય વાચક **વિનયવિજયે** થુણ્યો જિન ચોવીસમો.
સંવત **સત્તરે** ઉગણત્રીશમેં રહિ **રાનેર** ચોમાસ એ
વિજયદશમિ વિજયકારણ કીયો **ગુણ-અભ્યાસ** એ.
નરભવઆરાધન સિદ્ધિસાધન સુકૃત લીલવિલાસ એ
નિજ૯૨ા હેતે તવન રચિઉં નામે **પુણ્યપ્રકાશ** એ.

(૧) સં.૧૭૫૬ પં. મહો. પં. **વિનયવિજયગણિ** શિ. પં. **નરવિજય** શિ. **બુધવિજય** લિ. **સોઝિત** નગર મધ્યે બાઇ કેસર પઠનાર્થં. [ભં.!] (૨) સં.૧૮૬૯ શાકે ૧૭૫૪ આસો શુ.૪ ગોડી પ્રસાદાત્ લિ. **વજલાલ**

પ.સં.૧૭, ખેડા ભં. (૩) કલ.સં.કો.કૅટ. વો.૧૦. નં.૪૯ પૃ.૮૫–૮૬. (૪) સં.૧૮૯૧ ચૈ.વ.૫ શુક્રે લિ. પં. ઉત્તમવિજય રાજનગરે વાસ્તવ્ય ગામ ગેરીતાના પં. રંગવિજયાર્થે, સય એકાણુ અઢારમૈ, માસ ચૈત્ર સુવિલાસ, વદિ દશમી રંગે લિખ્યો, ઉત્તમવિજય ઉલ્લાસ. ૧, પ.સં.૬–૧૧, વિરમગામ સંઘ ભં. (૫) પ.સં.૪–૧૫, વિરમ. લાય. (૬) ભ. વિજયપ્રભસૂરિ શિ. પં. લબ્ધિવિજય શિ. દીપવિજયગણિ લિ. પં. રંગવિજય શિ. દીપવિજય વાચનાર્થં ચોમારી નગરે સં.૧૭૬૪ વૈ.શુ.દિને. નિ.વિ. ચાણસ્મા. [આલિસ્ટઑફ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૨, ૧૫૮, ૨૩૭, ૨૪૯, ૨૫૩, ૨૫૮, ૨૮૬, ૪૧૩, ૪૧૭, ૪૩૩, ૪૩૫, ૫૦૨, ૫૫૦, ૫૫૮).]

(૧) પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર પૃ.૨૧૮થી ૨૨૫. [૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧. ૩. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ.]

(૨૦૪૬) [+] ઉપધાન [લઘુ] સ્તવન [અથવા **તપવિધિ સ્તવન** અથવા **મહાવીર સ્તવન**]

ઉપ એટલે પાસે – ગુરુ પાસે, અને ધાન એટલે ધારણ કરવું. નવકાર આદિ સૂત્રોને શાસ્ત્રોક્ત વિધિ મુજબ ગુરુને મુખેથી ગ્રહણ કરવાં એમ ઉપધાનનો અર્થ છે. ઉપધાન વહન કરવાથી જિનાજ્ઞાનું આરાધન, તપથી કર્મશોષણ, અસારભૂત શરીરમાંથી સારગ્રહણ, શ્રુતભક્તિ, ઇંદ્રિયનિરોધ, કષાયનો સંવર, ધર્મધ્યાન આદિ અનેક લાભ થાય છે એમ બતાવ્યું છે.

આદિ – ઢાલ ૧લી – દેશી ત્રુટકની.

શ્રી **વીર** જિણેશ્વર સુપરેં દીઈ ઉપદેશ,
સુણે બાર પરષદા, નહિ પ્રમાદપ્રવેશ,
સુણજો રે શ્રાવક જો વહિઇં ઉપધાન,
નવકાર ગણ્યા તો સુઝે સુગુણનિધાન. ૧

અંત – કલસ.

શ્રી **વીર** જિનેશ્વર ઉપધાનવિધિ ઉમ ભવિકહિત હેતે કહે,
મહાનિશિથ સિદ્ધાંત માંહે સુલભબોધિ સદ્ગવહે,
આરાધીએ ઉપધાન વહેતાં ચ્યારે ભેદે ધર્મ એ,
દાન શીલ તપ ભાવ સુભગ તે પામીએ શિવશર્મ એ. ૧
અઘટઘાટ શરીર હોય તે ઘાટ માંહે આવે ઘણો,

ખમાસમણુ મુહપત્તિ કિરિયા જાણે વિધિ શ્રાવક તણો.
ઉપધાનના ગુણ કહું કેતા કહેતાં નાવે પાર એ,
હોય સફલ શ્રાવક તણી કિરીઆ ઉપધાને નિરધાર એ. ૨
તપગચ્છનાયક સુમતિદાયક શ્રી **વિજયપ્રભ** સૂરીશ એ,
પુન્ય પ્રતાપે અધિક દિનદિન જગત જસ જગીશ એ,
શ્રી **કીર્ત્તિવિજય** ઉવઝાય સેવક **વિનય** ઇણિ પરે વિનવે,
દેવાધિદેવા ધર્મહેવા દેજો મુઝ ભવોભવે. ૩

(૧) પ.સં.૨-૧૧, હા.ભં. દા.૮૨ નં.૨૨૫. (૨) પ.સં.૨-૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૭૧. (૩) સં.૧૮૦૫ પો.વ.૧૦ ભોમે લિ. **રાજ**નગરે. પ.સં.૪-૯, હા.ભં. દા.૮૨ નં.૧૩૫. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૧૫, ૨૪૮, ૨૬૧, ૪૦૫, ૪૦૭, ૫૧૦, ૫૨૧).]

પ્રકાશિત : ૧. ઉપધાનવિધિ, પ્રકા. શા. કુંવરજી આણંદજી, ભાવનગર. [૨. વિનયસૌરભ.]

(૨૦૪૭) [+] ૧૪ ગુણસ્થાનક વીર સ્ત. ૭૩ કડી

આદિ- ચોપાઇ

વીર જિનેસર પ્રણમીય, શાસનનાયક સિદ્ધિઉપાય
ગુણઠાંણા અનુગતિ આચાર, કહિસ્યું શાસ્ત્ર તણે અનુસાર. ૧

અંત - શ્રી **વિજયદેવ** સૂરિપટ્ટ સોહાકરણ, શ્રી **વિજયપ્રભસૂરિ તપ-**ગચ્છરાજા,
શ્રી **વિજયરત્નસૂરી** તાસ પટ્ટ પ્રગટીયા, લહી જસવાસ સોભાગ તાજા. ૬
જગતગુરૂ હીરગુરૂ શિષ્યગુણરયણનિધિ, **કીર્તિવરવિજય** ઉવઝાયરાયા,
સીસ તસ **વિનય** ઉવઝાય ધમ ભક્તિ સું, ભણીય ગુણઠાંણુ શ્રી **વીર** ગાયા. ૭૩

(૧) સુશ્રાવિકા **ધનકુંઅરબાઇ** પઠનાર્થં સંવત્ ૧૮૦૭ના વર્ષે ભાદ્રવા વદિ ૮ બુધે લષિતં. (પાછળથી બીજાએ ઉમેર્યું છે : સાવક **વેલજી નાથા** પઠનાર્થે થરવાસી શ્રી કચ્છદેશનો ગામ **સીદ્રાણુ** મધે સંવત ૧૯૧૬નો વરષે.) પ.સં.૪-૧૩, અનંત. ભં. (૨) પ.સં.૩-૧૭, આ.ક.ભં. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૫૬, ૨૫૯).]

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ.]

(૨૦૪૮) + છ આવશ્યક સ્તવન

આદિ – દૂહા.

ચૌવીસઈ જિન ચિંતવી ચતુર ચેતના કાજ.
આવશ્યક જિણું ઉપદિશ્યા, તે થુણસ્યૂં જિનરાજ.

અંત – કલસ.

તપગચ્છનાયક મુગતિદાયક, શ્રી **વિજયદેવ** સૂરીશ્વરો,
તસ પટ્ટદીપક મોહજીપક, શ્રી **વિજયપ્રભસૂરિ**ગણુધરો,
શ્રી **કીર્તિવિજય** ઉવઝ્ઝાય સેવક, **વિનયવિજય** વાચક કહે,
ષડાવશ્યક જેહ આરાધે, તેહ સિવસંપદ લહે.

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬, ૨૭૨, ૪૦૬, ૪૧૪, ૫૫૨).]

પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર. પૃ.૨૧૫થી ૨૧૮. [૨. વિનયસૌરભ. ૩. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ.]

(૨૦૪૯) + આદિનાથ વિનતિ [અથવા **(શત્રુંજયમંડન) ઋષભજિન વિનતિ**] કડી ૩૦

આદિ – પ્રણમી સદગુરૂપાએ, **શેત્રુંજા**ધણી, શ્રી **રિસહેસર** વીનવું એ.
ત્રિભોવનનાયક દેવ, સેવક વિનતિ, આદેસર અવધારીએ.

અંત – શ્રી **કીર્ત્તિવિજય** ઉવઝાય રે સેવક ઇણિ પરે, **વિનય** કરીને વિનવૂં એ. ૩૦

(૧) પ્ર.કા.ભં. (૨) પ.સં.૩–૧૨, માં.ભં. (૩) પ.સં.૨–૧૧, હા.ભં. ઘ.૮૩ નં.૫૭. (૪) લ. પં. હર્ષવર્દ્ધન **રાજનગરે**. પ.સં.૩–૧૨, મુક્તિ. નં.૨૪૦૪. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૦, ૪૪૮, ૪૬૪, ૫૦૭).]

પ્રકાશિત : ૧. સઝાય પદ સંગ્રહ પૃ.૯૩. [૨. વિનયસૌરભ.]

(૨૦૫૦) + પચ્ચખાણની સ. ૨ ઢાલ

આદિ – ધૂર સમરૂં સામિનિ **સરસતી,** સરસ વયન અમૃત વરસતી,
પચ્ચખાણનો ભણીશ વિચાર, જે સિદ્ધાંતે બોલ્યા સાર. ૧

અંત – આહાર એહ વિચાર ભણી, પચ્ચખાણ સુધા ધરો,
શ્રી **કીર્ત્તિવિજય** વાચક સીસ ઈણી પરે, **વિનય** સયલ સંપત્તિ વરો. ૧૭

(૧) પ.સં.૩–૧૧, પાદરા ભં. નં.૪૯.

પ્રકાશિત : ૧. પંચ પ્રતિક્રમણ સૂત્ર, જૈ.શ્રે. મંડળ, પૃ.૫૨૫–૫૨૭. [૨. વિનયસૌરભ. ૩. ઐતિહાસિક સજ્ઝાયમાલા ભા.૧.]

(૨૦૫૧) [+] **ઇરિયાવહિ** [**ઇર્યાપથિકા**] **સજ્ઝાય** ૨૫ કડી ૨.સં.૧૭૩૦

અંત – **તપા**ગચ્છનાયક-તીલો રે, શ્રી **વિજયપ્રભ** સૂરિરાય
વિજયરત્ન સૂરીસરો રે, ઓપે અદ્‌ભુત નુરો રે. ૨૪. મિ.
શ્રી **કીર્ત્તિવિજય** ઉવજ્ઝાયનો, સેવક કરે સજ્ઝાય,
સંવત **સત્તર** ને **ત્રીસ** રે, **વિનયવિજય** ઉવજ્ઝાય રે. ૨૫ મિ.

(૧) પં. **ઉત્તમચંદ્રજી** પં. **શિવચંદ્રજી** મુનિ હરિશ્ચંદ્રેણ લિ. વિ.વી. રાધનપુર. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૨૧).]

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ.]

(૨૦૫૨) + **આંબિલ સ.**

આદિ – સમરી શ્રુતદેવી **સારદા**, સરસ વચન વર આપે સદા,
આંબીલ તપનો મહિમા ઘણો, ભવિજન ભાવ થકી તે સુણો. ૧

અંત – આંબિલ તપ ઉત્કૃષ્ટો કહ્યો, વિઘનવિડારણ કારણ લહ્યો,
વાચક **કીર્ત્તિવિજય** સુપસાય, ભાખે **વિનયવિજય** ઉવઝાય. ૧૧

[લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવનસંગ્રહ. ૨. વિનયસૌરભ.]

(૨૦૫૩) + **ભગવતીસૂત્ર સઝાય** ૨.સં.૧૭૩૮ રાનેર ચોમાસું

આદિ – કપુર હોયે અતિ ઉજલો રે – એ દેશી.
વંદિ પ્રેમ શ્યું રે, પૂછે **ગૌતમ**સ્વામ
વીર જિનવર હિત કરી રે, અરથ કહે અભિરામ રે. ૧
ભવિક સુણજ્યો **ભગવઈ** અંગ, મન આણી ઉછંગ રે ભ.

અંત – સંવત **સતર અડત્રીસમે** રે રહ્યા **રાનેર** ચોમાસ,
સંઘે સૂત્ર એ સાંભલ્યું રે, પામ્યો મન ઉલ્લાસ. ભ. ૧૭
વિધિ સઘલી એ સાચવી રે, પૂજા ભક્તિ અપાર,
અંગપુંજણા સાચવ્યા રે, શક્તિ તણો અનુસાર રે. ભ. ૧૮
(પાઠાંતર – પૂજા ભક્તિ પ્રભાવનાજી, તપ ક્રિયા સુવિચાર
વિધિ એમ સઘલો સાચવ્યો રે, સમય તણે અનુસાર રે.)
કીર્ત્તિવિજય ઉવઝાયનો રે, સેવક કરે રે સઝાય,
એણી પરે **ભગવતીસૂત્ર**ના રે, **વિનયવિજય** ગુણ ગાય રે. ભ. ૧૯

(૧) મારી પાસે. (૨) આ.ક.ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧

(પૃ.૨૮૨, ૪૧૧, ૫૧૧).]

પ્રકાશિત : ૧. સઝાય પદ સંગ્રહ. [૨. વિનયસૌરભ તથા અન્યત્ર.]

(૨૦૫૪) [+] **અધ્યાત્મગીતા** ગાથાસંખ્યા ૨૪૨ શ્લોક ૩૩૦

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૨).]

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ.]

(૨૦૫૫) + વિનયવિલાસ

સુંદર ૩૭ પદોનો સંગ્રહ.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૮).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભી.મા. ૨. સઝાય પદ સંગ્રહ. [૩. વિનયસૌરભ તથા અન્યત્ર.]

(૨૦૫૬) + ચોવીસી

૨૪ જિન પર ૨૪ સ્તવન.

આદિ – છબીલે લાલન એ દેશી.

શત્રુંજા શિરશેહર દુખહર **આદિજિણુંદ**, સોભાગી સુંદર
મરૂદેવીનો નંદન, સુખસુરતરૂનો કંદ, રમો મનમંદિર. ૧

અંત – વીરજિન સ્ત.

ભોલીડા હંસ રે વિષય ન રાચીયે – એ દેશી.

સિદ્ધારથના રે નંદન વીનવું, વીનતડી અવધાર,
ભવમંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવડાવ
હવે મુજ પાર ઉતાર. સિ. ૧

*

વાચકશેખર **કીર્ત્તિવિજય** ગુરૂ, પામી તાસ પસાય,
ધર્મ તણે રસ જિન ચોવીસમા **વિનયવિજય** ગુણ ગાય. સિ. ૫

પ્રકાશિત : ૧. ચોવીશી વીશી સંગ્રહ. [૨. વિનયસૌરભ.]

(૨૦૫૭) + વીશી [અથવા **વીસ વિહરમાન જિન ભાસ**]

૨૦ વિહરમાન જિન પર ૨૦ સ્ત.

આદિ – કેદારો – નયરી વિનીતા માંહી તુમ છો રાયા રે – એ દેશી.

પહેલા શ્રીમંધરસ્વામી સ્ત.

સીમંધરસ્વામી સુણજો વિનતિ કીજે રે, સ્વામી વિનતિ કીજે.
દરિસણ દયા કરી અહને દીજે રે, સ્વામી.

અંત – કલશ

રાગ ધન્યાશ્રી – નયરી અયોધ્યાથી સંચર્યો એ – એ દેશી.

વંછિતદાયક સુરતરૂ એ, વિહરમાન જિન વીશ,
નમો ભવિ ભાવ શું રે.
રિદ્ધિસિદ્ધ સવિ સંપજે એ, પૂગે મનહ જગીશ – નમો.

*

શીળદેવ પંડિત રચ્યો એ, એકવીશ ઠાણું જોય,
તે જોઇ અનુક્રમ કહ્યો એ, શ્રી જિનવરનો એહ. નમો ૯
બીજે ગ્રંથે દેખીયે એ, નામક્રમપદફેર,
તે પણ સાચા જિન વિના એ, કુણ દાખે શુદ્ધ શેર. નમો ૧૦
શ્રી કીર્તિવિજય ઉવઝાયનો એ, **વિનય** વંદે કર જોડ. ન.
શ્રી જિનના ગુણ ગાવતાં એ, લહિઈ મંગલ કોડ. નમો ૧૧

(૧) પ.સં.૯–૧૧, આ.ક.ભં. (૨) જુઓ નીચેની કૃતિની પ્રત. [જૈજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૧, ૫૧૪).]

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ. ૨. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

(૨૦૫૮) [+] શાશ્વત જિન ભાસ

અંત – કીરતિવિજય ઉવઝાય કેરો, લહીઈ પુણ્યપસાય,
સાસતા જિન થુણઈ ઇણિ પરિ, **વિનયવિજય** ઉવઝાય. મેરે. ૯

(૧) પં. શ્રી **સંઘવિજયગણિ** શિ. પં. **ખેમાવિજયગણિના** લિ. ગણિ રૂપવિજય વાચનાર્થ. પ.સં.૧૫–૧૧, આ.ક.ભં. (ઉપરની વીશીની સાથે)

[પ્રકાશિત : ૧. વિનયસૌરભ.]

(૨૦૫૯) + શ્રીપાલ રાસ ૪ ખંડ ૧૯૦૦ કડી ર.સં.૧૭૩૮ રાંદેર

૭૫૦ ગાથા સુધી વિનયવિજયજીએ રાસ રાંદેરમાં રચ્યો, પછી તેઓ સં.૧૭૩૮માં સ્વર્ગસ્થ થયા ને રાસ અપૂર્ણ રહ્યો એટલે તેમના પ્રીતિપાત્ર એવા યશોવિજયજી મહોપાધ્યાયે બાકીનો ભાગ પૂરો કર્યો.

સિદ્ધચક્ર એટલે અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવ પદ. આ નવપદના સેવનથી શ્રીપાલ રાજા કેટલીબધી મહત્તા પામ્યો એનું ચારિત્ર આમાં છે.

આદિ – દોહા.

કલ્પવેલિ કવિયણ તણી, **સરસતિ** કરી સુપસાય,

સિદ્ધચક્ર ગુણ ગાવતાં, પૂર મનોરથ માય. ૧
અલિયવિઘન સવિ ઉપશમે, જપતાં જિન ચોવીશ,
નમતાં નિજગુરૂ પયકમલ, જગમાં વધે જગીશ. ૨
ગુરૂ **ગૌતમ** રાજગૃહી, આવ્યા પ્રભુ આદેશ,
શ્રીમુખ **શ્રેણિક** પ્રમુખને, ઇણિ પરિ દે ઉપદેશ. ૩
ઉપગારી અરિહંત પ્રભુ, સિદ્ધ ભજો ભગવંત,
આચારય ઉવઝાય તિમ, સાધુ સકલ ગુણવંત. ૪
દર્શન દુર્લભ જ્ઞાન ગુણ, ચારિત્ર તપ સુવિચાર,
સિદ્ધચક્ર એ સેવતાં, પામીજે ભવપાર. ૫
ઈહભવ પરભવ એહથી, સુખસંપદ સુવિશાલ,
રોગ શોગ રૌરવ ટલે, જિમ નરપતિ **શ્રીપાલ**. ૬
પૂછે **શ્રેણિક**રાય પ્રભુ, તે કુણ પુણ્યપવિત્ર,
ઇંદ્રભૂતિ તવ ઉપદિશે, શ્રી **શ્રીપાલ**ચરિત્ર. ૭

અંત – તે તરીયા રે ભાઇ તે તરીયા એ દેશી.

તપગચ્છનંદન સુરતરૂ પ્રગટયા, **હીરવિજય** ગુરૂરાયાજી
અકબરસાહ જસ ઉપદેસેં, પડહ અમારિ વજાયાજી. ૧
હેમસૂરિ જિનશાસન મુદ્રાઈ, હેમ સમાન કહાયાજી,
જાસો હીરો જે પ્રભુ હોતાં, શાસનસોહ ચઢાયાજી. ૨
તાસ પટ્ટ પૂર્વાચલ ઉદયો, દિનકરતુલ્ય પ્રતાપજી,
ગંગાજલ નિર્મલ જસ કીરતિ, સઘલેં જગ માંહે વ્યાપિજી. ૩
સાહસભા માંહિં વાદે કરીનેં, જિનમત થિરતા થાપીજી,
બહુ આદર જસ સાહેં દીધો, ખીરદ સવાઈ આપીજી. ૪
શ્રી **વિજયદેવ**સૂરી પટધારી, ઉદયા બહુ ગુણવંતાજી,
જસ નામ દસ દિશિ છેં આવું, જે મહિમાઈ મહંતાજી. ૫
શ્રી **વિજયપ્રભ** તસ પાટધારી, સૂરિ પ્રતાપેં છાજેજી,
એહ રાસની રચના કિધી, સુંદર તેહનેં રાજેંજી. ૬
સૂરી **હીર**ગુરૂની બહુ કિરતિ, **કીર્ત્તિવિજય** ઉવઝાયાજી,
સીસ તાસ શ્રી **વિનયવિજય** વર, વાચક સુગુણ સુહાયાજી. ૭
વિદ્યા વિનયવિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહાજી,
સોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહાજી. ૮
સંવત **સત્તર અડત્રીસા** વરષેં, રહી **રાંનેર** ચોમાસું જી,

સંધ તણા આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસેજી. ૯
સાર્ધ સમશત ગાથા (૭૫૦) વિરચી, પૂહતા તે સુરલોકેજી,
તેહના ગુણ ગાવે છે ગોરી, મલીમલી થોકેથોકેંજી. ૧૦
તસ વિશ્વાસભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયાજી,
શ્રી **નયવિજય**વિબુધપદસેવક, **સુજસવિજય** ઉવઝાયાજી. ૧૧
ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતેંજી,
તિણેં વલી સમકીતદષ્ટિ જે નર, તેહ તણઈં હિત હેતેંજી. ૧૨
જે ભાવઈ એ ભણસ્યેં ગુણસ્યેં, તસ ઘર મંગલમાલાજી,
બંધુર સિંધુર સુંદર મંદિર, મણીમય ઝાકઝમાલજી. ૧૩
દેહ સબલ સસનેહ પરિ છે, રંગ અભંગ રસાલાજી,
અનુક્રમે તેહ મહોદય પદવી, લહેસ્યઈ જ્ઞાન વિશાલાજી. ૧૪

(૧) સં.૧૭૬૯ વૈ.શુ.૨ શનિ. પ.સં.૫૧–૧૩, વી.ઉ.ભં. દા.૧૯ પો.૩. (૨) સં.૧૭૮૭ શાકે ૧૬૫૩ વૈ.૮ સોમે. પ.સં.૬૦–૧૩, વી.ઉ.ભં. દા.૧૯ પો.૩. (૩) સં.૧૭૯૯ ભા.શુ.૧૫ **શાં**તિવિજય લિ. બેણુપનગરે. પ.સં.૩૩, જિ.ચા. પો.૮૨ નં.૨૦૫૬. (૪) **વિ**જયદેવસૂરિ શિ. **ઋ**દ્ધિવિજય શિ. **સુ**ખવીજય શિ. **હ**ર્ષવિજય શિ. **રા**જવિજય શિ. **લ**ક્ષ્મીવિજય શિ. **રૂ**પવિજય લ. પ.સં.૪૯–૧૬, ઈડર ભં. (૫) સં.૧૮૧૮ પો.શુ.૧૪ શનિ પંન્યાસ **મો**હનવિજય શિ. **મ**હીમાવિજય શિ. **ગુ**ણવિજય શિ. **રા**મવિજય લ. ટબાર્થ સહિત. પ.સં.૬૧–૧૧, ઈડર ભં. નં.૧૭૬. (૬) સં.૧૮૮૨ વૈ.શુ.૭ ભ. **ભા**વરત્ન શિ. પં. **મા**નરત્ન શિ. **સુ**મતિરત્ન શિ. **મા**ણકયરત્ન શિ. પ્રેમરત્ન લ. **બે**ટકપૂર મધ્યે ચાતુર્માસ. પ.સં.૬૫–૧૩, તિલક ભં. (૭) સં.૧૮૧૮ આ.વ.૫ **સુ**રત મધ્યે **ભી**મજી લિ. પ.સં. ૫૬, દાન. પો.૧૩ નં.૨૪૩. (૮) સં.૧૮૪૮ આ.સુ.૮ ઉ. **જ**યમાણિકય શિ. **દી**પચંદ્ર શિ. **દૌ**લ(ત)ચન્દ્ર લિ. **સ**ત્યપુરે. પ.સં.૪૬, રામ ભં. પો.૨. (૯) સં.૧૮૫૪ વૈ.શુ.૧૫ ચંદ્રવાર **ઝુ**રહાનપુરે **મ**નમોહન **પા**ર્શ્વપ્રસાદાત્ **લા**લચંદ શિ. હીરાચંદ લિખાપિતં. પ.સં.૮૩, અભયસિંહ પો.૧૨ નં. ૧૦૫. (૧૦) સં.૧૮૫૪ શાકે ૧૭૧૯ શ્રા.વ.૭ રવિ અમૃતવેલાયાં ચતુર્થપ્રહરે લિ. ભ. **વિ**જયરાજસૂરિ શિ. મહો. **દા**નવિજયગણિ શિ. પં. **લા**જવિજય શિ. પં. **વિ**નીતવિજય લ. શિ. વગતા વાચનાર્થં **વિ**જયલક્ષ્મીસૂરિ રાજ્યે. પ.સં.૭૩, નાહટા. સં. (૧૧) ચોથો ખંડ ટબાસહિત : સં.૧૮૬૨ જે.વ.૫ **પા**ડલીપુરે દયારુચિ પરંપરા **અ**તાપરુચિ લિ. પ.સં.૭૦,

કૃપા. પો.૪૪ નં.૭૭૦. (૧૨) ટબાસહિત : સં.૧૮૬૨ જે.સુ.૫ બીન્નમાલ શ્રીભક્તિ શિ. ચતુરવિજય લિ. અભયસિંહ પો.૧૨ નં.૧૨૬. (૧૩) પ.સં.૫૮, અભયસિંહ પો.૧૩ નં.૧૪૯. (૧૪) સં.૧૮૬૫ ચૈ.શુ.૭ મરોટ મધ્યે ગુણકલ્યાણ શિ. વખતા લિ. પ.સં.૧૦૯, દાન. પો.૧૪ નં.૨૬૫. (૧૫) ટબાસહિત : સં.૧૮૬૭ માગ.વ.૧૪ નૌબ્બાર મધ્યે. પ.સં.૭૩, જય. પો.૬૯. (૧૬) ભ. જિનચંદ્રસૂરિ પટ્ટે જિનહર્ષસૂરિ પટ્ટે જિનલબ્ધિસૂરિ પટ્ટે મંડલાચાર્ય હર્ષવિમલસૂરિ જ્ઞતઃ તત્પટ્ટે દયાસાગર પ્રસિદ્ધ નામ દયારામ શિ. વિનયકીર્ત્તિ પ્રસિદ્ધ નામ વેણીરાંમ શિ. સિવરાજ શિ. શિવલાભ લિ. ખ.બૃ. આચાર્યગચ્છે કૃષ્ણગઢ મધ્યે સં.૧૮૭૦ માઘ શુ.૬ ગુરૂવારે ઉપદેશ બૃહત્શાખા ઘાડીવાલ ગોત્રે ટાટિયા નખે સાહ દેવરાજ પુત્ર દલેજી પુત્ર વીરચંદ પુત્ર ટા. આલાચંદ પુત્ર ટા. મનરૂપ પુત્ર જગરૂપ પ્રમુખાદિહિતાય. પ.સં.૧૬૯થી ૫૦૬, નાનો ગુટકો, યશોવૃદ્ધિ. પો.૨૬. (૧૭) સં.૧૮૭૧ કા.વ.૧૩ ગુરૂ આમલનેર લક્ષ્મીવિમલ લિ. શેઠ મોતીચંદની પ્રત છે. પ.સં.૯૩, અભય. પો.૧૨ નં.૧૨૧. (૧૮) સં.૧૮૭૧ પ્ર.ભા.શુ.૮ મંગલ. પ.સં.૭૦, ચતુ. પો.૫. (૧૯) સં.૧૮૭૨ જે.વ.૩ લોજગઢ મધ્યે ભુવનવિશાલ શિ. કનકસેન શિ. ચતુરનિધાન લિ. પ.સં. ૮૮, અખીર. પો.૧૦. (૨૦) સં.૧૮૭૬ મા.શુ.૯ ભાગ્યનગરે આનંદસાગર લિ. પ.સં.૫૮, જિ.ચા. પો.૮૧ નં.૨૦૧૩. (૨૧) સં.૧૮૯૧ શાકે ૧૭૧૭ વૈ.વ.૧૦ પાલણપુરે. કર્ચાંક ટબો છે, પ.સં.૮૬-૧૨, સંઘ ભં. પાલણપુર દા.૪૩ નં.૧. (૨૨) સં.૧૯૦૨ શ્રા.વ.૨ મોડી મધ્યે પ.સં. ૫૫, જિ.ચા. પો.૮૦ નં.૧૯૭૦. (૨૩) પ.સં.૪૫, અપૂર્ણ, મહિમા. પો. ૩૪. (૨૪) સં.૧૯૨૬ શાકે ૧૭૮૧ અશ્વિન વ. અમાસ બુધે લ. જોશિ શિવરામ ઝુંમખરામ. પ.સં.૮૧-૧૦, વિજાપુર જૈન જ્ઞા.ભં. નં.૫૬૮. (૨૫) સં.૧૭૭૯ આસાઢ વ.૩ બુધે. પ.સં.૧૧૫-૯, સીમંધર. દા.૨૩ નં.૧૯. (૨૬) પ.સં.૪૦-૧૮, સીમંધર. દા.૨૨ નં.૧૮. (૨૭) સંવત સસી અંક સુન્યા ગજ અબ્દં મધુ માસ શુ. પત્તને પંચેશ્વર પાર્શ્વપ્રસાદે ભ. વિજયપ્રભસૂરિ શિ. પં. પ્રેમવિજય શિ. પં. કાંતિવિજય શિ. પં. રૂપવિજય શિ. પં. કૃષ્ણવિજય શિ. પં. રંગવિજય શિ. પં. ઋષભવિજય શિ. પં. દયાવિજય લિ. પ.સં.૧૫૭, પ્ર.કા.ભં. નં.૩૧૯. (૨૮) સં.૧૮૨૫ દ્વિ.શ્રા.વ.૧૧ બુધ વાંમ(ન)સ્થલિ પં. અમૃતસાગર શિ. પં. દોલતસાગર લિ. પં. કાંતિકુશલ વાચનાર્થં. પ.સં.૬૦, જૈનાનં.દ. નં.

૩૩૦૯. (૨૯) માગશર સુદિ ૯ શુક્રે ભ. દાનરત્ન શિ. કલ્યાણરત્નેન લ. થલ ગ્રામે. પ.સં.૩૮–૧૩, ખેડા ભં. દા.૭ નં.૫૯. (૩૦) ટબ્બાસહિત, અપૂર્ણ, પ.સં.૫૫, ખેડા ભં. દા.૭ નં.૫૮. (૩૧) પ.સં.૧૦, ખેડા ભં. દા.૮ નં.૧૦૪. (૩૨) પ.સં.૧૭થી ૪૭, પં.૧૩, સારી પ્રત, ખેડા ભં. દા.૮ નં.૧૦૬. (૩૩) સં.૧૮૬૪ શાકે ૧૭૨૯ વૈ.વ.૬ બુધે પં. જ્ઞાનવિજય જોગ્ય વડી પોસાલગચ્છે બૃહત તપાગછે શ્રાવક સા. બેચર ભાઈચંદ બહીલ ગ્રામે લખાવીતં. પ.સં.૬૧–૧૪, ખેડા ભં. દા.૬ નં.૧૧. (૩૪) ટબ્બાસહિત : સં.૧૮૨૩ કા.શુ.૧૪ શની સિદ્ધયોગે ઢાંગાધ્રાપૂરે ભ. દાનરત્ન પં. કલ્યાણરત્ન શિ. પં. મોહનરત્ન લ. પ.સં.૭૧, ખેડા ભં. દા.૮ નં.૧૧૪. (૩૫) પાટણનગરે શ્રી પંચાસરાજી પ્રસાદાત્ લ. મોહનવિજેજી. પ.સં. ૫૯–૧૭, ખેડા ભં.૩. (૩૬) સં.૧૮૧૯ શાકે ૧૬૮૪ માગસિર સુદિ ૨ બુધવાસરે પૂર્ણિમાપક્ષે ભ. હર્ષચન્દ્ર સૂરિ શિ. ભ. ક્ષમાચન્દ્રસૂરિ લિ. પાટણ શ્રી શાંતિજિન પ્રસાદાત્ શિ. પં. જીવણવિજય વાચનાર્થં. પ.સં.૫૪–૧૩, ખેડા ભં.૩. (૩૭) ખંડ ૪થો ટબ્બાસહિત : સં.૧૮૭૫ ચૈત્ર વદી તેરસ ગુરૂ નડીયાદ નગરે પાર્શ્વજિન પ્રસાદાત્ પં. હંસરત્નગણી શિ.પં. ... પ.સં.૩૯, ખેડા ભં.૩. (૩૮) ખંડ ૪થો : પં. લાભવિમલ શિ. નરવિમલ, સુંદરવિમલ પં. સુમતિવિમલ પં. કનકવિમલ પં. કૃષ્ણવિમલ પં. પ્રેમવિમલ તત્સિ. પં. હીરવિમલ લ. દક્ષ્યણ દેશે ગાંમ માલૂંગા મધ્યે પાર્શ્વનાથ પ્રસાદાત્ સં.૧૯૧૪ આસો શુ.૧૧ ભૌમ. પ.સં.૩૩–૨૩, ખેડા ભં.૩. (૩૯) બાલા. સહિત : સં.૧૯૧૭ જે.વ.૧૦ ભૌમે લિ. ગુણચન્દ્ર સાધ્ધાણ (કચ્છમાં) ચાતુર્માસ. પ.સં.૭૫, મ.જૈ.વિ. નં.૪૧૮. (૪૦) પ્રથમ ત્રણ ખંડ : સં.૧૮૮૩ ફા.વ.૩ લ. ચંદ્રાવતી નગરે શ્રી ભટ્ટેવા પાર્શ્વનાથ પ્રસાદેન મુની વીરવિજયગણી પં. રૂપસત્કેન લખ્યું છે. પ.સં. ૩૭–૧૩, મુક્તિ. નં.૨૩૩૮. (૪૧) ટબ્બાર્થ : ભ. વિજયધર્મસૂરિશ્વરાણામનુજ્ઞાં પ્રાપ્ય પં. ગણેશરૂચિગણિના બાલાવબોધકૃતં યત્કિંચિત્ પૂર્વલિખિતં દૃષ્ટં કિંચિદ્ ગુરૂગમ્યાત્ કિંચિદ્ બુધ્યનુસારાત્કૃતઃ સ ચ બુદ્ધિમદ્ભિઃ વિબુધૈઃ સંશોધનીયં બાલાવબોધ ગ્રંથાગ્રંથ શ્લોકસંખ્યા ૨૪૦૦ મૂલરાસસંખ્યા ભિન્ના જ્ઞેયા. ભટ્ટા. શ્રી હીરવિજયસૂરિ શિ. પં. આનંદવિજયગણિ શિ. પં. મેરૂવિજયગણિ શિ. પં. ઉ. લાવણ્યવિજયગણિ શિ. પં. જ્ઞાનવિજયગણિ શિ. પં. નયવિજયગણિ શિ. પં. શુભવિજયગણિ શિ. પં. પ્રેમવિજયગણિ શિ. પં. સુબુદ્ધિવિજયગણિ શિ. પં. નિત્યવિજયગણિ

તત્ભ્રાતૃ પં. રૂપવિજયગણિ લ. સ્વઆત્મા અર્થે પરમાત્માડર્થે સં.૧૮૧૯ શાકે ૧૬૮૪ કા.વ.૧૧ દિને લખી સંપૂર્ણ કીધું છે વીજાપુર મધ્યે. પ.સં. ૬૭, સંધ ભં. પાલણપુર દા.૪૩ નં.૫. (૪૨) સં.૧૮૨૩ વર્ષે શાકે ૧૬૮૯ જ્યે.શુ.૮ શુક્રવાસરે વિજયપ્રભસૂરિ શિ. સુમતિવિજય શિ. અમરવિજય શિ. સુંદરવિજય શિ. જયવિજય શિ. તત્ત્વવિજયગણિ લિ. રાંનેર બંદિર મધ્યે. પ.સં.૬૬–૧૧, પાદરા ભં. નં.૭. (૪૩) ટબાસહિત: પં. માનવિજય પં. શુભવિજય પં. કનકવિજય પં. જસવિજયગણિ લિ. સં.૧૮૧૮ વસંતઋતૌ ફા.સુદિ ૯ ગુરુ. નટપ્રદ નગરે. પ.સં. ૫૬, પાદરા ભં. નં.૬. (૪૪) ટબાસહિત સચિત્ર: સં.૧૮૪૮ માધ વદિ ૫ લષિતં. પ.સં.૯૧, પાદરા ભં. નં.૫. (૪૫) ચોથા ખંડના અર્થ: સં.૧૮૧૦ શાકે ૧૬૭૫ ફા.સુદિ ૧૪ ગુરૂ પં. કનકવિજય મુ. જસવિજય લ. રાજનગરે શ્રી માણિભદ્રાય વીરપ્રશાદે. પ.સં.૧૧–૧૭, પાદરા ભં. નં.૮. (૪૬) ચોથો ખંડ ભાવાર્થસહિત: સં.૧૮૧૯ શાકે ૧૬૬૪ માગસિર વદિ ૧૩ સોમે પં. વિવેકવિજય પં. જસવિજયગણી. પ.સં.૧૧૩, ઝીં. દા.૩૬ નં.૧૬૨. (૪૭) સં.૧૮૭૦ ચૈ.પૂર્ણિમા સોમે પં. ઋદ્ધિરત્નેન રાજનગર મધ્યે લખાવીતં શ્રી સંધ ખેટકપુરે. પ.સં.૭૧–૧૧, ઝીં. પો.૩૬ નં.૧૬૩. (૪૮) લિ. પં. વિનીતવિજય પં. શિ. પં. દેવવિજયેન પં. જિનવિજય અર્થે સં.૧૮૧૨ પાદરા નગરે શ્રી શાંતિ જિન પ્રસાદાત્. પ.સં.૬૧–૧૩, ઝીં. પો.૩૬ નં.૧૬૪. (૪૯) સં.૧૮૦૭ માહ વ.૧ ગુરૂ ખેટકપૂરે તપાગચ્છે ભ. રાજવિજયસૂરિ પટ્ટે રત્નવિજયસૂરિ પટ્ટે હીરરત્નસૂરિ પટ્ટે જયરત્નસૂરિ પટ્ટે ભાવરત્નસૂરિ પટ્ટે દાનરત્નસૂરીભિ:. પ.સં.૫૪–૧૪, ઝીં.પો.૩૬ નં.૧૬૫. (૫૦) સં.૧૮૬૨ જ્યેષ્ઠ સુદિ ૧૩ શનૌ મહો. વિનયવિજયગણિ પં. માનવિજય શિ. અમરવિજયગણિ શિ. પં. સૌભાગ્યવિજય શિ. પં. ગોવ્યંદવિજય શિ. પં. પ્રેમવિજય શિ. પ્રમોદવિજય લ. સ્તંભતીર્થે સાગોટાપાડા મધે ચિંતામણ પાર્શ્વનાથ પ્રસાદાત્. અમીઝરા પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૬૫–૧૪, ભાગ્યરત્ન ખેડા. (૫૧) ભ. કીર્તિરત્નસૂરિ શિ. પં. બુદ્ધિરત્ન શિ. કાંતિરત્નેન લ.સં.૧૮૬૧ જે. શુ.૧ બુધે સૂર્યપુરે. શ્રી મકવાણા રાજ્યે શાંતિનાથ પ્રસાદાત્. પ.સં.૩૮–૧૫, ભાગ્યરત્ન, ખેડા દા.૨ નં.૨૬. (૫૨) ટબાસહિત: પુન્યસાગરસૂરિ શિ. પં. સુખસાગર શિ. ફત્તેસાગર વાંચનાર્થે. પ.સં.૬૨, ભાગ્યરત્ન, ખેડા દા.૨ નં.૪૬. (૫૩) સં.૧૮૪૪ માહ વદિ ૫ રાત્રૌ મંગલવાસરે પં.

દર્શનવિજય શિ. પ્રેમવિજય શિ. દીપવિજય શિ. મુનિ ઉમેદવિજય લિ. ગીરપુર નગરે શ્રી ગંભીરાજી પાર્શ્વપ્રસાદાત્. પ.સં.૭૦–૧૩, ઈડર ભં. નં.૧૮૨. (૫૪) સં.૧૮૬૧ આસો વદિ ૬ બુધ લિ. પં. નેમવિજય શિ. વૃદ્ધિવિજયગણિ શિ. પં. ઉમેદવિજયગણિ શિ. લાલવિજયગણિ શિ. પં. હીરવિજય. પ.સં.૭૨–૧૧, ઈડર ભં. નં.૧૮૦. (૫૫) ભાગ્યવિજય-લિખતં સં.૧૭૮૭ વૈ.વ.૩ ગુરૂ શાંતિપ્રસાદાત્ લિષ્ટ ગામે. પ.સં.૫૫, ઈડર ભં. નં.૧૭૮. (૫૬) સં.૧૮૭૨ શ્રા.શુ.૧ રવિ પં. રામવિજય માંણિક્યસપ્તક પ.સં.૫૧, ઈડર ભં. નં.૧૮૧. (૫૭) સં.૧૭૭૯ દ્વિ.શ્રા. વ.૧૦ ગુરૂ વડનગર મધ્યે લિ. ઋષભદેવજી પ્રસાદાત્ પં. દર્શનવિજય શિ. પં. કાંતિવિજય શિ. નાયકવિજયેન લિ. પ.સં.૩૪, ઈડર ભં. નં.૧૭૯. (૫૮) પં. દર્શનવિજય શિ. કાંતિવિજય શિ. નાયકવિજય શિ. પ્રેમ-વિજય લિ. સં.૧૮૨૪ ફા.કૃષ્ણપક્ષે ૭ જીવવાસરે ગીરપુર નગરે લિ. શ્રી ગંભીરાજી પ્રસાદાત્. ઈડર ભં. નં.૧૮૭. (૫૯) સં.૧૮૮૮ શાકે ૧૭૫૩ ફા.શુદ ૧૦ સોમે ભુજપુરે ચતુર્માસં શ્રી સુવિધિજિન પ્રસાદાત્ પં. ક્ષીર-ચંદ્ર શિ. મેઘચંદ્ર શિ. વિનીતચંદ્ર શિ. હર્ષચંદ્ર શિ. મોતીચંદ્ર શિ. સૂરચંદેન લિ. કેટલેક સ્થળે ટબ્બાસહિત, પ.સં.૮૧–૧૩, મો. સુરત. પો. નં. ૧૨૧. (૬૦) સં.૧૮૮૯ શાકે ૧૭૫૪ ફા.શુ.૧૪ ચંદ્રજયવાસરે ભ. વિજયદિનેન્દ્રસૂરિ શિ. પં. દર્શનરુચિ શિ. ધૈર્યરુચિ લિ. નવપલ્લવ પાર્શ્વનાથ પ્રસાદાત્ મંગલપૂર મધ્યે. પ.સં.૪૩–૧૧, વડા ચૌટા ઉ. પો.૩. (૬૧) સં.૧૮૬૧ આષાઢ વ.૭ શનિ લિ. ભાગીરથી તટે મકસુદાબાદમાં મહાજન ટોલી મધ્યે. પ.સં.૮૪–૧૨, ગુ. નં.૫૫–૧. (૬૨) પ.સં.૭૦, ગુ. નં.૬૬–૨. (૬૩) પ.સં.૭૩–૧૦, ગુ. નં.૬૬–૨૮. (૬૪) પ.સં.૪૩–૧૫, ગુ. નં.૧૨–૯. (૬૫) સં.૧૭૬૩ શાકે ૧૬૨૮ વૃદ્ધપત્તને. પ.સં.૩૭–૧૭, હા.ભં. દા.૭૯ નં.૨૧. (૬૬) ૩જો અને ૪થો ખંડ ટબ્બા સહ: પ.સં. ૫૮, હા.ભં. દા.૭૯ નં.૨૩. (૬૭) સં.૧૮૧૯ આસો શુ.૧૩ દિને. પ.સં. ૫૨–૧૩, ગો.ના. (૬૮) સં.૧૮૬૧ અષાડ વ.૧૧ સોમે આબ્નેલ ગ્રામે ભાંડ્યરત્ન સૂરિભિઃ ચેલા હર્ષસાગર વાચનાર્થં. પ.સં.૭૫–૧૧, વડા ચૌટા ઉ. પો.૧૮. (૬૯) યતિશ્રી મહોપાધ્યાય વિનયવિજયગણિવિરચિતે પ્રાકૃત-બંધે મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિવિરચિતે શ્રીપાલચરિત્રે પ્રાકૃતબંધ ચતુર્થ ખંડ સંપૂર્ણમિતિ. ૪ સંવત્ ૧૮૧૫ વર્ષે કાર્તિંગ માસે શુકલ-પક્ષે દ્વીતીયા તિથૌ ગુરૌ વારે ચતુર્માસિક સ્થિતૌ. મહોપાધ્યાય શ્રી ૧૦૮

શ્રી શ્રી સુંદરસૌભાગ્યગણિ શિષ્ય સકલપંડિતપ્રવર પંડિત શ્રી ૫ શ્રી ખૂશાલસૌભાગ્યગણિ તસ્ય શિષ્ય પયપંકસરોરૂહસેવિત રંગસૌભાગ્ય લીખીતાયં શ્રી શ્રીપાલરાસ સંપૂર્ણ. શ્રીભવતુ. પ.સં.૫૧–૧૪, આ.ક.ભં. (૭૦) ગ્રંથ ગાથા સર્વગ્રંથ ચોપઇ ૧૬૦૦ સંવત્ ૧૮૮૩ રા શાકે ૧૭૪૮ પ્રવર્ત્તમાને કાર્ત્તિક માસે શુકલપક્ષે દશમ્યાં તિથૌ ગુરૌ લિખિતમ્. પ.સં. ૬૪–૧૧, પોપટલાલ પ્રાગજી કરાંચીવાળા પાસે. (૭૧) સંવત્ ૧૮૮૦ના વર્ષે ફાલ્ગુન માસે કૃષ્ણપક્ષે દ્વિતીયા તીથૌ ચંદ્રવાસરે લખીકૃતં : શ્રી ચલોડાનયરે. શ્રી જીરાઉલા પાર્શ્વનાથજી પ્રાસાદાત્. શ્રી કલ્યાણમસ્તુ. ચોથો ખંડ, પ.સં.૩૭–૧૫, મારી પાસે. [કેટલૉગગુરા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮, ૧૫૬, ૨૦૨, ૨૩૬, ૨૪૭, ૨૫૧, ૨૭૦, ૨૭૫, ૪૬૬, ૫૦૦, ૫૦૧, ૫૪૩, ૫૭૮, ૫૬૬, ૫૬૮, ૬૧૮).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક. [૨. પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર. ૩. ચિત્રમય શ્રીપાળ રાસ. ૪. વિનયસૌરભ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪–૨૦, ભા.૩ પૃ.૧૧૦૩–૧૦. 'પંચકારણ સ્ત.'નો ૨.સં.૧૭૩૨ કરેલો તે પછી ૧૭૨૩ કર્યો છે તે આંકડાને વામ-ગતિએ વાંચીને કર્યો જણાય છે. તો એ રીતે વાંચતાં 'સૂર્યપુર ચૈત્યપરિ-પાટી'નો ૨.સં.૧૬૮૬ નહીં પણ ૧૬૬૮ કરે.]

૮૩૮. જયરંગ—જેતસી (અ. જિનભદ્રસૂરિશાખા નયરંગ–વિમલ-વિનય–ધર્મમંદિર–પુણ્યકલશશિ.)

(૨૦૬૦) ચતુર્વિધસંઘ નામમાલા ૨.સં.૧૭૦૦ શ્રાવણ જેસલમેર

(૧) પ.સં.૬, બાલોત્તરા ભં.

(૨૦૬૧ક) [+] દશવૈકાલિક સર્વ અધ્યયન ગીત [અથવા **સઝાય**] ૨.સં.૧૭૦૭ વિકાનેર

આદિ – ઢાલ દીવાલી દિન આવિયો એહની.

ધરમ મંગલ મહિમાનિલો, ધરમ સમો નહિ કોય;
ધરમઈ સુખઇ દેવતા, ધરમેં શિવસુખ હોય. ૧ ધ.
જીવદયા નિત પાલિયૈ, સંજમ સતર પ્રકાર;
બારે ભેદે તપ તપૈ, ધરમ તણો એ સાર. ૨ ધ.
જિમ તરૂવરનેં ફૂલડે, ભમરો રસ લે જાય;
તિમ સંતોષે આતમા, જિમ ફૂલ પીડ ન થાય. ૩ ધ.

અંત – શ્રી સિજ્જંભવ ગણધર એ રચ્યોજી, દશવીકાલડા સૂત્ર;

સપર આચાર પ્રરૂપ્યો સાધનઉજી, **મનક** તાર્યો નિજ પૂત્ર. ૭ અં.
સંવત **સતર સતોતરમેં** સમૈજી, **વીકાનેર** મઝાર;
પાઠક **પુન્યકલસ** સિષ્ય જૈતસીજી, ગીત રચ્યા સુખકાર. ૮ અ.
—ઇતિ દશવૈકાલિક દસમા અધ્યયન ગીત.

(૧) સં.૧૭૯૬ ચૈ.વ.૮ પં. **ભીમરાજ** લિ. પ.સં.૬, અન્ય સઝાયાદિ સાથે, અભય. નં.૨૧૫૯. (૨) સં.૧૮૭૬ જે.વ.૫ **વીકાનેર દૌલતસુંદર** લિ. પ.સં.૭, જય. નં.૧૧૧૩. (૩) સં.૧૭૫૮ શાકે ૧૬૨૩ શ્રા.વ.૮ લિ. **ચારિત્રકીર્તિ**. પ.સં.૪, અભય. નં.૪૧૧. (૪) પ.સં.૪–૧૩, ખાલ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૮૩, ૫૯૩).]

[પ્રકાશિત : ૧. મોટું સઝાયમાલા સંગ્રહ. ૨. સઝાયસંગ્રહ, પ્રકા. એ. એમ. એન્ડ કંપની. ૩. જૈન વિવિધ ઢાલ સંગ્રહ.]

(૨૦૬૧ ખ) દશવૈકાલિક ચૂલિકા ગીત

[કદાચ ઉપરની કૃતિની સાથે જોડાયેલ ગીત જ હોય. છેલ્લો ૭૬મો કડીક્રમાંક એ કારણે હોય.]

આદિ – ઢાલ ધન્યાસિરી.
દશવીકાલક સૂત્ર સુહામણો રે રચ્યો **સજ્જંભવિ** સામિ,

અંત – નવ નવ મંગલ **પુન્યકલસ** સદાજી, **જયતસી** જય જય રંગ. ૭૬
(૧) પ.સં.૪–૧૩, ખાલ. (ઉપરની કૃતિ સાથે).

(૨૦૬૨) અમરસેન વયરસેન ચોપાઈ ૨૭૭ કડી ૨.સં.૧૭૧૭ [સં. ૧૭૦૦ ?] દિવાળી જેસલમેરમાં

આદિ – જિનમુષકમલવિલાસિની, સમરૂં **સરસતિ** માય;
અમર વયર ચરિત કહું, દાન પૂજા દીપાય. ૧

અંત – સંવત **સતરઇ** દેવાલી દિનઇ રે, **જેસલમીર** મઝાર;
શ્રી **જિનરત્નસૂરિ** વિજયરાજઇ રે, શ્રી સંઘ જયકાર. ૭
ગુરૂ શ્રી **પુણ્યકલશ** સુપસાઉલઇ રે, સંબંધ રચ્યઉ એ સુચંગ;
અધિકઇ ઉચ્છઇ મિચ્છામિ દુક્કડુ રે, જંપઈ **જયરંગ** સુરંગ. ૮
આજ ઉચ્છવ રંગ વધામણા રે, ટલીયા દુખદોહાગ;
સુણતાં ભણતાં સરસ સંબંધ ભલઇ રે, અવિચલ સુષસોહાગ. ૯
—ઇતિ શ્રી અમરસેન વયરસેન ચતુષદિકા સંપૂર્ણા.

(૧) સં.૧૭૫૨ મહા કૃ.૭ શનિ લિ. અવરંગાબાદ મધ્યે. સંપૂર્ણોડયં ગ્રંથઃ ગ્રં.૧૬૦૦૦. પ.સં.૯૩૮, શુદ્ધ પ્રત, હા.ભં. દા.૮. (૨) સં. ૧૭૬૫ ચૈત્ર વદિ ૧૩ રવૌ બારબ્દનગરે તપાગચ્છીય મહો. ભાવવિજયગણિ શિ. પં. સંઘવિજયગણિ શિ. પં. પદ્મવિજયગણિના લિ. ગણિ સુમતિવિજય વાચનકૃતે, શ્રી શંખેશ્વરે પાર્શ્વનાથ પ્રસાદાત્ મહોપાધ્યાય શ્રી ૫ શ્રી રાજસુંદરગણિગજેંદ્રાણાં શિષ્યોપાધ્યાય શ્રી પદ્મસુંદરગણિના સ્વજ્ઞાનાવરણીય કર્મક્ષયાર્થં શ્રી પંચમાંગસ્ય શ્રી ભગવતીપૂત્ર નામધેયસ્ય સ્તબુકવિવરણં કૃતં. યત્કિંચિત્ સિદ્ધાંતવિરૂદ્ધં પ્રકાશિતં તજ્જ્ઞતપાતકસ્ય મિથ્યાદુઃકૃતોડસ્તુ. ધીમદ્ભિઃ સંશોધનીયં કૃપાં કૃત્વા યતઃ સંતઃ શુદ્ધાઃ સ્વભાવતઃ પરકાર્યકૃતોદ્યમાઃ. પ.સં.૯૮૮, હા.ભં. દા.૧૦ નં.૧. (અક્ષરો બહુ જ સુંદર અને સુવાચ્ય છે.) (૩) ગ્રં.૧૫૭૫૨, લ.સં.૧૭૬૮, પ.સં. ૧૨૬૭, લીં.ભં. દા.૧ નં.૧. (૪) પ.સં.૭૬૨, પ્ર.કા.ભં. (૫) ગ્રંથાગ્ર ૪૦૦૦૦, પ.સં.૮૮૫, જે. (૭) પ.સં.૩૨૯, હા.ભં. દા.૯. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૩, ભા.૩ પૃ.૧૬૩૪-૩૫.]

૮૬૯. સ્થિરહર્ષ (ખ. સાગરચંદ્રશાખા સમયકલશ–શ્રીધર્મ–મુનિમેરુશિ.)

(૩૧૦૩) પદ્મરથ ચોપાઈ ૨.સં.૧૭૦૮ ફા.શુ.૫

(૧) સં.૧૭૬૩ વૈ.વ.૯ રવિ. પં. કલ્યાણસાગર શિ. દેવધીર શિ. હંસહેમ લિ. બીકાનેર મધ્યે. પ.સં.૧૧, દાન. પો.૧૪ નં.૨૫૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૪૪.]

૮૭૦. વીરવિજય (ત. કનકવિજયશિ.)

(૩૧૦૪ ક) બંભણવાડા મહાવીર સ્તવન ૨.સં.૧૭૦૮ દિવાળી માટબંદરે

આદિ – માગુ શ્રી ગુરુનઇ નમી, સારદ દિઉ શ્રુતતેજ,
ચોવીસમો જિનવર સ્તવું, જિમ આણી ઉલટ હેજ. ૧

અંત – રાગ ૨૭ રાગ ધન્યાસી.
બંભણવાડિ વીર દરિસણ પાયો સાહિબ મુઝ દિલ આયો રે,
વિવિધ રાગમાં તવ જિન ગાયો, ધન્યાસીમાં ધ્યાયો રે. ૧

શ્રી **વિજયદેવસૂરિ** ગચ્છ દીપાયો, શ્રી **વિજયસિંહ** ગણુરાયો રે,
કનકવિજય પ્રમુખ પ્રણમી ગાતાં, **વીરવિજય** જય થાયો રે. ૨
વસુ અંબર મુનિ શશિ સંવચ્છર, આસો દિન દીવાળી રે,
માહ બાંદિરમ્હાં થુણિઉ સુણતાં, હોઇ મંગલીક માલી રે. ૩

(૧) રાગ ૨૭. પ.સં.૪-૧૪, હા.ભં. દા.૮૨ નં.૭૦. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૪).]

(૩૧૦૪ ખ) + વિજયસિંહસૂરિ નિર્વાણ સ્વાધ્યાય ૨.સં.૧૭૦૯ ભા.વદિ ૬ સોમ અમદાવાદમાં

વિજયસિંહસૂરિ સ્વર્ગસ્થ સં.૧૭૦૯ અસાડ શુદિ ૯ ને દિને અમદાવાદમાં થયા છે ને આ સઝાય ભાદરવામાં કરાયેલી છે.

આદિ – ઢાલ – પ્રણમું તુમ શ્રીમંધરજી – એ દેશી.

સમરૂ **સરસતિ** સામિની, આપો અવિચલ વાંણી,
શ્રી **વિજયસિંહસૂરી** તણોજી, બોલીસ હું નિરવાણિ
માહરા ગુરૂજી તું મનમોહન વેલિ. ૧

અંત – સંવત **સતર નવોતરઇ** રે, **અહમદપુર** મઝારિ,
સહુ ચોમાસું એકઠા રે, શ્રાવક સમકિત ધારો રે. ૫૧
ભાદ્રવા વદિ દીપતી રે, છઠિ નઈ સોમ જ વાર,
વાસુપૂજ્ય પસાઉલઇ રે, થુણિઓ એ ગણધાર રે. ૫૨
ગુરૂપદપંકજ-ભમરલો રે, આણી મન ઉલ્લાસ,
વીરવિજય મુનિ વીનવઇ રે, પૂરો સંઘની આસો રે.
સુણિ સુણિ સાહિબા, એક કરૂં અરદાસો રે,
કાં છોડ્યા નિસાસો રે, સુણિ સુણિ **સાહિબા** સુણિ. ૫૩

(૧) પ.સં.૩-૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૧૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧(પૃ.૫૬૩).]

પ્રકાશિત: ૧. જૈ.ઐ. ગૂર્જર કાવ્યસંચય.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૩૮-૩૯, ભા.૩ પૃ.૧૧૮૬-૮૭.]

૮૭૧. હંસરાજ (ખ. જિનરાજ-વર્ધમાનસૂરિશિ.)

(૩૧૦૫ ક) દ્રવ્યસંગ્રહ બાલા. લ.સં.૧૭૦૯ પહેલાં

મૂળ પ્રાકૃત કૃતિ દિગંબર નેમિચંદ્રકૃત.

દ્રવ્યસંગ્રહ શાસ્ત્રસ્ય બાલબોધો યથામતિઃ
હંસરાજેન મુનિના પરોપકૃતયે કૃતઃ. ૧
પૌર્વાપર્યવિરુદ્ધં યલ્લિખિતં મયકા ભવેત

વિશોધ્યં ધીમતા સર્વં તદાધાય કૃપાં મયિ. ૨
ખરતરગચ્છનભોગણુતરણીનાં વર્દ્ધમાનસૂરીણાં
રાજ્યે વિજયનિનિષ્ટા નીતાય સહસિ માસેવ. ૩

(૧) સં.૧૭૦૯ જ્યેષ્ટ વદ ૩ શુક્રે લિ. પ.સં.૧૮, તિલક.ભં. નં.૪૦. (૨) લ.સં.૧૭૧૬, પ.સં.૧૨, વાડી પાર્શ્વ.ભં. દા.૧૨ નં.૪૬. (૩) સં.૧૭૪૪ ફા.વ.૮ વા. જ્ઞાનનિધાન શિ. વીરા=વિદ્યાવિમલ લિ. જાલગરામ મધ્યે શિષ્ય પીથા પઠનાર્થં. પ.સં.૮, અભય. નં.૨૩૫૮. (૪) પ.સં.૧૦, પ્ર.કા.ભં. (વડોદરા) નં.૬૬૯. (૫) સં.૧૭૯૪ વૈ.વ.૧૩, પ.સં. ૧૫, ગો.ના. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬, ૩૧૩).]

(૩૧૦૫ ખ) જ્ઞાનદ્વિપંચાશિકા અથવા જ્ઞાનબાવની કડી ૫૨ (હિંદીમાં)

આદિ – ઉંકાર રૂપ ધ્યેય ગેય હૈ ન જાતૈં,
પર પરતત મત છહું માંહિ ગાયો હૈ.
જાકૌ ભેદ પાવૈ સ્યાદવાદી વાદી ઔર કહૌ,
જાનૈ માનૈ જાતૈં આપાપર ઉરઝાયો હૈ.
દરબ તૈં સરબ સ એક હૈ અનેક તૌ ભી,
પરજૈ પ્રવાન પરિ પરિ ઠહરાયો હૈ.
ઐસૌ જિનરાજ રાજ રાજ જાકૈ પાય પૂજૈ,
પરમ પુનીત હંસરાજ મન ભાયો હૈ. ૧

અંત – જ્ઞાનકૌ નિધાન સુવિધાન સૂરિ વર્દ્ધમાન,
ભાન સૌ બિરાજમાન સૂરિ રબપાટ જ્યૂં.
પરમ પ્રવીન મીન કૈં તન નવીન જગ,
સાધુ ગુનધારી અપહારી કલિ કાટ જ્યૂં.
તાકૌ સુપ્રસાદ પાય હંસરાજ ઉવઝાય,
બાવન કવિત્ત મનિ પોએ ગુન પાટ જ્યૂં.
અરથવિચાર સાર જાકૌ બુધ અવધારિ,
ડોલૈ ન સંસાર ખોલૈ કરમકપાટ જ્યૂં. ૫૨

(૧) પ.સં.૬-૧૪, રાજકોટ મોટા સંઘના અપાસરાનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૩, ભા.૩ પૃ.૮૦૬-૦૭ તથા ૧૬૨૪.]

૮૭૨. પુણ્યહર્ષ (ખ. કીર્તિરત્નસૂરિ-હર્ષવિશાલ, હર્ષધર્મ, સાધુમંદિર-વિમલરંગ, લબ્ધિકલ્લોલ-લલિતકીર્તિ શિ.)

આ કવિના શિષ્ય અભયકુશલે સં.૧૭૩૭માં 'ઋષભદત્ત રૂપવતી

ચોપાઈ' રચી છે. વળી બીજી શિષ્યપરંપરા જે સં.૧૮૪૬માં લખેલી 'જન્મપત્રિકાપદ્ધતિ'ની પ્રતમાંથી મળે છે કે :

સં.૧૮૪૬ શાકે ૧૭૧૨ ચૈત્ર શુ.૪ શનિ **કીર્તિરત્નસૂરિસાખાયાં** મહો. **પુન્યહર્ષ**ગણી શિ. મુખ્ય વા. **શાંત**કુશલગણિ શિષ્યમુખ્ય **અમૃત**પ્રભગણિ શિ. પં. **નય**સાગરજીગણિ શિષ્યમુખ્ય ઉપા. **જય**સૌભાગ્યજીગણિ શિ. પં. **ચા**રિત્રોદય મુનિ ભ્રાતૃ પં. **માણ**ક્યોદય મુનિ શિ. પં. **યુક્ત**જય મુનિ પં. **કનક**સિંધુ પં. **ભક્તિ**સિંધુ પં. **મુક્તિ**સિંધુ પં. **મતિ**કુશલ **ચિરં ઋષભદાસ વાચનાર્થં વા**લોત્તરા મધ્યે ચાતુર્માસી ચક્રે. પ.સં.૨૩, કમલમુનિ.

પુણ્યહર્ષના શિષ્ય અભયકુશલે તે ઉપાધ્યાયજી પુણ્યહર્ષજીનું ગીત ૭ કડીનું રચ્યું છે. તેમાં જણાવેલ છે કે પુણ્યહર્ષ ઉપાધ્યાય ગચ્છપતિની આજ્ઞા લઈ સિંધુ દેશે હાજીખાંનપુરમાં ચોમાસું રહ્યા ને ત્યાં સં.૧૭૪૪માં અણસણ કરી કારતક સુદ ૩ પ્રભાતે સ્વર્ગસ્થ થયા. સંઘે નિર્વાણમહોત્સવ કરી થૂભ કરાવી તેની પ્રતિષ્ઠા માહ સુદિ ૧ દિને કરી. સંઘનાયક પંજૂ કેસૂ આસૂ ઇત્યાદિ મળી સંઘે ઘણું ખર્ચ કર્યું.

(૩૧૦૬) જિનપાલિત જિનરક્ષિત રાસ ૨.સં.૧૭૦૯ વિજયાદશમી

અંત – શ્રી **ખરતર**ગચ્છનાયક ગુણનિલો, શ્રી **જિનરાજ** સુજાણ,
નિજ અવદાતે પુહવી પરગડો, પય પ્રણમે રાયરાણ. ૭
શ્રી **જિનરતન** સૂરીસર સલહીયે, તસુ પાટે સુખકાર,
લહિ આદેસ તેહનો એ કીધો, ચરિત ચતુર ચમકાર. ૮
સંખવાલેચા-વંસ-વિભૂષણો, આચારિજ-પદ-ધાર,
કીરતિરતનસૂરિ પ્રણમો પ્રહ સમેં, કઠિન ક્રિયા આચાર. ૯
હર્ષવિશાલ વાચક **હર્ષધર્મ**ગણી **સાધુમંદિર** સુવિદીત,
વિમલરંગ મુનિ વાચકસેહરો, **લબ્ધિકલ્લોલ** સુવિનીત. ૧૦
લલિતકીરતિ પાઠક સુપસાઉલે, **પુણ્યહર્ષ** સુખપૂર,
જિનપાલિતનો ચરિત વખાણતાં, પ્રગટયો પુણ્ય અંકૂર. ૧૧
મરૂધર સમોટો મહીયલે, દેવી કરૂ સુભ ધાન,
પારસનાથ જિનવર પૂજતાં, ઘરિ લખમી અસમાન. ૧૨
સંવત **સતરે સેં નવડોતરે**, આસૂ માસ ઉદાર,
વિજયદસમી દિન રલીયામણો, રાસ રચ્યો હિતકાર. ૧૩
સાંભલતાં ભણતાં ગુણ સાધુના, પાતક જાયે દૂર,
રસના પાવન હોઈ આપણી, વાધે પુણ્ય પડૂર. ૧૪

મેરૂ મહિધર સાગર જાં લગે, જાં લગિ સૂરિજ ચંદ,
સંબંધ તાં લગિ વાંચતાં, થાજ્યો સહૂઅ આનંદ. ૧૫

(૧) પ.સં.૭, કમલમુનિ.

(૩૧૦૭) હરિબલ ચોપાઈ ૧૭ ઢાળ ૨.સં.૧૭૩૫ સરસામાં

આદિ – શ્રી ગુરૂપય પ્રણમી કરી, ભાવ ભગતિ ભરપૂર
જસુ સાંનિધિ સુખ સંપજઇ, સંકટ નાસઇ દૂરિ. ૧
સમરૂં **સરસતિ** સામિણી, કવિયણ કેરી માય
દયાધર્મ ફલ ભાખિસું, અક્ષર આણે ઠાય. ૨
શ્રી જિનવર ધમ ઉપદિસઇ, દયા સમો નહિ કોઇ
જસુ પ્રસાદિ સુખ પામીયઇ, કીરત અવિચલ હોઇ. ૩
હરિબલ નામઇ ધીવરઇ, પાલી દયા પ્રધાન
તાસ ચરિત વખાણતાં, સુણિજ્યો ચતુરસુજાણ. ૪
દયાધરમ જે પાલિસ્યે, તે લહિસ્યે સુખસાર
આગમ **દશમે અંગમઇ**, એમ કહ્યો નિરધાર. ૫

અંત – ઢાલ ૧૭ શેત્રુંજ જાત્રા કરો એ.
ભિહું નગરીનો નૃપ થયો એ **હરિબલ** વધતઈ વાંન
દયા નિતુ પાલિયૈ એ, જેહના ફલ અસમાન
દયા નિતુ પાલિયૈ એ. ૧

*

ધી **ખરતરગચ્છ** રાજીયો એ, શ્રી **જિનચંદ** સૂરીસ,
જયવંતો વરતે સદા એ, દિનદિન અધિક જગીસ. ૧૧ દ.
ધનુ ગુણ મુનિ શશિ વત્સરે એ, **સરસે** સહર મજાર,
લલિતકીરતિ પાઠક તણે એ, સુપસાએ **સુખકાર**. ૧૨
પુણ્યહરષ પાઠક કહે એ, એહ સંબંધ રસાલ,
ભણતાં ગુણતાં વાંચતાં એ, ઘરિઘરિ મંગલમાલ. ૧૩

(૧) સં.૧૮૩૮ ભાદ્રવા વદિ ૧૦, પ.સં.૧૨–૧૫, અનંત.ભં.૨.
(૨) સં.૧૭૪૫ વર્ષે શ્રાવણ વદિ ૧૨ તિથૌ પં. **શાંતિકુશલેન** લિખિતં. છ:. પ.સં.૧૦–૧૫, અનંત. ભં.૨. (૩) સં.૧૮૮૩, પ.સં.૧૦, કૃપા. પો.૪૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૮૯–૯૨.]

૮૭૩. કેશવજી ઋષિ (લોં.)

(૩૧૦૮) દશાશ્રુતસ્કંધ બાલા. ૨.સં.૧૭૦૯

(૧) ગ્રં.૨૫૦૦, કોડાય.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૬૦, ભા.૩ પૃ.૧૬૨૪. આ કવિ તે અગાઉ આવેલા રૂપસિંહશિષ્ય કેશવજી (નં.૮૦૨ ક) હોવા સંભવ છે.]

૮૭૪. ધનદેવ (બૃ. ત. રાજવિજયશિ.)

કૃતિ ભુવનકીર્તિસૂરિની આજ્ઞાથી રચાયેલી છે. અને ભુવનકીર્તિસૂરિ-શિષ્ય રત્નકીર્તિસૂરિએ હસ્તપ્રત લખી છે. રત્નકીર્તિસૂરિના વૃત્તાંત માટે જુઓ જૈન ઐ. રાસ સંચય. તેમાં પ્રશસ્તિમાં કૃતિનું નામ 'ધનદેવ સ્ત્રી-ચરિત્ર રાસ' એમ આપેલ છે. ભુવનકીર્તિસૂરિ સ્વ. ૧૭૧૦માં થયા.

(૩૧૦૯) સ્ત્રીચરિત્ર રાસ સં.૧૭૧૦ પહેલાં

તાસ આજ્ઞા લહી, વાત **ધનદેવ** કહી.

(૧) લ.સં.૧૭૨૭ ભુવનકીર્ત્તિસૂરિ પટ્ટે રત્નકીર્ત્તિસૂરિભિઃ મગનલાલ બેચરદાસનો ભંડાર, ભાવનગર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૮૭.]

૮૭૫. જિનવર્ધમાન (ખ. જિનરત્નશિ.)

(૩૧૧૦) ધન્નાઋષિ ચોપાઈ ૩૧ ઢાળ ૨.સં.૧૭૧૦ આસો સુદ ૬ ખંભાતમાં

અંત – ઢાલ ૩૧.

શ્રી **જિનવર્દ્ધનસૂરિ** સવાઇ, વડ **ખરતર** વરદાયજી;
કીરતિ જસ મહિમંડલ છાઇ, સૂધી જસ કમાયજી.
તાસ પરંપર શ્રી **જિનચંદા**, નવલખ વંશ દિણંદાજી;
વંછિત પૂરણ સુરતરૂ કંદા, સુવિહિત મુનિવર ઇંદાજી.
તસ પટ શ્રી **જિનરત્ન** વિરાજૈ દિનદિન અધિક દિવાજૈજી;
જસ દરસણ મિથ્યામતિ ભાજૈ, ગુણગણ કરિ ગુરૂ ગાજૈજી.
તસ શિષ્ય **જિનવર્ધમાન** જગીસૈ આસો સુદિ છઠિ દિવસૈજી;
સંવત **સત્તર** દાહોત્તર વરસૈ, **ખંભાયત** મન હરસૈંજી.
એ સંબંધ રચ્યો **મતિસારૈ**, નવમ અંગ અણુસારૈજી;
ભવિઅણ જણનૈ વાંચણ સારૈ, વિસતરજ્યો જગિ સારૈજી.

(૧) સંવત્ ૧૭૧૭ વર્ષે શાકે ૧૫૮૨ પ્રવર્ત્તમાંને પૌષ સુદિ સપ્તમ્યાં ભૃગુવાસરે શ્રી **સ્તંભતીર્થે** તીર્થે ભટ્ટારકશ્રી જંગમ જુગપ્રધાન શ્રી **જિન-વર્દ્ધમાનસૂરિ** વિજયરાજ્યે શ્રી **ખરતર**ગચ્છે વાણારિસ શ્રી કલ્યાણસાગર ગણિમણીનાં શિષ્ય વાચનાચાર્ય શ્રી **વિદ્યાવિજય**ગણિગજેંદ્રાણાં શિષ્ય પં.

કીર્તિસમુદ્રેણાલેખિ. ઈડર ભાંડારે. (૨) પ.સં.૨૩-૧૪, આગ્રા ભં. (૩) સં.૧૭૧૮ ફા.વ. અમાસ રાજનગરે લિ. પ.સં.૧૧, ચતુ. પો.૪. (૪) સં.૧૮૦૭ ભા.શુ.૧૫ ધોધૂંદા મધ્યે રામવિજય લિ. પ.સં.૨૨. જિ. ચા. પો.૭૯ નં.૧૯૪૭. (૫) પ.સં.૨૭, પ્ર.ક્ષ.ભં. (૬) પ.સં.૧૬-૧૬, આ.ક.ભં. [ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૮૦-૮૧, ભા.૩ પૃ.૧૧૪૪. પહેલાં મતિસારને નામે કૃતિ મૂકેલી અને તે જિનસિંહસૂરિશિષ્ય મતિસાર (વસ્તુતઃ જિનરાજસૂરિ જુઓ નં.૬૫૧) હોવાનો તર્ક કરેલો પરંતુ પછીથી કર્તાનામ જિનવર્ધમાન કર્યું છે અને જિનરાજસૂરિની કૃતિથી ભિન્ન કૃતિ છે એવી સ્પષ્ટતા કરી છે.]

૮૭૬. જ્ઞાનહર્ષ

(૩૧૧૧) દામન્નક ચોપાઈ ૨.સં.૧૭૧૦ નોખામાં

(૧) શ્રાવિકા સજ્જનાં પઠનાર્થં. પ.સં.૫, અભય. નં.૩૪૯૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૯૨.]

૮૭૭. જિનરત્નસૂરિ (ખ. જિનરાજસૂરિશિ.)

સ્વ. સં.૧૭૧૧.

(૩૧૧૨) ચોવીશી

આદિ –

ઋષભ ગીત શ્રીરાગ

સમરિ સમરિ મન પ્રથમ જિનં, યુગલાધરમનિવારણ સામી
નિરખીજઈ તે સફલ દિનં.
ઉપશમરસસાગર નિતનાગર, દૂરિ કરઈ પાતકમલનં શ્રી જિનરતનસૂરિ મધુકર સમં.

અંત –

રાગ ધન્યાસિરી

ચઉવીસે જિનવર જે ગાવઇ, ત્રિકરણ શુદ્ધ નિકે ભવપ્રાણી
મનવંછિત ફલ પાવઈ. ૧ ચ.
શ્રી જિનરાજસૂરિ ખરતરગચ્છ, સુહગુરૂનઈ સુપસાવઇ
રાતિદિવસ તુઝ ગુણ સમરીજઈ, એહ ભાવ મન આવઈ. ૨ ચ.
શ્રી જિનરતન તણી પ્રભુ સાંનિધિ, દિનદિન અધિકઈ દાવઇ
આરતિ રૌદ્ર ધ્યાન દુઈ પરિહરિ, ધરમધ્યાન નિતુ ધ્યાવઈ. ૩ ચ.

(૧) સં.૧૭૧૬ માધ સુદિ ૭ રવિ. લિ. પં. સોમનંદનેન બાહડ-

મેરૌ. ૫.સં.૨–૧૭, સંધ ભં. વિકાનેર. નં.૧૬૩૩.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૨.]

૮૭૮. રામચંદ્ર (ખ. જિનસિંહસૂરિ–પદ્મકીર્તિ–પદ્મરંગશિ.)

(૩૧૧૩) મૂલદેવ ચોપાઈ (ઐ.) ૨.સં.૧૭૧૧ કા. નવહટમાં જિનચંદ્રસૂરિ રાજ્યે

(૧) પં. દાસાજી વિરલા (?) રામચંદ લિ. સઈલા મધ્યે. ૫.સં.૨૦, ચતુ. પો.૫.

(૩૧૧૪) રામવિનોદ (ચો.) (હિંદીમાં) ૨.સં.૧૭૨૦ માગશર શુ.૧૩ બુધે.

આદિ – ૯૦ શ્રી સરસ્વત્યૈ નમઃ

સિદ્ધિબુદ્ધિદાયક સલહીયૈ, **ગવરી**પુત્ર **ગણેશ**
વિઘનવિડારણ સુખકરણ, હરષ ધરી પ્રણમેશ. ૧
શ્રી **ધન્વંતર**-ચરણયુગ, પ્રણમું ધરિ આણંદ
રોગ નસૈ જસુ નામથી, સબ જનકૌ સુખકંદ. ૨
વિવિધ શાસ્ત્ર દેખી કરી, સુખમ કરૂ અધિકાર.
રામવિનોદહ ગ્રંથ યહુ, સકલ જીવ સુખકાર. ૩

અંત – કોટિ ગચ્છ **ખરતર** પરધાન, શ્રી **જિનસિંહ** સૂરિરાજન
૨ંજે જિણ **અકબર**સાહ **સલેમ**, કરામાત દિખલાવે એમ. ૯૬
તાસ સીસ બહુગુણમણિધાર, **પદ્મકીર્ત્તિ** જસ સયલ સંસાર
તસુ પદપંકજ વિદ્યાપૂર, પ્રેતપૌ જં લગિ દૂ સસિ સૂર. ૯૭
પંડિત **પદમરંગ** સુજગીસ, નરનારી પ્રણમે નિશિદીસ
તસુ સીસૈ ભાષા કરી કહી, **રામચંદ** મુનિ જણેજ્યો સહી. ૯૮

દોહા

ગગન પાણિ કુનિ **દ્વીપ શશિ**, હિમરિતુ મગશિર માસ,
શુકલ પક્ષ તેરસિ દિને, બુધવાર જિન જસ. ૯૯
મરદાનૌ અરૂ મંડાબલી, **અકબર**સાહિ **નરંદ**,
તાસ રાજમૈ હર્ષસું, રચ્યો શાસ્ત્ર આનંદ. ૩૦૦
સૂરિ ગુણે સાચૌ સદા, જગતગુરૂ **જિનચંદ**,
પ્રબલ પડૂરે પરગડો, દીપૈ જ્યું રવિયંદ. ૩૦૧
(ઉત્તર દિસિ **ખુરસાંન** મૈ, **બન્નુ** દેસ પ્રધાન.
સજલ ભૂમિ રૈ સર્વદા, **સક્કી** સહર સુભ સ્થાન.)
પરદુખભંજણુકૈ લીયે, કીયૌ ગ્રંથ સુખકંદ,

ચિર લગિ એ રહિજ્યો સદા, જં લગિ મેરૂ દિણુંદ. ૩૦૨

(૧) પ.સં.૬૧, સં.૧૭૫૯ જોધપુર રાજસોમ લિ. જિ.ચા. (૨) સર્વ શ્લોકસંખ્યા ૩૨૬૭, અંત્ય પત્ર, નાહટા.સં. (૩) સં.૧૮૧૦ કા.શુ. ૬, પ.સં.૯૮, દાન. નં.૬૦૯.

બીજી એક પ્રતિમાં નીચેનો અંતભાગ છે તે સત્ય લાગતો નથી. ગ્રંથને પ્રાચીન બનાવવા, કર્તાને જૈનેતર બનાવવા ઘડી કાઢેલ હોય તેમ દીસે છે.

અંત – સંવત સોલહ સૈ વીસા હિમ રિતુ મગસિર માસ,
શુકલપક્ષ તેરસ દિનૈ, બુધવાર દિન જસુ. ૨૯૭
મર્દાનો અર મહાબલી, અકબર સાહિ નરિંદ,
તિસહી રાજ આનંદ સૌ, રચ્યો શાસ્ત્ર આનંદ. ૨૯૮
ઉત્તર દિશિ ખુરસાનમૈં, પંજાબ દેશ પ્રધાન,
સજ્જત ભૂમિ તહાં હૈ સદા, લેહરા સહિર સુભ થાન. ૨૯૯
પરદુખભંજણુકે લિયૈ, કીયો મિશ્ર રામચંદ,
ગ્રંથ રચ્યો હૈ સુખદા, જં લગિ ધ્રૂ રવિ ચંદ. ૩૦૦

(૪) પ્રતિ મિશ્ર કેશવદાસ સુત રામચંદ્રેણ વિરચિતે શ્રી રામવિનોદે સં.૧૭૬૧ ભા.સુ.૭ આનંદધીર રિણી લેખિ. નાહટા.સં. [હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૨૮) – આમાં કર્તાનામ મળેલ નથી.]

(૩૧૫) રામવિનોદ સ્વોપજ્ઞ હિંદી ટીકા ર.સં.૧૭૧૯[?] મા.શુ. ૧૩ બુધ

આદિ – અથ રામવિનોદ ગ્રંથવચનિકાગ્રંથ વાર્ત્તા લિખ્યતે. અથ પ્રથમ શ્રી ગણેશજીકિ સ્તુતિ લિખિયે હૈ. કૈસે હૈ ગણેશજી, ઋદ્ધિ-સિદ્ધિકે દેણુહાર હૈ.

અંત – શ્રી કોટિકગણ શ્રી ખરતરગચ્છે શ્રી જિનસિંહસૂરિ ભટ્ટારક કૈસે હુએ અકબર પાતિસાહકુ સાહ સિલેમ જહાંગીર તિનહૂને જિનસિંહસૂરિ ભટ્ટારકકું આપકે હાથ ઠીક દિયા તખત બૈઠાય રામાતિક હુઈ તિસકે ચેલા પદ્મકીર્ત્તિ હુયે. માહર વૈદ્યવિદ્યામૈં નિપુણ ભયે. તિસકે પાર પદ્મરંગજી હુયા તિસકા ચેલા રામ-ચંદ્ર હુયા તિસને સંવત્ ૧૭૧૯ મૃગસિર સુદિ તેરસ બુદ્ધિવારકે દન યહ ગ્રંથ ટીકા પૂરણ કિયા. ઇતિ શ્રી રામવિનોદ ગ્રંથ સંપૂર્ણ.

(૧) વર્ષે ૧૮૫૧ વૈ.શુ.૮ બુધવાસરે અશ્લેષા નક્ષત્રે દ્વિતીય પ્રહરે રામવિનોદ પૂર્ણીકૃત' **અક્ષુદાવાદ** નગરે **અજિમગંજે** ગંગા નિકટે ઋષિ ભાગચંદ લિ. પ.સં.૨૩૩-૧૧, ગુ. નં.૪૭-૫. (૨) પ.સં.૯૧, ગુ. નં. ૩૯-૩.

(૩૧૧૬) નાડીપરીક્ષા

આદિ – સુભમતિ **સરસતિ** સમરીયૈ, શુદ્ધ વિત્ત હિત આન,
પ્રગટ પરીક્ષા જીવની, લહીયૈ ચતુર સુજાણ. ૧

અંત – **સૌમ્ય** દૃષ્ટિ સુપ્રસન્ન સદાઇ ભાલીયૈ,
પ્રકૃતિ ચિત્તઇ હુ સંત દુખ સહુ ટાલીયૈ,
શીઘ્ર શાંતિ હોઈ રોગ સદાસુખ સંદહી,
નાડિપરીક્ષા એહ, કહી **રામચંદ** હી. ૩૯

(૧) જુઓ 'રામવિનોદ' નીચે (૧).

(૩૧૧૭) માનપરિમાણ ગા.૧૩

(૧) જુઓ 'રામવિનોદ' નીચે (૧).

(૩૧૧૮) સારંગધર ભાષા અથવા **વૈદ્યવિનોદ** (વૈદ્યક) ૨.સં.૧૭૨૬ વૈ.૧૫ મરોટમાં

આદિ – દોહા

શ્રી સુખદાયક સલહીયે, જ્યોતિરૂપ જગદીસ,
સફલ કરી સોભઈ સદા, શ્રી ભગવત નિશિદીસ. ૧
હેમાચલ ઔષધ કરી, જ્યું રાજૈ ભૂમાંહ,
યું **ઉમાપતિ** રાજ હૈ, પ્રણમ્યાં આપદ જાંહિ. ૨
યુગવર શ્રી **જિનસિંઘજી**, **ખરતરગચ્છ**-રાજાંન,
શિષ્ય ભએ તાકે ભલે, **પદમકીર્તિ** પરધાન. ૩
તિનકે વિનય વણારસી, **પદમરંગ** ગુણરાજ,
રામચંદ ગુરદેવકૌ, નીકૈ પ્રણમૈં આજ. ૪
સારંગધર અતિ કઠિન હૈ, બાલ ન પાખે ભેદ,
તા કારણ ભાષા કહૂં, ઉપજૈ જ્ઞાન-ઉમેદ. ૫

*

વિવિધ ચિકિત્સા રોગકી, કરી સુગમ હિત આંણિ,
વૈદ્યવિનોદ ભણ નાંમ ધરિ, યાંમૈ કીયો વખાણ. ૧૦

અંત – **સારંગધર** ભાષા કીયો, **વૈદ્યવિનોદ** રસાલ,

ભેદ જ ઇણુકે સુણત હી, પંડિત હોઇ સુચાલ. ૫૯
પહિલી કીનો **રામવિનોદ**, વ્યાધિનિકંદણ કરણ-પ્રમોદ,
વૈદ્યવિનોદ ઇહ દૂજા કીયા, સજ્જન દેખિ ખુસી હોઇ રહીયા. ૬૦
ઈસ હી પટંતર હોત હૈ જ્ઞાન, તા કારણ તુમ ભણૌ સુજાંણ,
ઈસકે પઢીયાં આદર જ્ઞાન, સકલ લોક માંનૈં રાજાંન. ૬૧

*

ગુરૂઆ **ખરતર**ગચ્છિ સિણગાર, જાંણૈ જાકું **સકલ** સંસાર,
જિનકે સાહિબ શ્રી **જિનસિંધ**, ધરા માંહિ હુએ નરસિંધ. ૬૪
દિલ્લીપતિ શ્રી સાહિ **સલેમ**, જાકું માંન્યૌ બહુ ધરિ પ્રેમ,
બહુ વિદ્યા જિનકું દિખલાય, દયાવાન કીને પતિસાહિ. ૬૫
શિષ્ય ભલે જિનકે સુખકાર, **પદ્મકીરતિ** ગુણકે ભંડાર,
તાકે શિષ્ય મહાસુખદાઇ, સકલ લોકમૈં સો જસવાઇ. ૬૬
વાચનાચાર્ય શ્રી **પદ્મરંગ**, બહુ વિદ્યા જાંનૈ ઉછરંગ,
ચિરજીવો ધૂ રવિ ચંદ, દેખ્યાં ઉપજૈ અતિહિ આનંદ. ૬૭
રામચંદ અપણો મતિસાર, **વૈદ્યવિનોદ** કીનો સુખકાર,
પરઉપગાર કારણુકે લઇ, ભાષા સુગમ જો યહ કરિ દઈ. ૬૮
રસ દ્રગ સાયર શશિ ભયૌ, રિતુ વસંત વૈશાખ,
પૂરણિમા શુભ તિથિ ભલી, ગ્રંથ સમાપ્તિ ઈહ ભાખ. ૬૯
સાહિ ન સાહિપતિ રાજતૌ, **ઔરંગજેબ** નરિંદ,
તાસ રાજમૈ એ રચ્યૌ, ભલૌ ગ્રંથ સુખકંદ. ૭૦
ગચ્છનાયક હૈ દીપતા, શ્રી **જિનચંદ** રાજાંન,
સોભાગી સિરસેહરૌ, વંદે સકલ જિહાંન. ૭૧
મરોટ કોટ શુભ થાંન હૈ, વશૈ લોક સુખકાર,
એ રચના તિહાં કિન રચી, સબહીકું હિતકાર. ૭૨
પરઉપગારી ગ્રંથ હૈ, સકલ જીવ સુખકાર,
થિર રહિજ્યૌ જાં લગિ સદા, તાં લગિ દૂ ઇક તાર. ૭૩

(૧) યતિશ્રી વણારસ **પદ્મરંગ**ગણિ શિષ્ય **રામચંદ** વિરચિતે શ્રી વૈદ્યવિનોદ ગ્રં.૩૭૦૦ લે.૧૯૦૫. પ.સં.૧૦૬, નાહટા.સં.

(૩૧૯) [+] ૧૦ **પચ્ચખાણ ગર્ભિત વીર સ્ત.** ૩૩ કડી ૨.સં. ૧૭૩૧ પોષ શુ.૧૦

આદિ – શ્રી **સિદ્ધારથનંદન** નમું, **મહાવીર** ભગવંત,

ત્રિગઢઈ બઇઠા જિનવરૂ, પરષદ બાર મિલંત. ૧

અંત – કલસ.

પચ્ચખાણુ દસવિધ ફલ પરૂપ્યા **મહાવીર** જિનદેવ એ,
જે કરઇ ભવિયણુ તપ અખંડિત તાસ સુર પય સેવએ,
સંવત **વિધિ ગુણ અશ્વિ શસિ**, વલિ પોસ સુદિ દશમી દિનઇ,
પદમરંગ વાચક સીસ ગણિવર **રામચંદ** તપવિધિ ભણુઇ. ૩૩

(૧) શ્રાવિકા **મનમાં** પઠનાર્થ. પ.સં.૨–૧૩, મારી પાસે. (૨) લિ. સં.૧૮૯૧, પ.સં.૨, લીં.ભં. નં.૩૨૦૨. (૩) પ.સં.૫–૧૦, જશ.સં. (૪) પ.સં.૨–૧૧, ગો.ના. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૮, ૪૨૪, ૪૩૨, ૪૩૫, ૫૧૦).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૧ તથા ૩. ૨. અભય રત્નસાર વગેરે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૦૭–૦૮, ભા.૩ પૃ.૧૩૮ તથા ૧૨૯૬–૧૩૦૧. કવિ બેવડાયેલા તે પછીથી એક કરી લીધેલ છે. 'રામવિનોદ'નો ૨.સં.૧૭૨૦ અને એના પરની સ્વોપજ્ઞ ટીકાનો ૨.સં.૧૭૧૯ મળે છે ને બન્નેમાં એક જ તિથિ-વાર છે તે આખી હકીકતને શંકાસ્પદ બનાવી દે છે. જૈન મુનિએ કોઈ જાણીતા ગ્રંથ પોતાને નામે ઉપયોગમાં લઈ લીધો હોય એમ પણ બની શકે. એટલે આ હકીકત ચકાસણીને પાત્ર છે.

'દશ પચ્ચખાણ સ્ત.'ના ૨.સં.૧૭૩૮ અને ૧૮૩૧ નોંધાયેલા તે પછીથી સુધારી લીધેલ છે.]

૮૭૯. સુમતિહંસ ઉપા. (ખ. જિનહર્ષસૂરિશિ.)

(૩૧૨૦) ચંદનમલયાગીરી ચોપાઈ ૨.સં.૧૭૧૧ ચૈત્ર શુ.૧૫ બુરહાનપુરમાં

આદિ – સ્વસ્તિ શ્રી પૂરણ સદા શ્રી **ચિંતામણિ પાસ**,
પણમિય પરમાનંદકર અવિચલ લીલવિલાસ. ૧
વીણાપુસ્તકધારિણી, **સરસતિ** શાસ્ત્રસમૃદ્ધ,
સરસ વચન રચના દિયો વરદાયિની બહુ બુદ્ધિ. ૨
કીડીથી કુંજર કરે સુખકારી શુભ મન્ન,
પ્રણમું પયપંકજ પ્રગટ શ્રી સદ્ગુરૂ સુપ્રસન્ન. ૩
ધરમધુરા દઢ ધારિયે ધરમ અનેક પ્રકાર,
સવિહું માહે સાર છે, સત્વ શીલ સંસાર. ૪

શીલે સાનધિ સુર કરે, શીલે લાભે લીલ,
શીલ સત્વ સંભાઇએ દઢ મન હુઇ વિણ ઢીલ. ૫
ચંદન ને **મલયાગરી** સત્વ શીલ બે રાખિ,
અવિચલ કીરતિ આદરી **પાર્શ્વચરિની** સાખિ. ૬
સાંભલયો **સંબંધ** એ આણી મન હઇ લોલ,
રાગ રંગ વચના વચન કવિયણ તણા કિલોલ. ૭

અંત – સત્વ સુદઢ સંભાહિઇ એ, સત્વે સહુ સિદ્ધિ હોઇ,
રાજા **ચંદન** જોઇને જોઇને સત્વ ધરો સહુ કોઇ. ૬૮
શ્રી **ખરતરગચ્છ** સોભવે હે શ્રી **જિનહર્ષ** સૂરીસ,
એ સંબંધ રચ્યો ભલે એ **સુમતિહંસ** તસુ સીસ. ૬૯
રાજસીંહ સંઘવી ભલો એ **અમીપાલ વીરપાલ,**
લોઢા ગોત્ર દીપાવીઓ હે જયતવંરા ભૂપાલ. ૭૦
અમીપાલ-નંદન જ્યોહે **વીરધવલ** કુલચંદ,
જગધવલ બંધવ સુનુ એ, **પાસદત્ત દિલિયંદ.** ૭૧
આગ્રહ **વીરધવલ** તણુ એ ચઉપઇ કીધી ઉછાહ, મ.
પારસનાથ પસાઉલઇ એ શ્રી **બરહાનપુર** માંહિ. મ. ૭૨
સંવત્ **સતર** ઇગ્યારા માહે ચૈત્ર પૂનિમ સુખદાય. મ.
સીલ તણા ગુણ ભાસિયા એ, શ્રી **સુમતિહંસ** ઉવઝાય. મ. ૭૩
સંભલતાં સંભલાવતાં એ ગુરૂઆરાં ગુણગાન, મ.
કુશલખેમ આનંદ સ્યું એ, લિખમી વધે નિદાન. મ. ૭૪

(૧) પ.સં.૮–૧૫, રત્ન.ભં. ઢા.૪૩ નં.૯૬.

(૩૧૨૧) વૈદર્ભી ચોપાઈ ૨.સં.૧૭૧૩ કા.શુ.૧૪ જયતારણમાં

આદિ – સાનિધિ જસ કવિ સા સગતિ, વિગત વચન વરદાય,
સા **સારદ** સુપ્રસન હૂયૌ, મયા કરે મહ માય. ૧
વિનયવતી વલી ગુણવતી, સતીસિરોમણી સાર,
વૈદરભી રાંણી ચરિત, પભણીસ પુન્ય પ્રકાર. ૨

અંત – ધન્યાસી.
વૈદરભીકુખિ સીપમોનાહમ, કુમર સખર અનુરૂધ,
સુરવીર વીર સામંત સોહોડૈ ભડ કુલદીપક કુલસુધ. ૧
દિનદિન ગિરૂયાના ગુણ ગાવૌ.

*

સતીયસિરોમણી સોહગસાંમિણિ **વૈદરભી** ગુણ ગાયા,
સફલ જનમ રસના પાવન થઈ, લાભ અનંતા પાયા. ૬ દિન.
શ્રી **જિનરાજ હરષસૂરિ** રાજે, શ્રી **ખરતરગચ્છરાયા**,
તાસ સીસ ગુણ ગાવે ભાવે, **સુમતિહંસ** ઉવઝાયા. ૭ દિન.
સંવત **સતર તેડોતરા** કાર્ત્તિક શુદિ ચઉદિસ સુખદાય,
શ્રી **જૈતારણ** નગરી માંહિ, **વિમલનાથ** પસાય. ૮ દિન.
સીલવંતા ગુણવંતા ગાતાં, ભરીજે પુન્ય ભંડારા,
દિનદિન સંપદા આણંદ દોલિત, સકલ સંઘ જૈકારા. ૯ દિન.

(૧) ઋષિ **રાઘવજી** શિ. ઋષિ **મનજી** લ. પઠનાર્થ" આઇ **પાંખડી** સુરત બિંદિર મધ્યે સંવત ૧૮/૩ના આસો માસે લખ્યૌ છે શનીવાસરે.[ભં.?] (૨) પ.સં.૪-૧૭, મુક્તિ. નં.૨૪૦૭. (૩) રામલાલ સં. વિકાનેર.

(૩૧૨૨) રાત્રિભોજન ચોપાઈ ૨૪ ઢાળ ૨.સં.૧૭૨૩ માગશરે વદ ૬ બુધ **જયતારણમાં**

આદિ– સુબુદ્ધિ લબધિ નવનિધિ, સુખસંપદ શ્રીકાર,
પારસનાથ પય પ્રણમતાં, વસુ જસ હુવે વિસ્તાર. ૧
શ્રી સદ્‌ગુરૂ સાંનિધિ લહી, રયણભોજનપાપ,
કહીસ સાચ વિચારશું, ભગવંત ભાખ્યો આપ. ૨

અંત– ઢાલ ૨૪ ધન્યાસી.
રાત્રિભોજનદોષ દિખાયા, દીનાનાથ બતાયાજી,
અચલ નામ તિહાં રહવાયા, દિનદિન તેજ સવાયાજી;
ધનધન જે નર એ વ્રત પાલે. ૧

*

સતરે સે તેવીસે વરસે, હેજે હીયડો હરસે જી,
મગસિર વદિ છઠિ વર બુધિ દિવસે, ચોપી કીધી સુવિસેસે જી. ૫ ધન.
શ્રી **ખરતરગચ્છ**-ગગન-દિનંદા, શ્રી **જિનહરષ** સૂરીંદા જી,
આચારજ **જિનલબધિ** મુણીંદા, ઉદયા પૂનિમચંદા જી. ૬ ધન.
શ્રી **જિનહરષ** સૂરીન્દ્ર સીસૈ, **સુમતિહંસ** સુજગીસૈ જી,
પદ ઉવઝાય ધરિ નિસિ દિવસૈ, ભાસૈ વિસવાવીસૈ જી. ૭ ધન.
વિમલનાથ જિણેસર પ્રાસાદૈ, શ્રી **જયતારણ** સુભ સાદૈ જી,
ઋદ્ધિવૃદ્ધિ સદા આણંદૈ, સંઘ સકલ ચિર નંદૈજી. ૮ ધન.

(૧) સં.૧૭૫૩ આસાઢ વ.૯, પ.સં.૧૦-૧૯, અનંત.ભં.૨. (૨) પૂજ ઋ. ખેતાજી ઋ. નારાયણજી શિ. લ. ઋ. લાલજી સં.૧૭૬૦ જેઠ સુદ ૧૧ શની. પ.સં.૧૭-૧૫, પાદરા. નં.૧૮. (૩) સં.૧૭૬૧ અહમદનગરે. પ.સં.૧૫-૧૩, ઈડર ભં. નં.૧૯૭. (૪) સં.૧૮૭૭ આષાઢ વ.૮, પ.સં. ૨૮-૧૦, ગુ. નં.૧૨-૧૫. હવે પ્રત નં.૮૮૧ ભં.૬૫. (૫) જખૌ મધ્યે. સં.૧૮૭૭ની ચોપડી રૂપે પ્રત, પ.ક.૧થી ૧૭, મુનિ સુખસાગર પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૪૦-૪૧, ભા.૩ પૃ.૧૧૯૨-૯૪.]

૮૮૦. અભયસોમ (ખ. સાતમા જિનચન્દ્રસૂરિ-સોમસુંદરશિ.)

(૩૧૨૩) વૈદર્ભી ચોપાઈ ૨.સં.૧૭૧૧ ચૈત્ર સુદ ૧૫

આદિ – **પાસ** જિણેસર પરગડો, દોલતિનો દાતાર,
ફલવધિ તો ઘઈ ફલવધિ, નામ જપઈ નિરધાર. ૧
સદગુરૂચરણ નમું સદા ત્રિકરણ શુદ્ધ ત્રિકાલ,
પાથરથી પૂજણ જિસે કીધો જિણ તતકાલ. ૨
યાદવકુલમંડણ જયો, **કિસન પ્રજૂન**કુમાર,
તાસ ત્રિયા ગુણ વરણવું, **વૈદરભી** વિસ્તાર. ૩
જો મુઝ વચન રસન કથા સરસ કહિવાઇ,
નહી દેવાતન દેવ મઇ, પીતલ મોલ ન જાય. ૪

અંત – ધન્યાસી. દીધી ભગવંત એ દેશના રે દેશી.

*

સંવત **સત્તર** અગ્યારોતરઈજી રે, ચૈત્રી પૂનિમ માંન,
પરતરગચ્છઈ સોહગસંપદાજી **જિનચંદ** ચઢતઈ વાંન. ૮
સોમસુંદર ગુરૂ સુપસાવલઈજી રે, કહિય કથા ભરપૂર
અભયસોમ શ્રી સંઘનઈ રે મંગલ કરૈ સનૂર. ૯

(૧) ઇતિ વૈદર્ભી ચતુષ્પદિકા. ગ. મુક્તિવિજય. પ.સં.૬-૧૫, આગ્રા ભં. (૨) પ.સં.૯-૧૩, ગુ.વિ.ભં.

(૩૧૨૪) વિક્રમચરિત્ર ખાપરા ચોપાઈ ૨૮ ઢાળ ૨૮૮ કડી ૨.સં. ૧૭૨૩ જેઠ સિરોહીમાં

આદિ – **સરસત** માતા સમરીયે, નિત પ્રતિ લીજૈ નાંમ;
ચિત માંહે જે ચિંતવૈ તે સવિ સીઝૈ કામ. ૧
પયજુગ પ્રણમી તેહના, **વિક્રમચરિત** કહેસ;
સાંનિધિ કરજ્યો માયડી, હું તુઝ વિનય વહેસ. ૨

તીર્થંકર નેં કેવલી સાધુ સતી રાજાંન;
હૂઆ ઘણા ચૌથે અરૈ, મહીયલ મોટૈ માંન. ૩
આજ વિષમ પંચમ અરૈ, લાગંતૈ કલિકાલ;
કોઈ ન **વિક્રમ** સારિખૌ, ભારી બલ ભૂપાલ. ૪
આપણ કાજ અનેક દુખ, સહેસ કોઈ દાય;
પરપીડા લ્યે પિંડમાં, સોઇ જ **વિક્રમ**રાય. ૫
પીડ ગમાવે પારકી જસ ગ્રાહક જગ માંહિ;
પરદુખકાતર જેહનો, જગ સહુ નામ કરાહિ. ૬

અંત – ઢાલ ૧૭ રાગ ધન્યાસિરી.

રાજ કરે **ઉજેણી** રાજીયોજી, એહવો પૃથિવી એક;
જિણ જગમઇં સાકો રાખીયોજી ષટ્ દરસણ સુવિવેક, રાજ. ૧
પૃથિવી ઊરણ કીધી **વિક્રમે**જી દુખીયાં ભાંજે દુખ;
દુર્જન કંટક ભાંજે નાંખીયાંજી સયણાં કીધો સુખ. ૨
વીર પછે સત્તરિ નેં ચારિસેજી વધાયો **વિક્રમ**વીર;
ભાવન્ન ઉપરિ ત્રેપન્ને સહીજી નાયક નિર્ભય ધીર. ૩
એહ ચરિત્ર શ્રી **વિક્રમવીર**નોજી, સુણતાં નવ નિધિ થાય;
ભણતાં બહુ બુધિ ઊપજેજી, ભય ભાવઠિ સવિ જાય. ૪
ચોર તણો ભય ન હુવે કદિજી, સદ્‌ગુરૂ એમ કહેઇ;
ચરિત્ત એહ ગુરૂમુખથી લહીજી, **વિક્રમ**ચરિત કહેઇ. ૫
સત્તરહ સૈ તેવીસે સમેજી, જેઠ માસ જગિ સાર,
સીરોહી નગર સુહામણોજી, ચરિત કીયૌ સુખકાર. ૬ રા.
ખરતરગચ્છ શ્રી **જિનચંદ્ર** રાજયોજી, **સોમસુંદર** ગુરૂરાય.
અભયસોમ રચના એ કરીજી **મતિમંદિર** સુખ થાઇ. ૭ રા.

(૧) પંડિત **શાંતિવિજય** લિખિતા પ્રતિરત્ન. (૧૭૬૮). સંવત્ ગ્રહ રસ અબ્ધિ ઇંદુ વર્ષે સુશ્રાવણ શુક્લ તૃયોદશ્યાં અર્કવારે એષા પુસ્તિકા લિખિતા શ્રી **વનગ્રામે**. પ.સં.૧૨–૧૫, આગ્રા ભંડાર. (૨) ઢાલ ૨૮ સર્વગાથા ૨૮૮ સં.૧૭૬૫ વૈ.વ.૮ રવિ **પાટણ** મધ્યે **ઉત્તમવિજય** લિ. પ.સં.૧૨–૧૩, રૉ.એ.સો. બી.ડી.૧૬૬ નં.૧૬૬૦. [રાહસૂચી ભા.૧.]

(૩૧૨૫) વિક્રમચરિત્ર (લીલાવતી અથવા ચોબોલી) ચોપાઈ

૨.સં.૧૭૨૪ પ્રથમ આષાડ વદ ૧૦

આદિ – શ્રી ગણેશાય નમઃ

દૂહા.

વીણાપુસ્તકધારણી, હંસાસન કવિમાય,
પ્રહ ઉગમતે નિત નમું, **સારદ** તોરા પાય. ૧
દૂઇ પંચાસે બાંધીએા, કોઈ નવો કોઠાર;
બાંધાં ભરને કાઢતાં, કિણહીં ન લાધો પાર. ૨
તો હૂંતી નવ નિદ્ધ હુવે, તો હૂંતી સહૂ સિદ્ધ,
આજ અને આગે લગે, મુરષ પંડિત કિદ્ધ. ૩
તિણ તાને સમરી કરી, કહિસું **વિક્રમ** વાત;
મેં તો ઉદ્યમ માંડીએા, પૂરો કરસ્યે માત. ૪
મોને કિણહીં ન છેતર્યો, મે જગ ઠગ્યા અનેક,
મોકલિ જુગ મેં છેતર્યો, રાજા **વિક્રમ** એક. ૫
ચઊબોલે રાંણી ચતુર, શીલવતી સુષકાર;
વિક્રમ પરણી જિણ વિધ્યે, કથા કહિસ નિરધાર. ૬

અંત – ઢાલ ૧૭મી સામી સુહાકર શ્રી સેરીસે – એ દેશી.

*

અતિ ઘણે હરષે વિમાન બેસી, **ઉજેણી** કુસલ ગયા,
દેઇ વધાઇ ધવલ ગાઇ, સગલ સામેલા થયા,
રાજા પ્રજા સવિ આઇ નમીઆ, થઈ હિઆમાં રંગરલી,
લીલાવતી સ્યું રાય **વિક્રમ** ચીંતવી આસ્યા ફલી. ૩
કલિયુગ માંહિ **વિક્રમરાયનો**, સોહગ સુંદર મહિમા વાજનો
જેહનઇ સાનિધિ દેવ સદા કરે, આગલિ ઉભા આપદ અપહરે

ત્રૂટક

અપહરે આપદ ચરિત્ર સુણતાં નાંમથી નવનિદ્ધ મિલે
ખરતરગછે શ્રી **જિનચંદ** સદગુરૂ સેવતાં વંછિલ ફલે
સતરે ચઉવીસે કિસન દશમી, આદિ આષાઢ સહી,
વાચનાચારિજ **અભયસોમે** **મતિમંદિર** કાજે સહી. ૪
(પા.) **સતર ચૌવીસે** વર્ષ તે જાણુ એ, માસ આસાઢ મહિપતિ રાણુ એ;
કૃષ્ણદશમી સુગુરૂ વિચાર એ, સંક્ષેપે કહ્યો મેં આચાર એ. ૮

ત્રૂટક

આચારીજ શ્રી મનવિનોદે વાત કહી ચિતહાર એ,
અભયસોમ ગુરૂપસાઇ કીયો તે જયજયકાર એ.

(૧) પુંગેલી ગ્રામે સં.૧૭૬૪ વૈ.વ.૧૩. પ.સં.૮–૧૬, ગો.ના. નં.૧૬૭. (૨) લ. ઋ. વદીચંદ કવામપુર મધ્યે સં.૧૮૭૨ ચૈ.શુ.૧૨. પ.સં.૧૦–૧૮, ઝીં. પો.૪૧ નં.૨૧૮. (૩) સં.૧૮૫૬ શાકે ૧૭૨૧ માધ શુ.૩ સોમે અદડા મધ્યે શ્રી ચંદ્રપ્રભુ પ્રસાદાત્ લિ. મુનિ જિણચંદ. પ.સં.૧૫–૧૫, મ.જૈ.વિ. નં.૪૯૭. (૪) પ.સં.૧૯–૧૨, ઘોઘા ભં. દ્વા. ૧૬ નં.૧૨. (૫) પ.સં.૮, અભય. પો.૧૧ નં.૧૦૭૫. (૬) ચોબોલી ચોપઈ પં. તિલકવિજય શિ. નરેંદ્રવિજય શિ. જસવિજય લિ. પ.સં. ૧૩, અભય. નં.૩૮૩૩. (૭) પ.સં.૧૧, જિ.ચા. નં.૨૦૦૯. (૮) સં. ૧૯૭૫ વૈ.શુ.૭ લિ. રિષ કુસના ડડાપુર મધ્યે. પ.સં.૧૪–૧૩, મ.જૈ.વિ. નં.૪૭૭. (૯) સં.૧૮૬૭ મૃગસર સુદ ૩ ગુરૂ લિ. નિભાજનયરે. પ.સં. ૧૩–૧૫, વિ.ને.ભં. નં.૪૪૬. (૧૦) સં.૧૮૭૭ ફા.શુ.૧૦ બુધે ખરતર-ગચ્છે ભટ્ટારકયા ગુરૂ અમરચંદ શિ. મનસંઘ શિ. ...ચંદ લિ. જમીદાર રૂગ...ખાનજી આક કપુરખાનજી. પ.સં.૩૪–૯, અશુદ્ધ, મો.સુરત પો.૧૨૬. (૧૧) સં.૧૮૭૬ પ્ર.ચૈ.વ.૪ લિ.પદ્મહંસેન ભત્રીજ ફરસહંસ વાંચનાર્થ. પ.સં.૧૮–૧૩, વિ.ને.ભં. નં.૪૫૭૫. (૧૨) લ. કૃષ્ણનગર મધ્યે. બૃ. ખ. ગચ્છે જિનલલિતસૂરિ શાખાયાં તેના શિ. કૃપારામ શિ. શિવચંદ લિ. પ.સં.૨૬–૯, ગુ. નં.૫૫–૨૪. (૧૩) ભાં.ઇ. સને ૧૮૭૭–૭૮ નં.૪૫. (૧૪) ચૌબોલી ચોપઈ સંપૂર્ણ સં.૧૭૮૮ ફા.શુ.૧૪ લિ. અહિપુર મધ્યે. પ.સં. ૯, જયપુર. (૧૫) ઇતિશ્રી વિક્રમચરિત્ર સંપૂર્ણ. સંવત ૧૭૯૬ના વર્ષે માસ વૈશાખ સુદ ૫ દને ભોમ્યવાસરે. શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ ઉદેંવિજય લષિતં વાસા નગરે શ્રી છ. પ.સં.૧૫, ગુ.વિ.ભં. (૧૬) ઇતિશ્રી ચોબોલા વિક્રમ ચોપાઈ સંપૂર્ણ. લિષતં વિવેકસાગર લાવા ગ્રામે. પ.સં.૧૦–૧૭, આ.ક.ભં. (૧૭) લિ. પુણ્યભાગ રશી માણિક્યસાગરેણ. પ.સં.૧૫–૧૨, આ.ક.ભં. (૧૮) સં.૧૭૩૨ વર્ષ ફાગણ વદી પુનીમ દિને શનીવારે મુનિ કૃતેકુશલ લિ. દેવપૂરનગરે. ઉદયપુર ભં. (૧૯) સં.૧૭૬૨ વૈશાખ વદ ૫, પ.સં.૮, પ્રે.ર.સં. (૨૦) સં.૧૮૧૯ કાર્તિક વદ ૬ શનિવાસરે સકલ-પંડિતશિરોમણી પંડિત શ્રી મોહનવિમલગણી તત્શિષ્ય લાભવિમલેન. પ્રે.ર.સં. (૨૧) સં.૧૮૨૦ના વર્ષે શાકે ૧૬૮૫ પ્રવર્ત્તમાને ભાદ્રપદ માસે કૃષ્ણપક્ષે ત્રીતિય તિથૌ રવૌ વાસરે શ્રી ગોંડલ ગ્રામે લિપીકૃતં. ઋષિ ભૂદરજી તતશિષ્ય કર્મસી વાચનાર્થે લષીતં. શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ શ્રીયોમીદં. શ્રીરસ્તુ. પ.સં.૯–૧૬, ભાવ.ભં. (૨૨) સં.૧૮૪૪ દુતિય શ્રાવણ સુદિ

૧૩ સૂર્યવારે શ્રી મેડતાનગરે લિ. પં. જિણવિજૈ ભ્રાતા પં. આણંદવિજૈ અર્થે. પ.સં.૧૭, પ્ર.કા.ભં. વડોદરા. (૨૩) સં.૧૮૮૨ વર્ષે મિતિ જ્યેષ્ઠ કૃષ્ણ તિથૌ ૧૦ ગુરૂવાસરે લિષતં ઋષિઃ ચતુર્ભુજ સરવાડ મધ્યે. ગુલાબવિજય ભંડાર ઉદયપુર. (૨૪) સં.૧૭૫૧ વૈશાખ સુદિ ૩ દિને લિ. પં.લાલચંદમુનિના. પ.સં.૫-૨૧, જૈ.શા.અમ. દા.૧૩. (૨૫) પ.સં.૧૫, પ્ર.કા.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૨, ૨૪૫, ૬૨૪).]

(૩૧૨૬) [+] માનતુંગ માનવતીની ચોપાઈ ૧૪ ઢાળ ૩૦૦ કડી
૨.સં.૧૭૨૭ અસાડ શુ.૨ ગુરુ

આદિ –

દૂહા.

પ્રણમું માતા **સરસતી**, પ્રણમું સદગુરૂ-પાય;
મૂરખથી પંડિત કરઇ, જસ જગમેં કહિવાય. ૧
કથા સરિસ ને કવિવયણ, કેલવીઆ બહુ મિઠ;
સાકર દ્રાખ અમી થકી, મૈ તો અધિકા દિઠ. ૨
ધરમ અનેક પ્રકાર છે, સાચ સમો નહિ કોઇ;
બોલણહારો સાચના, વિરલો કોઈક જોઈ. ૩
માનવતી વાંકો કહ્યો, સમો હુઉ અવસાંણ;
માનતુંગ આગલિ મેલ્યાં, તણુનો રહીયો માંણ. ૪
કહુ કથા હિવ તેહની, જિમ હુઇ જ્યાં માહિ;
સાવધાન થઈ સાંભલો, સુરતા મન ધન વાહિ. ૫

અંત –

ઢાલ ૧૪ ધન્યાસી.

રાજા સાંભલિ સાધુમુખઇ રલી, પાંમી વિસમો ચિતઇ મનરલી;
દેખી મહિમા સાચ તણી કરઇ, સંસારના તે સુખ પામી સયલ
ભવસાગર તરઇ. ૧
સંવત્ **સતરૈ સતવીસે** ધુરૈ, સુદિ આસાઢ બીજ દિનૈ ગુરઇ;
ખરતર સદગુરૂ **જિણચંદ** જયકરૂ, તેહનૈ સજૈ સોહગસુંદરૂ. ૨
સુંદરૂ **સોમસુંદર** પ્રસાદૈ, **અભયસોમઇ** ણિ પરિ કહૈ;
એ સરસ કહિનૈ કથા દાખી, ભેદ **મતિમંદિર** લહૈ. ૩

(૧) સંવત ૧૭૮૬ વર્ષે ફા.વ ૨ પં. પૂરણપ્રભ લિ. ધાણાવસ મધ્યે. પ.ક.૧૧૫થી ૧૨૩, એક ગુટકો, અનંત. ભં.૨. (૨) સં.૧૭૫૧ ફા.શુ.૧૪ ખેગડા ગચ્છે **જિનસુંદરસૂરિ** રાજ્યે. પ.સં.૭, જય. પો.૬૭.

(૩) સં.૧૭૮૦ ચૈ.શુ.૪ સરસા મધ્યે લિંદુરાજેન લિ. પ.સં.૬, જય. પો.૬૭. (૪) સં.૧૭૯૯ ચૈ.શુ.૧૩ બીકાનેર મધ્યે. પ.સં.૧૨, જય. પો. ૬૯. (૫) સં.૧૭૮૦ કા.શુ.૭ શુક્ર મુલતાણ મધ્યે ભુવનવિશાલ લિ. પ.સં.૧૦, જિ.ચા. પો.૮૨ નં.૨૦૬૭. (૬) ગ્રં.૩૦૦, સં.૧૭૮૫ શ્રા.શુ.૫ પં.અયાવલભ લિ. પ.સં.૯, જય. પો.૬૬. (૭) સં.૧૮૬૦ આ.શુ.૬ પાલી મધ્યે. પ.સં.૯, કૃપા. પો.૪૨ નં.૭૪૬. (૮) સં.૧૮૭૯ મીતી જેઠ વદ ૨. પ.સં.૧૩-૧૪, વિ.ને.ભં. (૯) સં.૧૮૨૭ શાકે ૧૬૯૩ ભાદ્ર.વ.૧ ચંદ્રવાસરે પં. દોલતહર્ષ શિષ્ય અયાહર્ષ લિખિતં છાત્ર રૂપજી તસ્ય વાચક ચિરંજીવો. રા.એ.સો. મુંબઈ. (૧૦) સં.૧૮૪૭ ફા.શુદિ ૩ સોમવારે. પ.સં.૧૫-૯, ગુ. નં.૧૩-૨૩. (૧૧) લિ. મથેન અયાનંદ બિકમનગરે સં.૧૭૯૫ કા.શુ.૮. રા.એ.સો. મુંબઈ. (૧૨) ગુ.વિ.ભં. (૧૩) વિદ્યા. (૧૪) સં.૧૭૮૨ મિતિ કા.સુ.૯ બુધૌ લિષીતં પં. સંતોષ્યવિજય રૂણિજ્ય મધ્યે. ઉદયપુર ભં. (૧૫) લીં.ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૮).]

[પ્રકાશિત : ૧. રાજસ્થાન ભારતી, ભા.૧૨ અં.૧.]

(૩૧૨૭) વસ્તુપાલ તેજપાલ ચોપાઈ ૨.સં.૧૭૨૯ શ્રાવણ

આદિ – જિનવાણી મુખિ સારદા, પ્રણમું તોરા પાય;
ધ્યાંન ધરૂં ચિત લાઇનૈ, સુપ્રસન થાજ્યો માય. ૧
તુંગીનયર વખાંણીયા, શ્રાવક શ્રી ભગવંત;
શ્રેણિક કોણિક સારિખા, દસ ઉપાસક તંત. ૨
જયવતી સુલસા જિસી, વલિ રેવતી ઉદાર;
ભાવ ભલેરઇ શ્રાવિકા, સૂત્ર માંહિ અધિકાર. ૩
આજ ઘણું પંચમ અરઉં, જોર વહઇ અસરાલ;
ઇણ માંહે જિણ નામ ગઉ, કીધઉ તે ઢીયાલ. ૪
કરઇ એક કર જૂતિ જે, તેહનઉં નામઉ થાઇ;
સગલી કરણી જે સમથ, જગ જસવાસ કહાઇ. ૫
જિનસાસન જગિ સોહકર, વસ્તુપાલ તેજપાલ;
તે હૂંઆ ઇણ પંચમઇ, કહિસું વાત રસાલ. ૬
ગરવ કરઇ કેઇ માંનવી, મ્હેં વડા સંસારિ;
લહુડ વડાઇ કર્યું નહી, ગુણ વણ નિરધાર. ૭
જાતિ ભલી તઉ પિણ ઇહાં, રાતિ વડી કહિવાઇ;

જગ માહે કરતૂતિથી, વદીઅઇ વડપણ માહિ. ૮
કુણ માતા કુણ છૈ પિતા, કેહી ઘરની આથિ;
જાહુ પામઇ સંસારમઇ, હુવઇ પુણ્ય જસુ હાથિ. ૯

અંત – સરગ પુહતા તિહાં કિણ સુખૈ, ઇહાં થકી જે કિયૌ સાથિ રે;
ઓછ નહી કાઇ કરણીયેં, ભરિ ભરિ લે ગયો બાથ રે. ૬ બો.
પાર્શ્વ **તેજલ** ગુણે પ્રગટીયેં, દૂસરો પૂનિમચંદ રે;
કુલ ઉજવાલણ કરણીયેં, માત **કવરાં** કેરૌ નંદ રે. ૭ બો.
તેજલ રાજ આંના ઘરે, મંત્રિ મહા સિરદ્દાર રે;
અમર હૂઆ જગ માંહિ જે, કલિજુગ વિસમી અવાર રે. ૮ બો.
પોરવાડ વંસૈ એ ધીગૈ ધડૈ, કુણ જગિ કીજૈ એહની સમવડૈ,
ગુરૂમુખિ સંભલિ લોકમુખૈ સુણી, ચરિત થકી પિણ રાસ કહ્યું ભણી;
કહ્યા ૪ ભણિનૈ રાસ રંગૈ, **સતરહ સૈં ગુણતીસ** એ,
શ્રાંવણૈ **ખરતરૈ** ગચ્છ સોહૈ, શ્રી **જિણચંદ** અધીસ એ,
વાંચનાચારિજ **સોમસુંદર અભયસોમૈ** ઉપદિસી,
એ કથા સુંદર **મતિમંદિર**, સગુણને હીયડૈ વસી. ૧

(૧) સંવત ૧૭૪૧ જેષ્ઠ સુદિ ૮ રવિ. પં. **ધર્મસાગર** ચિરં કેસર વાંચનાર્થં **સોઝિત** મધ્યે પં. **રંગસમુદ્રેણ** લિ. પ.સં.૭–૧૯, વિ.ને.ભં. નં.૩૩૦૨. (૨) સં.૧૭૩૬ જે.વ.૧૪ **અમિલવા** ગામે **રંગસમુદ્ર** લિ. પ.સં.૭, જિ.ચા. પો.૮૦ નં.૧૯૭૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૪૨–૪૭, ભા.૩ પૃ.૧૧૯૫–૯૯.]

૮૮૧. ઉત્તમચંદ (ત. વિજયદેવસૂરિ–વિદ્યાચંદ્રશિ.)

(૩૧૨૮) ઉપધાન વિધિ સ્તવન ૨.સં.૧૭૧૧ શ્રાવણ સુ.૧૦ ગુરુ વિજાપુર

આદિ – **સરસતિ સારદા** રે, સીસ નમી ગુરૂપાય રે,
ઉપધાનવિધિ ભાવે ભણુ રે, સાંભલતાં સુખ થાય રે;
શ્રી અરિહંતની શીખડી રે. ૧

અંત – **બીજાપુર**મંડણ શ્રી **જીરાઉલ પાસ**,
મઇ તાસ પસાઇ તવન રચ્યુ ઉલ્લાસ,
ભણુસઇ નઇ ગુણસઇ સાંભલસઇ નરનાર;
ઉપધાન આરાધ્યાનૂં ફલ બેઠાં ઘરબારિ, ૮
સંવત **સત્તર** વરસઇ **એકાવરશ** સાર;
શ્રાવણ સુદિ દશમી દિવસૈ ગુરૂ તે વાર,

પંડિત **વિદ્યાચંદ** સીસ કહઇ કર જોડી;
એ તવન ભણુસઇ તેહ ઘર સંપતિ કોડ. ૯

કલસ.

ઇય **પાસ** જિનવર ભવિકદુખહર **વીજાપુર**મંડણ ધણી,
મનિ આસ પૂરઇ પાપ ચૂરઇ જાસિ જગિ કીરત ઘણી;
તપગછનાયક મુગતિદાયક શ્રી **વિજયદેવ** સૂરીસરો,
વર વિબુધ **વિદ્યાચંદ** સેવક **ઉત્તમચંદ** મંગલ કરો. ૧૦

(૧) ઇતિશ્રી ઉપધાન વિધિ સ્તવન સંપૂર્ણ સંવત્ ૧૮૦૧ વર્ષે મતી પોસ વદિ ૭ ને ૦)). પ.સં.૭-૧૪, હા.ભં. દા.૮૨ નં.૧૬૧. (૨) સં.૧૮૩૬ પો.વ.૪ સોમે. પ.સં.૬-૧૨, હા.ભં. દા.૮૩ નં.૧૦૪. [મુપુ-ગૂહસૂચી, હેજીજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૬૩).]

(૩૧૨૯) વીશી

આદિ – પુરોહિતીઆની ઢાલ.

શ્રી **સીમંધિર** મુઝ મનિ માંનીઉ જી, પરઉપગારી પરધાન રે,
આસ્યાપૂરણ એ જિન ઉલગઉ રે, જિઉં પામઉ અવિચલ
થાન રે. ૧ શ્રી.

અંત – રૂખમણી વર વખતિ મિલ્યોજી, તઉ પહુતી સઘલી આસ રે,
ઉત્તમચંદ માગઇ એતલઉં જી, કરયો તુહ્મારો દાસ રે. ૫ શ્રી.

(૧) પ્રતમાં મહાભદ્ર ગીત સુધી છે, પછી નથી, પ.સં.૩-૧૭, જશ.સં. [પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૪૨, ભા.૩ પૃ.૧૧૬૪-૬૫. 'વીશી' આ જ ઉત્તમચંદની હોવાનું નિશ્ચિતપણે ન કહી શકાય.]

૮૮૨. કમલહર્ષ વા. (ખ. જિનચંદસૂરિ-માનવિજયશિ.)

(૩૧૩૦ ક) + જિનરત્નસૂરિ નિર્વાણ રાસ (ઐ.) ૪ ઢાલ ૨.સં.૧૭૧૧ શ્રા.શુ.૧૧ શનિવાર આગ્રામાં

આદિ – **સરસતિ** સામણિ ચરણકમલ નમી, હીયડઇ સુગુરૂ ધરેવિ,
શ્રી **જિનરતન** સૂરીસર ગુરૂ તણા, ગુણ ગાઉં સંખેવિ. ૧

અંત – સંવત **સતરઇ સય** ભલઇ, ઇગ્યારે હો શ્રાવણિ વદિ સાર,
સોમવાર સાતમ દિનઈ, સોભાગી હો પહલે પહર મઝાર.
નિરમલ ચિત્ત નવકારનઉ, મુખિ કહતાં હો ધરતા શુભ ધ્યાન
શ્રીપૂજ્યજી સંવેગી હો, પહુંતા અમર વિમાન.
શ્રાવણ સુદિ ઇગ્યારસઇ, થિર શુભ થાવર વાર હો

માનવિજયસીસ ઈમ ભણઇ, કમલહરષ સુખકાર.
અતિ જયવંતુ આગરઇ, ખરતર સંઘ સુખકાર
સુખસંપત દેજ્યો સદા, ધરિ મન શુદ્ધ વિચાર.
ભણતાં ગુણતાં ભાવ સ્યું, રાસ સરસ ઇકચિત્ત
નવનિધિ સિદ્ધિ મહિમા વધઇ, થાયઇ જન્મ પવિત્ર.

(૧) સં.૧૭૧૧ કા.શુ.૭ સોમે લિ. પાટણ મધ્યે માનજી કરમસી-કસ્ય લિ. સાધ્વી વિદ્યાસિદ્ધિ સાધ્વી સમયસિદ્ધિ પઠનાર્થે. પ.સં.૩, મહિમા. પો.૮૬. (૨) મુનિ જીવણજી લિ. પ.સં.૫, અભય. નં.૩૬૧૦.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૨૩૪-૪૦.

(૩૧૩૦ ખ) દશવૈકાલિક ૧૦ અધ્યયન સ્વાધ્યાય ૨.સં.૧૭૨૩ સોઝત

(૧) સં.૧૮૪૧ આષાઢ શુ.૧૪ પં. કીર્તિહેમ લિ. પત્ર, અભય. નં.૨૧૬૦. (૨) પ.સં.૧૮, ૧૨મું નથી, અભય. પો.૧૭. (૩) મહિમા. પો.૧૭.

(૩૧૩૧) ધન્ના ચોપાઈ ૨.સં.૧૭૨૫(૫૨?) આસો શુ.૬ સોઝતમાં

આદિ –

દૂહા

વરધમાન જિનવર નમું, જગનાયક જિનરાજ,
વરતમાન તીરથધણી, સુખ આપઈ સિરતાજ. ૧
અતુલીબલ આગઇ હૂયા, સરિખા જિન સુવિદીત,
વિણ ઉપગારી વીર સુ, અવિહડ અધિકી પ્રીતિ. ૨
દાન સીલ તપ ભાવના, ચ્યાર ભેદ ચઉસાલ,
ભગવંત સઇ-મુખ ભાખીયાં, જાણઇ બાલગોપાલ. ૩

*

પરસંગઇ ધન્ના તણઈ, સાલિભદ્ર વિરતંત,
તે વિણ કહિસ્યું આગલઇ, સુણિજ્યો મન એકંત. ૭

અંત – બાણ નયણ વારિધિ શશિ વરસઇ, આસુ સુદિ છઠી દિન સરસઈ
સોહિત નગર સદા સુખ થાયઇ, ધરમનાથ જિનવર સુપસાઈ.૧૧
ચઉરાસી ગચ્છમઈ સિરદાર મોટઉ, ગણ ખરતર સુખકાર,
વાધઈ દિનદિન અધિકઇવાનઇ, મહિયલ ચાવા મહિપતિ માનઇ.૧૨
સગલઇ તેજપ્રતાપ સવાયા, વરતમાન ખરતર ગણરાયા,
યુગવર શ્રી જિનચંદસૂરીસ, ભટ્ટારક વધતઇ સુજગીસ. ૧૩
વિદ્યા ચવદ તણા ભંડાર, તે જાણઇ સગલઉ સંસાર,

સોભાગી મહિમા સિરતાજ, ગચ્છનાયક હૂયા **જિનરાજ.** ૧૪
તાસુ સીસ ગરૂયા ગુણ જાણુ, **માનવિજય** વાચક પરધાન,
તાસુ સીસ વાચક સુવિચારી, **કમલહરષ** પભણઈ હિતકારી. ૧૫
મુનિવર **ધન્ના**નઉ વિરતંત, થાયઈ સુખ સુણતાં એકંત,
આણંદલીલા પૂજઈ આસ, સંપતિ યશ વાધઈ સુવિલાસ. ૧૬
ભવિયણ દાન **ધના** જિમ દીજઈ, ભાવઈ વલિ ભાવના ભાવીજઈ
ઇહભવ પરભવિ દાનપ્રભાવઇ, પગિપગિ ફીરતિકમલા પાવઇ. ૧૭

(૧) સં.૧૭૮૧ વા. **આનંદ**હંસગણિ લિ. **સાધ્વી રામા આણંદા** પઠનાર્થં **બીલાડા** મધ્યે કાતી સુદ ૧૫. પ.સં.૩૯-૧૩, યશોવૃદ્ધિ. પો.૫૦.

(૩૧૩૨ ક) પાંડવચરિત્ર રાસ ૨.સં.૧૭૨૮ આસો વદ ૨ રવિ મેડતામાં

અંત – શ્રી **ખરતર**ગચ્છ દીપતા જયવંતા શ્રી **જિણચંદો** રે,
સકલગુણે સોહામણા, દરસણથી જનવે દંદે રે. ૧૦ પાં.
વષતાંવર વિદ્યાનિલા વલી ગુણ છત્રીસ નિધાનો રે,
ચંદ્ર જિસ્યો ચઢતી કલા પૂરે યશ યુગપરધાનો રે. ૧૧ પાં.
પરગટ પાટપરંપરા ગચ્છનાયક શ્રી **જિનરાજે** રે,
તાસુ સીસ વાચકવર સિરિ **માનવિજય** શિરતાજે રે. ૧૨ પાં.
તાસુ સીસ વાચક કહે ગણિ **કમલહર્ષ** હિત કાજે રે,
ચઉપી **પાંડવચરિત**ની તે સુણતાં ભાવઠ ભાજે રે. ૧૩ પાં.
પાંડવના ગુણ ગાવતાં લહીએ વિદ્યા સુવિલાસો રે,
હરષ અધિક વધતાં હુવે જગમે વાધે યશવાસો રે. ૧૪ પાં.
મુનિ જે જીવદયા ક્ષમા પાલે ઈણ પંચમ આરે રે,
ત્રિકરણ સુધ્ધે વંદિને જાઉ તેડને બલિહારો રે. ૧૫ પાં.
સંવત **સતરે** સે ભલે વરસે વલિ **અઠાવીસે** રે,
આસૂ વદ દ્વિતિયા તિથૈ રવિવારે અધિક જગીસે રે. ૧૬ પાં.
મોટે નગરે **મેડતે શ્રી શાંતિનાથ** સુપસાયો રે,
પૂરિ કીધી ચઉપઇ સુણતાં થિર દોલત થાયે રે. ૧૭ પાં.

(૧) ચેનસાગર ભં. ઉદયપુર. (૨) માણેક.ભં. (૩) વિવેક.ભં.

(૩૧૩૨ ખ) અંજના ચોપાઈ ૨.સં.૧૭૩૩ ભા.શુ.૭

(૧) **ગારવદેસર** મધ્યે લિ. પ.સં.૧૩, મહિમા. પો.૩૬.

(૩૧૩૩ ક) આદિનાથ ચોપાઈ

(૧) રામલાલ સં. બિકાનેર.

(૩૧૩૩ ખ) રાત્રિભોજન ચોપાઈ ૨.સં.૧૭૫૦ માગશર લુણકરણસરમાં

આદિ – શ્રી **વરધમાન** જિણ વંદિયે, અતુલબલિ અરિહંત,
મદ પ્રમાદ ભય અઢાર દૂષણુ, વરજિત અતિશયવંત. ૧
મન સુધ **સારદ** માતનો, ધરતાં નિશદિન ધ્યાન,
કાલિદાસ પર કવિ હવો, આઉ જાણો ઉપમાન. ૨
પંચ મહાવ્રત પરગડા, ભાષ્યા શ્રી ભગવંત,
શિવસુખના દાયક સહુ, અનુક્રમે એકંત. ૩
છમ છઠો પિણ વ્રત છે, રાત્રિભોજન રૂપ,
વીર જિણંદ વખાંણીયો, દાખું તાસ સરૂપ. ૪

અંત – રાત્રે ભોજન ટાલો ભવિયણુ રે, શ્રાવકનો આચાર,
વ્રત ક ફલ દીસે ઇણ વ્રતના રે, સા સોનીહી લગાર. ૯
શ્રી **ખરતરગછનાયક** દીપતો રે, **શ્રી જિનચંદ** સુવરતમાન,
દિનદિન વધતી કલા રે, શિશિ જિમ વિસવાવીસ. ૧૦
શ્રી વાચક **માનવિજય** નામે વડા રે, તાસુ શીષ સુખદાય,
વાચક **કમલહર્ષે** કહ્યો રે, એ સંબંધ ઉદાર. ૧૧
અધકા ઓછો ઇહાં આણીયો રે, મિછામિ દુક્કડ તાસ,
ભણતાં સુણતાં ભાવે ધરિ ભલે રે, વાધે વિદ્યાવિલાસ. ૧૨
સતરે સે પચાસે વચ્છરે રે મનરંગ મગસર માસ,
લુણકરણસરમેં કીધી ચોપાઈ રે, મન ધર અધકા ઉલાસ. ૧૩
જ્યું લગ વસુધાસાગર તાં લગે રે, અવિચલ રહેજ્યો એમ,
રાત્રિભોજન વ્રત પાલ્યાં થકાં રે, દિનદિન લહીયે ખેમ. ૧૪

(૧) ૫.સં.૬–૨૭, વિ.ને.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૫૩ તથા ૩૮૫, ભા.૩ પૃ.૧૨૬૧ તથા ૧૩૪૭-૪૯. ત્યાં પહેલાં 'પાંડવચરિત્ર રાસ' ભૂલથી કવિના ગુરુ માનવિજયને નામે મુકાયેલી, જે પછીથી સુધારી લીધું છે. એ કૃતિની ૨.સં. ૧૭૨૮ બતાવ્યા પછી ૧૭૩૮ અપાયેલો તે છાપભૂલ જણાય છે. 'ધન્ના ચોપાઈ'નો ૨.સં.૧૭૨૫ જ યોગ્ય જણાય છે.]

૮૮૩. ભાણવિજય (ત. મેઘવિજય–વૃદ્ધિવિજયશિ.)

આ કવિના શિષ્ય લાવણ્યવિજયે સં.માં 'દ્રવ્યસપ્તતિકા' રચેલ છે.

(૩૧૩૪) [+] વિજયાણંદસૂરિ નિર્વાણ સજ્ઝાય (મૈ.) ૪૩ કડી ૨.સં. ૧૭૧૧ ભા.વ.૧૩ ભોમ બારેજમાં

આદિ – સરસતિ સામિની મનિ ધરી, પ્રણમી નિજ ગુરૂપાય,
ગચ્છપતિના ગુણ ગાયતાં, પાત્યક દૂર પલાય. ૧
શ્રી **હીરવિજય**સૂરિ પટધરૂ, શ્રી **વિજયસેન** સૂરિંદ,
શ્રી **વિજયતિલક** પાટે જયો, શ્રી **વિજયાણંદ** મુણિંદ. ૨
સાહા **શ્રીવંત**કુલ-દિનકરૂ, **શિણગારદે**-માત-મલ્હાર,
પ્રાગવંશ દીપાવીઓ, સકલસૂરિશિણગાર. ૩
ગામ નગર પુર પટ્ટણેં, કીધા વિવિધ વિહાર,
ચોમાસું પશ્ચિમ કરેં, **ખંભાતે** ગણુધાર. ૪

અંત – સંવત શશિ શશિ મુનિ શશિ, ભાદ્રવા વદિ ભોમવાર રે,
તેરસ સજ્ઝાય રચ્યો ભલો, **બારેજે** જયકાર રે. ૪૧ જ.
એહ સજ્ઝાય નિત જે ભણેં, તસ ઘરિ મંગલમાલ રે,
સાંભલતાં સુખસંપદા, આપે ઋદ્ધિ વિશાલ રે. ૪૨ જ.
વાચકશિરચૂડામણી, શ્રી **મેઘવિજય** ઉવજ્ઝાય રે,
શ્રી **લબ્ધિવિજય** બુધરાજીઓ, સીસ **ભાણુવિજય** ગુણ ગાય રે. ૪૩ જ.

(૧) પ.સં.૨–૧૩, જશ.સં.
[પ્રકાશિત : ૧. ઐતિહાસિક સજ્ઝાયમાલા ભા.૧.]

(૩૧૩૫) શોભનસ્તુતિ બાલા. સં.૧૭૧૧ લગભગ
(૧) ગ્રં.૭૫૦, પ.સં.૨૧, હા.ભં. દા.૪૮ નં.૭.

(૩૧૩૬) મૌન એકાદશી સ્ત. ૭૨ કડી સં.૧૭૩૭ વૈ.શુ.૩ ખંભાતમાં
આદિ – દૂહા.
સરસતી ભગવતી મનિં ધરી, પ્રણમી નિજ ગુરૂપાય,
કલ્યાણુક જિનજી તણાં, થુંણતાં મન થિર થાય. ૧
દોઢશો કલ્યાણુક હુઆં, નેઉ જિનનાં જેહ,
માગસિર સુદિ ઇગ્યારસિં, દસ ખેત્રેં સુણો તેહ. ૨

અંત – એકાદશી મહિમા ઘણો, કહેતાં ન લાભે પાર, લ.
ગ્રંથાંતરથી જાણયો, વિધિનો વિશેષ વિચાર. લ. ૬૯
ખંભનયર વાસી ભલો, સાહા શ્રી **રામજી** ઠાર, લ.
તસ સુત **વાછડા** કહેણુથી, રચિઉં તવન ઉદાર. લ. ૭૦
સંવત **મુનિ જગ મુનિ શશિ**, વૈશાખ શુદિ વિધુ ત્રીજ, લ.
ભાણુવિજય વિજયીકરૂ, સકલ કુશલનું બીજ, લલના. ૭૧

કલશ

ઇહ નેઉ જિનવર નમિત-સુરવર, કલ્યાણક મેં ગાઇયાં,
પ્રથમ જ્ઞાન નેં જનમદીક્ષા, જ્ઞાનદીક્ષાએં ધ્યાઇયા,
તપગછનાયક કુશલદાયક, શ્રી **વિજયરાજ** સૂરીસરૂ,
બુધરાજ **લબ્ધિવિજય** સેવક, **ભાનુવિજય** મંગલ કરૂ. ૭૨

(૧) પ.સં.૪-૧૩, માં.ભં.

(૩૧૩૭) શાશ્વતા અશાશ્વતા જિન તીર્થમાળા ૭૫ કડી ૨.સં.૧૭૪૯ ખંભાતમાં

આદિ – **સરસતી** ભગવતી મનિ ધરી, સુમતિજ્યોતિદાતાર,
ચાર નિખેપઈ જીન તણી, ભાવપૂજા કરૂં સાર. ૧

અંત – ભાવ ધરીનઈં જીનવર નમિઈં.
ત્રંબાવતીમાં રહી ચોમાસું, તવન કીધું અતિ ખાસ રે.
ભવિજનને ભાવ ધરીને, આપઈ શિવપુર વાસ રે. ભા. ૭૨
ત્રંબાવતી નગરીની વાસી, શ્રાવિકા **સંઘબાઇ** નામેં રે,
તેહને ભણવા કારણેં ભવિયાં, તવન રચ્યું સુખ કાજે રે. ભા.૭૩
એહ તવન જે ભાવિં ભણસ્યઇ, તસ સમકિત શુદ્ધ થાસઇ રે,
લીલાઇં મનસુખ વલિ લહશ્યઇ, દુરમતિ દુરઈ જાસઇ રે. ભા.૭૪

કલશ.

ઇમ ભાવ આણી ભગતિ જાણી, સંથુઆ મેં જીનવરા,
સંવત **સતર** ઇગુણપંચાસો, ખંભાતિ સંઘ સુખકરા.
શ્રી **વિજયમાન** સૂરીસ રાજ્યે વિજયપક્ષ સોહાકરૂ,
બુધરાજ **લબ્ધિવિજય**સેવક **ભાણુવિજય** બુધ જયકરૂ. ૭૫

(૧) પ્રતિ શાશ્વતા અશાશ્વતા જિન તીરથમાળા સંપૂર્ણ. **સંઘબાઇ** પઠનાર્થે. કવિના સમયની જણાય છે, પ.સં.૫, અમર.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૫૬-૫૭, ભા.૩ પૃ.૧૩૨૯, ૧૧૯૫ તથા ૧૬૨૪. ત્યાં કવિ ભૂલથી બેવડાયેલ છે.]

૮૮૪. તેજસિંહગણિ (લૌં. રૂપઋષિ–જીવજી–વરસિંહ–જશવંત–રૂપસિંહ–દામોદર–કર્મસિંહ–કેશવજીશિ.)

[કેશવજી માટે જુઓ આ પૂર્વે નં.૮૦૨ ક.]

આ તેજસિંહ મુનિએ 'દૃષ્ટાંતશતક' નામનો સંસ્કૃત પદ્યગ્રંથ રચેલ છે તેમાં પ્રશસ્તિ આ પ્રમાણે છે :

શ્રી લુંકાખ્યગણે ગણીશ્વરગુરુ શ્રી કેશવાંતસ્થિત શિષ્યેણાશુકૃતં વરં નિજધિયા દૃષ્ટાંતકાન્તં શતં, છંદોલંકૃતિ શબ્દશાસ્ત્રરહિતં કાવ્યં યદા નિર્મિતં તત્સર્વં મુનિ **તેજ**સિંહગણિના ધીરૈર્વિશોધ્યં વરં. ૧૦૧.

આની પ્રત ઘોરાજી ભંડારમાં ટબાસહિત પ.સં.૨૫-૧૫ છે અને કૃતિ 'પ્રકરણ રત્નાકર'માં પ્રકટ થયેલ છે.

તેમણે પ્રાયઃ 'વિદ્વચ્છતક' રચ્યું છે (ભાં.ઇ. સને ૧૮૭૦–૭૧ નં. ૩૧૨). તેમનું 'દૃષ્ટાંતશતક' અને આ તથા 'સિદ્ધાંતશતક' (પ્ર.કા.ભં. વડો. નં.૧૭૬૮) એક છે યા જુદા તે મૂલ પ્રત જોયે જણાય. 'દૃષ્ટાંતશતક'ની પ્રત ભાં.ઇ. સને ૧૮૭૧–૭૨ નં.૨૬૧માં પણ છે.

(૩૧૩૮) નેમનાથ સ્ત. ૨.સં.૧૭૧૧ વડોદરામાં

આદિ – સદ્ગુરૂને ચર્ણે નમી સમરૂ **ગૌતમ**સ્વામિ,
શ્રી ગુરૂની સેવા કરૂં, **કેશવજી** શુભ નામ. ૧
તાસ પસાયે (ગા૪)સું, બાવીસમો જિનરાય,
સામલવરણે સોભતો, **નેમ**પ્રભૂ સુખદાય. ૨

અંત – કલસલો
લુંકાગચ્છનાયક સૂખદાયક **રૂપ**ઋષિ રતનકરૂ,
તસ પાટિ પટોધર સોહે પુરંદર **જીવજી** જતનાકરૂ.
તસ પાટિ પ્રધાન સંઘ જાણુ વડલઘૂ વખાણીએ.
જસવંત જીતો જસ ધણો, ત્રિભુવન જાણીયે
તસ પાટિ મુનીવર રૂપસુંદર **રૂપસિંધ** ઋષિ પાલ એ,
તસ પાટિ પટોધર સોહે **દામોદર** ધર્મ તણો ગોવાલ એ.
તસ પાટ **કર્મસીહ** પાપભય બીહ સકલ ગુણે કરી જાણુ એ,
તસ પાટ પટોધર સોહે શ્રી ગુરૂ, **કેસવજી** વખાણી એ.
શ્રી રૂપસુંદર ધરમધુરંધર **શ્રીપતિ**જી ગણધાર એ,
તસ શિષ **તેજસિંહ** સ્તવન રચ્યો, **વડોદરા** મઝાર એ. ૫
સંવત **રૂદ્ર અસ્વ (સ)સી** સહી દીવો સો પ્રલસાર એ,
શ્રી **નેમ** પ્રભૂજીની સ્તુતિ કીધી, સંઘ સહુ જયજયકાર એ. ૬

(૩૧૩૯) ઋષભજિન સ્ત. ૨.સં.૧૭૨૭ ચૈત્ર સુ.૧૫ જલોરમાં

આદિ – સકલ ગુણે સિદ્ધ પ્રણમીને હો ધ્યાઉં **ઋષભ**જિણંદ.

અંત – સંવત **સતર સતાવીસે** ચૈત્ર માસે હો તિથ પૂનમ જાંણુ,
શ્રી પૂજ્ય **કેસવ** નામથી ગણિ **તેજસિંધ** હો સદા કોડિકલ્યાણ.૪

મંનતસિંહની વિનતિ સ્તવન કીધો હો વર હીરાવેધ,
ગઢ જાલોર સુહામણો ભણતા હો થાયે નવનિધ. ૫

(૩૧૪૦) **શાંતિજિન સ્તવન** ૨.સં.૧૭૩૩ બુહરાનપુરમાં

આદિ – **સાંતિ** નમી કહું સાંતિનો, સંખેપી સુસંબંધ,
જંબૂ ભરત માહિ ભલો **હસ્તનાગપુર** બહ. ૧

અંત – કલસલો

રૂપ જીવ વર હરી યુગ **જસ રૂપસિંહ દામોદરૂ,**
કર્મસિંધ કેસવશિષ્ય **તેજસિંધ શાંતિ**જિન નામ ચિત ધરો.
સંવત **સતર તેત્રીસા** સવંછર **બુરાહાનપુર** ચોમાસ એ,
સોની **વજેરાજ** સુત **વૃધમાન** કીધી વીનતિ બુધપ્રકાશ એ.

(૩૧૪૧) **વીર સ્ત.** ૨.સં.૧૭૩૩

આદિ – ચોવીસમો જિનસાસનનો પતિ.

(૩૧૪૨) **૨૪ જિન સ્ત.** ૨.સં.૧૭૩૪ રતનપુરીમાં

આદિ – **સુવિધિ** જિણેસર સુંદરૂ રે સુવધ તણો કરતાર રે, જિણંદરાય,

અંત – સંવત **સતર ચોત્રીસા** વર્ષે **રતનપૂરી** માહે હરષે રે.
સુહતા કોઠારીને સાહ સવાઇ સંઘ સકલ સુખદાઇ રે,
ગણિ **તેજસિંહજી** જિનગુણ ગાયા, **સહસમલજી** કરાયા રે.

(૩૧૪૩) **આંતરાનું સ્ત.** ૨.સં.૧૭૩૫ નાંદસમાં

આદિ – આદિ અનાદિ અધુના છે. અરિહંત ધરૂં અભિધાન.

અંત – કલશ

ચોવીસ જિનતર ત્રીવીસ અંતર, પાટિ સતાવ જે થયા,
કલ્પસૂત્ર આદિ નામઠામ જાણી રચી સ્તવન સેવે મેં કહ્યા.
શ્રી પૂજ્ય કેસવ શિષ્ય **તેજસિંધ,** જિનસાસન ધર્મ ચિત ધરૂં,
એકવીસ સહસ વર્ષે સંઘ ચતુરવિધ, રહો તે કહું જિનવરૂં. ૪૪
સંવત **સતર ચેતીસા** સંવચ્છર **નાંદસમે** ચોમાસ એ,
કોઠારી ઠાકુરસીની વીનતી કીધી સુત ઉલ્લાસ એ.

(૩૭૪૪) **સીમંધર સ્વામી સ્તવન** ૨.સં.૧૭૪૮ વિરમગામ

આદિ – શ્રી **સીમંધર** સાહિબા સન્મુખ.

(૩૧૪૫) **અન્ય સ્તવન**

(૧) સર્વ સ્તવનોની પ્રત – પ.સં.૮–૧૩, ધો.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૦૦–૦૨, ભા.૩ પૃ.૧૨૯૧–૯૨.]

૮૮૫. યશોવિજય-જશવિજય (ત. હીરવિજય-કલ્યાણવિજય-લાભવિજય-જિતવિજય અને નયવિજયશિ.)

આ કવિ તાર્કિકશિરોમણિ, પ્રખર વિદ્વાન અને ધુરંધર પ્રભાવક થયા છે. હેમચંદ્રાચાર્ય પછી સર્વશાસ્ત્રપારંગત, સૂક્ષ્મદ્રષ્ટા અને બુદ્ધિનિધાન યશોવિજયજી જેવા જૈનશાસનમાં કોઈ થયેલ નથી. તેમના સંબંધમાં લખતાં પહેલાં તેમના પ્રગુરુ ગુરુ કલ્યાણવિજયજી માટે હકીકત મળી છે કે ગુજરાતના પલખડી નામના ગામમાં પ્રાગ્વંશી સંઘવી આજડના પૌત્ર નામે રાજસીના પુત્ર થિરપાલને ગુજરાતના સુલતાન મહમૂદશાહે (પહેલો બેગડો) લાલપુર ગામ ભેટ આપ્યું. તે થિરપાલે સં.૧૫૬૩માં લાલપુરમાં જિનમંદિર બંધાવ્યું. તે થિરપાલના પૌત્ર હરખાશાને ભાર્યા નામે પૂંજીથી ઠાકરશી નામે પુત્ર સં.૧૬૦૧ આસો વદ ૫ સોમવારે જન્મ્યો. તે ઠાકરશીને સં. ૧૬૧૬ના વૈશાખ વદ ૨-ને દિને ત. હીરવિજયસૂરિએ મહેસાણામાં દીક્ષા આપી કલ્યાણવિજય નામ આપ્યું, અને સં.૧૬૨૪ના ફાગણ વદ ૭ને દિવસે પાટણમાં વાચકપદ (ઉપાધ્યાયપદ) આપ્યું. વ્યાખ્યાનકળા ઘણી સરસ હતી અને ચારિત્ર ઉત્તમ પાળતા તેથી લોકો પર સારી છાપ પાડી શકતા. તેમણે રાજપીપળામાં રાજા વજ્રછત્રિવાડીની સભામાં બ્રાહ્મણ પંડિતોને જીત્યા હતા. તેમણે ગુજરાત, માલવ વગેરે દેશોમાં બહુ વિહાર કરી અનેક તીર્થોની યાત્રા કરવા ઉપરાંત પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. (હાલ જયપુર રાજ્યના) વૈરાટ નગરમાં અકબરના અધિકારી ઇંદ્રરાજે કરાવેલા ઇંદ્રવિહાર નામે ભવ્ય પ્રાસાદોમાં પાર્શ્વનાથની બિંબપ્રતિષ્ઠા કરી હતી સં.૧૬૪૪. આ પ્રાસાદોમાંનું હાલ પાર્શ્વનાથ મંદિર કહેવાય છે તે દિગંબરોના તાબામાં છે. આ પ્રાસાદની પ્રશસ્તિ કલ્યાણવિજયના એક પ્રમુખ વિદ્વાન શિષ્ય અને આપણા આ સુપ્રસિદ્ધ જૈન તાર્કિક અને મહાન્ લેખક યશોવિજય ઉપાધ્યાયના ગુરુ પંડિત નયવિજયના ગુરુ લાભવિજયગણિએ રચી હતી. (જુઓ વૈરાટનો લેખ નં.૩૭૬, પ્રાચીન જૈન લેખસંગ્રહ, મુનિશ્રી જિનવિજયજી સંપાદિત.) ત્યાર પછી કલ્યાણવિજયજીએ ગુજરાતમાં વિહાર કર્યો.

હીરવિજયસૂરિનો સ્વર્ગવાસ થયા પછી તે જ સાલમાં એટલે સં. ૧૬૫૨ના માગશર વદ ૨-ને સોમવારે તેમના ભક્ત ખંભાતના સંઘવી ઉદયકરણે વિજયસેનસૂરિના હાથે મહોપાધ્યાય કલ્યાણવિજય અને પંડિત

ધનવિજયજીની વિદ્યમાનતામાં હીરવિજયસૂરિનાં પગલાંની સિદ્ધાચલ ઉપર સ્થાપના કરી પ્રતિષ્ઠા કરાવી હતી. (વિશેષ માટે જુઓ સં.૧૬૫૫માં તેમના શિષ્ય જયવિજયજીએ (નં.૫૯૫) રચેલો 'કલ્યાણવિજય રાસ' (જે મારી 'જૈન ઐતિહાસિક રાસમાળા' ભા.૧માં પ્રગટ થયેલ છે) અને 'સૂરીશ્વર સમ્રાટ' પૃ.૯૬ અને ૨૪૨થી ૨૪૫.) આ કલ્યાણવિજયજીએ ધર્મસાગરજીના ઝઘડામાં પાટણમાં સારો ભાગ લીધો હતો. (જુઓ ઐ.રા.સં. ભાગ ૪થો.) હવે ઉપરોક્ત લાભવિજય વૈયાકરણચૂડામણિ હતા, અને તેઓ અકબર બાદશાહને મળવા હીરવિજયસૂરિ પોતાના ૧૩ સાધુઓ સાથે ગયા તે પૈકી એક હતા. (સૂરીશ્વર અને સમ્રાટ, પૃ.૧૦૯)

યશોવિજયજી મહાપુરુષ, જ્ઞાનપુંજ, પ્રતાપી પ્રખર વિદ્વાન થઈ ગયા તે નિઃશંક વાત છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિ જેવા વિદ્વાન જૈનશાસનમાં એક જ છે; અને તેમની પછી લગભગ એક હજાર વર્ષ પછી આ યશોવિજયજી જૈનશાસનના સદ્ભાગ્યે અઢારમી સદીમાં થયા.

'સુજસવેલી ભાસ' એ નામની ટૂંકી કૃતિ તેમના સંબંધે પોતાની ભક્તિ દાખવવા કે ભાવિ પ્રજાના ઉપકાર માટે, ગમે તે કારણે પાટણના સંઘના આગ્રહથી કાંતિવિજય નામના મુનિવરે યશોવિજયજીના ગુણગણનો પરિચય આપવા રચી છે. તેમાં જણાવ્યા મુજબ ['કુર્યાલી શારદ' (મૂછાળી સરસ્વતી)ના બિરુદને ધારણ કરનાર તેઓ બાલ્યવયથી જ મહાવિદ્વાન હતા. એમનો જન્મ ગૂજરધરાના કનોડુ – કન્હોડુ ગામમાં નારાયણ વ્યવહારી(વણિક)ને ત્યાં તેની ગૃહિણી સૌભાગ્યદેથી થયો હતો. સં.૧૬૮૮માં પંડિતવર્ય નયવિજય કુંણગેર ચોમાસું રહી કન્હોડે આવતાં માતા પુત્રસહિત તે ગુરુના ધર્મોપદેશથી વૈરાગ્યવાન થતાં અણહિલપુર પાટણ જઈ ગુરુ પાસે દીક્ષા લીધી. જશવંતનું નામ યશોવિજય રાખ્યું. તેના બીજા ભાઈ પદ્મસિંહે પણ પ્રેરિત થઈ દીક્ષા લીધી, તેનું નામ પદ્મવિજય. આ બન્નેને વડી દીક્ષા તપાગચ્છના આચાર્ય વિજયદેવસૂરિએ સ્વહસ્તે આપી. ગુરુ પાસે શ્રુતાભ્યાસ કર્યો. સં.૧૬૯૮માં રાજનગર – અમદાવાદમાં સંઘ સમક્ષ યશોવિજયે અષ્ટ અવધાન કર્યાં. સંઘમાં એક અગ્રણી નામે શાહ ધનજી સૂરાએ ગુરુને વિનંતી કરી કે આ બીજા હેમાચાર્ય થાય તેમ છે. કાશી જઈ છયે દર્શનના ગ્રંથનો અભ્યાસ કરે તો કામ પડયે જિનમાર્ગને ઉજ્જવલ કરી બતાવે તેમ છે. તેમણે આ માટે ખર્ચ કરવા તૈયારી બતાવી. આથી ગુરુએ કાશી પ્રત્યે વિહાર કર્યો, શ્રાવકે નાણાં મોકલ્યાં અને કાશીમાં

તાર્કિકકુલમાર્તંડ અને ષડ્દર્શનના અખંડ જ્ઞાતા એક ભટ્ટાચાર્ય હતા જેની પાસે સાતસો શિષ્ય મીમાંસા આદિનો અભ્યાસ જ્ઞાનરસપૂર્વક કરતા હતા, ત્યાં યશોવિજય પ્રકરણો ભણવા જોડાયા. ન્યાય, મીમાંસા, બૌદ્ધ, જૈમિની, વૈશેષિક આદિના સિદ્ધાંતોનો ત્રણ વર્ષ સુધી અભ્યાસ કર્યો અને સૂત્ર-મતાંતરો જાણી જિનાગમ સાથેનો સમન્વય કરી લીધો. એવામાં ત્યાં મોટા ઠાઠથી આવેલા એક સંન્યાસી સાથે વાદ કરી યશોવિજયે સર્વજન સમક્ષ તેના પર જીત મેળવતાં તે ચાલી ગયો અને તેમનો ભારે સત્કાર કરવામાં આવ્યો, અને 'ન્યાયવિશારદ' નામની મહાપદવી અપાઈ. ત્રણ વર્ષ કાશીમાં રહી ત્યાંથી તાર્કિક તરીકે આગ્રામાં આવ્યા. ત્યાં એક ન્યાયાચાર્ય પાસે તર્કશાસ્ત્રનો ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો. આ રીતે દુર્દમ્ય વાદી બની સ્થલેસ્થલે વાદમાં જીત મેળવતા વિદ્યાએ દીપતા પંડિત અમદાવાદ આવ્યા. ત્યાં આ શાસનદીપક પંડિતવર્યને જોવા તરસતા એવા અનેક વિદ્વાનો – ભટ્ટ, વાદી,] જયગાન ગાનારા એવા વાચક (ભોજક) અને ચારણભાટ આદિના ટોળાથી તથા સકલસંઘસમુદાયથી વીંટળાયેલા તેઓ નાગપુરીય સરાહ (હાલ જેને નાગોરી સરાય કહે છે તે) પધાર્યા. તેમની કીર્તિ સાંભળી ત્યાંના સુબા મહમતખાન(ગુજ્જરપતિ)ને તેમને જોવાની હોંસ થઈ, અને તેના કથનથી યશોવિજયે અઢાર અવધાન કરી બતાવ્યાં જેથી ખાને ઘણા ખુશ થઈ તેમની પ્રશંસા કરી આડંબરથી વાજતેગાજતે સ્થાનકમાં પધરાવ્યા. જિનશાસનની ઉન્નતિ, ખાસ તપગચ્છના સાધુની શોભા વધી અને તેમની 'અક્ષોભ પંડિત' તરીકે ખ્યાતિ થઈ. સકલ સંઘે શ્રી વિજયદેવસૂરિને વિનંતી કરી કે તેઓ બહુશ્રુત લાયક અને અજેય અનુપમ વિદ્વાન્ હોવાથી ત્યાં રહેવા દેવા, અને પદ આપવું. ગચ્છપતિ નાયકે પણ એમ જ ધાર્યું. પંડિતજી(યશોવિજયજી)એ સ્થાનકતપ – વીસ સ્થાનકની ઓળીનો તપ વિધિપૂર્વક આદર્યો. શુદ્ધ સંવેગથી પાળી સંયમ શુદ્ધ કર્યો. તે વખતે જયસોમ (આગળ જુઓ નં. ૮૫૬) આદિ પંડિતમંડળે તેમનાં 'અદોષ ચરણ' સેવ્યાં. ઓળીતપ પૂર્ણ થયા પછી વિજયપ્રભસૂરિએ સં.૧૭૧૮માં વાચક – ઉપાધ્યાયનું પદ તેમને આપ્યું. કાંતિવિજયજી તેમના ગુણનું વર્ણન કરે છે કે :

ઢાલ – આજ અમારે આંગણીયે – એ દેશી.

શ્રી **યશોવિજય** વાચક તણા, હું તો ન લહું ગુણવિસ્તારો રે,
ગંગાજલકણિકા થકી, એહના અધિક અછે ઉપગારો રે. શ્રી. ૧

વચનરચન સ્યાદ્વાદનાં, નયનિગમ આગમ ગંભીરો રે,
ઉપનિષદા જિમ વેદના, જસ કવિ ન લહે કોઈ ધીરો રે. શ્રી. ૨
શીતલ પરમાનંદિની, શુચિ વિમલસ્વરૂપા સાચી રે,
જેહની રચના ચંદ્રિકા, રસિયા જણ સેવે રાચી રે. શ્રી. ૩
લઘુબાંધવો હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે,
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે. શ્રી. ૪

પછી યશોવિજયનો સ્વર્ગવાસ ડભોઈ ચોમાસું સં.૧૭૪૩ રહ્યા હતા ત્યારે થયું હતું તે જણાવે છે :

સત્તર ત્રયાલે ચોમાસું રહ્યા, પાઠક નગર ડભ્યોઇ રે,
તિહાં સુરપદવી અણુસરી, અણસણ કરી પાતય ધોઇ રે. શ્રી. ૫
સીત તલાઇ પાખતી, તિહાં થૂભ અછે સસનૂરો રે,
તે માંહિથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવસિ પડુરો રે. શ્રી. ૬

વળી ગુણગાન કરે છે કે :

સંવેગી સિરસેહરો, ગુરુ જ્ઞાનરયણનો દરિયો રે,
કુમતતિમિર ઉચ્છેદિવા, એ તો બાલારૂણ દિનકરિયો રે. શ્રી. ૭

પછી પોતે લખવાનું કારણ આપી 'સુજસવેલી'નામા ભાસ પૂરી કરે છે કે :

શ્રી પાટણના સંઘનો, લહી અતિ આગ્રહ સુવિશેષિ રે,
સોભાવી ગુણ કુલડિ, ઇમ સુજસવેલી મ્હે લેષિ રે. શ્રી. ૮
ઉત્તમ ગુણ ઉદ્ભાવતા, મ્હે પાવન કીધી જીહા રે,
કાંતિ કહે જસ વેલડી, સુણતાં હુઇ ધનધન દીહા રે. શ્રી. ૯

ડભોઈમાં તેઓ સ્વર્ગવાસ પામ્યા પછી ત્યાં સમાધિસ્તૂપમાં તેમની પાદુકાની પ્રતિષ્ઠા તેમના કોઈ શિષ્યે સં.૧૭૪૫માં કરેલી છે તેનો લેખ ઘસાયેલો પણ હાલ મોજૂદ છે :

(૧) સંવત ૧૭૪૫ વર્ષે. શા. ૧૬૧૧.
(૨) પ્રવર્તમાને માર્ગશીર્ષ માસે શુકલપક્ષે એકાદશી તિથૌ. ૭.
(૩) શ્રી શ્રી હીરવિજયસૂરીશ્વર શિષ્ય, પં. શ્રી કલ્યાણવિજય ગ.
(૪) શિષ્ય, પં. શ્રી લાભવિજય ગ. શિષ્ય પં. શ્રી જીતવિજય ગ. સોદર.
(૫) સતીર્થ્ય પં. શ્રી નયવિજય ગ. શિષ્ય પં. શ્રી જસવિજય.
(૬) ગણીનાં પાદુકા કારાપિતા, પ્રતિષ્ઠિતાડયં.

(૭) તત્ત્વરણસેવક...વિજયગણિના શ્રી રાજનગરે.

આ લેખ અમદાવાદમાં સં.૧૭૪૫માં કોતરાવેલો ને ડભોઈમાં લઈ જઈ સ્થાપિત કરેલો. આ પરથી સં.૧૭૪૫ની સાલ તેમના સ્વર્ગગમનની અત્યાર સુધીમાં ગણાતી, તે ભ્રમણા હતી એમ સિદ્ધ થયું છે.

તેમના જીવનની કેટલીક ઘટનાઓ અંતરંગ પ્રમાણથી મળી આવે છે તેનો ઉલ્લેખ કરીશું. સંસ્કૃતમાંના પોતાના 'તર્કભાષા'માં પ્રશસ્તિ રૂપે જણાવે છે કે "કાશીમાં પ્રથમ તો પંડિતોએ પોતાને 'ન્યાયવિશારદ' નામનું બિરુદ આપ્યું હતું અને પાછળથી જ્યારે સો (૧૦૦) ગ્રંથો રચ્યા ત્યારે 'ન્યાયાચાર્ય'નું મહાન્ પદ આપવામાં આવ્યું." આ ન્યાયાચાર્ય પદ અપાવનાર આ સો ગ્રંથ કયા તેનો તો હજી સુધી કાંઈ પણ પત્તો મળતો નથી કારણકે જે ગ્રંથો હાલ મળે છે તે પ્રાયઃ કરીને બધા કાશીથી આ દેશમાં આવ્યા પછીના કરેલા છે. કાશીમાં રચેલું એક પણ પુસ્તક હજી સુધી હસ્તગત થયું નથી. આ ઉપરાંત 'ભાષારહસ્ય' નામના સ્વરચિત સં. ગ્રંથમાં પ્રારંભે કરેલા ઉલ્લેખથી જણાય છે કે તેઓશ્રીએ 'રહસ્ય' પદ વડે અંકિત એવા એકસો આઠ (૧૦૮) ગ્રંથ રચવા ધારેલા હતા. આમાંથી કેટલા રચ્યા તે સંબંધે કાંઈ પણ હકીકત મળી નથી. માત્ર આમાંના 'ભાષારહસ્ય', 'ઉપદેશરહસ્ય' અને 'નયરહસ્ય' નામના ત્રણ જ ગ્રંથો મળ્યા છે.

પાટણના એક ભંડારમાં એક છૂટક પાના પર કોઈએ કરેલી "સંવત્ ૧૭૬૭ વર્ષે કાતી શુદિ ૨ દિને પત્તન મધ્યે ઉપાધ્યાય શ્રી યશોવિજય કૃત ગ્રંથા" આવા મથાળાવાળી નોંધમાં ૧૧ ગ્રંથોની ટીપ એ પ્રમાણે છે કે: ૧. વીરસ્તવટીકા શ્લોકસંખ્યા ૧૨૦૦૦, ૨. સિદ્ધાંતમંજરીટીકા, ૩. અલંકારચૂડામણિટીકા ૧૪૦૦૦, ૪. કાવ્યપ્રકાશટીકા, ૫. અનેકાંતવ્યવસ્થા ૮૦૦૦, ૬. તત્ત્વલોકવિવરણ, ૭. જ્ઞાનાર્ણવ, ૮. વેદાંતનિર્ણય, ૯. તત્ત્વાર્થટીકા, ૧૦. કૂપદૃષ્ટાંતવિંશદીકરણ, ૧૧. આનંદઘન બાવીસી બાલાવબોધ. આ સિવાય બીજા અલભ્ય ગ્રંથોનાં નામ ભંડારની ટીપોમાંથી જે જાણવામાં આવ્યાં છે તે આ છે:-

૧૨. અધ્યાત્મોપદેશ, ૧૩. આત્મખ્યાતિ, ૧૪. છંદશ્ચૂડામણિટીકા, ૧૫. જ્ઞાનસારચૂર્ણિ, ૧૬. તત્ત્વવિવેક, ૧૭. ત્રિસૂત્યાલોકવિધિ, ૧૮. પ્રમારહસ્ય, ૧૯. સ્યાદ્વાદરહસ્ય, ૨૦. માર્ગપરિશુદ્ધિ, ૨૧. વિચારબિંદુ, ૨૨. વિધિવાદ, ૨૩. શઠપ્રકરણ, ૨૪. મંગલવાદ, ૨૫. દ્રવ્યાલોક, ૨૬.

પાતંજલ યોગસૂત્રચતુર્થપાદવૃત્તિ, ૨૭. સિદ્ધાન્તતર્કપરિષ્કાર, ૨૮. ચતુર્વિંશતિજિન(ઐંદ્ર)સ્તુત્યઃ.

આ પૈકી સુભાગ્યે નં.૯નો અમુક ભાગ મળી આવ્યો છે ને હાલ તે છપાયો છે. નં.૨૬નો આખો ગ્રંથ મળી આવ્યો ને તે પંડિત સુખલાલજીની ગુજરાતી સાહિત્યની ટીકા સહિત આત્માનંદ સભાએ છપાવ્યો છે.

હવે નં.૧૧ સિવાયના સર્વ ગ્રંથો સંસ્કૃતમાં જણાય છે. નં.૧૧ પરથી જણાય છે કે તેઓશ્રીએ આનંદઘન યોગીરાજ (જુઓ નં.૮૩૬)ના સુપ્રસિદ્ધ અને ગંભીરવિચારપૂર્ણ ૨૨ સ્તવનો પર પણ બાલાવબોધ કર્યો છે. તે અતિ મહત્ત્વની કૃતિ હશે એ નિઃશંક છે. મહાન્ યોગીના ગંભીર ઉદ્‌ગારો ઉપર મહાન્ તત્ત્વવેત્તાનું વિવરણ, તે સુવર્ણમાં સુગંધ મેળવવા બરોબર છે. જો તે ગ્રંથ મળે તો આનંદઘનજીના જીવન સંબંધમાં અને ઉપાધ્યાયજીની તેમના પ્રતિ પ્રીતિ-ભક્તિના વિષયે જાણવા જેવી ચોક્કસ હકીકતો મળી શકે. આનંદઘનજી પ્રત્યે પોતાની ભક્તિ તેમના પર આઠ પદની 'અષ્ટપદી' રચી બતાવી આપી છે. તેમાંનું નમૂનારૂપ 'આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદસમ ભયો સુજસ, પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હીં તાકે કસ.' આ સિવાય લભ્ય ગુજરાતી કૃતિઓનું સૂચિપત્ર આમાં આપ્યું છે, જ્યારે લભ્ય સંસ્કૃતાદિ ગ્રંથો નીચે પ્રમાણે છે :

જૈન તર્કપરિભાષા, નયપ્રદીપ, નયોપદેશ, નયરહસ્ય, જ્ઞાનબિંદુ, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, યતિલક્ષણસમુચ્ચય, અધ્યાત્મમતખંડન યાને અધ્યાત્મમતપરીક્ષા, દેવધર્મપરીક્ષા, પ્રતિમાશતક, ભાષારહસ્ય, ગુરુતત્ત્વનિર્ણય, વૈરાગ્યકલ્પલતા, ઉપદેશરહસ્ય, જ્ઞાનસાર, ન્યાયખંડખાદ્ય, ન્યાયાલોક, અષ્ટસહસ્રીટીકા, દ્વાત્રિંશિકા, શાસ્ત્રવાર્તાસમુચ્ચય પર ટીકા નામે સ્યાદ્વાદકલ્પલતા, આ સર્વ મુદ્રિત છે અને પરમાત્મદર્શન-પંચવિંશતિકા, પરમજ્યોતિઃ પંચવિંશતિકા, મુદ્રિત છે. અમુદ્રિત પણ લભ્ય એવા ગ્રંથો ષોડશકવૃત્તિ, કર્મપ્રકૃતિટીકા, ધર્મપરીક્ષા સવૃત્તિ, પંચનિર્ગ્રંથપ્રકરણ, પ્રતિમાસ્થાપનન્યાય, મુક્તાશુક્તિ, સામાચારીપ્રકરણ સવૃત્તિ, સ્તોત્રો.

ગણ, ગચ્છ અને સંઘના રક્ષણાર્થે, તેમની ઉન્નતિ માટે અને પરસ્પરનો પ્રેમભાવ સાચવવા માટે શ્રી હીરવિજય, વિજયસેન, વિજયદેવ, વિજયપ્રભ આદિ સૂરિઓએ જુદીજુદી વખતે શાસનપત્રો અને મર્યાદાપટ્ટો

કાઢ્યા હતા તેમ ઉપાધ્યાયજી મહારાજે પણ સુવિહિત પ્રવૃત્તિ પ્રગટ કરવા માટે અને જિનશાસનની શુદ્ધતા જાહેર કરવા માટે આત્માર્થી અને પરિણત સમવાયયોગ્ય શાસનપત્રો પ્રકટ કર્યાં હોય એમ જણાય છે. એ નિઃસંશય વાત છે કે ઉપાધ્યાયજી સ્વસમયમાં અદ્વિતીય કર્મયોગી શ્રમણ અને સુવિદિત જનના અતિ ઉચ્ચ નેતા હતા. તેમના જેવા વિદ્વાન્, સહનશીલ, કર્તવ્યપરાયણ, શાસનરસિક અને સત્યમાર્ગપ્રકાશક શ્રમણ સ્વસમયમાં શું પરંતુ સેંકડો વર્ષમાં કોઈ થયેલ નથી એવું સ્પષ્ટ દીસી આવે તેમ છે. આવી સ્થિતિમાં પોતે ગચ્છનાયક ન હોવા છતાં તેના જેવી આજ્ઞાઓ અને મર્યાદાઓ બાંધે તો તેમાં નવાઈ જેવું કશું નથી. આવું એક શાસનપત્ર સં.૧૭૩૮ના વૈશાખ સુદ ૭ ગુરુનું બનતાં સુધી ખુદ પોતાના હાથનું લખેલું મુનિશ્રી જિનવિજયજીને પ્રાપ્ત થયેલું તે પોતે પ્રકટ કર્યું છે. (જુઓ તેમનો લેખ, આત્માનંદ પ્રકાશ, વીરાત્ ૨૪૪૨ પોષ પુ ૧૩, અં.૬ કે જેના પરથી ઉપરની હકીકત લીધી છે.) તેમની શિષ્યપરંપરા ચાલી છે. તેમના શિષ્ય તત્ત્વવિજયે (જુઓ હવે પછી સં.૧૭૨૪ના ક્રમમાં) 'અમરદત્ત મિત્રાનંદનો રાસ' સં.૧૭૨૪માં રચ્યો છે. વળી તેમના ગુણવિજય કે જેના સુમતિવિજય કે જેના ઉત્તમવિજય કે જેના પ્રતાપવિજય થયા કે જેણે યશોવિજયકૃત 'સીમંધર સ્વામીનું સ્તવન' લખ્યું છે. તેમણે પોતા માટે વિશેષ લખ્યું નથી છતાં 'જંબુસ્વામીના રાસ'ના મંગલાચરણમાં જણાવ્યું છે કે શારદાનો જાપ ગંગા પાસે ધરતાં તે તૂઠી હતી, તર્કકાવ્યનો વર આપ્યો હતો અને ભાષા પર પ્રભુત્વ આપ્યું હતું.

(૩૧૪૬) + દ્રવ્યગુણ પર્યાયનો રાસ ૧૭ ઢાળ ૨૮૩ કડી ૨.સં.૧૭૧૧

પાલણપુર ભંડારની મૂલ ને તત્કાલીન પ્રતિમાં દેશી કર્તાએ કે લેખકે પાછળથી મૂકેલી જોવામાં આવે છે: નામે તે બલીઆ ભાઈ તે બલીઆ, લાલ રીષભનો વંસ રયણાગર અને કોસંબીયાપૂ નયરી સોહિ: બાકી માટે જગ્યા મૂકી છે; પણ પાછળથી દેશી મૂકેલી નથી.

આદિ – શ્રી ગુરુ **જીતવિજય** મનિ ધરી, શ્રી **નયવિજય** સુગુરુ આદરી,
આતમ અર્થીનઈ ઉપકાર, કરું દ્રવ્યઅનુયોગવિચાર. ૧
વિના દ્રવ્યઅનુયોગવિચાર, ચરણકરણનો નહીં કો સાર,
સંમતિ ગ્રંથઈ ભાષિઉં ઈસ્યૂં, તે તો બુધજન મનમાં વસ્યૂં.૨

અંત – ઢાલ ૧૭ ધન્યાસરી.
તપગચ્છનંદન સુરતરુ પ્રગટ્યો, **હીરવિજય** સૂરીંદો;

સકલ સૂરિમાં જે સોભાગી, જિમ તારામાં ચંદો રે. હમચડી. ૧
તાસ પાટિં **વિજયસેન** સુરીસર, જ્ઞાનરયણનો દરિઉ;
સાહિસભામાં જે જસ પાંમ્યો, વિજયવંત ગુણભરિઓ રે. હ. ૭૨
તાસ પાટ **વિજયદેવ** સૂરિસર, મહિમાવંત નિરીહો;
તાસ પાટ **વિજયસિંહ** સૂરિસર, સકલ સૂરિમાં લીહોજી. હ. ૭૩
તે ગુરુના ઉત્તમ ઉદ્યમથી, ગીતારથ ગુણ વાધ્યો;
તસ હિતસીખ તણે અનુસારે, જ્ઞાનયોગ એ સાધ્યો રે. હ. ૭૪
જસ ઉદ્યમ ઉત્તમ મારગનો, ભલે ભાવથી લહીઇ;
જસ મહિમા મહિમાઇ વદિતો, તસ ગુણ કેમ ન ગહીઈ રે. હ. ૭૫
કલ્યાણવિજય વડવાચક, **હીરવિજય** ગુરૂસીસો;
ઉદયો જસ ગુણસંતતિ ગાવે, સુરકિન્નર નિસદીસો રે. હ. ૭૬
ગુરૂશ્રી **લાભવિજય** વડ પંડિત, તાસ સીસ સોભાગી;
શ્રુતવ્યાકરણાદિક બહુ ગ્રંથે, નિત્યે જસ મતિ લાગી રે. હ. ૭૭
શ્રીગુરૂ **જીતવિજય** તસ સીસો, મહિમાવંત મહંતો;
શ્રી **નયવિજય** વિબુધ ગુરૂભ્રાતા, તાસ મહા ગુણવંતો રે. હ. ૭૯
જે ગુરૂ સ્વપર સમય અભ્યાસે, બહુ ઉપાય કરી **કાસી**;
સમ્યગ્દર્શન સુરૂચિ સુરભિતા, મુઝ મતિ શુભ ગુણ વાસી રે. હ. ૮૦
જસ સેવા સુપસાયે સહજે, ચિંતામણિ મેં લહિઓ;
તસ ગુણ ગાઇ સકું કિમ સઘલા, ગાવાને ગહગહિઓ રે. હ. ૮૧
તે ગુરૂનિ ભગતિ શુભશક્તિ, વાણી એહ પ્રકાશી;
કવિ **જશવિજય** ભણે એ ભણજો, દિનદિન બહુ અભ્યાસી રે. હ. ૮૨

કલશ.

ષમ દ્રવ્યગુણ પર્યાય કેરી, જેહ વાણી વિસ્તરી,
ગતપાર ગુરૂ સંસારસાગર, તરણતારણ તરવરી (વરતરી);
તે એહ ભાખી સુજન-મધુકર-રમણ સુરતરૂમંજરી,
શ્રી નયવિજય બુધ ચરણસેવક, **જશવિજય** બુધ જય કરી. ૨૮૩

(૧) સં.૧૭૧૧ વર્ષે પંડિત **જસવિજયગણિ**ના વિરચિતઃ **સંઘવી** હાંસાકૃતે આષાઢ માસે **શ્રી સિદ્ધપુર** નગરે લિખિતશ્ચ ભટ્ટારકશ્રી **વિજય-દેવસૂરિ** રાજ્યે પં. **નયવિજયે**ન શ્રી **સિદ્ધપુર** નગરે પ્રથમાદર્શઃ સકલ વિબુધજનચેતશ્ચમત્કારકોયં રાસઃ સકલ સાધુજનૈરભ્યસનીયઃ શ્રેયોસ્તુ સંઘાય. પ.સં.૧૧–૧૬, સંઘ ભં.પાલણપુર હા.૪૬ નં.૧૦. (આ પ્રતિ

કવિના સમયની જ હોવાથી પૂર્ણ વિશ્વસનીય છે. અને સં.૧૭૧૧માં આ કૃતિ થઈ તે સિદ્ધ કરે છે. લેખક નયવિજય કવિના ગુરુ જ સંભવે છે. આની અંદર યશોવિજય ઉપાધ્યાયના પોતાના પણ હસ્તાક્ષરો છે.) (૨) ખંભાયતિ બંદરે મહોપા. **શુભવિજય-હિતવિજય-માણિક્યવિજય** લિ. પ.સં.૧૭-૧૨, ખેડા ભં.૩. (૩) લિ. પં. **નયવિમલગણિ**(જ્ઞાનવિમલસૂરિ)ના **વાસહી** ગ્રામે. પ.સં.૯-૧૮, સીમંધર. દા.૧૯ નં.૧૭. (૪) ગ. **જિ**[?]સાગર લ. **સ્તંભતીર્થે**. પ.સં.૧૪-૧૨, સીમંધર. દા.૨૨. (૫) પ.સં.૨૫-૯, ડાયરાનો ઉપાશ્રય, પાલણપુર દા.૩૮ નં.૧૫. (૬) યતિશ્રી ઉપાધ્યાય શ્રી ૧૦૮ શ્રી **જશો**વિજયગણિ કૃતે દ્રવ્યગુણ પર્યાય રાસ સંપૂર્ણમિદં.

યમુચિતપદાર્થોલ્લાપનશ્રાવ્યશોભા,
બુધજનહિતહેતુ ભાવનાપુષ્પવાટી;
અનુદિનમિત એવ ધ્યાનપુષ્પૈરુદારૈ,
ર્ભવતુ ચરણપૂજા જૈન વાગ્દેવતાયાઃ.

સં.૧૮૧૭ ભાદ્ર.વ.૯ ભોમે લિ. ગણિ **અમૃતવિજયેન**. **મુનિસુવ્રત** પ્રસાદાત્. પ.સં.૫૬-૯, સ્વોપજ્ઞ બાલા. સહિત, ભ. ભં. (ટબો સ્વોપજ્ઞ લાગે છે કારણકે તેમાં 'ઐંદ્ર શ્રેણિનતં નત્વા' એમ ઐંદ્ર અક્ષરથી શરૂ થતો પ્રથમારંભે શ્લોક છે કે જે યશોવિજયનો દરેક સંસ્કૃતાદિ ગ્રંથમાં જોવામાં આવે છે.) (૭) સં.૧૮૧૧ કા.કૃષ્ણ ૫ કર્મવાટયાં સોમે ટબા સહિત. પ.સં.૫૮-૬, લીં.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૧, ૨૬૯, ૪૧૧, ૪૧૩, ૪૨૮, ૫૦૦, ૫૪૮, ૫૮૨, ૫૮૪, ૫૯૮, ૬૨૪).]

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૧. [૨. યશોવિજયજીકૃત ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૨.]

(૩૧૪૭) + સીમંધર સ્વામી વિનતિરૂપ ૩૫૦ ગાથાનું સ્તવન

૧૭ ઢાળ લ.સં.૧૭૧૨ પહેલાં

આ સ્તવન કવિના સમયની સ્થિતિ બતાવનાર તથા કવિની મનોદશા દર્શાવનાર છે. તેથી ઉપદેશકોને ઘણો પાઠ લેવાનો છે. આ પર ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે સં.૧૮૩૦માં બાલાવબોધ – વાર્તિક (ટબો) રચ્યો છે.

આ સ્તવન પર કવિના સમકાલીન જ્ઞાનવિમલસૂરિએ ટબો – ગુજરાતી ગદ્યમાં બાલાવબોધ કર્યો છે તેની બે પ્રતો પાલીતાણામાં આણંદજી

કલ્યાણજી પેઢીમાંના ભંડારમાં પ.સં.૮૯-૧૩ અને પ.સં.૬૬-૧૫ છે. (જુઓ જ્ઞાનવિમલ.) છેલ્લી પ્રશસ્તિ પર આ પ્રમાણે તે ટબામાં જણાવ્યું છે કે :

"વડતપાગચ્છરૂપ નંદનવનનેં વિષઈં સુરતરૂ સરિખો કલ્પવૃક્ષ સમાન શ્રી હીરવિજયસૂરિ જયવંતા પ્રવર્ત્તો. આચાર્યમાંહઈં રાજા સમાન છઈ. તાસ પાટઈં વિજયસેનસૂરી આચાર્ય થયા. જેહના ચરણકમલ નરપતિ ઠાકુર તે પ્રણમઈં છઈ. જિહાંગીર પાતિસાહે સવાઇ જગદ્ગુરૂ ઇતિ બિરૂદ દીધઉ. ૩૪૯. તસ પટ્ટ પ્રભાવક શ્રી વિજયદેવસૂરિ થયો. તેહનઈં પાટઈં શ્રી વિજયસિંહસૂરિ ગચ્છભારધુરિધર વા ધોરી વૃષભ સમાન થયા જેહની હિતશિષ્યા થકી આજ્ઞા પામીનઈં એ સંવેગમાર્ગ શુદ્ધ કથન યથા સમયઈં શક્તિનઈં અનુસારઈં સંયમમાર્ગ પાલવાનો ખપ તે સંવેગમાર્ગ આદર્યઉ. જેહ સંવેગમાર્ગ અંગીકરણથી કુમત-કુગુરૂ-કથન-શ્રવણરૂપ ચોરી તીર્થંકર અદત્તાદિકની ટલી મોટી ગઈ ૩૫૦. તે શ્રી હીરવિજયસૂરિ તેહના શિષ્ય માંહિ અવતંસ શિરોમણિ સમાન મોટો પ્રધાન થયો, વાચક ઉપાધ્યાયનઈં વિષઈં રાજા સમાન કલ્યાણવિજય નામા હેમાચાર્ય સરિખ શબ્દાનુશાસન હૈમ વ્યાકરણાદિકઈં કરી થયા. તેહના શિષ્ય પંડિત પ્રધાન લાભવિજય વ્યાકરણી થયા. તેહના શિષ્ય જીત મર્યાદા જાણ જીતવિજયનામા પંડિત પ્રધાન થયા. તેહના ગુરૂભાઈ એક ગુરૂના શિષ્ય નયવિજય પંડિત થયા કાસી માંહિ મઠનઈં વિષઈં વિદ્યાના આશ્રમઈં જેહથી ભલા મનોહર ન્યાયદર્શન નૈયાયિક દર્શન નામ મહા મોટા ભાવ પામ્યા, પર સમય શાસ્ત્રના જાણ થયા. વલી જે ગુરૂના પ્રતાપ થકી પામ્યા સકલનયનિપુણ સર્વ શાસ્ત્રના ડાહાપણના ભંડારરૂપ એહવા જે સિદ્ધિસેનાદિકૃત નિષ્પાદિત જે ગ્રંથ સંમત્યાદિક તેહના ભાવ જાણીઈં તેહવા જે સુગુરૂની કૃપા તે કેહવી છઈ હે પ્રભો તુમ્હારા સુગુણ જે વચનરૂપ રત્નાકર સમુદ્ર તેહ પાર પામવાનઈં તે ગુરૂની કૃપા માહરઈ નાવા બેડી સમાન છઈ. ૩૫૩ ઢાલ સાતમો પૂરો થયો ૧૭. હવે સ્તવનરૂપ પ્રસાદને વિષે કલશરૂપ છંદ કહે છઈ. ઇણઇ પ્રકારે સકલ સુખનો કારક દુરિત કુમનનો જે ભયનો હરણહાર એહવો નાયક શ્રી સીમંધરસ્વામિ સાહિબની એ વીનતીનાં વચન ભાવ આણી જે સાંભલઈં તથા મન માંહિ અનુભવ આણી ભણઈં તે ઘણી લીલાલક્ષ્મી માનપૂજાદિકની પામઈં શોભાઈ. સહિત એહવા જે શ્રી નયવિજય પંડિત તેહના જે ચરણકમલ તેહનો સેવક

શ્રી જસવિજય નામા પંડિત તેણઈ પોતાની રૂચિ આત્માનો ભાવ સંવિગ્ન-માર્ગનો અનુભવ પ્રકટ કીધો, પરના ઉપગારનેં કાજઈ એ સ્તવન સાંભલેં તેહનઈ કુમતિ પરાભવ ન થાઈ પોતાની મતિ સારૂ શાસ્ત્રમર્યાદાની રીતિ સાંભલી ઘણા લોક લોકસંજ્ઞાના ગહિલા છે તે ડાહા થાઈ. ૩૫૪" (પછી માટે જુઓ જ્ઞાનવિમલસૂરિના આ પરના ટબા સંબંધમાં.)

આદિ – ઢાલ પહેલી. એ છંડિ કિહાં રાખી – એ દેશી.

શ્રી **સીમંધર** સાહિબ આગેં, વિનતડી એક કીજેં,
મારગ શુદ્ધ મયા કરી મુઝને, મોહન મૂરતિ દીજેં રે,
જિનજી, વિનતડી અવધારો. ૧

ચાલે સૂત્ર વિરૂદ્ધા ચારેં, ભાષે સૂત્ર વિરૂદ્ધ,
એક કહેં અમે મારગ રાખૂં, તે કેમ માનૂં શુદ્ધ રે. જિનજી. ૨

અંત – ઢાલ ૧૭ કડખાની દેશી.

આજ જિનરાજ મુજ કાજ સિદ્ધાં સવે, વીનતી માહરી ચિત્ત ધારી.

*

વડતપાગચ્છનંદન વને સુરતરૂ, **હીરવિજયો** જયો સૂરિરાયા,
તાસ પાટે **વિજયસેન** સૂરીસરૂ, નિત નમે નરપતિ જસ પાયા.
આજ. ૯ (૩૪૯)

તાસ પાટે **વિજયદેવ** સૂરીસરૂ, પાટ તસ ગુરૂ **વિજયસિંહ** ધોરી,
જસ હિતશીખથી માર્ગ એ અનુસર્યો, જેહથી સવિ ટલી કુમતિચોરી. આજ. ૧૭ (૩૫૦)

હીર ગુરૂ સીસ અવતંસ મોટો હુઓ, વાચકારાજ **કલ્યાણવિજયો**, **હેમ**ગુરૂ સમવડેં શબ્દ અનુશાસને, સીસ તસ વિબુધવર **લાભ-વિજયો**. આજ. ૧૧

શીસ તસ **જીતવિજયો** જયો વિબુધવર, **નયવિજય** વિબુધ તસ સુગુરૂ ભાયા,
રહિઅ **કાશી**મઠેં જેહથી મેં ભલે, ન્યાયદર્શન વિપુલ ભાવ પાયા. આજ. ૧૨

જેહથી શુદ્ધ લહિયેં સકલ નય નિપુણ, **સિદ્ધસેના**દિ કૃત શાસ્ત્રભાવા,
તેહ એ સુગુરૂ કરૂણાપ્રભો તુઝ સુગુણ, વયણ રયણાયરી મુઝ નાવા. આજ. ૧૩

કલસ.

ઇમ સકલસુખકર દુરિતભયહર સ્વામી શ્રીમંધર તણી,
એ વીનતિ જે સુણે ભાવે તે લહે લીલા ઘણી,
શ્રી **નયવિજય** બુધ ચરણસેવક **જશવિજય** બુધ આપણી,
રૂચિ શક્તિ સારૂં પ્રગટ કીધી શાસ્ત્ર મર્યાદા ભણી.

(૧) સં.૧૮૧૪ મહા વ.૫ મંગલવારે લ. ઠાકોર ઉમેદરામ ઓલજી પઠનાર્થ શ્રા. રાજૂબાઇ ભાગ્યનગર મધ્યે. પ.ક.૩થી ૮, ત્રુટક, અભય. નં.૭૩૭. (૨) ગ્રં.૪૭૫, સં.૧૭૫૪ આ.વ.૫ શુક્રે મયાચંદ શિ. સુગાલચંદ લિ. પ.સં.૧૭, જિ.ચા. પો.૮૩ નં.૨૧૬૫. (૩) પ.સં.૫, મહિમા. પો.૬૩. (૪) ગ્રં.૪૭૫ સાગરગચ્છાધિરાજ પુણ્યસાગરસૂરિ શિ. પં. મુક્તિસૌભાગ્યગણિમિશ્રેણ લિ. ભાઇચંદ કાનજીકસ્ય પ્રતિ શ્રીમત્યે સુશ્રાશ્રી માધવરાય રાજ્યે ઓરસિદ્ધાખ્ય નગરે સં.૧૮૨૯ શ્રા.શુ.૧૪ બુધે શ્યામલ પાર્શ્વપ્રસાદાત્. પ.સં.૧૫-૧૪, સીમંધર. દા.૨૦ નં.૫૭. (૫) સં. ૧૭૮૫ જ્યે.વ.૬ રવિ શ્રી સુરતપુર મધ્યે. પ.સં.૨૮-૯, સીમંધર. દા.૨૦ નં.૫૯. (૬) સં.૧૮૦૫ શાકે ૧૭૭૦ અષાઢ વદ ૩ શુક્રે લ. રાજનગરે. પ.સં.૨૪-૯, સીમંધર. દા.૨૦ નં.૮૨. (૭) પ.સં.૧૬-૧૬, જૈના. નંદ. નં.૩૩૮૪. (૮) પ.સં.૧૮-૧૩, હા.ભં. દા.૬૩ નં.૧૮૦. (૯) પ.સં. ૩૧-૯, હા.ભં. દા.૮૩ નં.૧૯૬. (૧૦) સં.૧૭૭૨ કા.વ.૫ ગુરૂ ઉદયપુરે પં. રૂપસાગરેણ લિ. શ્રાવિકા શ્રી સાઇમતીજી પઠનાર્થં. પ.સં.૩૧-૯, હા.ભં. દા.૮૨ નં.૨૧૫. (૧૧) સં.૧૭૧૨ વર્ષે ચૈત્ર શુદિ ૧૧ વાર બુધે લષિતં ગાંધી મનજી લષાવિતં. ગ્રં.૪૨૨. વી.ઉ.ભં. દા.૧૭ પો.૩. (૧૨) જ્ઞાનવિમલસૂરિકૃત ટબ્બાસહિત: સં.૧૮૨૭ ફા.શુ. ચંદ્રવારે લિ. પાર્શ્વપ્રસાદાત્. પ.સં.૪૭, સુંદર પ્રત, વિરમગામ સંઘ ભં. (૧૩) સં.૧૭૭૦ જ્યે. સિત ૭ સોમ લિ. પં. વૃદ્ધિવિજયેન ધનૌધ બંદિરે. આ.ક.ભં. અમ. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૬૧, ૨૮૦, ૨૮૧, ૪૯૫, ૫૫૨, ૫૭૬, ૫૭૭).]

પ્રકાશિત: ૧. પ્રકરણ રત્નાકર ભા.૧ (ટબ્બાસહિત). ૨. સજ્જન સન્મિત્ર પૃ.૨૫૯-૮૮. [૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૪૮) + સમુદ્રવહાણ સંવાદ ૨૮૬ કડી ૨.સં.૧૭૧૭

આદિ – શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવન્ત;
કરશું કૌતુક કારણે, વાહણ સમુદ્ર વૃત્તાન્ત. ૧
એહમાં વાહણ સમુદ્રનાં, વાદવચનવિસ્તાર;

સાંભલતાં મન ઉલ્લસે, જિમ વસંત સહકાર. ૨
મોટાં નાનાં સાંભલો, મત કરો ગુમાન;
ગર્વ કર્યો રયણાયરે, ટાળ્યો વાહણે નિદાન. ૩
વાદ હુઓ કિમ એહને, માંહોમાંહે અપાર;
સાવધાન થઇ સાંભલો, તે સવિ કહું વિચાર. ૪

અંત – એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વત્યાગ હિત કાજ;
તપગચ્છભૂષણ સોભતા, **શ્રી વિજયપ્રભ** સૂરિરાજ. ઢ. ૧૭
શ્રી **નયવિજય** વિબુધ તણો હો, સીસ ભણે ઉલ્લાસ;
એ ઉપદેસે જે રહે, તે પામે સુજસવિલાસ. ઢ. ૧૮
મુનિ વિધુ સંવત જાણીઇં હો તેહ જ વર્ષ પ્રમાણ;
કવિ **જસવિજયજી** એ રચ્યો,
ઘોઘા બંદરઇ એ રચ્યો, ઉપદેસ ચઢ્યો સુપ્રમાણ. ઢ. ૧૯ (૨૮૬)

—ઇતિ યાનપત્રયાદસ્પત્યોઃ પરસ્પરં પ્રશસ્ય સંવાદાલાપઃ સમાપ્તઃ.

(૧) શાહ શ્રી **વેલજી સોમકરણ** પઠનાર્થં સં.૧૭૫૮ કા.વ.૯ **તપા**-ગચ્છે શ્રી **વિજયદેવસૂરિ** સમવાયે વૃદ્ધજ્ઞાતીય શાહ **વેલજી સોમકરણનો** ચોપડો. પ.સં.૬, ગુ. (૨) શ્રી **ઘોઘા** બંદરે. પ.સં.૧૦–૧૫, પાદરા.ભં. નં.૧૩. (૩) સંવત ૧૭૬૧. પ.સં.૯–૧૫, હા.ભં. દા.૮૨ નં.૬૬. [જૈહા-પ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. બુદ્ધિસાગરજીકૃત ભજન પદસંગ્રહ ભા.૪ પૃ.૨૦૧–૩૨. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૪૯) [+] સાધુવંદણા ૮ ઢાળ ૧૦૧ કડી ૨.સં.૧૭૨૧ વિજયાદશમી ખંભાતમાં

આદિ – પ્રણમું શ્રી **ઋષભાદિ** જિણેસર સુવણ દિણેસર દેવ,
સુરવર કિન્નર વિદ્યાધર જેહની સારઈ સેવ;
પુંડરીક પમુહાવલિ વંદુ ગણધર મહિમા ગેહ,
જેહનું નામ ગોત્ર પણિ સુણતાં લહિઈ સુખ અછેહ.

અંત – **ખંભનયર**માં રહિય ચોમાસું, સાધુ તણા ગુણ ગાયા રે,
સંવત **સતર** ઇકવીસા વરસે, વિજયદશમી સુખ પાયા રે.
શ્રી **વિજયપ્રભસૂરિ** વિરાજઇ, **તપા**ગચ્છ કેરા રાયા રે;
તસ રાજે ભવિજન હિત કાજઈ, કીધો એહ સઝાય રે. ૯૮
શ્રી **કલ્યાણવિજય**વર વાચક, **તપ**ગચ્છ-ગયણદિણંદા રે;

તાસ સીસ શ્રી **હાલવિજય** બુધ, આગળ કૈરવ ચંદા રે.
તાસ સીસ શ્રી **જીતવિજય** બુધ, **શ્રી નયવિજય** મુણિંદા રે;
વાચક **જસવિજય**ઈ તસ સીસઈ, ગણ્યા સાધુ ગુણવૃંદા રે. ૯૯
જે ભાવે એ ભણસ્યેં ગુણસ્યઈ, તસ ઘર મંગલમાલા રે;
સુકુમાલા બાલા ગુણવિશાલા મોટા મણિમય થાલા રે.
બેટા બેટી બંધુર સિંધુર ધણ કણ કંચણ કોડિ રે;
અનુક્રમેં શિવલચ્છી તે લહિસ્યે સુકૃત સંપદા જોડી રે. ૧૦૦

કલશ.

ઇમ આઠ ઢાલ રસાલ મંગલ હુંઆ આઠ સુહામણા,
વરનાણ દંસણ ચરણ શુચિ ગુણ કિયાં મુનિગુણ ભામણાં;
જે એહ ભણસ્યઈ તાસ ફલસ્યઈ, ત્રિદશતરૂ ઘરઆંગણે,
શ્રી **નયવિજય** બુધ ચરણસેવક, **જસવિજય** વાચક ભણે. ૧૦૧

(૧) સં.૧૯૨૩ અસાડ સુ.૪ શુક્ર, લિ. વ્યાસ કામેશ્વર **શી**વલાલ **રથ**ંભનપુર મધ્યે. પ.સં.૫-૧૪, આ.ક.ભં. (૨) સં.૧૭૬૬ ભા.વ.૭ બુધે. પ.સં.૮-૯, હા.ભં. દા.૮૨ નં.૧૭૬. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૨).]

[પ્રકાશિત : ૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૫૦) [+] પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય ૧૯ ઢાલ ૨.સં. ૧૭૨૨ ચોમાસું સુરતમાં

આદિ – દોહા.

શ્રી જિનવર પ્રણમી કરી, પામી સુગુરૂ પસાય;
હેતુગર્ભ પડિક્કમણનો, કરશું સરસ સજ્ઝાય. ૧
સહજ સિદ્ધ જિનવચન છે, હેતુરૂચિને હેતુ;
દેખાડે મન રીજવા, જે છે પ્રવચનકેતુ. ૨
જસ ગોઠેં હિત ઉલ્લસે, તિહાં કહીજે હેતુ;
રીઝે નહી બૂઝે નહી, તિહાં હુઇ હેતુ અહેતુ. ૩
હેતુયુક્તિ સમજાવીયેં, જે છોડી સવિ ધંધ,
તેહિ જ હિત તુમે જાણજો, આ અપવર્ગ-સંબંધ. ૪

અંત – ઢાલ ૧૯. ટોડરમલ જીત્યો રે – એ દેશી.

હેતુગર્ભ પૂરો હુઆ રે, પહોતા મનના કોડ,
વૈરાગ મલ જીતીયું રે;

દલિય ને દુર્જન દેખતાં રે, વિઘ્નની કોડાકોડ. વૈ. ૧
ગઇ આપદાસંપદા રે, આવી હોડાહોડી; વૈ.
સજ્જન માંહે મલપતા રે, ચાલે મોડામોડી. વૈ. ૨
જિમજિમ વરસીદાનમાં રે, નર કરે ઊડાઊડી; વૈ.
તિમ સદ્‌ગુરૂઉપદેશમાં રે, વચન વિચારશું ઠોડી. વૈ. ૩
લીયો લિયો ઘેરમાં મોહરાય રે, હરખ્યો મુંછ મરોડી; વૈ.
અશુભ પ્રકૃતિ સેના દલી રે, શુભની તો નહિ ઓડી. વૈ. ૪
કર્મ વિવર વર પોલીયો રે, પોલી દીયે છે છોડી; વૈ.
તખત વખત હવે પામશું રે, હુઇ રહી દોડાદોડી. વૈ. ૫
સૂરત ચોમાસું રહી રે, વાચક જસ કરી જોડી; વૈ.
યુગ યુગ મુનિ વિધુ વત્સરે રે (૧૭૨૨), દેઓ મંગલ કોડી. વૈ. ૬

(૧) સકલ ગણિસરોમણિ શ્રી જસવિજયગણિ ગુરૂભ્યો નમઃ સં. ૧૭૪૩ વૈ.વ.૨ રવિ લ. સુશ્રાવક શાહા કમલસી લખાવિત સાજનગર મધ્યે ગ્રં.૩૪૦. પ.સં.૧૪-૧૨, સીમંધર. દા.૨૪. [હેજૈજ્ઞાસૂચિ. ભા.૧ પૃ.૨૮૬).]

[પ્રકાશિત : ૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૨. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૫૧) [+] ૧૧ અંગની સજ્ઝાય [અથવા **ભાસ**] ૨.સં.૧૭૨૨ ચોમાસું સુરતમાં

દરેક અંગ પર સઝાય છે. પછી કલશ છે.

આદિ – કોયલો પરવત ધૂંધલો રે લો. એ દેશી.
આચારાંગ પહેલું કહ્યું રે લો, અંગ ઇગ્યાર મઝાર રે, ચતુરનર;
અઢાર હજાર પદે જિહાં રે લો, દાખ્યો મુનિ આચાર રે. ચ.૧

અંત – કલશ. ટોડરમલ્લ જીત્યો રે – એ દેશી.
અંગ અગીયારે સાંભલ્યાં રે, પુહતા મનના કોડ,
ટોડરમલ્લ જીત્યો રે.
ગઇ આપદાસંપદા મિલી એ, આવી હોડાહોડ. ટો. ૧
દલિયે તે દુર્જન દેખતાં રે, વિઘનની કોડાકોડ, ટો.
સજ્જન માંહિ મલપત રે, ચાલે મોડામોડ. ટો. ૨
જિમજિમ વરસીદાનમાં રે, નર કરે ઉડાઉડ, ટો.
તિમ સદ્‌ગુરૂઉપદેશમાં રે, વચન વિચારશું ઠોડ. ટો. ૩

કર્મ વિવર વર પોલીયો રે, પોલે દીયે છે છોડ, ટો.
તખત વખત બલ પામશું રે, હુઇ રહ્યા દોડાદોડ. ટો. ૪
માત **બગોઈ મંગલ** પિતા રે, **રૂપચંદ**ભાઇ ઉદાર, ટો.
માણેકશાયેં કાંઇ સાંભલ્યાં રે, વિધિ શું અંગ અગ્યાર. ટો. ૫
યુગ યુગ મુનિ વિધુ સંવચ્છરે રે, **શ્રી જસવિજય** ઉવઝાય, ટો.
સુરત ચોમાસું રહી રે, કીધો એ સુપસાય. ટો. ૬

(૧) કવિના શિષ્ય લિ. પ.સં.૬, પ.ક.૩થી ૫, જશ.સં. (૨) સં.૧૭૮૨ માધ વ.૧૧ ભોમે. પ.સં.૬-૧૨, હા.ભં. દા.૮૨ નં.૧૧૩. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૨, ૪૧૪, ૫૪૨).]

[પ્રકાશિત : ૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૨. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૫૨) + નિશ્ચય વ્યવહાર વિવાદ શ્રી શાંતિ જિન સ્ત. ૬ ઢાલ
૨.સં.૧૭૩૨

આદિ – નદિ યમુનાકે તીર ઉડે દોય પંખીયા રે – એ દેશી.
શાંતિ જિનેસર કેસર, અરચિત જગધણી રે કે અ.
સેવા કીજે સાહિબ, નિતનિત તુમ તણી રે કે નિ.

અંત – કલશ.
ઇમ સકલસુખકર દૂરિતભયહર **શાંતિ** જિનવર મેં સ્તવ્યો,
યુગ ભવન સંયમ માન વર્ષે ચિત્ત હર્ષે વીનવ્યો,
વિજયપ્રભસૂરિરાજ રાજે સુકૃત કાજે નય કહી,
શ્રી **નયવિજય** બુધ શિષ્ય વાચક **યશોવિજય** જયસિરી લહી.

(૧) પ.સં.૪-૧૩, જૈ.એ.ઇ.ભં. નં.૧૨૮૭. (૨) પ.સં.૪-૧૨, આ.ક.ભં. (૩) પ.સં.૪-૧૩, સીમંધર. દા.૨૦ નં.૮૩. (૪) પ.સં.૫-૧૨, જશ.સં. નં.૬૮. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૭, ૨૭૩, ૪૨૧, ૫૨૦).]

પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૪૪૫થી ૪૪૯. [૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૫૩) [+] કુમતિખંડન ૧૦ મત સ્તવન [અથવા વીર સ્તવન]
૨.સં.૧૭૩૨ પોષ શુદ ૭

આ સ્તવન પ્રસિદ્ધ યશોવિજયજીને નામે કોઈએ ચડાવ્યું લાગે છે અને તેનું અંતરંગ પ્રમાણ એ છે કે (૧) આ સ્તવનમાં 'પુન્યવિહૂણા

પુનમીઆં', 'ખર સરીખા ખરતર' વગેરે શબ્દો તેઓશ્રી ન કાઢે, (૨) 'જ્ઞાનવિમલસૂરિ ધર્યું રે અવિનીતે એ નામ' એમ આ સં.૧૭૩૨માં રચેલા ગણાતા સ્તવનમાં જણાવ્યું છે પણ તે સમયવિરોધવાળું કથન છે. જ્ઞાનવિમલસૂરિ એ નામ સં.૧૭૪૮માં એટલે યશોવિજયજીના સ્વર્ગગમન (સં.૧૭૪૩) પછી પાંચ વર્ષે નયવિમલજીએ ધાર્યું હતું. છતાં પણ તેમના નામ પર ચડેલું માટે તેમના નામ નીચે અત્ર મૂકયું છે.

આદિ –

દુહા.

સુખદાયક ચોવીશમો, પ્રણમી તેહના પાય;
ગુરૂપદપંકજ ચિત્ત ધરી, શ્રુતદેવી **શારદ**માય. ૧
ત્રણ તત્ત્વ સ્વરૂપ છે, આત્મતત્ત્વ ધરેય;
દેવતત્ત્વ ગુરૂતત્ત્વ રે, ધર્મતત્ત્વ જ્યોં લેય. ૨
તસ પરીક્ષા કારણે, શુદ્ધાશુદ્ધ સરૂપ;
કહીશું તે ભવી સાંભળો, ભાખ્યો ત્રિભુવન ભૂપ. ૩

આ પછી (૧) વીરાત્ ૬૦૯માં દિગંબર-મત, (૨) વિ.સં.૧૧૬૯માં પૂનમિયા, (૩) સં.૧૨૧૨માં ખરતર, (૪) (સં.૧૫૦૮) લોંકામત, (૫) સં.૧૫૬૪ કડવાનો મત, (૬) સં.૧૫૭૦માં વીજામત, (૭) (સં.૧૫૭૨) પાસચંદ-મત, (૮) પછી શાંતિદાસથી સાગરગચ્છ પછી (૯) નયવિમલ (જ્ઞાનવિમલસૂરિ), (૧૦) ભાણચંદ જેવા આમ દશ મત પ્રત્યે વિરોધ બતાવી સૂત્ર પ્રમાણે સામાચારી કરવા ને તપગચ્છની સામાચારી સુંદર ગણવા કહે છે.

અંત –

કલશ.

ત્રિશલા તે નંદન ત્રિજગવંદન **વર્ધમાન** જિનેશ્વરો,
મેં શુદ્ધ પામી અંતરજામી વીનવ્યો અલવેસરો.
સકલસુખ-કરતા દુકૃતહરતા જગતતારણ જગગુરૂ,
યુગ ભવન સંયમ પોસ માસે શુકલ સપ્તમી સુખકરૂ.
તપગચ્છરાજા સુજસ તાજા શ્રી **વિજયપ્રભ** દિનકર સમો,
નયવિજય સુપસાય વાચક **જસવિજય** જયશિરિ નમો.

—દશમતાધિકારે વર્ધમાન સ્તવન સમાપ્ત.

(૧) લ. **બારોટ તારાચંદ** કેવલ. ૫.સં.૭–૧૦, વિરમ. સંઘ ભં. (૨) નકલ મારી પાસે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૯).]

[પ્રકાશિત : ૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૨. જૈન પૂર્વાચાર્યો રચિત સ્તવન સંગ્રહ.]

(૩૧૫૪) [+] મૌન એકાદશીના ૧૫૦ કલ્યાણકનું સ્તવન [અથવા ગળણું'] ૧૨ ઢાળ ૨.સં.૧૭૩૨(૬) દિવાળી ચોમાસું ખંભાતમાં

આદિ- ઢાલ ૧. છઠી ભાવના મન ધરો - એ દેસી.

ધુર પ્રણમું જિન મહરસી, સમરું **સરસતિ** ઉલ્લસી,
ધસમસી, મુજ મતિ જિનગુણ ગાયવા એ. ૧
હરિ પૂછે જિન ઉપદિશી, પરવ તે મૌન એકાદશી;
મન વસિ, અહનિસિ તે ભવિલોકને એ. ૨

અંત - ઢાલ ૧૨.

*

શ્રી **વિજયપ્રભ** સુરીસ્વર રાજે, દિનદિન અધિક જગીસજી,
ખંભનયર રહી ચોમાસો, સંવત **સત્તર બ(છ)ત્રીસેંજી**,
દોઢસો કલ્યાણકનું ગુણણું, ઇમ મેં પૂરણ કીધું જી.
દુઃખચુરણ દીવાલી દિવસેં, મનવંછિત ફલ લીધું જી. ૩
શ્રી **કલ્યાણવિજય** વર વાચક, વાદીમતંગ જ સિંહોજી;
તાસ શિષ્ય શ્રી **લાભવિજય** બુધ, પંડિત માંહિ લિહોજી.
તાસ શિષ્ય શ્રી **જિતવિજય** બુધ, શ્રી **નયવિજય** સોભાગીજી;
વાચક **જશવિજયેં** તસ શિષ્યે, થુણીઆ જિન વડભાગીજી. ૪
એ ગણણો જે કંઠે કરશે તે શિવરમણિ વરશેજી,
તરસે ભવ હરસે સવિ પાતિક નિજ આતમ ઉધરશેજી.
બાર ઢાલ જે નિત સમરસે ઉચિત કાજ આચરશેજી;
સુકૃત મહોદય સુજસ મહોદય, લીલા તે આદરશેજી. ૫

કલશ.

એ બાર ઢાલ રસાલ બારહ ભાવના તરૂમંજરી,
વર બાર અંગ વિવેક પલ્લવ બાર વ્રત સોભાકરી,
ઇમ બાર તપ વિધ સાર સાધન, ધ્યાન જિનગુણ અનુસરી,
શ્રી **નયવિજય** બુધ ચરણસેવક, **જસવિજય** જયશ્રી વરી.

(૧) સં.૧૮૮૭ કા.વ.૭ શુક્ર પાટણ નગરે. ચોપડો, જશ.સં. (૨) પ.સં.૪-૧૬, જશ.સં. (૩) અમદાવાદ લ. બારોટ તલજરામ ઘેંમર-સંઘજી. પ.સં.૬-૧૨, વિરમ. સંઘ ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞા-

સૂચિ ભા.૧ (પૃ.૧૫૭, ૧૭૫, ૨૬૦, ૨૭૩, ૨૭૬, ૨૮૦, ૪૧૭, ૪૭૩, ૫૦૨).]

પ્રકાશિત: ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. સજ્જન સન્મિત્ર પૃ.૨૪૦થી ૨૪૫. [૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ અને અન્યત્ર.]

(૩૧૫૫) + સમકિતના ષટસ્થાન સ્વરૂપની ચોપાઈ અર્થ (ટબા) સહિત ૨.સં.૧૭૩૩ ચોમાસું ઈદિલપુરમાં

આદિ – ઈદ્રશ્રેણિનત નત્વા **વીર** તત્ત્વાર્થદેશિનમ્,
સમ્યક્ત્વસ્થાનષટ્કસ્ય, ભાષેયં ટિપ્યતે મયા. ૧
વીતરાગ પ્રણમી કરી, સમરી **સરસતિ** માત,
કહિશું ભવિહિત કારણે, સમકિતના અવદાત. ૨
દર્શન મોહવિનાશથી, જે નિરમલ ગુણઠાણુ,
તે સમકિત તસ જાણિયેં, સંષેપે ષટ ઠાણ. ૩

અંત – જિનશાસન રત્નાકરમાંથી, લઘુકપર્દિકા માનેજી,
ઉદ્ધરિઉં એહ ભાવ યથારથ, આપ સકતિ અનુમાનેજી,
પણ એહને ચિંતામણિ સરિખા, રતન ન આવે તોલેંજી,
શ્રી **નયવિજય** વિબુધ પયસેવક, વાચક **જસ** ઈમ બોલેજી,

—ઇતિશ્રી સમ્યક્ત્વ ચતુષ્પઢી સમાપ્તા. લોકગિરાસમર્થિત નય પ્રસ્થાન ષટ્સ્થાનક વ્યાખ્યા સંબંધમુદ્દે યશોવિજય શ્રી વાચકાનાં કૃતિઃ.

અર્થ – (જિનશાસન કે.) પ્રકરણ પરિસમાસેં એટલે જિનશાસન-રૂપ રત્નાકર તે માંહેથી એ ષટસ્થાનક ભાવ ઉદ્ધરિઉં, એ ઉદ્ધાર ગ્રંથ યથાર્થ છે. જિનશાસન રત્નાકરને લેખે એ ગ્રંથ લઘુકપર્દિકા માન છે, અને રત્નાકર તો અનેક રત્નેં ભર્યો છે. એ ઉપમા ગર્વપરિહારને અર્થે કરી છે. પણ શુભ ભાવ એવા વિચારિયેં તો ચિંતામણી સરખા રત્ન પણ એને તોલે નાવે. ગ્રંથકર્ત્તા ગુરુ નામાંકિત **યશ** એવું પોતાનું નામ કહે છે, એટલે શ્રી **નયવિજય** વિબુધના પદનો સેવક વાચક શ્રી **યશોવિજય** ઉપાધ્યાય એણિ પરેં બોલે છે. ૧૨૪.

ઇતિશ્રી સમ્યક્ત્વ ચોપઈ સમાપ્તા. શ્રી **રાજનગર** એટલે અહમદાવાદ નગરને વિષે તિહા પ્રસિદ્ધ જે **હેમશ્રેષ્ઠિસુત** શ્રી **તારાચંદ** નામના તેની પ્રાર્થના થકી લોકભાષાયેં કરી નયપ્રસ્થાન એટલે નયમાર્ગ તેણે કરી ષટ્સ્થાનકની વ્યાખ્યા શ્રી સંઘને હર્ષને કાજે શ્રી **યશોવિજયજી**ની કૃતિ જાણવી.

(એક પ્રતમાં નીચે પ્રમાણેનો શ્લોક કર્તાનો છે:)

શ્રેયો રાજવિરાજિ **રાજનગર** પ્રખ્યાત **હેમાં**ગભૂ,
તારાચંદ કૃતાર્થના પરિહત વ્યાસંગરંગસ્પૃશાં,
એષા લોકગિરાસમર્થિત નયપ્રસ્થાનષટ્સ્થાનકઃ
વ્યાખ્યા સંધમુદેય **યશોગ્યવિજય** શ્રી વાચકાનાં કૃતિઃ. ૧૨૫

(૧) ટબા વગરની પ્રત: લ.૧૯૨૫, પ.સં.૯-૧૨, આ.ક.ભં. (૨) ટબાવાળી પ્રત: ગ્રંથાગ્રંથ સૂત્ર ટીકા મિલિને ૧૦૦૦ શ્લોક છે. પ.સં. ૨૮-૧૩, આ.ક.ભં. (૩) સં.૧૮૮૨ વર્ષે વૈશાખ વદિ ૭ ગુરૌ લિખિતા શ્રી **શિવ**પુરી મધ્યે. પ.સં.૧૬, પ્ર.કા.ભં. નં.૯૭૮.

પ્રકાશિત: ૧. જૈન કથારત્ન કોશ ભા.૫ પૃ.૨૮૨થી ૩૧૯. [૨. પ્રકરણ રત્નાકર ભા.૧. ૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૫૬) + (ઢૂંઢકમતખંડન) [અથવા **પ્રતિમાસ્થાનવિચારગર્ભિત**]
મહાવીર હુંડી સ્ત. ૧૫૦ ગાથા ૨.સં.૧૭૩૩ વિજયાદશમી ઈદ્દલપુરમાં

આદિ – પ્રણમી શ્રી ગુરુના પયપંકજ થુણસ્યું **વીર** જિણંદ,
ઠવણ નિખેપ પ્રમાણ પંચાંગી, પરખી લહું આણંદ રે.
જિનજી તુજ આણ શિર વહીઈ.

અંત – કલશ.

વર્ત્તમાન સાસનનો સ્વામી ચામીકર સમ દેહોજી,
વીર જિણેસર મેં ઇમ થુણીઓ, મન ધરિ ધર્મસનેહોજી,
એહ તવન જે ભણસ્યે ગુણસ્યે, તસ ઘરિ મંગલમાલાજી,
સમકિત-ભાણ હુસ્યેં ઘટ તેહનેં, પરગટ ઝાકઝમાલાજી. ૧
અરથ એહના છે અતિસૂક્ષમ તે ધારો ગુરુ પાસેજી,
ગુરુસેવા કરતાં લહીઈ, અનુભવ નિત અભ્યાસેજી,
જે બહૂશ્રુત ગુરુ ગીતારથ આગમના અનુસારજી,
તેહનેં પૂછી સંસય ટાલો, એ હિતસીખ છે સારીજી. ૨
ઈદ્દલપુરમાં રહિય ચોમાસું, ઘરમધ્યાંન સુખ પાયાજી,
સંવત **સત્તરેં તેત્રીસા** વરષેં, વિજયદસમી મન ભાયાજી,
શ્રી **વિજયપ્રભસૂરી** સવાયા, **વિજયરત્ન** યુવરાયાજી,
તસ રાજે ભવિજનહિત કાજે, ઇમ મેં જિનગુણ ગાયાજી. ૩
શ્રી **કલ્યાણવિજય** વર વાચક **તપગચ્છ**-ગયણ-દીણંદાજી,

તાસ સીસ શ્રી **લાલવિજય** બુધ ભવિજન-કૈરવ-ચંદાજી,
તાસ સીસ શ્રી **જીતવિજય** બુધ શ્રી **નયવિજય** મુણંદાજી,
વાંચક **જસવિજય** તસ સીસેં, થુણિયા **વીર** જીણંદાજી. ૪
દેાસી **મૂલા** સુત સુવિવેકી, **દેાસી મેઘા** હેતેજી,
એહ તવન મે કીધું સુંદર, શ્રુત અક્ષર સંકેતેજી,
એ જિનગુણ સુરતરૂનેા પરિમલ, અનુભવતેા તે લહેસ્યેજી,
ભમર પરે જે અરથી હુઇને, ગુરૂ-આંણા સિર વહેસ્યેજી. ૫

(૧) ઇતિ પ્રતિમાદિ સ્થાપના શ્રી વીરજિન સ્તવનં સંપૂર્ણં. **સં**. ૧૮૫૫ કા.વ.૪ સેામે **બદડા** ગ્રામે મુનિ ગુલાબચંદજી શિષ્ય મુ. **ધર્મ**ચંદ્ર શિષ્ય **જિણુયંદ્રેણ** લિ. શ્રી **ચં**દ્રપ્રભુ પ્રસાદાત્. પ.સં.૬-૧૬, મ.જૈ.વિ. નં.૬૨૦. (૨) બાલા. સહિત : પં. **લક્ષ્મી**વિજયગણિ લિ. **ધમડકા** નગરે સં.૧૭૮૧ વૈ.વ.૧૩ ગુરૂ. પ.સં.૧૧, મ.જૈ.વિ. નં.૪૮૮. (૩) ગદ્યમાં સાર્થ : સં.૧૭૮૧ જ્યે.વ.૫, પ.સં.૨૮, સીમંધર. દા.૨૦ નં.૪૧. (૪) સાર્થ : પ.સં.૨૫-૧૧, સીમંધર. દા.૨૦ નં.૮૯. (૫) અર્થ સહ : **સં**.૧૮૫૧ પેા.શુ.૧૩ રવિ **મુ**ંબઈ ઉત્તમવિજય લ. પ.સં.૨૩, અભયસિંહ. પેા.૧૭. (૬) સં.૧૮૨૪ ફા.વ.૭ **મ**કસૂદાબાદે **કી**ર્ત્તિરત્નશાખા **લલિતકી**ર્ત્તિ-**નયચં**દ્ર-**સત્ય**સાગર-**જય**શીલ-**ચા**રિત્રસુંદર લિ. પ.સં.૧૪, જય. નં.૧૦૬૭. (૭) સં.૧૮૭૩ મા.વ.૧૩ બુધે **જે**સલમેર **જ્ઞા**નકલશ લિ. પ.સં.૩૪, કૃપા. પેા.૪૭ નં.૮૭૦. (૮) પ.સં.૭, મહિમા. પેા.૧૩. (૯) ટબા સહ : **સં**. ૧૭૭૭ આસેા શુ.૧૦ લિ. **પા**ટણ **ઋ**ં.૭૫૦. પ.સં.૨૬-૧૨, વડા **ચૌ**ટા **ઉ**. નં.૧૮. (૧૦) ટબા સહ : પ.સં.૨૯, મેા.સેં.લા. (૧૧) પ.સં.૧૬, ગેા.ના. (૧૨) પદ્મવિજયકૃત ટબાસહિત : સં.૧૯૧૨ કા.શુ.૨ રવિ પ.સં.૨૬, વિરમ. સંઘ ભં. (૧૩) સં.૧૮૪૯ પદ્મવિજયના ટબાસહિત : પ.સં.૨૦-૧૨, આ.ક.ભં. (૧૪) ટબાસહિત : પ.સં.૧૧-૧૧, માં.ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૬, ૨૫૮, ૪૩૨, ૪૩૫, ૪૮૪, ૪૯૧, ૪૯૪, ૫૦૭, ૫૫૪, ૫૫૭, ૫૭૬, ૬૨૬).]

પ્રકાશિત : મૂલ - ૧. ચૈત્ય. આદિ સંગ્રહ ભાગ ૩ પૃ.૩૩૧-૩૪૫. ૨. સજ્જન સન્મિત્ર પૃ.૨૮૮થી ૨૯૯. ટબા સાથે - ૩. પ્રકરણ રત્નાકર ભાગ ૩. (જેમાં યશોવિજયજીએ કાગળ ખંભાતમાંથી જેસલમેરના શ્રાવક પર લખ્યેા હતેા તે પણ આપેલ છે. તેમાં કેવલીભુક્તિ સંબંધી તેમજ બીજી [૪. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૨૫૭) + [જંબુસ્વામી] બ્રહ્મગીતા ૩૦ કડી ૨.સં.૧૭૩૮ ખંભાત

આદિ – સમરીય **સરસતી** વિશ્વમાતા, હોયે કવિરાજ જસ ધ્યાન ધ્યાતા,
કરિય રંગરસભરિ **બ્રહ્મગીતા**, વરણવું **જંબુગુણ** જગવદીતા. ૧

અંત – ખંભનગર થુણ્યા ચિત્ત હરખે, **જંબુ વસુ ભુવન મુનિ ચંદ** વરખે,
શ્રી **નયવિજય** બુધ સુગુરુ સીસ, કહે અધિક પુરયો મનય
જગીસ. ૩૦

(૧) પ.સં.૩-૧૦, જશ.સં. નં.૧૦૧. (૨) સં.૧૭૩૩ ફા.વ.૧૦ શનૌ ભાઇ હીરભાઇ વાચનાર્થં. પ.સં.૩-૯, હા.ભં. દા.૮૨ નં.૧૫૮. (૨ચ્યા સં.૧૭૩૮ અને આ લ.સં.૧૭૩૩ એ ફેર કેમ આવે છે તે પુનઃ પ્રત જોયા પછી નક્કી થાય.) [લીંહસૂચી, હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૪, ૪૯૪).]

પ્રકાશિત : ૧. બુદ્ધિસાગરકૃત ભજનપદસંગ્રહ ભા.૪ પૃ.૨૬૦-૬૫. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૨૦૫૯) + શ્રીપાલ રાસ ૨.સં.૧૭૩૮ રાંદેર

[વિનયવિજયે અધૂરી મૂકેલી કૃતિ પૂરી કરી તે. જુઓ વિનય-વિજય નં.૮૩૭.]

(૩૨૫૮) [+] જંબૂ રાસ ૨.સં.૧૭૩૯ ચોમાસું ખંભાતમાં

આદિ – **શારદ** સાર દયા કરો આપો વચન સુરંગ,
તૂં તૂઠી મુઝ ઉપરે જાપ કરત ઉપગંગ. ૧
તર્ક કાવ્યનો તેં તદા દીધો વર અભિરામ,
ભાષા પણિ કરિ કલ્પતરુ, શાખા સમ પરિણામ. ૨
હે માત! નચાવે કુકવિ તુઝ ઉદરભરણને કાજિ,
હૂં તો સદ્‌ગુણ પદિ વ્રવી પૂજું છું મત લાજિ. ૩
તંબૂ ધર્મ સુસાથનો કંબૂ દક્ષિણાવત્ત,
અંબૂ ભવદવ ઉપશમે **જંબૂ** ચરિત્ત પવિત્ત. ૪
પવિત્ર કરે જે સાંભળ્યું ત્રિભુવન **જંબૂ**ચરિત્ર,
આવિલપણિ મુઝ વાણિ તે કરસ્યેં રસેં પવિત્ર. ૫
અમૃત-પારણું કાંનનું ભવિજનનેં હિત હેત,
કરતાં મુઝ મંગલ હુયો એ ભારતિ સંકેત. ૬
શ્રી નયવિજય વિબુધ તણું નામ પરમ છે મંત,
તેહની પણિ સાંનિધિ લહી કીજે એ વૃત્તંત. ૭

અંત – ઢાલ ધન્યાશ્રી

વરસ પંચાસે મનહ ઉલ્લાસેં વ્રત લેઈ દુરિત નિવારજી,
સ્વામી **સુધર્મા** પંચમ ગણધર સુખ-જલધર જગ તારેજી,
ત્રીસ વરસ કરી **વીર**ની સેવા પછે **વીર**નિર્વાણુજી,
બાર વરસ છદ્મસ્થ જ વિચર્યા આઠ તે કેવલનાણેજી. ૧
પૂર્ણ શત આયુ પ્રમાણે નાણિ નિજપદ થાપેજી,
જંબૂ ગણધર તિહુયણ-સુખકર કીરતિ દહ દશ વ્યાપેજી,
જિનશાસન સોહે મન મોહે ભવિપ્રાણિ પડિબોહેજી,
શમરતિ કામ-ગવિ સો દોહે ગુણપદવિ આરોહેજી. ૨
વીરનિર્વાણુથી ચોસઠ વરસેં **પ્રભવ**સ્વામિ પટ્ટ સ્થાપેજી,
અક્ષયપદ પામ્યા ગુરૂ **જંબૂ** અષ્ટકરમ-તરૂ કાપિજી,
હોઈ સમાધિ ઉપાધિ ન બાધે આધિ વ્યાધિ સવી જાઈજી,
ગુણ ગાતો એહવા મુનિવરના જ્યોતિ સું જ્યોતિ મિલાઈજી. ૩
એહવા ગુરૂના ગુણ કિમ વીસરે જે જગમાં છે તાજાજી,
ગુરૂગુણ ગાતાં સવિ સિદ્ધિ લહિઈ નિતનિત મંગલ દિવાજાજી,
જંબૂગુણનો એ રાસ રસાલો યુગતાયુગતિ ઢાલોજી,
જિ ભણસ્યેં તે નિત પાતિક હણસ્યેં લહસ્યેં મંગલમાલાંજી. ૪
કમલવદન સુખસદન વિચક્ષણ આતમ અરથી પ્રાણિજી,
પૂરણ જિનશાસન શ્રદ્ધા ગુણ નિર્મલ કોમલ વાંણિજી,
રચ્યો રાસ એ ભણ-સુણણથી તેહ તણેં હિત કાજેજી,
શ્રી **વિજયદેવ** સૂરીસર પટધર **વિજયપ્રભ**સૂરિ રાજેજી. ૫
શ્રી **કલ્યાણવિજય**વર વાચક સુંદર **હીર**સીસ સિર હીરાજી,
તાસ શિષ્ય શ્રી **લાભવિજય** બુધ સાયર પરિ ગંભીરાજી,
તાસ શીસ શ્રી **જીતવિજય** બુધ શ્રી **નયવિજય** ગુરૂભાયાજી,
વાચક **જસવિજયે**ં તસ સીસેં **જંબૂ** એ ગુણ એ ગાયાજી. ૬
નંદ તત્વ મુનિ ઉડુપતિ સંખ્યા વરસ તણી એ ધારોજી,
ખંભનયર માંહિ રહિઅ ચોમાસું રાસ રચ્યો છે સારોજી,
ભાવ એહના મન માંહિ આણિ હિત જાણી ભવિ પ્રાણીજી,
નિત્ય અભ્યાસેં સુજસ વિલાસેં આદરજ્યો જિનવાંણીજી. ૭

(૧) સં.૧૮૫૫ માહ વદ ૧૨ દિનેર્ક વારે. પ.સં.૪૭-૧૩, લી.ભં. (૨) યતિશ્રી જંબુસ્વામી પ્રાકૃત પ્રબંધેન મહોપાધ્યાય શ્રી

યશોવિજયગણિ વિરચિતાયાં પંચખંડેન રાસ વિરચિતેન સમાપ્તાનિ. શ્રીઃ સંવત્ ૧૮૫૧ વરષે માસોત્તમ માસે જેષ્ઠ માસે શુક્લપક્ષે શુદિ ૧૦ રવીવાસરે લખીતં ઋષ્ય રાઘવજી રામચંદ્રજી શ્રી ભાવનગર બિંદરે લખ્યો છે. ગ્રંથાગ્રંથ ઢાલ દુહા સર્વે મીલીને સંખ્યા શ્લોક ચૌદસે છે. તથા આંક સંખ્યાયે ૧૪૦૦ છે. ઇતિ અધિકાર સમાપ્તાનિ. શુભં ભવતુ, શ્રીઃ. પ.સં.૬૪-૧૦, ભાવ.ભં. (૩) કવિની હસ્તલિખિત પ્રતિ પ્ર. કાન્તિવિજયજી પાસે છે. જુઓ તેનો ઉલ્લેખ મુનિ કલ્યાણવિજયજીએ અમદાવાદ ગુજરાતી સાહિત્ય પરિષદના રિપોર્ટમાં પ્રકટ થયેલા પોતાના લેખમાં કર્યો છે. (૪) પ.સં.૨૩-૧૯, આ.ક.ભં. (૫) પં. લાવણ્યવિજય શિષ્ય પં. મેરૂવિજય શિ. પં. વિનીતવિજયેનાલેખિ સ્વવાચનકૃતે. શ્રી માલણગ્રામે. પ.સં.૨૫-૧૭, વિ.ને.ભં. નં.૩૨૦૯. (૬) લ. લાલજી રાજનગર મધ્યે પં. રૂપવિજય શિ. પં. અમિવિજય હસ્તે લખાવ્યો છઇ. પ.સં.૫૬-૧૨, શા જકાભાઈ ધરમચંદ પતાસા પોળ નવી પોળ અમદાવાદ પાસે. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. જૈન ધર્મ હિતેચ્છુ સભા, ભાવનગર. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૨. ૩. સંપા. રમણલાલ ચી. શાહ.]

(૩૧૫૬) + સીમંધર સ્વામી સ્ત. (નયગર્ભિત) ૧૨૫ ગાથા ૧૧ ઢાલ

આદિ – સકલપંડિતશિરોવતંસ મુકુટાયમાન પંડિત શ્રી ૧૯ શ્રી ઉત્તમવિજયગણિ શ્રી પરમગુરવે નમઃ.

ઢાલ – એક દિન દાસી દોડતી – એ દેશી.

સ્વામી સીમંધર વીનતી, સાંભલેો માહરી દેવ રે,
તાહરી આંણુ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવ રે. સ્વા.
કુગુરૂની વાસના પાસમાં, હિરણુ પરિં જે પડ્યા લેાક રે,
તેહને શરણુ તુઝ વિણુ નહિ, ટલવલેં બાપડા ફેાક રે. સ્વા.

અંત – ઢાલ ૧૧. શાંતિ સુધારસ કુંડમાં – એ દેશી.

કલશ

ઇમ સયલસુખકર દુરિતભયહર, વિમલલક્ષણ ગણધરેા,
પ્રભુ અરજ અમર નરિંદ વંદિત વીનવ્યા સીમંધરેા,
નિજ નાદતર્જિત મેઘગર્જિત ધૈર્યનિર્જિત મંદરેા,
શ્રી નયવિજય બુધ ચરણુસેવક જસવિજય વાચક જયકરેા. ૨૫

(૧) લિ. પં. વિનીતવિજય, શ્રા. લહેરીબાઇ પઠનાર્થં સૂરતિ

મંદિર મધ્યે સં.૧૮૦૭ વૈ.શુ.૩ બુધે. પ.સં.૧૦, ત્રુટક, અભય. (૨) પ.સં.૧૫, અભયસિંહ. પો.૧૭. (૩) પ.સં.૮, અભયસિંહ. પો.૧૭. (૪) ફા.સુ.૧૪ સુરત. પ.સં.૮, અભયસિંહ. પો.૧૭. (નવપ્રભુ સ્તવનો સહિત) (૫) પ.સં.૫, આદિપત્ર નથી, કૃપા. પો.૪૫ નં.૭૮૬. (૬) સં.૧૮૬૫ શ્રા.વ.૬ ચંદ્રવારે વિક્રમપુરે. પ.સં.૭, મહિમા. પો.૩૬. (૭) શ્લો.૧૬૦ પત્તન અણહિલપુરે સં.૧૮૧૫ શાકે ૧૬૮૦ ભા.વ.૬ શુક્રે. પ.સં.૭-૧૩, હા.ભં. દા.૮૨ નં.૫૨. (૮) સં.૧૮૯૨ માગસર શુદ્ધ દ્વિતીય ૧૪ ગુરૂ. પ.સં.૬-૧૨, ગો.ના. (૯) સં.૧૭૮૨ શ્રા.શુ.૧૦ શુક્રે રાજનગરે. પ.સં.૯-૯, ગો.ના. (૧૦) પ્રાયઃ સ્વોપજ્ઞ એવા ટબાસહિત : પ.સં.૩૫, અમીર. પો.૯. (૧૧) ટબાસહિત : પ.સં.૨૫-૧૦, આ.ક.ભં. (૧૨) પ.સં.૬-૧૫, માં.ભં. (૧૩) સં.૧૮૭૬ માગ.શુ.૩ લિ. મોતીવિજય પાલણપુર મધ્યે. પ.સં.૬-૧૪, ધો.ભં. (૧૪) પ.સં.૭-૧૨, મારી પાસે. (૧૫) ઇતિશ્રી સકલવાચકશિરોમણિ મહોપાધ્યાય શ્રી ૧૦૫ શ્રી યશોવિજયગણિ વિરચિતાયાં શ્રી સીમંધર સ્વામી વિજ્ઞપ્તિ સંપૂર્ણ લિખિતા ચ મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિ શિષ્ય પંડિતશીરોમણિ પંડિત શ્રી ૧૯ શ્રી ગુણવિજયગણિ તચ્છિષ્ય પંડિતશિરોવતંસ પંડિત ૧૭ ઉપાધ્યાય શ્રી સુમતિવિજયગણિ તચ્ચરણુપંકરૂહેષુ ભૃંગાયમાન પં. પ્રતાપવિજયેન શ્રી મીયાનગરે શા હરષચંદ પઠનાર્થે શ્રી. પ.સં.૮-૧૨, જૈ.એ.ઇ.ભં. નં.૧૩૨૮. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૪, ૨૧૭, ૨૪૬, ૨૪૮, ૨૫૮, ૪૧૨, ૪૩૪, ૪૯૪, ૫૦૪, ૫૦૭, ૫૧૯, ૫૪૭, ૫૯૨, ૬૧૮, ૬૨૭).]

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૩. ૨. સજ્જન સન્મિત્ર પૃ.૨૯૯-૩૦૯. [૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૬૦) + દિકપટ ૮૪ બોલ (દિં.) ૧૬૧ કડી

દિગંબર અને શ્વેતાંબર જૈનોની માન્યતા જે નાનીનાની ૮૪ બાબતોમાં ભિન્ન પડે છે તે સંબંધી આ કાવ્ય છે.

આદિ- છપય છંદ

સુગુણ જ્ઞાન શુભ ધ્યાન, દાનવિધિ ધર્મપ્રકાશક,
સુઘટમાન પરમગ્ન આન જસ મુગતિ અભ્યાસક,
કુમતવૃંદ-તમકંદ ચંદ પરિ દંદનિકાસક,
રૂચિ અમંદ મકરંદ સંત આનંદવિકાસક,

જસ વચન રૂચિર ગંભીર નય, દિફ્પટ કપટ કુઠાર સમ,
જિન **વર્દ્ધમાન** સો વંદિયે, વિમલ જ્યોતિ પૂરન પરમ. ૧

અંત – **હેમરાજ પાંડે** કિયે બોલ ચુરાશી ફેર,
યા વિધિ હમ ભાષા વચન, તાકો મત કિય જેર. ૧૫૮
હૈ દિફ્પટકે વચનમેં, ઔર દોષ શત સાખ,
કેતે કાલે ડારિયે ભુંજત દધિ ઉર માખ. ૧૫૯
પંડિત સાચો સદ્દવહૈ, મૂરખ મિથ્યા વંગ,
કહતે સો આચાર હૈ, જન ન ત્યજૈ નિજ ઢંગ. ૧૬૦
સત્ય વચન જો સદ્દવહૈ, ગહૈ સાધુકો સંગ,
વાચક **જસ** કહે સો લહૈ, મંગલ રંગ અભંગ. ૧૬૧

(૧) યતિશ્રી દિગંબરોક્ત ચતુરશીતિ વાકચરચનોત્થાપક **શ્વેતાંબર**-મતથાપક ઉપાધ્યાય **શ્રી જશો**વિજયગણિ વિરચિતાયાં ચતુરશીતિ બોલ-રચના સમાપ્ત. સં.૧૭૮૪, એક ચોપડો, જશ.સં. (૨) પ.સં.૬, અભય. નં.૩૦૪. (૩) સં.૧૭૬૪ શિ. **શ્રી**તિવિલાસ શિ. **ભા**મવિજય શિ. **પુન્ય**-વિજય લિ. પ.સં.૯, દાન. પો.૬૨. (૪) યતિ શ્રીમજ્જૈનમતોદ્યોતદિફ્પટ્ટ-કપટ્ટ-વિનાશનૈકવાદ પ્રત્યુત્તર ચંદ્રિકા સમાપ્તા સં.૧૭૯૮ માધ વદી ૬ શુક્રે લિ. **ખં**ભાતિ બંદરેયં. પ.સં.૭, ભાં.ઇ. સને ૧૮૭૧-૭૨ નં.૨૧૮. (૫) શ્લો.૧૬૧, પ.સં.૪, લીં.ભં. દા.૨૩ નં.૬૪. [લીંહસૂચી, **હેજૈ**જ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૨).]

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૧. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૬૧) + સમાધિશતક [અથવા **સમાધિતંત્ર દુહા**] (હિં.)

દિ. પ્રભાચંદ્રસૂરિના સમાધિશતક – સમાધિતંત્ર નામનો સો શ્લોકના ઉત્તમ ગ્રંથનો ભાષામાં સો દુહામાં કવિએ અનુવાદ કર્યો છે.

આદિ – સમરી ભગવતિ **ભારતી**, પ્રણમી જિન જગબંધુ;
કેવલ આતમબોધકો, કરશું સરસ પ્રબંધ. ૧

અંત – જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજ સમાધ;
મુનિ સુરગતિ સમતા શચિ, રંગે રમે અગાધ. ૧૦૧
કવિ **જશવિજયે** એ રચ્યો, દોધિક શતક પ્રમાણ,
એહ ભાવ જો મન ધરૈ, સો પાવૈ કલ્યાણ. ૧૦૨

(૧) પ્રત ૧૮મી સદીની, પ.સં.૫, દાન. પો.૬૬. (૨) પ્રતિ ૧૯મી.

સદીની, પ.સં.૧૩, જિ.ચા. પો.૮૩ નં.૨૧૩૦. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૦૬૨ નીચે (૧). [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૨, ૨૮૦, ૪૦૨).]

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૧. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૬૨) + સમતાશતક (હિં.)

આદિ – દોહા.

સમતા ગંગા મગનતા, ઉદાસીનતા જ્ઞત,
ચિદાનંદ જયવંત હો, કેવલ ભાનુ પ્રભાત. ૧

અંત – બહુત ગ્રંથ નય દેખિકે, મહાપુરૂષકૃત સાર,
વિજયસિંહસૂરી કિએ, સમતાશતકો હાર. ૧૦૩
ભાવત જાકૂં તત્ત્વ મન, હો સમતા રસ-લીન,
જ્યૂં પ્રગટે તુઝ સહજ સુખ, અનુભવગમ્ય અહીન. ૧૦૪
કવિ **યશવિજય** શું શીખ એ, આપ આપકૂં દેત,
સામ્યશતક ઉદ્ધાર કરિ, **હેમવિજય** મુનિ હેત. ૧૦૫

(૧) સંવત ૧૮૦૨ વર્ષે કાર્તિક માસે શુકલપક્ષે ૭ સપ્તમી દિવસે રવીવારે લિખિતં સંઘવી ફતેચંદ સૂરસંઘ શ્રી પાટણ મધઈ. પ.સં.૧૩-૧૩, પ્ર.કા.ભં. નં.૯૭૭. ('સમાધિશતક' તથા માનવિજયકૃત 'સપ્ત નયનો રાસ' સાથે). [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૧, ૫૪૬).]

પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૧. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૬૩થી ૩૧૬૫) + ચોવીશી ત્રણ

એ પૈકી કોઈ – (૧) પ.સં.૭-૧૩, સીમંધર. દા.૨૦ નં.૪૯. (૨) પ.સં.૩, મહર. પો.૨. (૩) પ.સં.૪, મહર. પો.૨. (૪) સં.૧૮૧૯ વૈ. શુ.૫ સોમ તેજસાગર લિ. સોમવિજય પઠનાર્થં. પ.સં.૮, અભયસિંહ. પો.૧૩. (૫) સં.૧૮૪૫ જે.વ.૧ વિદ્યાચંદ્રેણ લિ. પ.સં.૮, કૃપા. નં. ૧૬૦૫. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૧, ૪૦૨, ૪૧૮, ૪૩૨, ૪૬૦, ૫૫૦, ૫૬૩).]

પ્રકાશિત : ત્રણે – ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ચોવીશી વીશી સંગ્રહ. [૩. ૧૧૫૧ સ્તવન મંજૂષા. ૪. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૬૩) [+] ચોવીશી પહેલી

આદિ – મહાવિદેહ ક્ષેત્ર સોહામણું – એ દેશી.
જગજીવન જગવાલહો, **મરૂદેવી**નો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઉપજે, દરિસણ અતિહિ આણંદ લાલ રે. જગ.૧

અંત – વર્ધમાન જિન સ્તવન. રાગ ધન્યાશ્રી.
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક **યશ** કહે માહરે, તું જગજીવન આધારો રે –
ગિરુઆ રે ગુણ તુમ તણા.

(૧) સં.૧૭૮૫ માર્ગશીર્ષ શુ.૩ શુક્રે લિ. ગ્રં.૨૦૧. પ.સં.૯-૯, વડા ચૌટા ઉ. પો.૯. (૨) સં.૧૮૧૪ માગશર વ.૧૦ **પાટણ**નયરે લ. પં. ઉદૈવિજય વાચનાર્થ મુનિ જીવણવિજય લિ. પ.સં.૭-૧૭, હા.ભં. દા.૮૨ નં.૧૧૪.

(૩૧૬૪) [+] બીજી ચોવીશી

આદિ – **ઋષભ** જિનંદા, **ઋષભ** જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા,
તુજ શું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણ શું રહ્યું માચી. ૧

અંત – મહાવીર સ્તવન.
વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવિયા રે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન ભાણ રે,
શ્રી **નયવિજય** વિબુધ પયસેવક ઇમ ભણે રે,
તેણે પામ્યા પામ્યા કોડ કલ્યાણ રે –
દુખ ટલીયાં મુખ દીઠે મુજ સુખ ઉપન્યા રે.

(૩૧૬૫) [+] ત્રીજી ચોવીશી

આદિ – આજ સખી શંખેસરો – એ દેશી.
ઋષભ દેવ નિતુ વંદીયે, શિવસુખનો દાતા,
નાભિ નૃપતિ જેહનો પિતા, **મરૂદેવી** માતા.

અંત – વીરસ્તવન. રાગ ધન્યાસી.
ચરણ તુઝ **શરણ**મેં ચરણ ગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણ દમ સરમ દાખો,
હાથ જોડી કહે **જસવિજય** બુધ ઈસ્યું,
દેવ નિજ ભુવનમાં દાસ રાખો –
– આજ જિનરાજ મુઝ કાજ સીધાં સવે.

(૧) (આરંભમાં સકલ પંડિત શ્રી ૫ શ્રી **નય**વિજયગણિ ગુરૂભ્યો

નમઃ.) ગણિ તત્ત્વવિજય લક્ષ્મીવિજય લિષિતમસ્તિ. શ્રાવિકા વેલૂ પઠનાર્થે. શ્રી ઘોઘા બંદિરે ભાદ્રવ માસે શુકલપક્ષે સપ્તમી દિને શુભ વાસરે શ્રેયોસ્તુ. (પત્ર ૯ પછી તત્ત્વવિજયકૃત 'નેમિબારમાસ' અને 'વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય' તથા લક્ષ્મીવિજયકૃત 'વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય' લખેલ છે ને અંતે લેખનની પૂરી પિછાન છે કે) સકલભટ્ટારકપુરંદર ભટ્ટારક શ્રી ૨૧ શ્રી હીરવિજયસૂરિ શિષ્યમુખ્ય સકલવાચકચક્રચૂડામણિ મહોપાધ્યાય શ્રી ૧૦ શ્રી કલ્યાણવિજયગણિ શિષ્યસકલમુખ્ય પંડિત શ્રી ૧૭ શ્રી લાભવિજયગણિ શિષ્ય પંડિતશિરોમણિ પંડિત શ્રી ૫ શ્રી જીતવિજયગણિ તદ્ગુરુભ્રાતૃ પંડિત શ્રી ૫ શ્રી નયવિજયગણિ શિષ્ય પંડિત શ્રી જસવિજયગણિ શિષ્ય ગણિ શ્રી તત્ત્વવિજય લક્ષ્મીવિજય. શ્રેયોસ્તુ. શુભં ભવતુ. યાદશં પુસ્તકં દષ્ટ્વા તાદશં લિખિતં મયા. યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે. ૧. દૂહા. ચૂકષ સહટ કિસ્યા તે સાજન, સજ્જન તે જ સહટ મલઈ. તે સજ્જન સું કિમ મન માનઈ, કહ્યાં પછિ કધન ગલષ. ૧. શ્રાવિકા વેલાં પઠનાર્થં ઘોઘા બંદિરે શુભવાસર. છઃ. પ.સં. ૧૩-૧૩, ૧૨મું પત્ર નથી, પાદરા ભં. નં.૩૫. (૨) પ.સં.૧૨, છેલ્લું ૧૩મું પત્ર નથી, કવિના સમયની પ્રત લાગે છે કારણ આદિમાં કવિના પ્રગુરુ 'પંડિત શ્રી લાભવિજયગણિ ગુરુભ્યો નમઃ' એમ નમસ્કાર કર્યો છે, જિનદત્ત. મુંબઈ. પો.૧૦. (૩) ૧૪ બોલની ચોવીસી કવિ જસવિજયકૃત સં.૧૮૫૫ જે.વ.૩ આગમસાગર-પ્રધાનસાગર-દિણયરસાગર લિ. સુવર્ણગિર મધ્યે ઋષભદેવ પ્રસાદાત્. પ.સં.૭-૧૪, જૈનાનંદ. નં.૩૩૪૭.

(૩૧૬૬) + વીશી

આદિ – ઇડર આંબા આંબલિ રે – એ દેશા.

પૂખલવઇ વીજઇ જયો રે, નયરી પુંડરગણિ સાર,
શ્રી શ્રીમંધર સાહીબા રે, રાય શ્રેયાંસકુમાર
જિણંદરાય ધરજ્યો ધરમ સનેહ. ૧

અંત – શરણત્રાણ-આલંબન જિનજી, કોઇ નહિં તસ તોલે,
શ્રી નયવિજય વિબુધવર સેવક, વાંચક જસ ઇમ બોલે રે. ૭

(૧) સં.૧૮૮૩ આસો સુદ ૧૩ બૃહસ્પતિવાર ગ્રામ અસુ મધ્યે ચાતુર્માસ રહીને પત્ર લખ્યા છે. લિ. મુ. રાજવિજયગણિ પં. ચતુરસત્કેન બાઈ પ્રેમકુંવર સુશ્રાવિકાર્થે ગામ ઊંઝા વાસ્તવ્ય. ૨૦૧. પ.સં.૬-૧૫, ઘો.ભં. (૨) પં. રૂપકુશલ-અમૃતકુશલ-યુક્તકુશલ-યત્નકુશલ-પ્રીતકુશલ

લ.સં.૧૮૪૧ પો.વ.૪ ધરોલ **શાં**તિપ્રસાદાત્. પ.સં.૮–૧૫, જશ. વડવા. પો.૮૮. (૩) સં.૧૮૧૨ જેસલમેર કપૂરચંદ વાચનાર્થં. પ.સં.૭, કૃપા. પો.૪૫ નં.૮૦૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૮, ૨૬૪, ૨૮૧, ૨૮૮, ૩૧૫, ૪૦૨, ૪૧૪, ૫૧૪, ૫૪૨, ૫૭૭).]

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૬૭) + પંચ પરમેષ્ઠી ગીતા [અથવા નવકાર ગીતા]

આદિ – પ્રણમીઇ પ્રેમ સ્યું વિશ્વત્રાતા, સમરીઇ **સા**રદા સુકવિમાતા,
પંચ પરમેષ્ઠી ગુણ થુણણ કીજે, પુણ્ય ભંડાર સુપરિં ભરીજે. ૧

અંત – પંચ પરમેષ્ઠિ ગુણગણ પ્રતીતા, જિન ચિદાનંદ મોજે ઉદીતા,
શ્રી **યશોવિજય** વાચક પ્રણીતા, તેહ એ સાર **પરમેષ્ઠી ગીતા.**

(૧) સં.૧૭૮૩ માગશિર શુ.૭ રવૌ ગ્રં.૨૫૫. પ.સં.૧૧–૧૨, હા.ભં. દા.૮૨ નં.૨૧૨. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૭૪).]

પ્રકાશિત : ૧. બુદ્ધિસાગરકૃત ભજન પદ સંગ્રહ ભા.૪ પૃ.૧૭૩–૯૫. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૩. નમસ્કાર સ્વાધ્યાય ભા.૩.]

(૩૧૬૮) + સીમંધર સ્વામી સ્ત. (નિશ્ચય વ્યવહારનય ગર્ભિત)

૪૨ ગાથા ૪ ઢાળ

આદિ – શ્રી **સીમંધર** સાહિબ આગે વિનતિ રે, મન ધરી નિર્મલ ભાવ,
કીજે કીજે રે લીજે લાહો ભવ તણો રે. ૧

અંત – કલશ

ઇમ વિમલ કેવલજ્ઞાન-દિનકર, સકલ-ગુણ-રયણાયરો,
અકલંક અકલ નિરીહ નિર્મળ, વિનવ્યો **સીમંધરો.**
શ્રી **વિજયપ્રભ** સૂરિરાજ રાજે, વિકટસંકટભયહરો;
શ્રી **નયવિજય** બુધ શિષ્ય વાચક, **જસવિજય** જયજયકરો.

(૧) પ.સં.૨–૧૨, આ.ક.ભં.

પ્રકાશિત : ૧. ઉપદેશમાળામાં. ૨. સજ્જન સન્મિત્ર પૃ.૩૧૪થી ૩૧૭. ૩. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૪૪૫થી ૪૪૯. [૪. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૬૯) + યતિધર્મ બત્રીશી અથવા સંયમ બત્રીશી

આદિ – ભાવ જતિ તેહને કહો, જહાં દશવિધ જતિધર્મ,

કપટક્રિયામાં મ્હાલતા, મહીયા બાંધે કર્મ. ૧

અંત – વાચક **જસવિજયે** કહી, એહ મુનિ-હિત-વાત,
એહ ભાવ જે મન ધરે, તે પામે શિવ-સાથ.

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈન હિતોપદેશ ભા.૨-૩. ૨. સજ્જન સન્મિત્ર પૃ.૫૨૪થી ૫૨૭. [૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૭૦) સંયમશ્રેણિ વિચાર સ્ત. ૨૧ કડી

આદિ – પ્રણમી શ્રી ગુરુના ચરણાંબુજ, સમરી **સારદ** માત,
સંયમશ્રેણિ વિચાર કહેસ્યું, સુણયો યે અવદાત. ૧

અંત – વીતરાગ આણા સિંહાસન, પુણ્યપ્રકૃતિનો પાયો,
વાચક **જસવિજય**ઇએ અર્થ્હ ધર્મ્મ ધ્યાનમાં ધ્યાયો રે. ૨૧

(૧) સ્વોપજ્ઞ ટબાસહિત ઉપરાંત સંયમશ્રેણિ પ્રરૂપણાના નામે ગદ્યમાં : પ.સં.૮-૧૦, આ.ક.ભં. (૨) સં.૧૭૨૩ જે.શુ. **યશો**વિજય શિષ્ય **તત્ત્વ**વિજયગણિના. [ભં.!] (૩) લિ. લૈયા **તર**ભોવન. પ.સં.૨-૧૧, જશ.સં. નં.૧૭૧. (૩) અન્ય કૃતિઓ સાથે : પ.સં.૪-૧૨, આ.ક.ભં. [આલિસ્ટઑફ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૪, ૨૮૬, ૩૨૬, ૫૨૧).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૭૧ ક થી ૩૧૭૧ ચ) ઇંદ્રભૂતિ ભાસ, અગ્નિભૂતિ ભાસ, વાયુભૂતિ ગીત, વ્યક્ત ગણધર સ., સુધર્મા સ.

(૧) જુઓ 'સંયમશ્રેણિ વિચાર સઝાય'માં (૩).

(૩૧૭૨) + આઠ [યોગ]દૃષ્ટિ સ.

આ પર જ્ઞાનવિમલસૂરિએ ટબો લખ્યો છે. તેઓ જણાવે છે કે "**શ્રી** નયવિજય પંડિતના વાચકોપાધ્યાય શ્રી **યશ**વિજયગણિ કાશીમેં ન્યાયવિશારદ એહવું બિરુદ પામ્યા તેહના વચનથી ઈમ જાણીવું એહવું લખ્યું છે." જુઓ જ્ઞાનવિમલ. આ સઝાયમાં હરિભદ્રસૂરિના 'યોગદૃષ્ટિ સમુચ્ચય' પરથી સુંદર ભાવાનુવાદ કરેલો છે.

આદિ – શિવસુખકારણ ઉપદિશી, યોગ તણી અઠદિઠિ રે,
તે ગુણ થુણી જિન **વીર**ના કરસ્યુ ધર્મની પુઠી રે
વીર જિનેસર દેસના.

અંત – લોક પૂરયો નિજ નિજ ઇચ્છા યોગભાવ ગુણ રયણેં જી,
શ્રી **નયવિજય** બુધ પયસેવક, વાચક **જસ**નઇ વયણેં જી. ૮

(૧) લિ. સં.૧૮૦૭ શક ૧૬૭૩ ચૈત્ર વદી ૧૧ ગુરૌ પં. હસ્તિસાગરગણિ શિ. મુનિ **અમૃત**સાગરેણ. સા. **અભય**ચંદ પઠનાર્થં. પ.સં. ૪–૧૩, આ.ક.ભં. (૨) પ.સં.૪–૧૩, જશ.સં. નં.૭૩.(૩) મુનિ **માણિક્ય**વિજય પઠનાર્થં. પ.સં.૬–૧૧, હા.ભં. દા.૮૨ નં.૫૯. (૪) લિ. ભુવનચંદ્રેણ. પ.સં.૬–૯, હા.ભં. દા.૮૨ નં.૮૩. (૫) પ.ક.૧૨થી ૧૬, જય. નં.૧૧૦૦. (૬) પ.સં.૫–૭, જય. નં.૧૧૧૦. જ્ઞાનવિમલસૂરિના બાલા. સહિત : (૭) સં.૧૮૪૭ માગસર વદ ૪ દર્ભાવતિ (ડભોઇ) શ્રી **સાં**મલા **પા**ર્શ્વનાથ પ્રસાદાત્ લ. પં. **લા**લવિજય **જ્ઞા**નસત્ક. પ.સં.૧૨, ઈડર ભં. (૮) સં.૧૮૭૪ મા.શુ.૧૦ રવિ **બી**કાનેર. પ.સં.૫૦, મહિમા. પો.૩૪. (૯) સં.૧૮૭૭ વૈ.વ.૪ **વિ**ક્રમપુરે **કી**ર્ત્તિસાગરેણ લિ. પ.સં.૨૭, અપૂર્ણ, મહિમા. પો.૩૪. (૪) પ.સં.૧૧, કૃપા. પો.૧૩. નં.૨૩૩. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજ્ઞૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૨, ૨૮૩, ૪૧૧, ૪૧૪, ૪૯૧, ૪૯૫, ૫૦૫, ૫૦૯, ૫૧૦, ૫૨૦).]

[પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૧. ૨. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૩. મોટું સઝાયમાળા સંગ્રહ.]

(૩૧૭૩) + સમ્યક્ત્વના ૬૭ બોલની સઝાય ૬૮ કડી

આદિ – દોહા.

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી **સરસતિ** માત;
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧

અંત – ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાલી મન વાલી, તે સમસુખ અવગાહે રે
જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઈ નહી તસ તોલે રે
શ્રી **નયવિજય** વિબુધ પયસેવક, વાચક **જસ** ઇમ બોલે રે. ૬૮

(૧) સં.૧૮૪૬ શાકે ૧૭૧૧ વૈ.વ.૧૨ શનિ બાઈ **લ**ખમી પઠનાર્થં લ. ખુશાલવિજય. પ.સં.૫–૧૩, જશ.સં. (૨) પ.સં.૫–૧૨, વીરમ. લાય. (૩) લિ. **સા**ગરચંદ્રસૂરિ શાખા વા. **ચ**તુર્નિધાન શિ. પં. **શ્રી**ચંદ પં. નવલચંદ્ર તદ્ભ્રાતૃ પં. ઇસર લિ. સં.૧૮૮૦ આસો વ.૧૪ શુક્રે **સુ**લતાન મધ્યે ચાતુર્માસ. પ.સં.૫, અભય. નં.૨૪૫૩. (૪) પ.સં.૫, મહિમા. પો.૩૪. (૫) સં.૧૭૬૦ દ્વિ.આ.વ.૭ રવિ **સા**કરચંદ પઠનાર્થં. પ.સં.૫,

જિ.ચા. પો.૮૩. નં.૨૨૨૨. (૬) સીહવિજય લિ. પ.સં.૫, મહિમા. પો.૮૬. (૭) સં.૧૮૧૯ કા.વ.૧૪ રવિ ઉ. દ્વેવચંદ્રજીગણિ શિ. વા. મનરૂપજીગણિ પં. રાયચંદ્રમુનિ લિ. લિંબડી મધ્યે. પ.સં.૩-૧૪, મુનિ સુખસાગર પાસે. (૮) પ.સં.૭-૧૨, મારી પાસે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૬, ૩૧૯, ૪૧૦, ૪૯૪, ૫૧૦, ૫૫૪, ૬૦૫).]

[પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૨. ૨. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૩. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૭૪ ક) + ૧૮ પાપસ્થાનકની સઝાય

દરેક પર એક એમ ૧૮ સઝાય છે.

આદિ – કપૂર હોયે અતિ ઉજલો રે – દેશી.

પાપસ્થાનક પહિલું કહ્યું રે, હિંસા નામ દુરંત,
મારે જે જગજીવને રે, તે લહે મરણ અનંત રે
પ્રાણી જિનવાણી ધરો ચિત્ત.

અંત – મહોટાઇ શી હોય ગુણ પાખે, ગુણ પ્રભુ સમકિત દાખેજી;
શ્રી **નયવિજય** વિબુધ પયસેવક, વાચક **જસ** ઇમ ભાખેજી.

(૧) પ.સં.૧૩-૧૧, વીરમ. લાય. (૨) પ.સં.૧૧-૧૧, અપૂર્ણ, હા.ભં. દા.૮૩ નં.૧૬૫. (૩) સં.૧૭૪૩ શ્રા.વ.૧૩ ગુરૂ ગ્રં.૨૨૧ અમદાવાદ મધ્યે કાલુ સંઘવી પોલ મધ્યે વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતી વૃદ્ધ શાખાયાં સાહા લહૂજી તત્સુત સાહા વીરા લખાવીતં. પ.સં.૧૪-૯, વડા ચૌટા ઉ. પો. ૧૮. (૪) સં.૧૭૯૨ ફા.શુ.૩, પ.સં.૬, કૃપા. પો.૬૨ નં.૧૩૩૨. (૫) સં.૧૮૫૧ મા.વ.૧૧, પ.સં.૭, મહિમા. પો.૬૩. (૬) સં.૧૭૫૮ ફા.વ.૧૩ શનૌ અચલગચ્છ ભ. અમરસાગરસૂરિ રાજ્યે તત્શિ. સુંદરસાગરેણ લિ. બુરહાનપુર મધ્યે રૂપાવહૂ પઠનકૃતે. હં.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭, ૨૬૭, ૨૮૭).]

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૭૪ ખ) + અમૃતવેલીની સજ્ઝાય અથવા **હિતશિક્ષા સઝાય**

આદિ – ચેતનજ્ઞાન અજુઆલીયેં, ટાલીયેં મોહસંતાપ રે,
ચિતડું ડમડોલતું વાલીયેં, પાલીયેં સહજ ગુણ આપ રે. ચે.૧

અંત – શ્રી **નયવિજય** ગુરુ શિષ્યની, શીખડી અમૃત વેલ રે,
એહ જે ચતુર નર આદરે, તે લહે **સુયશ** રંગરેલ રે. ૨૯

(૧) પ.સં.૩–૧૦, પાદરા ભં. નં.૫૧. (૨) સાહા **સાં**તીદાસ સુત **સો**મકરણ પઠનાર્થં લિખાવિતં સં.૧૭૪૨ માર્ગશીર્ષ સુ.૭ આદિત્યવાર પ.સં.૩, સીમંધર. દા.૨૪. (૩) પ.સં.૨–૧૦, જશ.સં. નં.૧૬. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૪૨૮, ૪૯૪, ૫૦૯).]

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. મોટું સઝાયમાળા સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૭૫) + ચાર આહારની સજ્ઝાય

આદિ – અરીહંત પદ ધ્યાતો થકો – એ દેશી.
સમરૂં ભગવતી **ભા૨તી**, પ્રણમી ગુરૂ ગુણવંતો રે.
સ્વાદીમ જેહ વિહારમાં, સુજે તે કહું કંતો રે;
શ્રી જિનવચન વિચારીએ.

અંત – શ્રી **નયવિજય** સુગુરૂ તણા, લેઉ પસાય ઉદાર રે,
વાચક **જસ** સિઝાય રચી, એ સેવક સુવિચાર રે. શ્રી. ૨૦

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૭૬) + કુગુરુ પર સ્વાધ્યાય

કવિના સમયની સ્થિતિ સાધુ માટેની જણાવેલી છે.

આદિ – છેડો ના જી – એ દેશી.
શુદ્ધ સંવેગી કિરિયા ધારી, પણ કુટિલાઈ ન મૂકે;
બાહ્ય પ્રકારે કિરિયા પાલે, અભ્યંતરથી ચૂકે.
કપટી કહિયા એહ જિણંદે. ૧

અંત – આપમતીનો સંગ તજીને, સાધુવચને રહિયેં;
વાણી વાચક **જસ** એમ બોલે, જિનાજ્ઞા શિર ગ્રહિયેં. ૨૮

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૯૬, ૫૧૦).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૩૬૮. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૩. મોટું સઝાયમાળા સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૭૭) + સુગુરુ પર સ્વાધ્યાય [અથવા **સાધુગુણ સઝાય**] ૪ ઢાલ

આદિ – ૠષભનો વંશ રયણાયર – એ દેશી.
સદ્ગુરૂ એહવા સેવિયેં, જે સંયમ-ગુણ-રાતા રે;

નિજ સમ જગજન જાણતા, વીરવચનનેં ધ્યાતા રે,
સદ્ગુરૂ એહવા સેવિયે.

અંત – શુદ્ધ પ્રરૂપક સાધુ નમીજે, શરણ તેહનું કીજે રે;
તાસ વચન અનુસારે રહી, ચિદાનંદ ફલ લીજે રે. તે. ૪૦
સિરિ **ણયવિજય** ગુરુણું પસાય માસજ્જ સયલ કમ્મકરં,
ભણિયા ગુણા ગુરુણું સાહુણ **જસ**સિણુએ એ. તે. ૪૧

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૮, ૨૮૮, ૫૧૦).]

[પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૭૮) + કુગુરુની સઝાય ૭ ઢાલ

આદિ – સેવો સદ્ગુરૂ ગુણનિરધારી, ઈહભવ પરભવ જે ઉપગારી,
વજ્જેં કુગુરૂ સમય અનુસારેં, પાસત્થાદિક પંચ પ્રકારે. ૧

અંત – જ્ઞાની છે કેવલી કલ્પ, એ કલ્પ ભાષ્યનો જલ્પ;
જે શુદ્ધ કથક ગુણધારી, તે સદ્ગુરૂની બલિહારી,
એસો કુગુરુ સજ્ઝાએ જિનવયણાએ કુંડ ભણિયો,
સિરિ **ણયવિજય** મુણીણું સીસેણ જણાણુ બોહઢા.

(૧) પ.સં.૬-૧૧, પુ.મં.

(૩૧૭૯) + ચડતીપડતીની સઝાય અથવા **સંવિજ્ઞપક્ષીય વદન ચપેટા સ.** ૪૧ કડી

આદિ – ચડચાપડચાનો અંતર સમઝી, સમ પરિણામેં રહીએ રે;
થોડો પિણ જિહાં ગુણ દેખીને, તિહાં અતિ ગહગહીએ રે,
લોકા બોલવીયા મત ભૂલો. ૧

અંત – તે માટે જ્ઞાનાધિક વચનેં, રહી ક્રિયા જે કરસ્યે;
અધ્યાતિમ પરિણતિ પરિપાકે, તે ભવસાયર તરસ્યે રે. લો.૪૦
વાચક **જસવીજયેં** એ દાખી, સીખ સર્વનઈ સાચી;
પિણ પરણુમસ્યેં તેહ તણેં મનિ જેહની મતિ નવી કાચી રે.લો.૪૧
—ઇતિ શ્રી સંવીજ્ઞપક્ષીય વદન ચપેટા સ્વાધ્યાય સમાપ્ત.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૦).]

[પ્રકાશિત : ૧. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧. ૨. જૈન કાવ્યસાર સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૮૦) + સ્થાપના કુલક સ. [અથવા **સાધુજીનાં થાપના કલ્પ**] ૧૫ કડી

આદિ – પૂરવ નવમાંથી ઉધ્ધરી, જિમ ભાખે શ્રી ભદ્રબાહુ રે;
સ્થાપનાકલ્પ અમે કહું, તિમ સાંભળજો સહુ સાહુ રે. ૧
અંત – જેહ વસ્તુમાં થાપિયે, દક્ષિણ આવર્ત્તે તેહ રે;
તે અખૂટ સધળું હોયે, કહે વાચક **યશ** ગુણગેહ રે. ૧૫
[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૯).]
પ્રકાશિત : ૧. પંચ પ્રતિક્રમણ સૂત્ર, પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, પૃ.૫૨૭. [૨. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ તથા અન્યત્ર.]

(૩૧૮૧) [+] ૧૪ ગુણસ્થાનક સ્વાધ્યાય ૭ કડી

આદિ – હોઇ મિથ્યાત્વ અભવ્યનેં, કાલ અનાદિ અનંતો રે,
તેહ અનાદિ સાંત છે, પ્રાણી ભવ્યનેં વંતો રે,
શ્રી જિનવચન વિચારીઈં. ૧
અંત – શ્રી ગુરચરણ ઉપાસતેં, ૪મ ગુણઠાણેં વિચાર રે,
તે લહેં સુયશ સંપદા, નિશ્ચય નેં વ્યવહાર રે. ૭ શ્રી.
(૧) દેવચંદકૃત 'ચોવીશા'ની એક પ્રતને અંતે : સીમંધર. દા.૨૦ નં.૩૭. [લીંહસૂચી.]
[પ્રકાશિત : ૧. પ્રાચીન સઝાય પદ સંગ્રહ. ૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૮૨) વિજયપ્રભસૂરિ સઝાય ગા.૭
(૧) પ.સં.૧, અભય. પો.૧૩.

(૩૧૮૩) સંવેગી સઝાય ગા.૭૩
(૧) પ.સં.૬, મહિમા. પો.૬૩.

(૩૧૮૪) + જશવિલાસ
આમાં ૭૫ સુંદર ઉત્તમ ભાવમય આધ્યાત્મિક પદો છે.
(૧) કેટલાંક પદો : પ.સં.૪, હા.ભં. દા.૮૨ નં.૭૫. (૨) પ.સં. ૬–૧૧, હા.ભં. દા.૮૦ નં.૧૩૪. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૪૮૪).]
પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૮૫) + આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી
અધ્યાત્મી આનંદઘનજી કવિના સમકાલીન હતા. તેમના સમાગમથી પોતાને અધ્યાત્મદશા જાણવા-રૂપી ઉત્તમ લાભ મળ્યો હતો, તેના આનંદમાં

તે મહાત્માની સ્તુતિ રૂપે પદ કવિએ રચ્યાં છે.

આદિ – (પ્રથમ પદ) રાગ કાનડો તાલ

મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે,
રહત આનંદ ભરપૂર – મારગ.
તાકો સરૂપ ભૂપ ત્રિહું લોકથેં ન્યારો,
બરષત મુખ પર નૂર – મારગ.

અંત – (આઠમું પદ) રાગ કાનડો તાલ

આનંદઘનકે સંગ સુજસહી મિલે જબ,
તબ આનંદ સમ ભયો સુજસ.
પારસ સંગ લોહા જો ફરસત,
કંચન હોત હી તાકે કસ – આનંદ. ૧
ખીર નીર જો મિલ રહે આનંદ,
જસ સુમતિ સખી કે સંગ,
ભયો હે એકરસ, ભવ અપાઈ સુજસવિલાસ;
ભયે સિદ્ધ સ્વરૂપ લીયે ધસમસ – આનંદ. ૨

પ્રકાશિત : ૧. સઝાય પદ સ્તવન સંગ્રહ. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ તથા અન્યત્ર.]

(૩૧૮૬) + જિન સહસ્ર નામ વર્ણન છંદ [અથવા સ્તોત્ર] ૨૧ કડી

આદિ – ભુજંગ પ્રયાત વૃત્ત.

જગન્નાથ જગદીશ જગબંધુ નેતા, ચિદાનંદ ચિત્કંદ ચિન્મૂર્તિ ચેતા,
મહામોહ ભેદી અમાયી અવેદી, તથાગત તથારૂપ ભવભયઉચ્છેદી.

અંત – ઇસ્યાં સિદ્ધ જિનનાં કહ્યાં સહસ્ર નામ,
રહ્યો શબ્દ ઝગડો, લહો શુદ્ધ ધામ,
ગુરુ શ્રી નયવિજય બુધ ચરણસેવી,
કહે શુદ્ધ પદ માંહિ નિજ દૃષ્ટિ દેવી. ૨૧

[જૈનજ્ઞાનસૂચિ ભા.૧ (પૃ.૫૧૪).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૨, પૃ.૨૦૨થી ૨૦૫. [૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧.]

(૩૧૭૬ ક) + ઋષભ જિન સ્ત. ૯ કડી

આદિ – ઢાલ કડખાની

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,

ગુણનિલો જેણ તું નયન દીઠો;

અંત – ગંગ સમ રંગ તુઝ કીર્તિકલ્લોલને,
રવિ થકી અધિક તપતેજ તાજે,
નયવિબુધ સેવક હું આપરો **જસ** કહે,
અબ મોહિં બહુ નિવાજે. ઋષભ. ૯

પ્રકાશિત : ૧. બુદ્ધિસાગરકૃત ભજન પદ સંગ્રહ ભા.૪, પૃ.૧૯૭-૨૮૮.

(૩૧૮૭ ખ) + શીતલજિન સ્ત. ૬ કડી

આદિ – રાગ અડાણો
શીતલ જિન મોહે પ્યારા, **શીતલ** જિન મોહે પ્યારા;

અંત – **જસ** કહે જન્મમરણુભય ભાગો, તુમ નામે ભવ પારા. શી.૬

પ્રકાશિત : ૧. ઉપર મુજબ, પૃ.૧૯૯.

(૩૧૮૮) + નવપદ પૂજા

આ 'શ્રીપાળ રાસ'માંની ઢાળોમાંથી છે.

[આલિસ્ટઓફ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૩૪, ૪૯૩, ૫૦૧, ૫૫૯).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ, ભી.મા. [તથા અન્ય પૂજાસંગ્રહોમાં.]

(૩૧૮૯ ક) કુમતિ સ્તવન ગા.૧૬

આદિ – જિનપ્રતિમા વંદન દીસઈ, સમકિતનિં આલાવઈ,
અંગ **ઉપાસગ** પ્રગટ અરથ એ, મૂરખ મનમાં નાવઈ,
કુમતિ કાં પ્રતિમા ઉથાપિ. ૧

અંત – જિનપ્રતિમા જિન સરિખી જાણઈ, પંચાંગીના જાણુ,
કવિ **જસવિજય** કહઈ તે ગિરુઆ, કીજઈ તાસ વખાણ.
૧૬ કુમતિ.

(૧) પ.સં.૬-૧૧, પુ.મં. [લીંહસૂચી.]

(૩૧૮૯ ખ) કુમતિ સ્ત. ગા.૯

આદિ – સતરભેદ પૂજાફલ સાંભલિ, સ્યું કુમતિ જગ ધંધઈ રે,
શુદ્ધ પરંપર સૂત્ર ન માંનઇ, ચાલઈ અંધોઅંધઈ રે. ૧

અંત – સાર સૂત્રનું સમઝી જિનની, પૂજા જે મનિ ધારઈ રે,
કવિ **જસવિજય** કહઈ તે ગિરુઓ, તે તર્યા નિં તારઈ રે. ૯ સતર.

(૧) પ.સં. ૬-૧૧, પુ.મં.

(૩૧૯૯ ગ) + હરિયાળી

આદિ – કહેજો પંડિત કોણ એ નારી.

[લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૦).]

(શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયની રાસ સિવાયની બધી કૃતિઓ મેં સંશોધન કરી સંપાદેલ 'યશોવિજયકૃત ગુર્જર કાવ્ય સંગ્રહ ભા.૧' એ નામના પુસ્તકમાં એકીસાથે પ્રગટ થયેલ છે.)

ગદ્યકૃતિઓ

(૩૧૯૦) પંચનિર્ગ્રંથી બાલાવબોધ

આદિ – **શ્રી નયવિજયગુરૂણાં** પ્રાસાદમાસાદ્ય સકલકર્મક્ષર
વ્યાખ્યા કુર્વે કિંચિલ્લોકહિરયા પંચનિર્ગ્રંથા. ૧

અંત – **શ્રી નયવિજય**ગુરૂણાં ચરણાગ્રોપાસનામુદ્રિતપુણ્યઃ,
પુણ્યાય **યશોવિજયો** વ્યતેને બાલબોધમિમં. ૧
યદ્યપિ ગીર્ન મમેયં, કરણાભરણં પચેલિમમાતીનાં
તદપિ પ્રવચનભક્તે પદકિંકિણિકા ભવત્યેષા. ૨

જગમિં જસ ઝગમગઈ એ, સુખસંપદ સહી લીલ. ૧૬ દાન.
સંવત **સતર ચઉદોતરઈ** એ, શુદિ ફાગણ સુભ માસિ. દા.
શનિ રોહણિ સુભ ઘડી એ, ફાઉ સંબંધ ઉલાસિ. ૧૭ દા.
યુગપ્રધાન ગચ્છધણી એ, **શ્રી કલ્યાણસાગર** સૂરિંદ. દા.
આચાર્ય ગુણઆગલા એ, ચતુરાં માહિ સિણગાર. ૧૮ દા.
અમરસાગર નઈ અમલમિં એ, ફાઉ એ ઉપગાર. દા.
વિજયચંદશિષ્ય ૪મ ભણઈ એ, **ઉદયચંદ** આણંદિ. દા.
સયલ સિદ્ધિ આવી મિલઈ એ, જિઉં **માણિક** નરિંદ. ૧૯ દા.

(૧) મુનિ પદ્મચંદ્રગણિ. ૫ સં.૨૭-૧૫, મ.જૈ.વિ. નં.૪૯૫. (૨) ૫.સં.૨૭-૧૫, મ.જૈ.વિ. નં.૫૩૧ તથા ૬૩૨ મળીને.

[પ્રકાશિત : થોડોક અંશ – ૧. જૈનાચાર્ય શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રંથ, પૃ.૧૯૨–૯૬.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૦૩-૦૪.]

૯૦૩. ઉદયવિજય ઉપા. (ત. વિજયસિંહસૂરિશિ.)

(૩૨૩૬) સમુદ્ર-કલશ સંવાદ ૨૭૨ કડી ૨.સં.૧૭૧૪ દિવાળી રાધનપુરમાં

આદિ – દૂહા

સકલકલાકેલીકુશલ, ચતુરપુરૂષ-અવતંસ
જસ જાપઈ હુઇં જગતમાં, ઓપાવઇ નિજવંશ. ૧
તે **સંખેસર પાસ** જિન, મુખકજ મધુકર નારિ
ભાવઈ ભેટુ **ભારતી**, કરતી જયજયકાર. ૨
અષ્ટાપદ તિરથ તણું, જતન કરેવા કામિ
સગરસુતે ગંગા નદી, આણી પરિધિનઈ ઠામિ. ૩
તિમ **સગરઇ વિમલાચલઇ**, જતન હેતુ જલરાશિ,
આણ્યો તે ઇંદ્રઈ સુણી, **સગર** ભણ્યો ઉલ્લાસિ. ૪
વિમલાચલનઇ રાખવા, તિએ કીધું કાંમ,
પિણ જિનવિરહઇં **ભરત**માં, કુણ તીરથ અભિરામ. ૫
અષ્ટાપદ પરિ અંગમએ, કરતા કુણ આધાર
સહૂનઈં તરવા કારણઈ, જોઉ ચિત્ત વિચારિ. ૬
તબ જલનિધિ આણ્યો કર્યો, વાધ્યો નહીં લગાર,
તે દિનથી તે તિમ રહ્યો, વૃદ્ધવાદ એ ધારિ. ૭
ઇમ **શત્રુંજય** રાખવા, **સગરઇ** આણ્યો સિંધુ,
તબ ગરવ્યો સાયર ભણઈ, સુણજ્યો ભાઈઅંધ. ૮
જગપાવન તીરથ વડો, **વિમલાચલ** જગિ જેહ,
તાસ રખોપા કારણઈ, મુઝ સિત સમર ધરેહ. ૯
મિં દીધા અવકાશથી, અગમ તે સુગમહ હોઇ,
હું જયેહનઇ રાખી રહઉં, તાસ ન ગંજઇ કોઈ. ૧૦
કહસ્યૂં વાત ખરાખરિં, સાંભલજ્યો સહુ કોઈ
હોડિ કરઇ જે માહરી, જગિ નહીં તેહવો કોઇ. ૧૧
ઇમ સહુકોનઈ અવગણી, જલનિધિ બોલ્યો જામ
મામ સહુના રાખવા, કુંભ કહ(ઇ) છઇ તામ. ૧૨

અંત – ઢાલ.

વિસ્તરિયા ઇમ જિનવર-ઉવએસડા રે, પેખિ પેખિ કલસ નઇ સિંધ રે

*

ઇમ એ અચરિજ-કારણ જાણી ઓચર્યો રે, **સાયર કલસ સંવાદ** રે.
સાંભલતાં સાંભલતાં સહુકોનઈં કોતિગ ઉપજઇ રે,
ટલઈ ટલઈ બહુ વિષવાદ રે. ૨૬૭ વિ.
વિદ્યા મુનિવર શશધર મિત સંવત્સરઇ રે ૧૭૧૪ દીપમહો-

ત્સવ દીસ રે
પુરવર પુરવર **રાધનપુર** માહિ રચ્યો રે પુહતી પુહતી સંઘ
જગીસ રે. ૨૬૮ વિ.
તપાગચ્છનાયક **જેસિંઘજી** ગુરૂ પાટવી રે, **શ્રી વિજયદેવ**
સૂરિરાય રે,
નરપતિ નરપતિ **ઈદ્દલસાહ** જેણિ રીઝવ્યો રે જગિ જસ સુજસ
ગવાય રે. ૨૬૯ વિ.
ગયણંગણિ દિણયર પરિ તેજિ વિરાજતો રે, ઊગ્યો ઊગ્યો
તેહ તણઈ તાટિ રે
જગપતિ જગપતિ રાણુ જેણિ પ્રતિબોધિઉ રે તારિ તારિ
નરવર-થાટ રે. ૨૭૦ વિ.
સંવેગી સુવિહિત મુનિ મનડામાં વસ્યો રે **શ્રી વિજયસિંહ**
સૂરિંદ રે
જેહ તણઇ જેહ તણઈ નામ જપંતાં સંપજઇ રે દિન દિન
પરમ આણંદ રે. ૨૭૧ વિ.
તાસ સીસ ગુરૂરાગઈ રંગઈ ભર્યો રે **ઉદયવિજય** ઉવઝાય રે,
તિણ એહ તિણ એહ સયણ વિનોદ ભણી કર્યો રે, **પાસ**
જિણિંદ પસાય રે. ૨૭૨ વિ.

(૧) પ.સં.૧૧-૧૫, જશ.સં.

(૩૨૩૭) શ્રીપાલ રાસ ૬ ખંડ ૭૭ ઢાળ ૨૦૫૫ કડી ૨.સં.૧૭૨૮ દિવાળી ફીસનગઢમાં

આદિ – પં. મેઘવિજયગણિભ્યાં નમઃ

દૂહા.

ઉદય કરે શ્રુતદેવતા સુપ્રસન્ન થઇ જેણ,
અરિહંતાદિક હું જપું નવપદ અહનિશિ તેણ. ૧
ઉદય સદા સંપતિ સવે આવે ઉચ્છવપૂર,
સિદ્ધચક્ર આરાધતાં નિતનિત ચઢતો નૂર. ૨
ઉદય અનોપમ નાણ ગુણ દંસણ ચરણ રસાલ,
અરિહંતાદિક સંપદા પ્રકટે પરમ વિશાલ. ૩
નવપદ જપ જિકે જપે તિકે તપે મહિલોઇ,
અરિહંતાદિક પદ જપો, તિણિં કારણ સહુ કોઇ. ૪

સિદ્ધચક્રમહિમા તણો, સુણો સહૂ અધિકાર,
સાંભલિતાં સુખ પામીઇ લહીઇ જયજયકાર. ૫
નવપદ આરાધી કરી, સુખ પાંમ્યો **શ્રીપાલ**,
તિમ સાધકને સુખ હુઇં, ફલે મનોરથમાલ. ૬

અંત – નવપદમહિમા કારને રે, કહું **શ્રીપાલ**ચરિત્ર,
ભણતાં સુણતાં ભવિયણા રે, હોવે પુણ્ય પવિત્ર. ૪
તપગચ્છગયણ-દિણેસર રે, **વિજયદેવ** સૂરીંદ,
પટ્ટપ્રભાવક તેહનો રે, શ્રી **વિજયસિંહ** મુણીંદ. ૫
જિન અનેક પુહવિપતિ રે, પ્રતિબોધ્યા નિજ વાણ,
ધર્મ પમાડચા ભાવથી તે હુઆ ગુણમણિખાણ. ૬
દેશ **મેવાડ** તણો ધણી રે, **જગતસિંહ** મહારાણ,
ઋષભદેવ પૂજા કરે રે તે નિસુણીઅ સવખાણ. ૭
આખેટકની આખડી રે, ચોદસ સરીખે દીહ,
ધર્મરાગે ધરે જેહને રે, તે દેખી નિસ્પૃહ લીક. ૮
સાયર રેલે મીનના રે, **ઝીઝુવાડા** ગામ,
વધ હોતા તે વારીયા રે, જિણ **વિજયસિંહ** ગણસામિ. ૯
અન્ય વર્ણ પણ સી મળી રે, જૈન તણા વ્યવહાર,
વિજયસિંહ ગુરૂ તે હુઆ, જાણે **હેમ**સૂરિ અવતાર. ૧૦
વિજયદેવ સૂરીંદના રે, બીજા પાટવિ જેહ,
શ્રી **વિજયપ્રભ** ગણધરૂ, જે ગુણમાણિક-ગેહ. ૧૧
તખત વિરાજે જેહનુ રે, જગ જાણીતૂં આજ,
વડ ગુરૂભાઇ જેહના રે, **વિજયરાસ**ંહ ગુરૂરાજ. ૧૨
તસ સીસે ચોપાઇ લખી રે, **ઉદયવિજય** ઉવઝાય,
સાંભળતાં ભવિલોકને નિત આણંદ ઉલટ થાય. ૧૩
શ્રી **વિજયસિંહ** સૂરીંદના વૃદ્ધ સહોદર ધીર,
વાચક **કીર્તિવિજય**ગણિ હુઆ ગિરૂઆ ગુણગંભીર. ૧૪
જિનવિજય પંડિત તેહના રે તેહને કથને એહ,
શ્રી **શ્રીપાલ** નરિંદની, મેં કીધી ચોપાઇ નેહ. ૧૫
સત્તર અડવીસે કરી રે, ચોપઇ એહ ઉદાર,
દીવાલી દીવસે સુખે શ્રી, **કિસનગઢે** જયકાર. ૧૬
દશમી છઠા ખંડની યે ધન્યાસીમેં ઢાલ,

એ કહી એતલેં નીપનો રે, છઠો ખંડ વિશાલ. ૧૭
ભણતાં સુણતાં ભાવતાં હોવે મંગલમાલ,
જયલચ્છી સુખસંપદા વલી ઉચ્છવ રાજયરસાલ. ૧૮

(૧) ઇતિ શ્રી તપગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિ પટ્ટાલંકાર મ. શ્રી વિજયસિંહ સૂરીશ્વર શિષ્યોપાધ્યાય શ્રી ઉદયવિજયગણી વિરચિત શ્રીપાલનૃપચરિત્ર સમાપ્તઃ. હા.ભં. દા.૭૯. (૨) પ.સં.૭૫–૧૩, રત્ન. ભં. દા.૪૧ નં.૧૭. (૩) ઢાલ ૭૭ સર્વગાથા ૨૦૫૫ સં.૧૮૩૬૨ા ફાગુણ વદિ ૭ દિને લિષતં. પં. વિદ્યાહેમ રાજનગર મધ્યે. પ.સં.૬૧–૧૨, રત્ન. ભં. દા.૪૧ નં.૧૬. (૪) સં.૧૭૯૩ કા.કૃ.૫ લિ. પાટણ મધ્યે. હા.ભં. દા.૭૯ નં.૩૩. (૫) પ્રે.ર.સં.(વે. નં.૩૦.)

(૩૨૩૮) રોહિણી [તપ] રાસ ૨૩૩ કડી વિજયદેવસૂરિ રાજ્યે

આદિ – પં. શ્રી જયવિજયગણિ ચરણકમલેભ્યોનમઃ દૂહા

શ્રી જિનમુખકજવાસની, શ્રુતદેવી પ્રણમેવ,
રોહિણીતપ મહિમા કહું, સુણ ભવીયણ સંખેવ. ૧
દુસ્તપ તપ જે આદરઇં, દુરિત નિવારઇં તેહ,
પૂણ્ય તણી વૃષ્ટિ જ હોવઇ, જિમ આસાઢો મેહ. ૨
કર્મ નિકાચિત જે હોવઇ, તે પણ તપઇં પલાય,
લબ્ધિ સિદ્ધિ બહુ રિદ્ધ જે, તે પણિ તપથી થાય. ૩
સોભાગી તપથી હોવઇ, માનવમાં શિરદાર,
તેણ ઇહાં તપનો ભણું, સુવિસેષઇં અધિકાર. ૪

અંત – વિજયદેવસૂરી ગચ્છકે રાયા, તેહના પાટ દીપાયાજી
તે શ્રી વિજયસિંહ મન ભાયા, ગોતમ ગુણે કહાયાજી. ૨૩૨
તસ સીસ ઉદયવિજય ઉવજઝાયા, દિનદિન નૂર સવાયાજી
લીલા લખમી વાંછિત પાયા, મંગલ તુર વાજ્યયાજી. ૨૩૩

(૧) ઉદયવિજયગણિ શિ. પં. જયવિજયગણિ શિ. પં. ભાણવિજયગણિ શિ. કલ્યાણવિજય લિ. સં.૧૭૮૩. પ.સં.૫–૧૫, હા.ભં. દા.૮૧ નં.૩૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૭).]

(૩૨૩૯) મંગલકલશ રાસ

(૧) રત્ન.ભં. (૨) ડે.ભં.

(૩૨૪૦) [+] શંખેશ્વર પાર્શ્વનાથ સ્ત. ૧૩૫ કડી

આદિ – કલાવંત કવિ કેલવઇ, કૌતુક કોડાકોડિ,

વદઇ વાદ વાદી વડા માની મૂંછ મરોડિ. ૧

અંત – (પ્રશસ્તિ પ્રાકૃતમાં છે.)

પાવિય પરમપસાયં તેસિં સિરિ **વિજયસીહસૂરી**,
ણું ભાવેણું સંથુણિ ઉવાયગવર **ઉદયવિજયેણું**. ૧૩૪
પયડ-પયાવ-દિણિંદો, ભવિઅપિયાણું દવિદમાકંદો,
સંખેસર જિણચંદો, સુહકંદો દેઉ મે ભદ્દં. ૧૩૫

(૧) ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી ૫ શ્રી ઉદયવિજયગણિકૃત **સંખેશ્વર પાર્શ્વનાથ** જિનસ્તવનં સંપૂર્ણ. સંવત ૧૭૬૫ વર્ષે પ્રથમ વૈશાખ સુદ ૧૫ દિને લિખિતં. ૫.સં.૭–૧૦, હા.ભં. દા.૮૨ નં.૮૬. (૨) ૫.સં. ૭–૧૧, વિમલગચ્છ ભં. વિજાપુર દા.૧.

(૩૨૪૧) શંખેશ્વર (પાર્શ્વ) જિનરાજ ગીતા (ગીત)

આદિ – સકલ મંગલ તણી કલ્પવેલી, તીર્થંકર લચ્છિની જે સહેલી,
સરસતિ વરસતિ સરસ વાણી, આપ હેતુ હિતે ચિત્ત જાણી. ૧

અંત – શ્રી **વિજયદેવ** તપગછરાજા, શ્રી **વિજયસિંહ** સુગુરૂ વડ દિવાજા,
વાચક **ઉદયવિજય** પ્રણીતા, **પાસ** જિનવર તણી **રાજગીતા**. ૩૬

(૧) ઇતિ રાજગીતા – પાર્શ્વજિન સ્તવન સંપૂર્ણ. પ્ર.કા.ભં. (૨) ૫.સં.૩–૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૭૭. (૩) ૫.સં.૪–૧૧, હા.ભં. દા. ૮૨ નં.૧૫૫. (૪) ૫.સં.૨–૧૨, હા.ભં. દા.૮૩ નં.૩૮. (૫) ૫.સં.૪, જૈ.ના. (૬) સં.૧૭૫૯ **પાટણ** નગરે લિ. ૫.ક.૧૩થી ૧૫, ચોપડો, જશ. સં. [આલિસ્ટઑફ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૪, ૨૮૫).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુ સંગ્રહ.]

(૩૨૪૨) [+] ઉત્તરાધ્યયન ૩૬ અધ્ય. ૩૬ સ. લ.સં.૧૭૨૬

આદિ – શ્રી નેમીસર જિન તણું જી એ દેસી.

પવયણદેવી ચિત્ત ધરીજી, વિનય વખાણો સંસાર,
જંબૂનઈ પૂછયઈ કહ્યોજી, **શ્રી સોહમ** ગણધાર. ૧
ભવિકજન વિનય વહો સુખકાર.
પહિલઈ અધ્યયનઈ કહ્યોજી, **ઉત્તરાધ્યયન** મઝારિ,
સઘલા ગુણમાં મૂલગોજી, જે જિનશાસન-સાર. ૨ ભવિકજન.

અંત – એ સવિ ભાવ જિણેસરે રે, ભાખ્યા ભવિહિત કાજિ,
સુધા સદ્દવહતાં થકાં રે, પામીજે અવિચલ રાજ. ૭

શ્રી **વિજયદેવ** સૂરીસરૂ રે, પટ્ટપ્રભાવક સીહ,
વિજયસિંહ મુનિરાજીઓ રે, સુવિહિત ગણુધર લીહ. ૮
તાસ નામ સુપસાઉલે રે, એ છત્રીસ સઝાય,
ઉદયવિજય વાચક ભણે રે, જેહ થકી નવનિધિ થાય. ૯
પરમારથ પરિચય કીજીએ.

(૧) ભ. **વિજયદેવસૂરીશ્વર** શિ. **મતિવિજયેન** લિ. સં.૧૭૨૬. પં. જૈ.શ્વે.ભં. જયપુર. પો.૬૪. (૨) સં.૧૭૩૨ માગશર શુ.૨ ભોમે લ. **રાજ**-નગરે બાઇ રહીઆ લખાવીત પોતાનઈ જાણુવાનઈ કાજઇ. પ.સં.૧૨-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૬૯. (૩) પ.સં.૧૮, જશ.સં. (૪) પ.સં.૧૧-૧૪, હા.ભં. દા.૮૩ નં.૮૪. (૫) સં.૧૮૦૨ વૈ.શુ.૮ **ઔર**ંગાબાદ. પ.સં. ૨૮, જિ.ચા. પો.૮૩ નં.૨૧૫૫. (૬) પ.સં.૧૨-૧૫, જૈનાનંદ નં.૩૩૫૦. (૭) સં.૧૭૩૬ વર્ષે ચૈત્ર સુદિ ૧૧ દિને મંગલવાસરે લિખિતં ઇહમદપુરે. પ.સં.૧૬, અમર.ભં. સિનોર. (૮) સંવત્ ૧૮૩૯ વર્ષે પોસ સુદિ ૫ ભોમવાસરે પં. **અમી**વિજયગણિ પં. **સુખ** સ. લિપિકૃતં પં. **રણજિત**-સાગરજીને અર્થે શ્રી **ભી**નમાલ નગરે. પ.સં.૧૧-૧૬, જૈ.એ.ઈ.ભં. નં. ૧૦૪૫.

(૯) અંકાગ્નિ મુનિ ચંદ્રેબ્દે, ચાશ્વિન્યાં પંચમી શનૌ,
સદ્દહસ્તિરૂચિના ગીત-પટ્ટત્રિંશિકા લિપીકૃતા. ૧
શ્રી **ત**પગચ્છ ઉવઝાય ગુરૂ, શ્રી **હિત**રૂચિ તસ સીસ,
હસ્તિરૂચિ હરષઇ લિખ્યાં, ઉત્તરાધ્યયન છત્રીસ. ૨
આશુ માસિ ઉજ્જ્વલ પખિ, તિથિ ષષ્ટી રવિવાર,
ભણુઈ સુણુઇ જઈ લિખઈ, તિહાં ઘરિ જયજયકાર. ૩

સં.૧૭૪૫ માર્ગશીર શુદિ ૫ રવિ લ. ઋષિ **પા**સવીર લખાવીત **રાજ**-નગર મધ્યે. ગ્રં.૪૫૦, પ.સં.૩૦-૯, હા.ભં. દા.૭૯ નં.૩૨. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૨૮૦, ૨૮૨).]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. [૨. મોટું સઝાયમાળા સંગ્રહ. ૩. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ).]

(૩૨૪૩) ૨૦ વિહરમાન જિન ગીતાનિ

આદિ - આજ લગે ઘરિ અધિક જગીસ એ દેશી.
શ્રી **સીમંધર** જિન ગુણધામ, પ્રહ ઊઠી તુઝ કરૂં પ્રણામ,
મંત્ર જપ મોટો તુઝ નામ, જેહથી સફલ હોઇ સવી કામ. ૧

અંત – ઢાલ ૨૧ રાગ ધન્યાસિરિ શાંતિજિન ભાલકઇ જાઉ એ દેશી.

*

તપગણ ગિરૂઆ ગુરૂ સોહે, ગુણસણિ આરોહેજી,
વિજયદેવસૂરી મન મોહે, ભવિયણને પડિબોહે રે. ૪
તાસ પટોધર સૂરિસવાયા, **વિજયસિંહ** મુનિરાયાજી,
વિનયી **ઉદયવિજય** ઉવઝાયા, તિણિએ જિનગુણ ગાયાજી. ૫
શ્રી જિનવરગુણ-ચ્યંપકમાલા, કંઠિ ધરઉ સુવિશાલાજી,
ગુણવંતી ધરણી સુકુમાલા, ઘરિ લહો રંગ રસાલાજી. ૬
કચરાસુત તારાચંદ છાજઈ, **રૂપચંદ** સુત રાજઇજી,
તાસ વચનથી સમલ દિવાજઇ, કર્યા ગીત ગુણ ગાજઇજી. ૭

(૧) સં.૧૭૪૯ ચૈત્ર વદિ ૧૧ ગુરૂ. પ.સં.૮–૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૭૦.

(૩૨૪૪) વિમલાચલ સ્ત. ૨૬ કડી

આદિ – શ્રી **આદીશ્વર** ઓલગુ રે લો વીનતડી અવધારે રે જિણંદરાય

અંત – કલસ

ધ્યય સકલ-મંગલ-વેલિ-કાનન સકલ-પુષ્કર-જલધરો
શ્રી **નાભિ-નરવર-વંશદિનકર પરમગુણ-રયણાયરો,**
શ્રી **વિજયદેવ** સુરિંદ પટધર, **વિજયસિંહ** મુણીસરૈ
તસ સીસ વાચક **ઉદયવિજયઈ** સંથુણ્યો શ્રી જિનવરૈ. ૨૬

(૧) પં. વૃદ્ધિકુશલગણિના લિખિતં. હા.ભં.

(૩૨૪૫) અનાથીમુનિ સ.

આદિ – **મગધદેશ રાજગૃહિ** નગરી રાજા **શ્રેણિક** દીપે રે.

અંત – શ્રી **વિજયદેવસૂરિસર** પાટે **વિજયસિંહ** મુનિરાય રે,
ઉદયવિજય વાચક તસ બાલક સાધુ તણા ગુણ ગાય રે. ધન.૧૩

(૧) પ.સં.૧–૧૧, આ.ક.ભં. (૨) લિ. **નેમવિજય** ઉદયપુર મધ્યે સં.૧૮૨૮ મહા સુદ ૪ શુક્ર. શ્રાવિકા પુન્યપ્રભાવિકા બાઈ **લાડૂ** પઠનાર્થં. પ.સં.૨–૧૨, આ.ક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૫૫–૫૮, ભા.૩ પૃ.૧૨૧૨–૧૩ તથા ૧૨૬૧–૬૬. પહેલાં '૨૪ જિન સ્ત.' નોંધેલું તે જ પછી '૨૦ વિહરમાન જિન ગીતાનિ' કર્યું છે. એક જ હસ્તપ્રત બંને સ્થાને નોંધાયેલી છે.

ભા.૩ પૃ.૧૨૧૨-૧૩ પર 'ઉત્તરાધ્યયન સઝાય' હસ્તિરુચિને નામે મુંકાયેલી જે ખરેખર લહિયા છે એમ હસ્તપ્રત (૯)નો ઉદ્ધૃત ભાગ બતાવે છે. એ ઉદ્ધૃત ભાગમાં હસ્તિરુચિ પોતે બે લેખનમિતિ દર્શાવે છે તે ઉપરાંત સં.૧૭૪૫માં પાસવીરે પ્રત લખાવ્યાની નોંધ છે તેમાં કંઈક ગરબડ હોય અથવા હસ્તિરુચિની પ્રત પરથી બીજી પ્રત થયેલી હોય.]

૯૦૪. કુંવરવિજય

(૩૨૪૬) રત્નાકર પંચવિંશતિ બાલા. ૨.સં.૧૭૧૪

(૧) પ.સં.૫, હા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૬૦, ભા.૩ પૃ.૧૬૨૫.]

૯૦૫. રંગપ્રમોદ (ખ. જિનચંદ્રસૂરિ-પુણ્યપ્રધાન-સુમતિસાગર-જ્ઞાનચંદ્રશિ.)

(૩૨૪૭) ચંપક ચોપાઈ ૨.સં.૧૭૧૫ વૈ.વ.૩ મુલતાન

(૧) બીકાનેર ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૦૬.]

૯૦૬. પદ્મવિજય (ત. શુભવિજયશિ.)

(૩૨૪૮) શીલપ્રકાશ રાસ ૨.સં.૧૭૧૫

(૧) ખં.ભં.૧.

(૩૨૪૯) શ્રીપાલ રાસ ૨.સં.૧૭૨૬ ચૈ.સુ.૧૫ કુજવાર સાદડીમાં

(૧) સં.૧૭૨૬ ચૈ.શુ.૧૫, કર્તાની પોતાની લખેલ પ્રતિ, પ.સં.૪૯, અભય. પો.૧૩ નં.૧૩૭.

(૩૨૫૦) ૨૪ જિનનું સ્ત. ૨૫ કડી

અંત – શ્રી **વિજયાણંદસૂરિ** ગણધર, **શુભવિજય** બુધરાય;
તસ પદપદ્મ નિજ શિરે ધરી, **જિનપદ પદ્મ** ગુણ ગાય.
—ઇતિ ચોવીસ જિન સ્તવન.

(૧) સં.૧૭૪૯ વર્ષે શાકે ૧૬૧૪ પ્રવર્જમાને શ્રી **રાજનગર** મધ્યે લિખિતં. પ્ર.કા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૫૮, ભા.૩ પૃ.૧૨૦૩.]

૯૦૭. વિનયસાગર (સાગરગચ્છ વૃદ્ધિસાગરસૂરિશિ.)

(૩૨૫૧) રાજસાગરસૂરિ સજ્ઝાય (ચૈ.) ગા.૬૩ સં.૧૭૧૫ પછી

આદિ – સકલ પં. શાંતિસાગરગણિ ગુરુભ્યો નમઃ
પાસ જિણંદ પ્રણમી કરી, આણા મન સ્યું રંગ લાલ રે,
સમરી સરસતિ સામિની ગજગામિની દ્યો મતિ ચંગ લાલ રે. ૧
સુવિહિત સાધુશિરોમણી શ્રી રાજસાગર સૂરિંદ લાલ રે,
તાસ તણા ગુણ વર્ણવું, સાંભલયો સહૂ આણંદિ લાલ રે. ૨

અંત – ઇમ ભવ્ય પ્રાણી ભગતિ આણી હરષ સ્યું ગુણ ઉચ્ચરઇ,
શ્રી રાજસાગરસૂરિ કેરો તેહ જયમંગલ વરઈ
તસ પટ્ટધારક સૌખ્યકારક શ્રી વૃદ્ધિસાગર સૂરીસરો
તસ ચરણસેવક વિનયસાગર સકલ સંઘ મંગલ કરો. ૬૩

(૧) લિ. રાજનગરે. પ.સં.૮૯, મુનિ સુખસાગર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૧.]

૯૦૮. દેવવિજય (ત. વિજયપ્રભસૂરિશિ.)

(૩૨૫૨) સપ્તતિશત (૧૭૦) જિનનામ સ્ત. ૫૨ કડી ૨.સં.૧૭૧૬ મહા શુદ ૧૦

આદિ – દુહા.
કાસમેરી મુખમંડણી, પ્રણમું તોરા પાય,
સૂગુરૂ તણે પસાઉલિં, ગાસ્યું જિનવર રાય.
સિત્તરસો જીનવર તણા, નામ કહું નીરધાર,
સંખેપિનઇં ગાયતાં, જિમ થાયઇં જયકાર.

અંત – સંવત સત્તર સોલોતરે, માહ સુદિ દશમી સાર,
શ્રી વિજયપ્રભસૂરિ સેવતાં, મેં પાંમ્યો રે શાંતિ સુખકાર,
ઇમ બોલે રે દેવવિજય જયકાર કં. ૫૨

(૧) આ.ક.ભં. નં.૩૫૩. (૨) ડે.ભં. [મુપુગૂહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૫૮.]

૯૦૯. માનવિજય (ત. વિજયસિંહસૂરિ–દેવવિજય–જ્ઞાનવિજય–રત્નવિજયશિ.)

સં.૧૭૦૯(નન્દાન્તરિક્ષોદધિચન્દ્ર નામ્નિ)માં માનવિજયે વિજયદેવસૂરિરાજ્યમાં 'દંડકવીરસ્તુતિ' સં.માં રચી, તેમાં પોતાની ગુરુપરંપરામાં વિજયસેનસૂરિ–કનકવિજય, સત્યવિજય જ્ઞાનવિજય અને વૃદ્ધિવિજયના પોતાને શિષ્ય જણાવેલ છે. (વે. નં.૨૬ ભા.૨.)

(૩૨૫૩) અંજનાસુંદરી સ્વાધ્યાય ૩૫ કડી ૨.સં.૧૭૧૬

અંત – કરમઈ બહુ દુખ પામીયાં રે, **હરિ હર નલ** નઈ **રામ**,
સીતા સુભદ્રા દ્રૂપદી રે, **કલાવંતી** સતી તામ રે. ક. ૩૪
અંજના તણા ગુણ ગાયતાં રે, મંગલીક સંપદ થાય,
શ્રી **દેવવિજય** ઉવઝાયનો રે, બુધ **માનવિજય** ગુણ ગાય રે. ક. ૩૫
કર્મ ન છૂટઈ.

(૧) સંવત્ ૧૭૧૬ વર્ષે પં. **માન**વિજયગણિ લિખિતં. પ.સં.૨, પ્ર.કા.ભં.

(૩૨૫૪) વિક્રમાદિત્ય ચરિત્ર ૬ ઉલ્લાસ ૯૨ ઢાળ ૨૮૬૫ કડી ૨.સં. ૧૭૨૨ ?[૨૩ ? ૩૨ ?] પોષ સુ.૮ બુધ ખેમતા ગામમાં

અંત – સંવત **૧૭૨૨ સજ[સંજમ ?] કર ગુણને**, વર્ષ તણો પરીમાંણોજી,
પોસ શુકલ તીથી અષ્ટમી દીવસેં, બુધવાસર ગુંણમાંણોજી. ૨૨
ઢાલ બાંણુ સર્વ સંષ્યાઈ જાંણો, મહદધ મતના ધારીજી,
અઠાવીસ સત ને ઉપર પાંસઠ, ગાથા દુહાસુત સારીજી. ૨૩
શ્રી **વિજયસંઘસૂરી તપગચ્છ** દીઠો, મહિમંડણ મણિધારીજી,
તસ સીસ પાઠક પદ જયવંતા, **દેવવિજય** સુખકારીજી. ૨૪
તસ શીસ જ્ઞાને **ગૌતમ** જેહવો, **જ્ઞાનવિજય** રષીરાયાજી,
તસ સીસ પંડિત **રત્ન** વષાણું, દશવીધ ધર્મે સોહાયાજી. ૨૫
તસ સીસ **માનવીજય** કવી ભાષ્યો, **વિક્રમ** મહીપતિ રાસોજી,
જે ભવી ભાવે ભણ્યસેં સુણુસ્યેં, તસ મંદીર લછીંવાસોજી. ૨૬
શ્રી **વિજયધર્મ**(? **પ્રભ**) સૂરીસર રાજે, ગાંમ **ખેમ** તેં ગુણ ગાયોજી,
શ્રી સંઘ કેરાં વયણ સુંણીને, **માલવ**પતિ હૂલરાયોજી. ૨૭
અધીકું ઓછું ભાષ્યું જે હોયે, વક્તા સધારી સુધ કરજ્યોજી,
વિક્રમનૃપ જિમ મહીતલ મોટો, તિમ તમેં શ્રોતા સત ધરજ્યોજી. ૨૮
પ્રજાંમ મહીતલ અવચલ રેહજ્યો, એહ સંબંધ ગુણમાલોજી,
મો મનવંછીત પૂરણ ઉદયો, ગાતાં એ રાસ રસાલોજી. ૨૯

(૧) ઇતિ શ્રી કલિયુગે કર્ણાવતારે માહાદાતાર શ્રી **વિક્ર**માદિત્યચરિત્રે પ્રકૃતબંધે પંચડંડ છત્રોત્પત્તી પ્રબંધે ષષ્ઠમો ઉલાસ સંપૂર્ણં. સં.૧૮૮૨ના શાકે ૧૭૪૭ પ્રવર્ત્તમાંને માસોત્તમ માસેં શ્રાવણમાસે કૃષ્ણપક્ષે ૩ તીથૌ બુધવાસરે શ્રી **પા**લનપૂર નગરે શ્રી **પા**લવિહાર **પા**ર્શ્વ પ્રસાદાત્ ચતુર્માસ કૃતા લષીતં. [ભં.?]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૦૯-૧૦, ભા.૩ પૃ.૨૧૦. 'વિક્રમાદિત્ય ચરિત્ર'નો ૨.સં. સંજમ(૧૭), કર(૨), ગુણ(૩) એમ ૧૭૨૩ કે ૧૭૩૨ હોવા સંભવ છે.]

૯૧૦. વિદ્યારુચિ (ત. વિજયપ્રભસૂરિ–સહજકુશલ–સકલચંદ–અને લક્ષ્મીરુચિ–વિજયકુશલ–ઉદયરુચિ–હર્ષરુચિશિ.)

(૩૨૧૭) ચંદરાજા રાસ અથવા **ચોપાઈ** ૬ ખંડ ૧૦૩ ઢાળ ૨૫૦૫ કડી ૨.સં.૧૭૧૧ ભિન્નમાલમાં આરંભ – ૨.સં.૧૭૧૭ કા.શુ.૧૩ ગુરુ શિરોહીમાં પૂર્ણ કર્યો

[લબ્ધિરુચિ કવિના લઘુ બંધવ છે. છેલ્લા ખંડને અંતે વિદ્યારુચિની સાથે બે વાર (કડી ૨૩૪૮, ૨૩૫૦) લબ્ધિરુચિના કર્તૃત્વનો ઉલ્લેખ થયો છે તેથી એ સહકર્તા હોય એમ જણાય છે. જુઓ આ પૂર્વે લબ્ધિરુચિ (નં.૮૯૨).]

આદિ – શ્રી જિનનાયક સમરીઇ **ઋષભદેવ** અરિહંત,
વંછિત-પૂરણ સુરતરૂ ભવભંજન ભગવંત. ૧
શિવસુખદાઇક સેવીઇ **શાંતિનાથ** જિનચંદ,
યાદવ-વંશ-નભોમણિ નમીઇ **નેમી** જિણચંદ. ૨
પૂરીસાદાંણિ પરગણે શ્રી **વરકાણો પાસ**,
નામ જપંતાં જેહનો સફલ ફલે સવી આશ. ૩
શ્રી **શંખેસર પાસજી** મોટો મહિમા જસ,
ચિંતામણિ ચિંતા હરિ આપઇ લીલવિલાસ. ૪
વર્દ્ધમાન જિન વાંદિઇ વંછિત સૂખદાતાર,
જશ પદપંકજ નિત નમીઇ ઇન્દ્રચન્દ્ર સૂવિચાર. ૫
તાસ શીશ બહુલબ્ધિનિધિ ગણધર **ગૌતમસ્વામિ**,
સેવ્યો સુરતરુ સારિખો, ગુણ-ગિરૂઓ અભિરામ. ૬
સરસતી-પાય પસાઉલે વાધઇ બુદ્ધિપ્રકાશ,
કવિત કવે કવિજન ભલા નવરસ વચનવિલાસ. ૭
જન ગણધર શ્રુતદેવતા સદ્‌ગુરૂ-ચરણ પસાઇ,
રાસ રચ્યો નૃપ **ચંદ**નો, સાંભળતાં સુખ થાઇ. ૮
શીલ શીલ સહુકો કહિ શીલ વૈનાશ્યો શીલ,
શીલવંત જે જગ હોવે, તે પામિ શિવલીલ. ૯
શીલપ્રભાવિ **ચંદ** નૃપ, જગ પામ્યો જયકાર,

ધમ જાણીનઇ ભવિકજન, પાલો શીલ ઉદાર. ૧૦
કવણ ચંદ તે કેહાં થયો પ્રગટ તાંમ પ્રબંધ,
સાભલજ્યો સજ્જન સકલ સરસ એહ સંબંધ. ૧૧

*

સંવત સતર ઇગ્યારોત્તરો, ભિન્નમાલ સહુ નગરાં શિરે,
તિહાં શ્રી સમકણ મણિ પાસ મનમોહન પૂરે સવી આશ. ૨૬
તે શ્રી પાસ પસાઇ કરી, રચ્યો ચંદ ભૂપનો ચરી,
કાર્ત્તિક શુદિ પાંચમ દિન સાર, પહિલે ખંડે ઢાલ રસાલ. ૨૭
પ્રથમ ખંડ પૂરો થયો, વસુધા ચંદ નરેશ પૂજ્યો,
વિદ્યારૂચિ કવિ રંગઇ કહેં, શીલે ઋદ્ધિ વૃદ્ધિ સુખ લહેં. ૨૮

—ચંદચરિત્ર આભાપુરીવર્ણન. વીરમતી-ગુણાવલી-મંત્રકરણ ચંદ-શ્રવણ વિમલપૂર્યાં ગમનં કનકરથમિલન તદપ્રવૃત્તિશ્રવણવર્ણનો પ્રથમ ખંડ સંપૂર્ણ અસ્મિન્ ખંડે ઢાલ ૧૧ સર્વ મિલને ગાથા ૩૦૯ રૂપ ૧૧.

*

સંવત સતર ઇગ્યારોતરઇ ભીનમાલ સહુ નગરાં શિરે
તિહાં શ્રી પાસ તણઇ સુપસાઇ, બીજે ખંડ રચ્યો સુખદાઇ.
શ્રાવણ શુદિ પાંચમ દિન સાર, રાજા ચંદ શીલ-અધિકાર,
વિદ્યારૂચિ કવીયણ ધમ કહિં, સાંભલતાં સૂખસંપતિ લહઇ.
તપગચ્છ ગોવિંદ-કુલ-શણગાર, પ્રાજ્ઞોદયરૂચી બુધિનિધાન,
તસ સેવક વિદ્યારૂચિ ભણેં, શીલવંતનીઈ જગ ભામણઇ.

—સર્વ ગાથા ૫૪૭ ચંદચરિત્રે કનકરથકૂલદેવ્યા વરપ્રધાનસૂતોત્પત્તિ-સ્વરૂપકથન, તદ્ધાહસ્થાપન, સકલસામગ્રીકરણ ચંદ્રાગમન, પ્રેમલાલછી-પાણીગ્રહણકરણ શમશ્યાજ્ઞાપન વ્યાઘુટચાભાપુર્યાં ગમન, નિશિસ્વરૂપપૃછન, સ્વમાત્રાકુકુંટવિષ્પાદન, રાણીગુણાવલીતત્ત્વાદનાદિપૂર્વક વર્ણનો નામ દ્વિતીય ખંડ સંપૂર્ણ. અસ્મિન્ ખંડે રૂપ ૧૫ ખંડ ૨.

*

સંવત સતરે સિતરોતરે શીરોહી સહુ નગરાં શિરે,
તિહાં શ્રી ઋષભદેવ સુપસાઈ, ત્રીજે ખંડ રચ્યો સૂખદાઈ.
તપગચ્છનાયક તેજદિણંદ, જયકારી વિજઈપ્રભ સૂરીંદ,
તસ ગચ્છ કોવિદ કરિ કૂલસિંહ, શ્રી ઉદયેરૂચી વાદીશિરલીહ.
તાસ શીશ સમતારસપૂર વિબુધ હરષરૂચી પુન્યપહૂર,

તાસ સેવક **વિદ્યારુચિ** કહઈં, સીલઈં ઋદ્ધિવૃદ્ધિ સુખ લહઈં.

—ચંદ ચરિત્રે પ્રેમલાલછીશીલાધિકારે સકલાત્માસ્વરૂપકથન, નિજ-શીલરક્ષણ અભિગ્રહકરણ શાસનદેવીવરપ્રદાનપૂર્વકવર્ણનો નામ તૃતીય ખંડ. અસ્મિન્ ખંડે ઢાલ ૭ ગ્રંથાગ્રંથ સર્વ મિલને ગાથા ૧૫૧ ૩૫ ૭.

*

ચાવો એ અધિકાર **મુનિસુવ્રતઈં** ચરિતઈં વસુધાનરંદ ચંદ જયો એ
શ્રી **વિજયપ્રભ** સૂરીશ ચરણપ્રસાદથી ચઉથો ખંડ પૂરો થયો એ.

ચઉપઇ (ત્રીજા ખંડ માફક)

—ચંદચરિત્રે મંત્રીપૃચ્છન, વીરમતિસ્વરૂપજ્ઞાપન, રાજ્ઞીગુણાવલી કુર્કુટ-વ્યરતિકરકવન હેમરથાંગ ૨ મનસુમતિયુદ્ધકરણ, વરયવરણ, વીરમતિસમગ્ર-રાજપાલન, નટાગમન, નાટિકકરણ, કુર્કુટદાનપ્રદાન, ઉપમાનાક્ષેપકરણ, ગુણાવલીકુર્કુટાર્પણ, મંત્રીશિક્ષાપ્રદાન, સાર્થે સામંતસૈન્યમોચન, શિક્ષાદિ-કરણપૂર્વકવર્ણનો નામ ચતુર્થ ખંડ અસ્મિન્ખંડે ઢાલ ૧૯મી સર્વશઃ ગ્રંથાગ્રંથ ૪૧૨ ૩૫ભાવ ૧૭.

*

(ત્રીજા ખંડની લગભગ સમાન અત્ર કવિતા છે.)

—ચંદચરિત્રે નિજપુરીતોનિર્ગમન, બંગાલદેશ, સિંહલદ્વીપ, તતઃ પોતનપુરાગમન, લીલાધરશુલકલીલાવતીસંબંધકથન, સ્વકીયસ્વરૂપપ્રકટીકરણ, અનુક્રમેણ વિમલપુર્યાં ગમન તદ્વર્ણન વર્ણનો નામ પંચમ ખંડ સંપૂર્ણ ૧૧ ઢાલ ગ્રંથાગ્રંથ ૨૬૫.

અંત – ઢાલ ૩૧ ધન્યાસી

ઈણ પરિ **ચંદ** તણા ગાયા, લાભ અનંતા પાયા રે,
ધનિધનિ જગ માંહિ એ ઋષિરાયા, પ્રણમૈ સુરનર પાયા રે
ઇણ. ૨૩૩૪

ભવિજન ભાવ ધરી જે નિસુણૈ, **ચંદચરિત્ર** સુચંગ રે,
ઋદ્ધિવૃદ્ધિ સુષસંપદ પામૈ, દિનદિન અતિ ઉછરંગ રે. ૩૫
જુગપ્રધાન શ્રી **હીરવિજૈ** ગુરૂ, **સોહમ** સમ અવતાર રે,
પાતિસાહ-**અકબર**-પ્રતિબોધક, જિનસાસણ-સિણગાર રે. ૩૬
તાસ પટોધર.....સૂરીસ રે
શુદ્ધ પ્રરૂપક એક પરમ ગુરૂ ગુણનિધ ગચ્છધીસ રે. ૩૭
પટ્ટપ્રભાવક ગચ્છધુરંધર, શ્રી **વિજય(દેવ)** ગણધાર રે,

નામ જપંતાં નવનિધિ લહીએ, ઉપસમ-રસભંડાર રે. ૩૮
તાસ પટોધર વંછિત સુહંકર, ઉદયો અવિચલ ભાણ રે;
શ્રી **વિજયપ્રભસૂરિપુરંદર**, સુંદર ગુણમણિખાંણ રે. ૩૯
તસ ગછ પંડિત વડવયરાગી, સંવેગી ગુણભરીયો રે;
શ્રી ગુરૂ **સહજકુશલ** સુખદાયક, ઉપશમરસનો દરિયો રે. ૪૦
સાષા પંચ તિહાંથી પ્રગટી, **કુશલ રૂચિ ચંદ** સાર રે;
વર્દ્ધન ધર્મ ધર્મના ધોરી, સહજ ગુણે સિરદાર રે. ૪૧
પ્રથમ શિષ્ય શ્રી **સહજકુશલ**ના, **સકલચંદ** ઉવઝાય રે;
બીજા શ્રી **લક્ષ્મીરૂચિ** પંડિત નામે નવનિધ થાય રે. ૪૨
તાસ સીસ શુધ સંયમધારી, શ્રી **વિજયકુશલ** બુધઈશ રે,
ક્રિયાવંત પંડિત કુલદીપક, તસ સીસ લધુ સીસ રે. ૪૩
તસ પદપંકજ-ભ્રમર બિરાજે, શ્રી **ઉદયરૂચિ** કવિરાય રે,
કુમતિમાતંગજ-કુંભનિવારણ, કંઠીરવ કહેવાય રે. ૪૪
તાસ સીસ સંવેગમહોદધિ શ્રી **હર્ષરૂચિ** બુધ કહીયે રે;
ઉપગારીશ્રી ગુરૂ મુઝ મિલીયા, દરશણથી સુષ લહીયે રે. ૪૫
વિબુધશિરોમણિમુગટ નગીનો, શ્રી **વિદ્યારૂચિ** તસુ સીસ રે;
ગુણમણિમંડિત પૂરો પંડિત, સુષદાયક સુજગીસ રે. ૪૬
તસ લધુ બંધવ વિબુધ **લબ્ધિરૂચિ** રચ્યો **ચંદનૃપ રાસ** રે;
ઓછો અધિકો જે કહ્યો હુઇ, મિચ્છામિદુકડ તાસ રે. ૪૭
મુનિસુવ્રત જિન ચારિત્ર થકી એ, સહજ સંબંધ વખાણ્યો રે;
ચરિત્ર પ્રભાવક માંહીએ પિણ, પ્રગટપણે મેં જાણ્યો રે. ૪૮
સર્વગાથા. ૬૫૫.

દૂહા.

સંવત **સતર સતરોતરૈ** કાર્તિક માસ ઉદાર,
સુદ્રિ તેરસ દિન નિરમલો, બલવત્તર ગુરૂવાર. ૪૯
શ્રી જિણ **પાસ** પસાઉલે, એહ રચ્યો મૈ રાસ,
સુકવિ **લબ્ધિરૂચિ** ઇમ ભણૈ, સફલ ફલી સવિ આસ. ૫૦

ઢાલ ૨૨ રાગ સોરઠ જતનીની દેશી.

સવિ આસ ફલી મન કેરી, જિનમૂરતિ દેખી કેરી,
ઈમ **ચંદ** તણા ગુણ ગાયા, લાભ અનંતા પાયા. ૫૧
ધનધન શ્રી **ચંદ** મુણીંદ, કેવલધર એહ દિણંદ,

જશ જગમાં પ્રતાપ, કીરતિકમલા બહુ વ્યાપ. ૫૧
જપતા જય થાઈ સદાઇ, એ મુનિ નમીયૈ સુખદાઈ,
કહૈ **વિદ્યારૂચિ** કવિ મનરંગૈ, ઉલટ આણી બહુ રંગૈ. ૫૨
તપગછનાયક ગછપતિ રાજૈ, જેહની મહિમા જગ ગાજે,
શ્રી **વિજયપ્રભુ** સુરીસ ધીર, બડ બખતાવર બડવીર. ૫૩
તે સદગુરૂને આદેસૈ, **સીરોહી** રહ્યા ચૌમાશે,
તહાં સબલી સાતા પામી, શ્રી સંઘ સદા હિતકામી. ૫૪
તિહાં **ચં**દ તણો અધિકાર, રચ્યો મન ધર હર્ષ અપાર,
ભાવે નિસુણો ભવિ જેહ, વંછિત ફલ પાવૈ નેહ. ૫૫

*

એ સુણતાં સુખની કોડિ, કહે **વિદ્યારૂચિ** કર જોડી

(ઉપરની ૫૪મી કડી પછી બીજી પ્રતમાં)

સીરોહી નગરી હી નગરી સારી, જિહા ચતુર વસે નરનારી,
ધરમી જન ધનદ સમાંન, દાતાર દીજૈ બહુમાન. ૨૩૫૪
સબલો **તપ**ગચ્છ, પ્રતપૈ તપતેજ સદાય,
નહી કુડકદાગ્રહકારો, જાણે કરી ચોથો આરો. ૨૩૫૫
તપગછ સામગ્રી સોહૈ, દેખી સુરનરમન મોહૈ,
સાંભલતાં જેહવી આગૈ, તે નયણે દીઠાં માગે. ૨૩૫૬
જિનહરસંખ્યા ઇગ્યાર, સુંદર સોભા શ્રીકાર,
સીરોહી સુખનો વાસો, **આદીસર** પૂરૈ આસો. ૨૩૫૭
જીરાઉલો જિન જયકારી, ભલૈ ભાવ નમૈ નરનારી,
તે **પાસ** તણૈ સુપસાઈ, વલિ નિજ ગુરૂનૈ સુપસાઇ. ૨૩૫૮
નૃપ **ચં**દ તણો અધિકાર, રચ્યો મન હર્ષ ધરી અપાર,
ભાવૈ નિસુણો ભવિ જેહ, વંછિત ફલ પામૈ તેહ. ૨૩૫૯
એ સુણતાં સુખની કોડી, કહે **વિદ્યારૂચિ** કર જોડી. ૨૩૬૦
મોટો શ્રી **ચં**દ મુનિસ, તસ નામ જપું નિસદિન,
એ મુનિવર જગિ ધનિધન્ન, શ્રી સંઘ પ્રતૈ સુપ્રસન્ન. ૨૩૬૧

(૧) ઇતિ શ્રી ચંદ્યચરિત્રે શીલાધિકારે શ્રી શેત્રુંજયગમન તત્ર સ્વકીયરૂપપ્રકટીકરણ ૨ અનુક્રમે વ્રતગ્રહણ કેવલોત્પત્તિપ્રાપ્તિ નામ ષટ્‌ખંડ સંપૂર્ણ ષટ્‌ખંડ મિલને સર્વસંખ્યા શાસ્ત્રસંખ્યા ગ્રંથાગ્રંથ દો હજાર નૈ પાંચસે ઇતિ સં.૧૮૩૫ કા.વદ ૨ બૃહસ્પતિ વાર. પા.ભં.૪. (૨) રત્ન.ભં. (૩)

અમ. (૪) ગુ.વિ.ભં. (૫) અસ્મિન ખંડે ઢાલ ૩૨ સર્વ ગ્રંથાગ્રંથ ૫૬૮ ષટ્‌ખંડ મિલને સર્વગાથા ૨૫૦૫ સર્વઢાલ ૧૦૩ સર્વશ્લોકસંખ્યા ૩૦૫૫ છઠ્ઠે સં.૧૭૬૯ વર્ષે જેષ્ઠ શુદિ પૂર્ણિમા ચંદ્રવાસરે શ્રી ઉમયાપૂરે લિ. સકલ પંડિત શ્રી હેમરત્નજી શિ. તિલકરત્નજી શિ. વિનયરત્નેન. શ્રી પદ્માવતિ સત્ય છઇ. પ.સં.૮૫-૧૩, ગારિયાધર. ભં. (૬) સંવત્ ૧૭૮૫ વર્ષે શાકે ૧૬૫૦ પ્રવર્ત્તમાને માસોત્તમ માસે કાતી માસે કૃષ્ણપક્ષે તિથૌ ૧૧ વાર શુક્ર લિપીકૃત્વા શ્રી પૂજ્યજી શ્રી ૧૦૮ શ્રી રત્નસાગર સૂરીંદ્રજી તતશિષ્ય ચરણતુલ્ય ઋષ. કેસર ઋષ શ્રી ભામાજી આત્મા અર્થે લિપીકૃત્વા કપાસણ નગર મધ્યે સંપૂર્ણ સમાપ્ત. પ.સં.૬૯-૧૩, ના.ભં. (૭) સં.૧૭૭૭ વૈ.શુ.૨ બુધ મેડપીયલ અમીચંદ લિ. પ.સં.૭૯, અભય. પો.૧૩. (૮) સં.૧૮૨૩ શાકે ૧૬૮૮ વૈ.વ.૫ ભોમે. પ.સં.૮૦-૧૬, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૪. (૯) સં.૧૮૫૨ ભા.વ.૪ સીતારામ જતી લિ. પ.ક.૨થી ૬૪, અખીર. પો.૯. (૧૦) સં.૧૮૬૬ ફા.શુ.૭ શશિવારે પં. ગુણકલ્યાણ પં. વખતા શિ. દેવરાજ વાચનાર્થ અરોટ મધ્યે. પ.સં.૬૮, અભય. નં.૨૪૩૧. (૧૧) સં.૧૮૭૬ અષાડ વ.૧૨ હાજીખાન દેરા મધ્યે પં. ચતુર્નિધાન શિ. પં. શ્રીચંદ લિ. પ.સં.૬૨, અભય. નં.૨૪૩૨. (૧૨) નાગપુર મધ્યે. પ.સં.૬૭-૧૧, મો. સુરત પો.૧૨૭. (૧૩) પં. માણિક્યવિજયેન લિ. પ.સં.૫૭-૧૮, સંઘ ભં. પાલણપુર દા.૬૩ નં.૧૪. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૩, ૪૬૮, ૫૮૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૫૬-૬૪, ભા.૩ પૃ.૧૨૦૪-૦૫.]

૬૧૧. હસ્તિરુચિ (ત. લક્ષ્મીરુચિ-વિજયકુશલ-ઉદયરુચિ-હિતરુચિશિ.)

કવિના ગુરુ હિતરુચિએ સં.૧૭૦૨ (ચક્ષુર્વ્યોમર્ષિચંદ્રાબ્દે) સંસ્કૃતમાં 'નલચરિત્ર' રચ્યું. બાલચંદ્ર યતિ ભં. કાશી. (વે. નં.૧૫.)

(૩૨૫૫) ચિત્રસેન પદ્માવતી રાસ ૨.સં.૧૭૧૭ વિજયદશમી અમદાવાદમાં

આદિ – શ્રીમદ્ ઉ. હિતરૂચિગણિ ગુરૂભ્યો...

દૂહા

શ્રી જિનપતિ પ્રણમું સદા, રંગે ઋષભ જિણંદ,
પ્રણમેં પદકજ જેહના, સહજે સકલ સુરેંદ. ૧
શાંતિકરણ વલી શાંતિ જિન, વાંછિત-સુખદાતાર,
તસ પદપંકજ હું નમું, જિમ હુઈ હરષ અપાર. ૨

શ્રી **સંખેસર પાસ** જિન, પ્રણત પુરંદરદેવ,
અલિય વિઘન દૂરે હરે, કરે જસ સુરસેવ. ૩
તાસ ધ્યાન મનમાં ધરી, **મહાવીર** અરિહંત,
મહાવિદ્યા-ગુણગણનિલો, મહાનંદ સુખકંત. ૪
મહાજ્ઞાન-ગુણોદધિ, મહારજત સમ વાન,
મહાતિશય મનોહરૂ, મતિ ધરી સો જિન-ધ્યાન. ૫
તસ ગણધર ગિરુઓ ગુણે, **ગૌયમ** સુગુણનિધાન,
લબ્ધિ વિશેષેં પરિવર્યો, પસર્યો જસ ગુણવાન. ૬
તાસ ચલનપંકજ નમી, **સરસતી** સોવનવાન,
સમરૂં સવિ સુખ કારણેં, બગલામુખી અભિધાન. ૭
વલી નિજગુરૂપદકજ નમું, પાઠક સવિ પરધાન,
શ્રી **હિતરૂચિ** ગુરૂ ગુણનિલો, સોવન સુંદરવાન. ૮
જિન ગણહર બગલામુખી, **સહગુરૂ**નેં સુપસાય;
રાસ રચું **ચિત્રસેન**નો, સાંભલતાં સુખ થાય. ૯
સીલેં સહજેં સંપદા, સીલેં લીલવિલાસ,
સીલેં શિવસુખ પામીઇ, સીલેં પુહચિં આસ. ૧૦
ચિત્રસેન પદ્માવતી પામાં અવિચલ રાજ;
સીલ પસાયેં તેહનાં સીધાં વાંછિત કાજ. ૧૧

અંત – ઢાલ.

સિરિ **તપ**ગચ્છ-કજ-દિનમણી, જયવંતા રે;
શ્રી **હીરવિજય** સૂરિરાજ, સાધુ ગુણવંતા રે.
પ્રતિબોધ્યો પાતસ્યા જિણિં, જ. કરિયા કોડિગમે ધર્મકાજ. સા. ૧
શ્રી **વિજયસેન** તસ પટધરૂ, જ. સકલસૂરિસિરતાજ, સા.
શમદમવિદ્યાગુણનિલો, જ. સકલસૂરિસિરતાજ, સા.
તસ પટદીપક જગિ જયો, જ. શ્રી **વિજયદેવ** સૂરીંદ, સા.
તપ જપ કિરિયા ગુણનિલો, જ. પ્રણમું પદ-અરવિંદ. સા. ૩
તસ ગચ્છ સવિ કવિતિલો, જ. **લક્ષ્મીરૂચિ** કવિરાય,
વિજયકુશલ કવિ તેહનો, સીસ **ઉદયરૂચિ** કહિવાય. ૪
શિષ્ય સત્તાવીસ તેહનેં, તપ જપ વિદ્યાવંત,
શ્રી **હિતરૂચિ** ઉવઝાયનો, સીસ કર જોડિ પભણંત. ૫
ગ્રંથાગર અક્ષર ગણ્યો, બારસયાં પંચાસ;

શ્રી બગલામુખી સસિમુખી, ધ્યાન ધરિ મનિં તાસ. ૬
સા સામિની સુપસાઉલે, સિદ્ધાંતસાર એ ગ્રંથ,
રસિકલોક-વલ્લભ રચિઓ, કહે **હસ્તિરુચિ** નિગ્રંથ. ૭
સંવત **સતર સતરોત્તરિ** વિજયદશમી શુભ દિન્ન;
અમદાવાદ આલ્હાદ સ્યું, શ્રી સંઘ સહુ સુપ્રસન્ન. ૮
સુણતાં સુખસંપતિ ઘણી, આનંદ અધિકુ રંગ,
દુખદોહગ દૂરિ ટલે, સકલ હુઈ નિજ અંગ. ૯
જાં લગિ ભુવિ રવિ ચંદ્રમા, ધ્રુ તારા આકાસ;
તાં લગિ વટ પરિ વિસ્તરો, એ અવનીતલ રાસ.
ઢાલ ભણી એ વીસમી, શ્રી જિન **ગુડી પાસ**;
શંખેશ્વર સુપસાઉલિ, પુહતી વાંછિત આસ. સા. ૧૧

કલશ.

જાં લગિ ભુવિ રવિ ગગન સુરપતિ રજનીપતિ રયણાયરો;
તાં લગિ રસિક એ રાસ પ્રતપો જપો જિનધર્મ જિનવરો.
તપગચ્છ દીપે કુમતિ જીપે ઉવઝાય **હિતરુચિ** હિતકરો
તસ સીસ **હસ્તિરુચિ** એમ પભણે સકલ મંગલ જયકરો.

(૧) પ.સં.૪૨–૧૫, રત્ન.ભં. દા.૪૩ નં.૧૦.

(૩૨૫૬) + ઝાંઝરિયા મુનિની સઝાય ૨.સં.૧૭૧૭ વિજયાદશમી

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૮૪–૮૬, ભા.૩ પૃ.૧૨૧૨–૧૩. ત્યાં આ કવિને નામે 'ઉત્તરાધ્યયન સઝાય' નોંધાયેલી, પરંતુ વસ્તુતઃ આ કૃતિ ઉદયવિજય (નં.૯૦૩)ની છે ને આ કવિ તેના લહિયા માત્ર છે. જુઓ ઉદયવિજયકૃત 'ઉત્તરાધ્યયન સઝાય' (નં.૩૨૪૨)ને અંતે.]

૯૧૨. પદ્મચંદ્ર (ખ. જિનચંદ્રશિ.)

(૩૨૫૭) નવતત્ત્વ બાલા. ૨.સં.૧૭૧૭

(૧) સં.૧૮૮૫ અ.વ.૧૧ સોમ. પ.સં.૧૧૧, જય. પો.૧૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૨૬.]

૯૧૩. સકલચંદ

(૩૨૫૮) સૂરપાલ રાસ ૨.સં.૧૭૧૭

(૧) ગ્રં.૪૨૩, સં.૧૭૧૯ પો.વ.૪ ગુરુ કમલસાગર લિ. પ.સં.૧૮, ચતુ. પો.૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૨.]

૯૧૪. જિનદાસ (અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિનો શ્રાવક)

(૩૨૫૯) + વ્યાપારી રાસ ૨.સં.૧૭૧૯ માગશર ૬ મંગળવાર

આદિ – દોહા.

સ્વર્ગ તણાં સુખ તે લહે, જે કરે જીવ યતન્ન;
આપ સમોવડ લેખવે, તે પ્રાણી ધન્યધન્ય. ૧
યુગ વ્યાપારી જીવડો, બંદર ચોરાશી લાખ;
પોઠીડા શું પરવર્યો, નવનવ નવલિ ભાખ. ૨
હાટશ્રેણી હીરે ભર્યા, માંહે માણેક લાભંત;
સાચા લહેશો શોધી કરી, કૂડા કાચ લહંત. ૩
કાચ કૂડાયે વોહોરિયે, સાચે સોવન સાર;
ત્રીજે માણક મૂલ ઘણાં, ભરિયા તેણે ભંડાર. ૪

અંત – ત્રિવિધ સંસાર તેણી પરે, જિમ એ ત્રણ્યે વ્યાપારી રે;
દોશી વૈરાગર જીતીયા, હાર્યો તે જૂઠ જૂઆરી રે – પુણ્યે. ૧૨
સંવત **સતર** સોહામણો, **ઓગણીશમો** અતિસારો રે,
માગશિર છઠ ભૃગુવાસરે, એહ રચ્યો અધિકારો રે. ૧૩
શ્રી **અંચલગચ્છે** રાજીયો, **કલ્યાણસાગર** સૂરિરાયા રે;
કર જોડી **જિનદાસ** કહે, અમે પ્રણમું તે ગુરૂપાયા રે – પુણ્યે. ૧૪

(૧) પ.સં.૫-૧૨, મ.જૈ.વિ. નં.૪૭૦.

પ્રકાશિત: ૧. પ્રકા. ભીમશી માણક.

(૩૨૬૦) જોગી રાસ ૨.સં.૧૭૬૭(?)

(૧) સં.૧૭૦૬ માધ ૭ શ્રી **અકબરાબાદ** મધ્યે વા. **સુગુણકીર્તિગણિ** શિ. પં. **મતિવલ્લભ** મુનિ લિ. પ.સં.૪, નાહટા.સં. નં.૮૦૧. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૬૧૬).]

(૩૨૬૧) પુણ્યવિલાસ રાસ ૨.સં.૧૭...

(૧) સં.૧૮૧૩, પ.સં.૬૩, અભય. નં.૨૪૩૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૮૭-૮૮, ભા.૩ પૃ.૧૨૧૪. 'જિનદાસ' નામ સાધુનું પણ જોવા મળે છે, તેથી કવિ શ્રાવક હોવાનું નિશ્ચિત ન કહેવાય. 'જોગી રાસ'નો ૨.સં. સ્વીકારી શકાય એવો જણાતો નથી.]

૯૧૫. જ્ઞાનનિધાન (ખ. કીર્તિરત્નશાખા કુશલકલ્લોલ-મેઘકલશશિ.)

(૩૨૬૨) વિચાર છત્રીસી ૨.સં.૧૭૧૯ વૈ.૧૨ શુક્ર

આ સિદ્ધાંતીય વિચારગ્રંથ સંગ્રહ રૂપે ગદ્યમાં છે.

(૧) જયકુશલ લાલકુશલ વાસ્તે. મુકનજી સંગ્રહ વિકા.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૨૫.]

૯૧૬. ધર્મવર્ધન—ધર્મસિંહ પાઠક (ખ. જિનભદ્રસૂરિની શાખામાં સાધુકીર્તિ-સાધુસુંદર-વિમલકીર્તિ-વિજયહર્ષશિ.)

આ કવિ સંસ્કૃત ભાષામાં પણ કવિ હતા. તેમણે 'શ્રી ભક્તામર-સ્તોત્રસમસ્યારૂપ શ્રી વીરજિનસ્તવન' ૪૪ વસંતતિલકામાં રચેલ છે. ને તે પર સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ રચી છે, અને તેમાં એવી રચના કરી છે કે 'ભક્તામરસ્તોત્ર'ના દરેક વસંતતિલકાનું ચોથું ચરણ એ જ આ 'વીરસ્તવન'ના દરેક વસંતતિલકાનું ચોથું ચરણ મૂકયું છે. છેવટે ૪૫મો માલિની છંદ મૂકી પોતાનો પરિચય અને તેની રચ્યા સાલ સં.૧૭૩૬ આપેલ છે :

"રસ ગુણ મુનિ ભૂમેઽબ્દે(૧૭૩૬)ઽત્ર ભક્તામરસ્થૈઃ
ચરમચરમપાદૈઃ પૂરયન્ સત્સમસ્યાઃ
સુગુરુવિજયહર્ષા વાચકાસ્તદ્વિનેય
શ્ચરમજિનનુતિં ગ્રો ધર્મસિંહો વ્યધત્તઃ

—ઇત્યુપાધ્યાય શ્રી ધર્મવર્ધનગણિકૃતં શ્રી ભક્તામરસ્તોત્રસમસ્યારૂપ શ્રી વીરજિનસ્તવન તદ્વૃત્તિશ્ચ." આથી એ પણ સિદ્ધ થાય છે કે કવિનાં નામો ધર્મવર્ધન અથવા ધર્મસિંહ એ બંને હતાં. આ સ્તવન આગમોદય સમિતિ તરફથી સં.૧૯૮૨માં સ્વોપજ્ઞ વૃત્તિ અને ગુજરાતી ભાષાંતર સહિત મુદ્રિત થયેલ છે.

આ કવિ માટે વિશેષ જુઓ 'રાજસ્થાન' નામના હિંદી ત્રૈમાસિકના વર્ષ ૨ ભાદ્ર. ૧૯૯૩ના અંક ૨-માં શ્રી અગરચંદ નાહટાનો લેખ નામે 'રાજસ્થાની સાહિત્ય ઔર જૈન કવિ ધર્મવર્ધન' પૃ.૧થી ૨૨; તથા આગમોદય સમિતિ ગ્રંથાંક ૫૪ 'શ્રી ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય-સંગ્રહ' દ્વિતીય વિભાગની પ્રસ્તાવના.

(૩૨૬૩) શ્રેણિક ચોપાઈ ૩૨ ઢાળ ૭૩૧ કડી ૨.સં.૧૭૧૯ ચંદેરીપુરમાં ૧૯ વર્ષની વયે

અંત – સતર સૈ ઉગણીસે વરસે, ચંદેરીપુર ચાવૈ,
શ્રી જિનભદ્ર સૂરીસર શાખા વિધ ખરતર વડ દાવૈ. ૪
શુભકરણી જિનચંદ યતીસર, ગણધર ગોત્ર બજાવૈ,
રાજૈ સૂરત શહર ચૌમાસો, વલિ જસપડહ બજાવૈ. ૫
પાઠક સાધુકીર્ત્તિ સાધુસુંદર, વિમલકિરતિ બરતાવૈ,

વિમલ ચંદ્ર સમ **વિમલહર્ષ** જસ, શ્રી **ધર્મ** શીલ પ્રભાવૈ. ૬
વય લઘુ મેં, ઉગણીસમેં વર્ષે, કીધી જોડ કહાવૈ,
આયો સરસ વચન કો મુખમેં, સો સદ્‌ગુરૂ સુપસાયૈ. ૭
શ્રોતા વક્તા શ્રી સંઘ સહુના, વિઘન પરા મિટિ જાવૈ,
ઇહભવ પરભવ સુખશાતા, પામે **ધરમ** પ્રભાવૈ. ૮

(૧) સં.૧૭૭૮ કા.વ.૯ **બીકા**નેર મધ્યે પં. **સુખરત્ન**ેન લિ. ગા.૭૩૧, પ.સં.૩૬, જય. પો.૧૩. (૨) સં.૧૮૪૦ ફા.વ.૧૦ **નો**હર મધ્યે **યુક્ત**-ધર્મગણિ શિ. **હી**રાનંદ લિ. કૃપા. પો.૪૨ નં.૭૪૧. (૩) પ્રતિ ૧૯મી સદીની **બી**કાનેર લિ. પ.સં.૨૯, જિ.ચા. પો.૮૧ નં.૨૦૪૭. (૪) શુદ્ધ સમ્યક્ત્વ ઉપર. સર્વઢાલ ૩૨ સર્વગાથા ૭૩૧ **બી**કાનેર મધ્યે ઉ. શ્રી **ધર્મવર્ધ**નગણિ શિ. વાચનાચાર્ય **કી**ર્તિસુંદરગણિ શિ. **શા**ંતિસોમજી મુનિ પં. **સભા**ચન્દ્ર મુનિ લિ. વીકા. (૪) ભાં.ઇ. **સને** ૧૮૮૨-૮૩ નં.૩૪૫. (કે જેનો ૧૮૮૪ના રિપોર્ટ પૃ.૩૩૪માં સંસ્કૃત ગદ્ય તરીકે ઉલ્લેખ કર્યો છે તે ભૂલ છે.)

(૩૨૬૪) [+] **૨૮ લબ્ધિ સ્તવન** ૨.સં.૧૭૨૨(૨૬) મેરુતેરસ લુણકરણસરમાં
અંત – સંવત **સતરે સે બાવીસ(છવીસૈ)** મેરૂતેરસ દિન ભલે,
શ્રીનગર સુખકર **લુણકરનસર આદિજિણ** સુપસાઉલે,
વાચનાચાર્ય સમરૂં (સુગુરૂ) સાંનિધ **વિજયહર્ષ** વિલાસ એ,
કહે **ધરમવર્ધન** તવન ભણતાં પ્રગટ જ્ઞાનપ્રકાશ એ.

(૧) સં.૧૯૦૬ શક ૧૭૭૧ ચૈ.શુ.૧૩ ગુરૂ લિ. **બ**ંસીધર રતલામ મધ્યે. પ.સં.૨-૧૪, આ.ક.ભં. (૨) સ્તવનાવલિ, જૈ.એ.ઇ.ભં. [મુપુગૂહ-સૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૭, ૫૯૫).]

[પ્રકાશિત: ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી. ૨. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ.]

(૩૨૬૫) અમરસેન વૈરસેન ચોપાઈ ૨.સં.૧૭૨૪ સરસામાં
આદિ – અક્ષર રાજા જિમ અધિક, અક્ષર રાજા એહ,
બેહું એક અનેક વિધિ, જગતિ સગતિ જેહ. ૨
સિદ્ધાં ધુરિ પદ જે સદા, ત્રિકરણ શુદ્ધે તેહ,
કરતા કોડિ કલ્યાણ હોઇ, આશા ફલે અછેહ. ૩
અમરસેન અખીયાત જગિ, **વૈરસેન** તસુ વીર,
ગ્યાન એહ મુનિ ગાઇયે, ગુરૂઆ ગુણહિ ગંભીર. ૪
અંત – સંવત **સતરે સૈં ચોવીસે** સરસૈં, સુખદાયક પુર **સરસે**જી,

સગવટબંધ ચોપઈ સ...સુણતાં સુખ અનુસરસૈજી.
ગરૂઓ શ્રી **ખરતર**ગચ્છ ગાજે, શ્રી **જિનચંદ્ર**સૂરિ રાજેજી
શાખા **જિનભદ્ર**સૂરિ સહાજે, દોલતિ ચઢિ દિવાજેજી
પાઠક પ્રવર પ્રગટ પુન્યાઈ, **સાધુકીરતિ** સવાયજી
સાધુસુંદર ઉવઝાય સદાઈ, વિદ્યા જસ વસાઈજી
વાચક **વિમલકીરતિ** મતિવંતા, વિમલચંદ દુતિવંતાજી
વિજયહરષ જસુ નામ વદતા, વિજયહરષ ગુણવ્યાપીજી
સદ્‌ગુરૂવચન તણો અનુસારી, ધરમસીખ મુનિ ધારીજી
કહે **ધરમવરધન** સુખકારી, ચઉપઇ એ સુવિચારીજી
ગુણવંતા જે એ ગુણ ગાવે, ભાવના સુધ મન ભાવેજી
પૂરે પુન્ય તણે પરભાવે પરમાણંદ સુખ પાવેજી.

(૧) સં.૧૮૨૫ આસો કૃષ્ણ પક્ષે ૧૧ તિથૌ વસંતવારે પૂજ્ય ઉદયચંદજી પ્રસાદાત્. પ.સં.૧૩-૧૫, વિ.ને.ભં. નં.૪૫૦૪. (૨) સં.૧૭૭૬ જે.વ.૫ ઉ. ધર્મવર્દ્ધન શિ. પ્રીતિસુંદર શિ. શાંતિસોમેન લિ. પ.સં. ૧૭, દાન. પો.૧૩ નં.૨૪૧. (૩) સં.૧૭૭૭ શ્રા.શુ.૮ **વિક્રમ**પુરે મહો. ભુવનસોમ શિ. ઉ. રાજસાગર શિ. ગુણસુંદર શિ. નયવિજય શિ. સુખરત્નેન લિ. પ.સં.૧૫, મહિમા. પો.૩૪. (૪) પ.સં.૨૩, મહિમા. પો.૩૬ (૫) સં.૧૭૮૩ ફા. ગારબદેસર મધ્યે. પ.સં.૧૨, ક્ષમા. નં.૪૦૦. (૬) પ્રતિ ૧૮મી સદીની, પ.સં.૯, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૧. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૦).]

(૩૨૬૬) [+] **ધર્મ(ભાવના) ભાવની** (હિં.) કડી ૫૭ ૨.સં.૧૭૨૫ ભા.વ.૯ સોમ રિણીમાં

આ 'ધર્મભાવની' સંબંધી જુઓ અગરચંદ નાહટાનો લેખ 'વા.મો. શાહકી એક મહત્ત્વપૂર્ણ ભૂલ', જૈન, તા.૧૯-૧૨-૩૭ પૃ.૧૬૬૫.

આદિ – ૐકાર ઉદાર અગમ અપાર સંસારમેં સાર પદારથ નાંમી
સિદ્ધ સમૃદ્ધ સરૂપ અનૂપ ભયો સબહી સિર ભૂપ સુધામી
મંત્રમે જંત્રમેં ગ્રંથકે પંથમેં જાકુ કીયો શુભ અંતરજામી
પંચહી ઇષ્ટ વસૈ પરમિષ્ટ સદા **ધ્રમસી** કરૈ તાહિ સલામી. ૧

અંત – કલસ

જ્ઞાનકે મહાનિધાંન ભાવન્ન વરન જાન,
કીની તાકી જોરિ યહ જ્ઞાનકી જગાવની,

પાઠત પઠત જોઇ સંત સુખ પાવૈ સોઈ,
વિમલકીરતિ હોઇ સારૈ હી સુહાવની,
સંવત **સત્તર પચીસ** કાત્તિ વદિ નૌમિ દીસ,
વાર હૈ વિમલ ચંદ આનંદ વધામની,
નૈર **રિણીકું** નિરખ નિતહી **વિજૈહરષ**,
કીની તહાં **ધર્મસીહ** નામ **ધરમબાવની**. ૫૭

(૧) ઇતિ સવૈયા બંધ ભાવની સં.૧૮૨૯ મૃગશીર વદ ૨ ગુરૂ રામ-વિજય લિ. પ.સં.૭-૧૫, જૈનાનંદ. નં.૩૩૮૫. (૨) સં.૧૮૬૨ કા.શુ. ૧૫ લુણકરણસર મધ્યે. પ.ક.૪૨થી ૪૫, ચતુ. પો.૨. (૩) સં.૧૭૩૯ ચૈ.વ.૬ ભુજનગરે. જિ.ચા. પો.૮૩ નં.૨૧૦૬.

પ્રકાશિત: ૧. પ્રકા. વા.મો. શાહ, સને ૧૯૧૧. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૬૭) + ૧૪ ગુણસ્થાન [ગર્ભિત સુમતિજિન] સ્તવન ૨.સં. ૧૭૨૯ શ્રાવણ વદ ૧૧ બાહડમેરમાં

આદિ – ઢાલ ૧. થંભણપુર શ્રી પાસ જિણંદો એહની.
સુમતિ જિણંદ સુમતિદાતાર, મનસુધ બહુ બારોબાર.

અંત – કલશ

ઇમ નગર **બાહડમેરૂ**મંડણ **સુમતિ**જિન સુપસાઉલે,
ગુણ ઠાણ ચૌદ વિચાર વર્ણ્યો, ભેદ આગમને ભલે,
સંવત **સતર ઓગણત્રીસે** શ્રાવણ વદિ એકાદશી,
વાચક **વિજયહર્ષ** સાંનિધ કહે એમ મુની **ધરમસી**.

(૧) સ્તવનાવલિ, જૈ.એ.ઇ.ભં. (૨) લિ.૧૯૦૬ ચૈ.શુ.૧૩ ગુરુ, બંસીધર રતલામ મધ્યે. પ.સં.૩-૧૪, આ.ક.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચી, ભા.૧ (પૃ.૨૫૪, ૪૯૫).]

પ્રકાશિત: ૧. રત્નસમુચ્ચય. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી. ૩. જૈન પ્રબોધ પુસ્તક તથા અન્યત્ર.]

(૩૨૬૮) + દંડકવિચારગર્ભિત [પાર્શ્વ] સ્તવન ૪ ઢાળ ૨.સં.૧૭૨૯ દિવાલી જેસલમેરમાં

આદિ – પૂર મનોરથ **પાસ** જિણેસર એહ કરૂં અરદાસજી

અંત – કલશ

ઈમ સકલસુખકર નગર **જેસલમીર** મહિમા દિનદિને,
સંવત **સત્તરે ઉગુણત્રીસે** દિવસ દીવાલી તણે,
મણિ વિમલ ચંદ સમાન વાચક **વિજયહર્ષ** સુસીસ એ,
શ્રી **પાસ**ના ગુણ ધર્મ ગાવે **ધરમસી** સુજગીસ એ. ૩૪

(૧) સ્તવનાવલિ, જૈ.એ.ઇ.ભં. (૨) પ.સં.૨-૧૪, આ.ક.ભં. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૨૫૫ – ધર્મવિજયને નામે).]

પ્રકાશિત: ૧. રત્નસમુચ્ચય પૃ.૧૮૫થી ૧૮૮. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી તથા અન્યત્ર.]

(૩૨૬૯) + અઢી દ્વીપ વીસ વિહરમાન સ્ત. ૩ ઢાળ ૨.સં.૧૭૨૯ જેસલમેરમાં

આદિ – વંદુ મન સુધ વિહરમાન જિનેસર વીસ.
દ્વીપ અઢીમેં દીપૈ, જયવંતા જગદીસ

અંત – ઈમ અઢી દ્વીપે પનરે કરમાંભૂમિ ક્ષેત્ર પ્રમાંણ રે,
શ્રી સિદ્ધાંત પ્રકરણ ભાષ્યા, વીસ વિહરમાંન એ,
શ્રી નગર **જેસલમેર** સંવત **સતરે ગુણત્રીસે** સમે,
સુખ **વિજયહરષ** જિણંદ સાનિધ નેહ ધરી **ધરમસી** નમે. ૨૬

(૧) પ.સં.૨-૧૨, આ.ક.ભં. [મુપુગૂહસૂચી – સુખવિજયને નામે, રાહસૂચી ભા.૧.]

પ્રકાશિત: ૧. રત્નસમુચ્ચય પૃ.૨૨૩થી ૨૨૭. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી તથા અન્યત્ર.]

(૩૨૭૦) + સમવસરણ વિચારગર્ભિત સ્ત. [અથવા **ત્રિગડા સ્ત.**] ૨૭ કડી

આદિ – દૂહા.

શ્રી જિનસાસનસેહરો, જગગુરૂ **પાસ** જિણંદ,
પ્રણમિ જેહના પાયકમલ, આવી ચોસઠ ઇંદ. ૧

અંત – કલશ.

ઈમ સમવસરણે ઋદ્ધિવરણે સહૂ જિનવર સારખી,
સદ્દવહે તે લહે શુદ્ધ સમકિત પરમ જિનધર્મ પારખી,
પ્રકરણ સિદ્ધાંત ગુરૂપરંપર સુણી સહુ અધિકાર એ,
સંસ્તવ્યો **પાસ** જિનંદ પાઠક **ધર્મવર્દ્ધન** ધાર એ. ૨૭

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૨૮).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૧૦થી ૨૧૨. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી તથા અન્યત્ર.]

(૩૨૭૧) [+] **પ્રાસ્તાવિક કુંડલિયા ભાવની** ૫૭ કડી ૨.સં.૧૭૩૪ જોધપુરમાં

આદિ – ૐ નમો કહિ આદિથી, અક્ષર લઈ અધિકાર,
પહિલીથી કરતા પુરૂષ, કીધઉ સાર ૐકાર.
કીધઉ ૐકાર સાર તત જાણે સાચઉ.
મંત્રે જંત્રે મૂલ વેદવાયક ધુરિ વાચઉ.
સહુ કામે **ધરમસીહ** દીયઇ રિધિ સિધિ અઉં દોઉં,
ભાવન અક્ષર બીજ આદિ પ્રણમીજઇ ૐ ૐ. ૧

અંત – આખર ભાવન આદિદે, કવિત કુંડલીયા કિદ્ધ.
ધરમ કરમ સહુ મઇ ધુરા, પ્રાસ્તાવિક પ્રસિદ્ધ,
પ્રાસ્તાવિક પ્રસિદ્ધ સહર, જોધાણુ સલહીજઈ,
સતર સઇ ચઉત્રીસ ભલૈં દિવસઇ ભાવાનૈં.
વિજયહર્ષ વાચક શિષ્ય, **ધરમવરધન** સાખર,
કીધા ભાવન કવિત આદિં દે ભાવન આખર. ૫૭

(૧) સં.૧૭૩૬ પોસ શુ.૮ ભોમે લિ. **સૂરિત** બિંદરે **જિનમાંણિક્યસૂરિ** સાખાયાં વા. **કલ્યાણલાભગણિ** શિ. **કનકવિમલગણિ** શિ. વા. **પ્રેમહર્ષગણિ** શિ. **મતિમાણિક્યગણિ** શિ. **તારાચંદ્રેણ** ચતુર્માસી ચક્રે સુશ્રાવક પુણ્યપ્રભાવક સાહ **માણિકજી** પુત્રરત્ન **વીરચંદજી** તત્પુત્ર **ચિરંજીવી જીવણદાસ** પઠનાર્થં વાંચનાર્થં. સં.૧૭૩૬નો ચોપડો, પ.સં.૧૮, જશ.સં. (આમાં આ ઉપરાંત ઉદયરાજકૃત 'ગુણ ભાવની' વગેરે છે.)
(૨) પ.સં.૪, ભુવન. પો.૧૨.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૭૨) શનિશ્ચર વિક્રમ ચો. ૧૪૮ કડી રાધનપુરમાં

આદિ – **સરસતિ** સુમતિ દેા મૂહનિ, વાણી અપૂરવ સાર;
ગુણ ભણવા ઉલટ ઘણેા, **વિક્રમ** ભૂપ ઉદાર. ૧
કિ કિવા મનોરથ ઉપનુ, **વિક્રમરાય** ચરિત્ર;
અનેક ગુણ અંગે ભરૂ, ભણતાં જીભ પવિત્ર. ૨
મોટૂ કરણી તેહ તણું, **શેત્રુંજય** ઉદ્ધાર;
સસી વમાન સમોવડિ કીયા, જિનધર અતિવિસ્તાર. ૩

તાન ગુણ તે માહિ હુઆ, સુણજ્યો તસ અવદાત;
પરનારી-સહોદરપણું, દાનિ બહૂત વખ્યાત. ૪

અંત – રાય **સિદ્ધસેન** દિવાકર ગુરૂવયણે કરી રે, પ્રીછુ શ્રી જિનધર્મ,
માલાકાલ વર તીરથ જિણિ ઉદ્ધરૂં રે, પ્રતિબોધ્યો **વિક્રમ**. ૧૪૬
રાધનપૂર નયર વષાંણીઇ રે, જ્હાં શ્રાવક બહુ વાસ;
જિનપૂજાદિક ધર્મકાર્ય જ હોઇ ઘણા રે,
તાંડા મિં રચીઉ રાસ. ૧૪૭ રાય.
જે મુખિ પભણિ શ્રવણે સુણિ રે શનીની પીડા તાસ,
જન સજ પ્રમુખ **ધર્મસી** ભણિ, શનિ પુહચાડિ આસ. ૧૪૮ રાય.

(૧) પ.સં.૯-૧૩, ડે.ભં. દા.[?] નં.૭૧.

(૩૨૭૩) અમરકુમાર સુરસુંદરીનો રાસ ૪ ખંડ ૩૯ ઢાળ ૬૩૨ કડી ૨.સં.૧૭૩૬ શ્રા.સુ.૧૫ બેનાતટપુરમાં

આદિ –

દૂહા.

સાસણ જેહનો સવિ હિયૈ, આજ પ્રતિક્ષ પ્રમાંણ,
જગગુરૂ **વીર** જિણંદનૈ, પ્રણમું ઊલટ આંણ. ૧
જેહનૈ સાધ સંવેગધર, હૂવા ચવદ હજાર,
સહસ્સ છત્રીસે સાધવી, જ્ઞાંન-ક્રિયા-ગુણધાર. ૨
એક લાખ ગુણસઠિ સહસ, શ્રાવક સહૂ સુષકાર,
સહસ અઢારૈ લાષ ત્રિક, શ્રાવકણી સુવિચાર. ૩
પાટૈ **વીર** તણૈ પ્રકટ, શ્રી **સુધરમ** ગણધાર,
આજ ચતુરવિધ સંધ પિણ, તેહ તણૌ પરિવાર. ૪
વરતૈ છૈ તેહના વચન, આગમ-અરથ-વેપાર,
તિણ માહૈ જિણ ઉપદિસ્યો, મંત્ર મહા નવકાર. ૫
ચવદૈં પૂરવ સાર એ, ભાષ્યો શ્રી ભગવંત,
મૂલ મંત્ર નવકાર છૈ, એહનૌ આદ ન અંત. ૬
એકમના આરાધતા, કષ્ટ રહૈ નહી કોય;
રિદ્ધસિદ્ધ વાધૈ અધિક, **વિજયહરષ** સુષ હોય. ૭
આગમ માંહિ અનેક છૈ, એહના ગુણ-અધિકાર,
સુરસુંદરીયૈ સુષ લહ્યા, સુણજ્યો તે સુવિચાર. ૮

અંત – ઢાલ ૧૨ ધન્યાસી. ઇણ પર ભાવભગતિ મન આંણી – એ દેશી.
ધરમ સીલ જિણ સાચો ધાર્યો, વલિ નવકાર સંભાર્યોજી;

સુરસુંદરીયૈ સર્વ સમાયો નિજ આતમ ઉધાર્યોજી,
એક સદા જિનધર્મ આરાધો. ૬
સીલતરંગણી ગ્રંથની સાખૈ એ રાસ અતિ લાખૈજી,
ધન જે શીલરતનૈ રાખે ભગવંત ભણ પર ભાખૈજી. ૭
સંવત **સતરૈ** વરસ **છત્રીસૈ** શ્રાંવણ પૂનિમ દીસેંજી,
એહ સંબંધ કહ્યો સુજગીસૈ સુણતાં સહૂ મન હીંસૈજી. ૮
ગણધર ગૌત્રૈ ગછપતિ ગાજૈ, **જિનચંદ્રસૂર** વિરાજૈજી;
શ્રી **ખેનાતટ**પુર સુખ સાજૈ, ચોપી કરી હિત કાજૈજી. ૯
સાખા **જિનભદ્રસૂરિ** સવાઈ, **ખરતરગછ** વરદાયજી;
પાઠક **સાધુકીરતિ** પુન્યાઈ, **સાધુસુંદર** ઉવઝાઈજી. ૧૦
વિમલકીરત વાચક વડનામી, વિમલચંદ યશકામીજી;
વાચક **વિજયહર્ષ** અનુગામી, **ધર્મવર્ધન** ધર્મધ્યાનીજી. ૧૧
ઉપદેશ હૈયામૈં આણી, પુન્ય કરૈ જે પ્રાંણીજી,
આવી લછિ મિલૈ આફાંણી, સાચી સદગુરૂવાંણીજી. ૧૨
બારમી ઢાલ કહી બહુ રંગે, ચૌથૈ ખંડ સુચંગોજી;
જિનધર્મ શીલ તણે સુભ(શ્રુત) સંગૈ, આનંદ લીલ ઉમંગેજી. ૧૩

(૧) સં.૧૭૩૬, અભય. પો.૪ નં.૨૩૩. (૨) સં.૧૭૩૯ ચૈ.વ.૧૧ ગુરૌ બાહુપુરે મુ. દીપસાગરેણ લિ. પ.સં.૧૪-૧૯, મ.જૈ.વિ. નં.૪૧૭. (૩) સં.૧૭૬૬ અ.શુ.૯ વિક્રમપુરે સુખહેમ લિ. પ.સં.૧૮, જિ.ચા. પો. ૭૯ નં.૧૯૪૨. (૪) સં.૧૭૬૯, પ.સં.૨૯, જય. પો.૬૯. (૫) સં.૧૭૭૬ દ્વિ.આસો શુ.૮ બીકાનેર લિ. રાજસાગરગણિ વા. ગુણસુંદર પં. નય-વિજય શિ. સુખરત્નેન. પ.સં.૨૧, જય. પો.૬૮. (૬) સં.૧૭૭૬ દ્વિ. આશ્વિન વ.૨ બીકાનેર ઉ. ધર્મવર્દ્ધનજીગણીનાં શિ. પં. ગુણરત્નમુનિના લિ. પ.સં.૩૫-૧૩, મો. સુરત પો.૧૨૭. (૭) સં.૧૭૭૯ કા.શુ.૨ ગુરૂ અકબરાબાદ મધ્યે લક્ષ્મીચંદ્રેન. પ.સં.૨૧, જય. પો.૬૭. (૮) સં.૧૭૮૨ ચૈ.વ.૯ બીકાનેર. કૃપા. પો.૪૫ નં.૭૬૪. (૯) સં.૧૭૮૩ ચૈ.વ.૮ શનિ લિ. કનકરત્નેન. ગુ. નં.૫૫-૧૨. (૧૦) સં.૧૭૮૫ પો.વ.૧૩ યુગપ્રધાન જિનચંદ્રસૂરિ શિ. વા. ભક્તિરાજ શિ. ભક્તિસુખ શિ. રાજવલ્લભ ભ્રાતૃ હર્ષવલ્લભ લિ. પ.સં.૪૫, દાન. પો.૧૪ નં.૨૫૫. (૧૧) સં.૧૭૮૫ મા. શુદ ૧૦, ગા.૬૯૧, ગ્રં.૬૦૦, પ.સં.૧૯, જિ.ચા. પો.૮૧ નં.૨૦૧૫. (૧૨) સં.૧૭૮૭ ચૈ.વ.૧૧ અગલાપુરે મહિચંદ લિ. પ.સં.૩૩, કૃપા. પો.૪૨ નં.

૭૩૯. (૧૩) નિત્યવિજય લિ. પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૫, અમીર. પો.૯. (૧૪) લિ. રાડદ્રાહા મધ્યે વા. ગુણરાજ શિ. મુ. વાલચંદ શિ. મુ. મલુકચંદ લિ. સં.૧૮૧૧ આસુ સુ.૨ ભોમે. પ.સં.૨૯-૧૪, ડા. પાલણપુર દા.૩૬. (૧૫) સં.૧૮૪૩ પો.વ.૫ રવિ વીકાનેરે સાધ્વી પૂતાં પૂલાં વાચનાર્થ. પ.સં.૧૮, જય. પો.૬૬. (૧૬) સં.૧૮૪૭ કા.વ.૯ પં. પરમેસર લિ. પ.સં.૨૦, મહિમા. પો.૩૬. (૧૭) સં.૧૮૫૭ કા.વ.૬ આડસર મધ્યે. પ.સં.૧૧, જય. પો.૬૭. (૧૮) સં.૧૮૬૫ અ.વ.૫ સોમ વીકાનેર. પ.સં.૩૫, ચતુ. પો.૧ નં.૨. (૧૯) સં.૧૮૭૩, પ.સં.૨૧-૧૫, ગુ. નં.૧૨-૨૨. (૨૦) પ.સં.૨૯-૧૫, ગુ. નં.૬૬-૮. (૨૧) સં.૧૮૮૮ ફા.વ.૩, ભુવન. પો.૧૨. (૨૨) ભાવવિજય લિ. પ્રત ૧૯મી સદીની, પ.સં.૨૧, જિ.ચા. પો.૮૨ નં.૨૦૬૨. (૨૩) પ.સં.૩૯, રામ. પો.૩. (૨૪) પ.સં.૧૫, જય. પો.૬૭. (૨૫) પ.સં.૪૧-૧૬, અનંત. ભં.૨. (૨૬) અન્ય કૃતિઓ સહિત : લિ. વેલાકુલમંદરે. પ.સં.૨૨-૧૫, ખેડા ભં.૩. (૨૭) સં. ૧૯૦૨ માહ વદ ૨ મંગલ બૃ.ખ. ભ. જિનમહેંદ્રસૂરિ રાજ્યે કીર્તિરત્નસૂરિશાખાયાં ઉ. જિણદાસ વા. માણિક્યોદય શિ. વા. સુક્તિસિંધુર શિ. સુખશીલ શિ. રામચંદ્ર ભ્રાતૃ કસ્તુરચંદ્ર લિ. પંચપરા મધ્યે. પ.સં.૨૮-૧૩, અનંત. ભં.૨. (૨૮) સં.૧૮૯૦ મહા શુ.૫ ગુરૂ ભ. વિજયધર્મસૂરિ શિ. સૌભાગ્યવિજય શિ. વિદ્યાવિજય લિ. ભૂતેડી નગરે આદિજિન પ્રસાદાત્. અમર. ભં. સિનોર. (૨૯) સં.૧૮૫૦ માર્ગશીર્ષ શુ. પ્રતિપત્તિથૌ મુનિ લબ્ધિચંદ્રેણ લિ. સહસર ગ્રામ ચતુર્માસિ. પ.સં.૧૮-૧૫, કુશલ. (૩૦) ઇતિ શ્રી અમરકુમર સિરસુંદરીનો રાસ પ્રાકૃતબંધે સંપૂર્ણમ્. સંવત ૧૮૪૮ આસોજ વદિ ૮ દિનૈ પં. ધનવિજય લપિકૃતં. શ્રી સાદરાપૂરે ચતુર્માસક કૃત પ્રથમ ખંડે ઢાલ ૮ દ્વિતિયે ખંડે ૧૧ તૃતિય ખંડે ૮ ચતુર્થ ખંડે ૧૨ સર્વગાથા ૬૩૨ સર્વસલોકસંખ્યા ૯૦૦ શ્રીરસ્તુ. પં. હીરવિજય ગ. નિજ આત્માર્થે. શુભંભવતુ. કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ. શ્રી. દેલા. (પં. કમલવિજય પાસેની પ્રત) (૩૧) સં.૧૮૩૪રા કાતી સુદ ૪. પ.સં.૨૨-૧૫, પ્ર.ક્રા.ભં. નં.૧૮૪. (૩૨) સંવત ૧૮૦૬ વર્ષે ફાગુણ વદ ૧૨ દને, પં. શ્રી ગુલાલકુશલજી લપીકૃતં. પ.સં.૩૦-૧૪, જૈ.એ.ઇ.ભં. નં.૧૦૫૮. (૩૩) સર્વગાથા ૬૧૯ શ્લોકે ૯૦૭ માત્યાદિ લષિતં અમ્હદનગરે પંડિત શ્રી ૫ શ્રી સકલપંડિતશિરોમણી પં. રૂપવિજયગણી તતશિષ્ય મુનિ ગુલાલવિજયેન લખિતં સંવત્ ૧૭૮૧ વર્ષે પોષ સુદ ૩ દિન વાર સોમે

પન્યાસ ભાણવિજયગણિ પાસ્વે લખિતં. પ.સં.૧૭, [ભં.?] (૩૪) પ.સં.૨૩-૧૭, ગુ.વિ.ભં. (૩૫) વિદ્યા. (૩૬) લિ. શ્રી નગર રાહડા મધ્યે વાચક શ્રી હંસરાજ શિ. પં. ભીમરાજ શિષ્ય. મુ. કાનજી લિ. સંવત ૧૮૧૧ વર્ષે જેઠ વદ ૨ સોમવાસરે. પ.સં.૨૨-૧૬, વિ.ને.ભં. નં.૪૫૫૪. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૦, ૫૫૮, ૬૧૭).]

(૩૨૭૪) [+] **ડંભક્રિયા ચોપાઈ** ૨.સં.૧૭૪૪ વિજયાદશમી

વૈદ્યકશાસ્ત્રને લગતી.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૭૫) [+] **પ્રાસ્તાવિક છપ્પય બાવની** (રાજસ્થાનીમાં) ૨.સં.૧૭૫૩ શ્રા.શુ.૧૩ વિકાનેર

આદિ – ઊંકારવલિ અરક, ઉદયગિરિ ઊપરિ ઊગો
અલગ ગયો અંધાર, પાર ધણિ રૈ કૂણુ પૂગૌ
ચાહૈ સગુ જગચક્ષુ, ઉદય પૂરઈ સહુ આસા
સુરનર માનૈ સર્વ, પ્રસિદ્ધ સગલૈ પરકાસા
સંસારસાર પરતખ સમૈ, સિદ્ધિરિદ્ધિદાયક સાસતા
ધરિ ગ્યાંન ધ્યાન **ધરમસી** ધુરૈ, અધિક ધણુંરી આસતા. ૧

અંત – **સતરૈ સૈ** સંવત્ત વરસ **ત્રેપનો** વખાણું
શ્રાવણ સુદિ તેરસૈ જોગ તિથિ સુભ દિન જાંણુ
રાજૈ **બીકાનેર** સૂરિ **જિણચંદ** સવાઈ
ભટ્ટારક વડભાગ ગચ્છ **ખરતર** ગરવાઈ
શ્રી **વિજયહરષ** વાચક સગુરૂ પાઠક શ્રી **ધરમસી** પવર
બાવની એહ પ્રસ્તાવ બહુ કીધી છપ્પય કવિત કર. ૫૭

(૧) ઇતિશ્રી પ્રાસ્તાવિક ષટ્પદ કવિત્વદ્વાપંચાશિકા સમાપ્તા. સં. ૧૭૮૬ વૈ.વ.૧૧, પ.ક.૨૨૩થી ૨૨૮, એક ગુટકો, અનંત. ભં.૨.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૭૬) + [**વીર જિણંદ**] **આલોયણ સ્ત.** ૪ ઢાળ ૨.સં.૧૭૫૪ ફલોધીમાં

આદિ – ૧લી ઢાળ. સફલ સંસારની એ દેશી.
એ ધન શાસન **વીર** જિનવર તણો, જસ પરસાદ ઉપગાર થાયે ઘણો,
સૂત્રસિદ્ધાંત ગુરૂમુખ થકી સાંભલી, લહિય સમકિત અને વિરતિ
લહિયે વલી. ૧

ધર્મનો ધ્યાન ધર તપજપ ખપ કરે, જિણ થકી જીવ સંસાર-
સાગર તરે;
દોષ લાગા જિકે ગુરૂમુખ આલોઇયે, જીવ નિર્મલ હુવે વસ્ત્ર
જિમ ધોઇયે. ૨

અંત – કલશ.

ઇમ જેહ ધરમી ચિત્ત વિરમી, પાપ સર્વ આલોયનેં,
એકાંત પૂછે ગુરૂ બતાવે, શક્તિ વય તસુ જોયનેં,
વિધિ એહ ફરસી તેહ તરસે, ધરમવંત તણે ધુરે,
એ તવન શ્રી **ધર્મસિંહ** કીધો, **ચોપને ફલવધી**પુરે. ૩૦

[મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય, પૃ.૨૧૯થી ૨૨૨. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી અને અન્યત્ર.]

(૩૨૭૭) [+] **દશાર્ણભદ્ર ચો.** ઢાળ ૬ ગા.૯૬ ૨.સં.૧૭૫૭ મેડતામાં

અંત – સંવત **સત્તરે** વરસ **સતાવનૈ મેડતઇ** નગર મઝાર,
ચૌમાસે ગણધર **જિનચંદજી** સુજસ લહૈ સંસાર.
ભટ્ટારકીયા **ખરતર**ગચ્છ ભલા શાખા **જિનભદ્રસૂરિ**,
વાચક **વિજયહરષ** વખતાવરૂ પ્રસિદ્ધ પૂણ્યપડૂર.
તેહનૈ શિષ્યૈ એ મુનિવર સ્તવ્યો શ્રી પાઠક **ધર્મસીહ**;
શ્રી જિનધર્મ તિકો શ્રી સંઘને ચઉ સુખદૌલતિ દીહ.

(૧) પ.સં.૫, પ્ર.કા.ભં. (૨) વિદ્યા. (૩) સં.૧૭૭૮ માહ વદ ૯ **બીકાનેર** ઉ. **ધરમસી** શિ. વા. **કીર્તિસુંદર** શિ. **શાં**તિસોમ લિ. પ.સં.૭, ભુવન. પો.૧૨. (૨) **નય**વિજય શિ. **સુખરત્ન** લિ. **બીકાનેરે. પ.સં.૫**, જય. પો.૬૧. [જૈહાપ્રોસ્ટા, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૯).]

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૭૮) [+] **ચોવીશી** (હિંદીમાં) ૨.સં.૧૭૭૧ જેસલમેર

આદિ – ઋષભનાથ ગીત રાગ ભૈરવી

આજ સુદિન મેરી આસ ફલી રી
આદિ જિણિંદ દિણિંદ સો દેખ્યો,
હરખ્યો રિદય જ્યું કમલકલી રી. આજ. ૧
ચરણયુગલ જિનકે ચિંતામણિ, મૂરતિ સોઇ સુરધેનું મિલી રી, આ.

નાલિ નરિંદકૌ નંદન નમતાં, દુરિત દશા સબ દૂર દલી રી.
આજ. ૨
પ્રભુગુનપાન અમૃતકૌ, ભગતિ સુ સાકર માંહિ મિલી રી
શ્રી જિનસેવા સાઈ **ધરમસીહા**, રિધિ પાઈ સાઈ રંગરલી રી. આ. ૩

અંત – મહાવીર ગીત. રાગ ધન્યાશ્રી
ચિત ધર શ્રી જિનવર ચઉવીસી
પ્રભુ સુભનામ મંત્ર પરસાદૈં, કાંમિત કાંમગવી સી. ચિત. ૧
રાગબંધ દ્રૂપદ રચના પૈં, માહે ઢાલ મિલી સી
ટલી જેહુંકી સબ રાજી, માંગૈં સ્વાદકું મીસી. ચિત. ૨
સતર સેં ઈકહુત્તર ગઢ **જેસલ**, જોરી યહ સુજગીસી
શ્રીસંધ **વિજયહરષ** સુખસાતા, શ્રી **ધરમસીહ** આસીસી. ચિત.૩

(૧) સં.૧૭૭૧ ભા.શુ.૧૩ ઉ. ધર્મવર્દ્ધન શિ. વા. કીર્તિસુંદર શિ. શાંતિસોમ લિ. જેસલમેર મધ્યે. પ.સં.૪, અમીર. પો.૯. (૨) હેમરાજ, હર્ષચંદ અને ગુણવિલાસની રચેલી ચોવીસીઓ સહિત : પ.સં.૨૯, મહિમા. પો.૬૩.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૭૯) [+] **સવાસો શીખ** કડી ૧૩૬

આદિ – શ્રી સુહગુરૂ-ઉપદેશ સંભારો, ધરમશીખ એ સુબુદ્ધિ ધારો
દિધ સહૂ માંહિ વિવેકવિચારો, સગલા કારજ જેમ સુધારો. ૧
પ્રથમ પરિભાતે શુભ પરિણામ, નિત લીજે ભગવંતનો નામ
ધણીરા સામ ધરમમેં રહિજે, કથન મુખથી ઝૂઠ ન કહિજે. ૨

અંત – શીખ સવાસો કહી સમઝાય, સાંભલતાં સહૂને સુખદાય
થિર નિજ **વિજયહરષ** સુખ થાય, દમ કહૈ શ્રી **ધરમસી** ઉવઝાય. ૧૩૬

(૧) એક ચોપડી, પ.ક.૧થી ૫, યતિ જયકરણ, વિકાનેર.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૮૦) [+] **શીલ રાસ** ગા.૬૪ વિકાનેરમાં

(૧) પ.સં.૩, મહર. પો.૧. (૨) જુઓ '૨૪ જિનનાં ૨૪ ગીત'ની નીચે.

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૮૧) [+] **૪૫ આગમ સ્તવ.** [અથવા **સઝાય**] ગા.૨૮ ૨.સં.૧૭૭૩ જેસલમેરમાં

(૧) પ.સં.૨, ભુવન. પો.૧૨. (૨) જુઓ '૨૪ જિનનાં ૨૪ ગીત' નીચે. [રાહસૂચી ભા.૧.]

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૮૨) ૮૪ અશાતના સ્ત. ગા.૧૮ શિવરામમાં

(૧) પ.સં.૧, જશ.સં. (૨) જુઓ '૨૪ જિનનાં ૨૪ ગીત' નીચે. [જૈહાપ્રોસ્ટા, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૫).]

(૩૨૮૩) [+] **ગોડી પાર્શ્વ છંદ** અથવા **અષ્ટભય નિવારણ છંદ** ગા.૨૬

(૧) હા.ભં. દા.૮૩ નં.૧૮૭. (૨) રા.એ.સો. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૫૪ – દોલતવિજયને નામે, ૫૬૫).]

[પ્રકાશિત : ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૮૪) [+] **અન્ય કૃતિઓ**

ગીતો : ચાર નેમિરાજિમતી ગીતો – ગુણવંતા પ્રીયુ ઘરિ આવેાજી; સખિ મુનિ વાલ્હા નેમિ જિણંદ; યૌવનલાલ રંગેલે પીયેા પીયેા; અને કામિનીકું મેરી કરૂણા કરી.

સઝાય : કરિ પડિકમણું ભાવ શું.

વામાનંદન સ્ત. – વામાનંદન વંદિયે રે વંછિત ધરિ આસ.

બે પાર્શ્વનાથ સ્ત. – સાચી શ્રી જિનની સગાઈ, વામાનંદ સુમનમાં.

ઋષભગીત – આયેા પ્રભુ મેરે મંદિર.

(૧) જુઓ '૨૪ જિનનાં ૨૪ ગીત' નીચે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૫).]

[પ્રકાશિત : સ્તવનસઝાયગીતાદિ – ૧. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

(૩૨૮૫) ૨૪ જિનનાં ૨૪ ગીત

આદિ – શ્રી આદીસર અમ ઘર આવિ, મોતીડિ ચોક પૂરાયલો રે
રૂપરંગીલી કુમરી અમરી, પ્રભૂજીનિ ભેટી લાવિલો રે. ૧

અંત – ધર્મસંધ મુનિ પ્રભુ શોભી, સોવનવન્ન શરીર
અવિચલ સુખદાયક સેવકનિ, **ત્રિશલા**સુત ગંભીર
જીવન મુઝ જયોજયો જિન **વીર**.

(૧) અન્ય કૃતિઓ સાથે એક પ્રતમાં, પ.સં.૧૦–૧૦, હા.ભં. દા.૮૩ નં.૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૩૯–૪૬ તથા ૫૬૪, ભા.૩ પૃ.૧૩૧૨–૧૮. ભા.૨ પૃ.૫૬૪ પર વા.મો. શાહને આધારે 'ધર્મભાવની' લોંકાગચ્છના ધર્મસિંહને નામે મુકાયેલી, જે ભૂલ હતી.]

૯૧૭. હીર-ઉદયપ્રમોદ (સૂરચંદ વાચક શિ.)

(૩૨૮૬) ચિત્રસંભૂતિ ચોઢાલિયું ૨.સં.૧૭૧૯ જેસલમેર

(૧) પ.સં.૨, ચતુ. પો.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૫. કર્તાનામ શંકાસ્પદ જણાય છે.]

૯૧૮. ઉદયરત્ન (ખ. જિનસાગરસૂરિશિ.)

(૩૨૮૭) જંબૂ ચોપાઈ ૨.સં.૧૭૨૦ કા.વ.૨ ગુરુ

જિનધર્મસૂરિ આદેશથી.

(૧) તત્કાલીન, સંભવતઃ કવિલિખિત, પ.સં.૬૪, મહિમા. પો.૩૭. (૨) સં.૧૭૮૮ આ.વ.૯ ગુરુ મરોટ મધ્યે લિ. નયવિજય શિ. સુખરત્નેન. પ.સં.૪૯, જય. પો.૧૩. (૩) કવિલિખિત, સં.૧૭૩૦, અજીમગંજ નેમનાથ ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૫.]

૯૧૯. સુમતિવલ્લભ (ખ. જિનસાગરસૂરિ–જિનધર્મસૂરિશિ.)

જિનસાગરસૂરિ – મૂળ બોહિત્થરા ગોત્રના વિક્રાનેરના રહીશ. શાહ વચ્છરાજ પિતા, મિરગાદે માતા, સં.૧૬૫૨ના કાર્તિક સુદિ ૧૪ રવિવારે જન્મ. ચોલા મૂલનામ. સં.૧૬૬૧ મહા સુદિ ૭ દિને અમરસરમાં જિનસિંહસૂરિ પાસે દીક્ષા. શ્રીમાલ ચુહરા અચૂકા શ્રાવકોએ નંદી મહોત્સવ કર્યો. વાદી હર્ષનંદનગણિએ બાલપણાથી માંડી સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. સં.૧૬૭૪ના ફાગણ સુદિ ૭ મેડતામાં સૂરિપદ અને નામ જિનસાગરસૂરિ રાખ્યું. તે જ વર્ષમાં વૈશાખ સુદિ ૧૩ શુક્રે રાજનગર(અમદાવાદ)વાસી પ્રાગ્વાટ જ્ઞાતિના સંઘપતિ સોમજી પુત્ર રૂપજીએ કરાવેલા શત્રુંજય ઉપરના ચોમુખ મંદિરમાંની ઋષભાદિ જિનની ૫૦૧ પ્રતિમાની પ્રતિષ્ઠા આ સૂરિએ કરી. સં.૧૭૨૦ના જેઠ વદ ૩ ને દિને અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા. તેની પાટે જિનધર્મસૂરિ આવ્યા. આના જ ગુરુભાઈ જિનરાજસૂરિથી પટ્ટપરંપરા થઈ તે જુદી અને આ જિનસાગરસૂરિથી બૃહત્ખરતર નામના ગચ્છની પરંપરા જુદી થઈ.

જિનધર્મસૂરિ – ભણશાલી ગોત્રના વિક્રાનેરવાસી શા. રિણમલ ભાર્યા રતનાદેના પુત્ર. સં.૧૬૯૮ પોષ સુદિ ૨ જન્મ. ખરહથ મૂલનામ. સં.૧૭૧૧માં આચાર્યપદ. ૧૭૨૦માં ભટ્ટારકપદ. સં.૧૭૪૬માં જિનચંદ્રસૂરિને પાટ પર નીમી લૂણકરણસરમાં સ્વર્ગસ્થ.

(૩૨૮૮) + શ્રી નિર્વાણ રાસ (ઐ.) ૮ ઢાળ ૨.સં.૧૭૨૦ શ્રા.શુ.૧૫

જિનસાગરસૂરિ પર રાસ.

આદિ – સમરૂં **સરસતિ** સામિની, અવિરલ વાંણિ દે માત;
ગુણ ગાઈસુ ગુરૂરાજના, **સાગર**સૂરિ વિખ્યાત. ૧
સહર **વીકાણેા** અતિ સરસ, લષિમી લાહેા લેત,
ઉસવંસમઈ પરગડા, **ઓસિથરા** ગિરૂદેત. ૨
વછરાજ ઘરિ ભારિજા, **ભિરઘાદે** સુત દોય;
વીકા ને **સાંમલ** સુખી અવિચલ જોડી જોય. ૩
શ્રી **જિનસંધ** સૂરીસની, **સાંમલિ** દેસણે સાર;
માત સહિત બાંધવ બિહને સંજમ લઈ સુખસાર. ૪
માણિકમાલા માવડી **વિનયકલ્યાણ** વિશેષ;
સિદ્ધસેન ઈમ ત્રિહું તણા, નામ દીક્ષાના દેષિ. ૫
વાદીરાયા ભણાવિઆ, **હરષનંદન** કરિ ચિત્તે;
ચવદહ વિદ્યા સીખવી, સૂત્રઅરથ સદયુક્ત. ૬
સૂધેા સંજમ પાલતાં વિદ્યાનઉ અભ્યાસ;
કરતાં ગીતારથ થયા, પુણ્યાઇ પરકાસ. ૭
સિદ્ધસેન અભિનવ થયેા, **સિદ્ધસેન** અવતાર;
બીજા ચેલા બાપડા, **સાંમલિ**ઉ સિરદાર. ૮
શ્રી **જિનચંદ** સુરીસનઉ, વચન વિચારી એમ;
આચારિજ પદથાપના, કીધી કહિસ્યું તેમ. ૯

અંત – ઢાલ ૮ ધન્યાશરી. કંઅર ભલઇ આવિઆ એ – એહની ઢાલ.
શ્રી **જિનસાગરસૂરિજી** એ, પાટિ પ્રભાકર તેમ,
સગુરૂ ભલિ ગાઈયઈ,
શ્રી **જિનધરમ** સૂરીસરૂ એ, જયવંતા જગિ એમ. ૧ સ.
દેસપ્રદેશે વિહરતા એ, ભવિકજીવ-પ્રતિબોહ; સ.
ઉદયવંત ગચ્છ જેહનેા એ, મહિયલ મેાટી સેાહ. ૨ સ.
ગુણ ગાતાં સગુરૂ તણા એ, પૂજઈ મનની ખાંતિ; સ.
મનવંછિત સહુના ફલિ એ, ભાંજિ મનની ભ્રાંતિ. ૩ સ.
સંવત **સતર વીસોત્તરઈ** એ, **સુમતિવલ્લભ** એ રાસ. સ.
શ્રાવણ સુદિ પુનિમ દિનિ એ, કીધેા મનહ ઉલ્લાસ. ૪ સ.
શ્રી **જિનધરમ** સુરીસનેા એ, માથિ છિ મુઝ હાથ; સ.
સુમતિવલ્લભ મુનિ ઇમ કહઇ, **સુમતિસમુદ્ર** શિષ્ય સાથિ. ૫ સ.

(૧) પ.સં.૩–૧૫, ડે.ભં. દા.૭૦ નં.૧૧૭. (૨) પ.સં.૬, અભય. પો.૧૬ નં.૧૬૯૨.

પ્રકાશિત: ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૧૯૧–૯૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૦૨–૦૪, ભા.૩ પૃ.૧૨૧૬.]

૯૨૦. સુમતિરંગ (ખ. કીર્તિરત્નસૂરિશાખા લાવણ્યશીલ–પુણ્યધીર–જ્ઞાનકીર્તિ–ગુણપ્રમોદ–સમયકીર્તિ–ચંદ્રકીર્તિશિ.)

જુઓ રાજહર્ષ નં.૮૪૯.

(૩૨૮૯) યોગશાસ્ત્ર ભાષાપદ્ય ૨.સં.૧૭૨૦ આ.સુ.૮

(૧) પ.સં.૨૬, કૃપા. નં.૨૮૮.

(૩૨૯૦) પ્રબોધચિંતામણિ રાસ અથવા **જ્ઞાનકલા ચોપાઈ** અથવા **મોહવિવેકની ચોપાઈ** ૨.સં.૧૭૨૨ વિજયાદશમી રવિ મુલતાનમાં

આદિ – પરમજ્યોતિ પ્રકાશકર, પરમપુરુષ પરતક્ષ,
પરમજ્ઞાન પરમાતમા, અગમરૂપ અલક્ષ. ૧
અવિનાશી અનંતગુણ, ચિદાનંદ ચિદ્રૂપ;
વંદું બે કર જોરિનઇ, સુખદાયક શિવરૂપ. ૨
સમરસ-ધર શ્રી **શારદા**, હંસાસણિ સુવિલાસ;
સંવત **સત્તર** **ચોવીસા** વરસે, પોસ દસમે સુખદાયા,
પાસ-જન્મકલ્યાણુક-દિવસે, પૂરણ કરી સુખ પાયા. ૬
ગઢવાડે શ્રાવક ગુણરાગી, સહુકો સમકિતધારી,
સદ્ગુરૂ સેવ કરે મન સુદ્ધે, ધર્મ તણો ભંડારી. ૭
તિણ પુરમેં કીધો ચોમાસો, **ઉદયસાગર** બુધ પાસે
સંઘ આગ્રહે એ ચોપૈ કીધી, આણંદ ઘણે ઉલ્લાસે. ૮
તપગચ્છ-અંબર તણો સરીખો **વિજયદેવ** ગણધારી
તાસ પાટ સંપ્રતિ ગુરૂ પ્રતપે, શ્રી **વિજયપ્રભ** સુખકારી. ૯
તાસ ગચ્છ ગુણમણીના આગર (**વિ**)**જયસાગર** ઉવઝાયા,
તસ પદ સેવે સુરનર સાહિબ, નામે નવનિધિ પાયા. ૧૦
તાસ સીસ પંડીતજનનાયક, શ્રી **લાવણ્યસાગર** ગુરૂરાયા,

મહિયલ મહિમા જેહનો પસર્યો, દિનદિન ચઢત સવાયા રે. ૧૧
તસ પદસેવક **પરમસાગર** કવિ રચીયો રાસ રસાલ,
ભાવ ધરી યે સુણતાં ભવિયણ, લહેસો મંગલમાલ. ૧૨
તાં લગે એ ચોપઈ થિર થાયો, જાં લગિ સુરજ્ય દ્યો,
રાગ ધન્યાસી ઢાલ ચઉસઠમી **પરમસાગર** આણંદ્યો રે. ૧૩

(૧) સં.૧૭૫૪ વૈ.શુ.૧૩, પ.સં.૫૪–૧૫, વડા ચૌટા ઉ. પો.૧૮. (૨) સં.૧૭૫૮ આસો શુ.૧૩ શુક્ર લિ. ગંભલડરા વાડા મધ્યે. પ.સં. ૪૨–૧૬, વિ.ને.ભં. નં.૪૫૭૦. (૩) સં.૧૭૭૧ માગશર શુ.૮ સોમે પં. હેમહર્ષગણી શિ. પં. સુગુણહર્ષગણિ શિ. પં. કિસનહર્ષેણ લિ. ધંધુકા નગરે. પ.સં.૪૩–૧૫, રા.એ.સો. બી.ડી.૮૧ નં.૧૯૬૧. (૪) સં.૧૭૮૧ આસો શુ.૧૦ મંગલે. પ.સં.૩૩–૧૮, હા.ભં. દા.૭૯ નં.૧૩. (૫) સં.૧૭૮૫ શ્રા. શુ.૧ શુક્રે. પ.સં.૨૮–૨૧, ઈડર ભં. નં.૧૨૦. (૬) સં.૧૭૮૭ વૈ.શુ.૩ ગુરૂ પં. દર્શનવિજય શિ. ભાગ્યવિજય લિ. પ.સં.૪૩–૧૬, ઈડર ભં. નં.૧૯૬. (૭) **સ્થ**ંભતીર્થે પં. ધનસાગર શિ. મુનિ પ્રેમસાગર લ. (સં. ૧૮૪૫ આસપાસ જુઓ 'રત્નપાલ રાસ'ના આ લેખકની સાલ), પ.સં. ૪૩–૧૬, સીમંધર. દા.૨૨ નં.૧૭. (૮) સં.૧૮૪૭ મૃગશીર શુ.૫ શુક્રે પં. વસંતસાગરગણિ શિ. પં. માણિક્યસાગરગણિ શિ. દાનસાગરગણિ ચતુરસાગરગણિ નિત્યસાગરગણિ લ. તથા ઘેલા અભયચંદ વાચનાર્થ પાર્શ્વનાથ પ્રસાદાત્ રાધનપૂરે. વિ.ને.ભં. (૯) સં.૧૮૬૦, પ.સં.૪૯–૧૫, સારી પ્રત, સુ.લા. ખેડા. (૧૦) વિક્રમાદિત્ય સુત વિક્રમસેન લીલાવતિ રાસ સં.૧૮૬૭ માધ શુ.૧૩ જયા તિથૌ પં. ગુલાલવિજય શિ. પં. વિદ્યા-વિજય શિ. પં. દયાલવિજય શિ. પં. ધર્મવિજય વાંચનાર્થે ભૃગુપુરે શ્રીં હ્રીં ઐં નમઃ. પ.સં.૪૧–૧૬, યતિ નેમચંદ. (૧૧) સં.૧૮૯૨ ફા.શુ.૧૧ પં. રામવિજયગણિ શિ. પં. હંસવિજયગણિ લ. પાલિતાણા મધ્યે. પ.સં.૪૯–૧૬, ઘોઘા ભં. દા.૧૩ નં.૩૯. (૧૨) પં. સુબુદ્ધિવિજય શિ. ગંભીરવિજય પં. નિતવિજય શિ. મોહનવિજયેન લિ. વાસિ નગરે સં.૧૮૯૨ ભા.વ.૯ સોમે ઉદેપૂર મધ્યે રાણા જુવાનસંઘ રાજ્યે. પ.સં. ૫૫–૧૫, વિ.ને.ભં. નં.૪૫૧૪. (૧૩) પ.સં.૪૦, કૃપા. પો.૪૪ નં.૭૬૮. (૧૪) પ.સં.૯–૧૫, અધૂરી, મ.જૈ.વિ. નં.૫૨૦. (૧૫) ભાં.ઇ. સને ૧૮૭૫–૬ નં.૭૬૪. (૧૬) ગ્રંથાગ્રંથ ૧૩૧૧, રાજકોટ પૂ.અ. (૧૭) સં.૧૮૪૪

વર્ષે માગસીર શુદ ૬ લ. હર્ષવિજયગણિ. પ.સં.૪૨–૧૮, માં.ભં. (૧૮) પ.સં.૩૩, હા.ભં. નં.૬૧–૧૯. (૧૯) ગ્રંથાગ્રંથ ૧૮૬૦ સંવત ૧૮૧૮ માહા વદ ૨ નેં વાર ભોમવાસરે શ્રી પાટણ મધ્યે. પ.સં.૫૯–૧૪, ક.મુ. (૨૦) લિખિતા ચ સં.૧૭૮૬ના વર્ષે ચૈતી સુદિ ૫-ને દિને. મહોપાધ્યાય શ્રી ૫ શ્રી ભાવવિજયગણિ શિષ્યોપાધ્યાય શ્રી ૫ શ્રી ભાણુવિજયગણિ શિષ્યોપાધ્યાય શ્રી રત્નવિજયગણિ શિષ્ય પંડિત શ્રી રવિવિજયગણિ શિષ્ય મુનિ ખુશાલવિજય મુનિ જીતવિજય પઠનાર્થં, નડુલાઈ નગરે. પ.સં.૫૬, સિનોર ભં. દા.નં.૭. (૨૧) ઇતી શ્રી વિક્રમસેન નરેશ્વર ચતુષ્પદીકા સંપૂર્ણા. પં. શ્રી નાંદીસાગરજી શિષ્ય પં. શ્રી કનકસાગર શ્રી શિષ્ય પં. શ્રી ગોતમસાગરજી શિષ્ય શ્રી કૃપાસાગરજી પં. રત્નસાગર લીખ્યતે સં.૧૮૨૫ જેષ્ટ સુ.૭ શનીવાસરે. ગ્રામ ગોધાવસ મધ્યે શ્રીરસ્તુ કલ્યાણમસ્તુઃ ગુ.વિ.ભં. (૨૨) પ.સં.૪૮, પ્ર.કા.ભં. (૨૩) સંવત ૧૮૭૪ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને. ઉદયપુર ભં. (૨૪) ગ્રંથાગ્રંથ ૧૮૬૦ સં.૧૮૧૮રા માહા વદ ૨ દને વાર ભોમવાસરે શ્રી પાટણ મધે લપીકૃતં. પ.સં.૫૯, છેલ્લું પાનું, મારી પાસે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૨, ૫૭૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૧૭–૨૦.]

૬૩૭. તત્ત્વવિજય (યશોવિજય ઉપાધ્યાયના શિષ્ય)

(૩૩૩૫) અમરદત્ત મિત્રાનંદનો રાસ ૪ ખંડ ૩૪ ઢાળ ૮૩૧ કડી ૨.સં.૧૭૨૪ વસંતપંચમી ગુરુ સ્થાણી શહેરમાં

આદિ – દૂહા.

પહિલું પ્રણમું **શારદા**, વરદાતા વિખ્યાત,
આણંદ ધરી આદર કરી, મયા કરેયો માત. ૧
તૂ તૂઠી કવિ-કોડીને, સુમતિ દિઈ સુપવિત્ત,
તુઝ સાનિધિથી **શારદા**, કરસ્યું સરસ કવિત્ત. ૨
મંદમતિને મતિ દેઈ, કર તું કોવિદ તાસ,
બોબડ બહેરા બાપડા, તસ દિઈ વચનવિલાસ. ૩
વિનય કરી વિધિ સ્યું નમું, **આદીસર** અરિહંત,
શાંતિકરણ શ્રી **શાંતિ**જી, ભગતઈ ભજું ભગવંત. ૪
નિત વંદો શ્રી **નેમિ**જી, રાણી **રાજુલ** કંત,
બ્રહ્મચારી જગવલ્લહો, મોટો એ મહંત. ૫

સાચો દેવ **સંભવેસરો**, પુડવી માંહિં પ્રસદ્ધ,
પરતા પૂરઇ **પાસજી**, નામેં લહેં નવનિધિ. ૬
શાસનનાયક સમરીઈ, સમરથ સાહસધીર,
ત્રિશલાનંદન તું ધણી, વંદું શ્રી જિન **વીર**. ૭
ગૌતમ ગણધર ગુણનિલો, લબ્ધિવંત સીરલીહ,
અંગૂઠેં અમૃત વસે, સાધશિરોમણિ સિંહ. ૮
સુગુરૂ તણેં સુપસાઉલે, રચું તે રાસ રસાલ,
સુણતાં શાતા ઉપજે, વાંચે બુદ્ધિ વિશાલ. ૯
દેવ અરિહંત દાખિઓ, ધર્મહ ચાર પ્રકાર,
દાન શીલ તપ ભાવના, સમઝો ચિત્ત મઝાર. ૧૦
દાનેં દોલત પામીઇં, બને સુખ શ્રીકાર,
ભાવે ભવિયણ સાથને, દેયો સરસ આહાર. ૧૧
દાન તણા પરભાવથી **અમરદત્ત મિત્રાણંદ**,
સુખ વિલસી સંસારનાં પામ્યા પરમાનંદ. ૧૨
અમરદત્ત મિત્રાણંદનો સરસ એહ સંબંધ,
શાંતિનાથ ચરિત્તથી કરસ્યું એહ પ્રબંધ. ૧૩
આલસ મૂકી અંગથી અધિક ધરી ઉલ્લાસ,
સાંભલજો સજ્જન સદા, એહ અનોપમ રાસ. ૧૪

અંત – ઢાલ ૩૪ રાગ ધન્યાસી.

દાન તણઇ અધિકારેં પભણું **અમરદત્ત મિત્રાનંદ** ચરિત્તોજી,
એકમનાં થઇ સુણતાં પ્રાણી જન્મ થાઈં પવિત્તોજી.
શક્તિ સારૂ દાન દેયો ભાવે લેયો નરભવ-લાહજી,
મત ખંડયો ભાવ દાન જ દેનાં ધરયો અધિક ઉચ્છાહજી. ૯૫
દાન દીધું નિષ્ફલ ન હુઇ કોઇને, વલિ વિશેષે સુપાત્રોજી,
આદર આણી દાન જ દેયો જિમ લહો તુમ્હે સુખ ગાત્રેજી.
દીધાની દે કુલ ચઢેં જાણો મચ્છર મ ધરયો કોઇજી,
બખીલ તણું નામ કોઇ ન લેવેં ચતુર વિચારો જોઇજી. ૯૬
વેદ નયણ ૨૪ ઋષિ વિધુ ૧૭ સંખ્યાઇ એ સંવત્સર સારજી,
માસ વસંત પૂર્ણી તિથિ પંચમી ઉતમ સુરગુરૂવારજી.
રેવતી નક્ષત્રે વિજયમુહૂત્તે વલિ ચોથો રવિયોગજી,
નિર્મલ ઉજ્જવલ પક્ષ અનોપમ શુભ મલિયા સંયોગજી. ૯૭

અભિનંદન શાંતિજિન પસાઇ રાસ રચ્યો રસાલજી,
ચતુર તે ચ્યારે ખંડ મલીનઇ સુંદર ચોત્રીસ ઢાલજી;
ચોમાસું રહી **સ્યાણી** સઇરઇ અતિહિ થઇ ઊજમાલજી,
ભણતાં ગુણતાં સુણતાં સંપદ લહીઇ મંગલમાલજી. ૯૮
પૂરવ ચરિત્ર તણું મેં મેલેં સંબંધ કર્યો વિસ્તારેજી,
હાસ્ય મ કરસ્યો વિબુધજન વાંચી કર્યો મુઝ મતિ અનુસારેજી;
અધિકુંઓછું આણ્યું હોઇ તે કરયો તુમે માફજી,
કર જોડીનેં કરું છું કવિનેં વિનતડી હું આપજી. ૯૯
તપગચ્છગણ-ગયણાંગણ નભોમણિ શ્રી **વિજયદેવ** સૂરીંદાજી,
તસ પટધર કુમતિમદભંજન રંજન સુરનર ઇંદાજી;
શ્રી **વિજયપ્રભ** સૂરીશ્વર ઈશ્વર રીસ રહિત ગણધારજી,
દરિસનથી નવનિધિ પામીજેં નામેં લહિયે જયકારજી. ૮૦૦
તપગચ્છ માંહિ મહિમાધારી ક્ષીરતિ વેલિ વિસ્તારીજી,
શ્રી **નયવિજય** વિબુધ વરરાજેં મૂરતિ મોહનગારીજી;
તસ સીસ વાચકવૃંદવિભૂષણ દૂષણરહિત તે સોહેજી,
શ્રી **જસવિજય** ઉવઝાયશિરોમણિ ભવિયણનાં મન મોહેજી. ૧
તસ પદપદ્મમધુકર સરીખો સેવકમાં શિરતાજજી
આદર આણી કહી એ વાણી **તત્ત્વવિજય** કવિરાજજી;
ગાહા દૂહા અષ્ટશત સંખ્યાઇ ઇકસઠિ ઉપરિ વિશેષજી,
થિર રહયો એ રાસ તિહાં લગે જિહાં લગેં મેરૂ ગિરીશજી;
સાધુ તણા ગુણ રંગે ગાતાં પુહચ્યેં મનહ જગીસજી. ૨

(૧) સર્વગાથા ૮૦૨, પ.સં.૩૩–૧૮, લીં.ભં. (૨) રત્ન.ભં. (૩) પં. સ્થિર (સ્થવીર) **શ્રી**પાલ શિ. પં. ઋ. ખેતાજી શિ. ઋ. **નારા**યણજી શિ. ઋષિ **લા**લજી લિ. સં.૧૭૭૩ ફા.વદિ ૧૧ ચંદ્રે લિ. પ.સં.૪૦–૧૧, ખેડા ભં.૩. (૪) મહો. **ઋદ્ધિ**વિજય શિ. પં. **ધર્મ**વિજય લિ. પં.ન્યાસ **ગુણ**વિજય વાચનાર્થં **સૂ**રતિ બંદીર મધ્યે સં.૧૭૮૧ ચૈ.શુ.૧ શનૌ. પ.સં.૧૯–૨૦, મુક્તિ. નં.૨૩૩૩. (૫) સર્વગાથા ૮૬૧, પ.સં.૨૫–૧૬, ખેડા ભં. દા.૭ નં.૫૬. (૬) પ.સં.૨૮–૧૭, મો. સુરત પો.૧૨૪. [જૈહા. પ્રોસ્ટા, લીંહસૂચી.]

(૩૩૩૬) ચોવીશી અથવા **ચતુર્વિંશતિ જિન ભાસ** [અથવા **ગીત**]
આદિ – સકલપંડિતસભાભામિનીભાલસ્થલતિલકાયમાન પંડિત શ્રી ૧૯ શ્રી

તત્ત્વવિજયગણિ તત્ભ્રાતૃ સકલગણિગણમુખ્ય ગણિશ્રી ૭ શ્રી
લક્ષ્મીવિજયગણિચ્ચરણકમલેઢ્યો નમઃ

૪૩૨ આંબા આંબલી રે એ દેશી.

ઋષભ જિણંદ મયા કરી રે, દરિસન દાખો દેવ,
અલજો છઇં મનમાં ઘણો રે, કરવા તાહરી સેવ.
જિણેસર તુમ્હ સ્યું અધિક સનેહ. આંચલી.

*

શ્રી જસવિજય વાચક તણો રે સીસ તત્ત્વવિજય ગુણ ગાય
જિણેસર.

અંત – શ્રી નયવિજય કવિરાજ વિરાજઇ, શ્રી જસવિજય વાચક છાજઇ,
સેવક તત્ત્વવિજય ઇમ જંપઇ, નિતનિત નવલ દિવાજઇ રે. ૫
પ્રભુ વીર જિણંદ મઇં ગાયો.

(૧) ઇતિશ્રી મહાવીર જિન ભાસ ૨૪ લિ. ગણિ પ્રેમવિજયેન લિપીચક્રે સં.૧૭૩૫ વર્ષે પોસ વદિ ૩ દિને શ્રી વિજાપુર સ્યાહપુરે. પ.સં.૮–૧૪, આ.ક.ભં. [મુપુગૂહસૂચી.]

(૩૩૩૭) જ્ઞાનપંચમી સ્તુતિ

આદિ – પંચરૂપ કરી સુરપતિ પ્રભુનિં મેરૂશિખર લેઇ જાવઇજી,
અંત – શ્રી જસવિજય પાઠક પદસેવક તત્ત્વવિજય જયકારીજી. ૪
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૨૪–૨૮, ભા.૩ પૃ.૧૨૩૩.]

૯૩૮. વધો (પીપાડો શ્રાવક)

(૩૩૩૮) કુમતિનો રાસ [અથવા **સઝાય**] અથવા **પ્રતિમાસ્થાપન ગીત** [અથવા **મહાવીર સ્ત.**] ૩૯ કડી ૨.સં.૧૭૨૪ શ્રા.શુ.૬ સોજતમાં

આદિ – શ્રી શ્રુતદેવ તણું સુપસાયેં, પ્રણમી સદગુરૂપાયા,
શ્રી સિદ્ધાંત તણું અણુસારેં, સીખ દેઉં સુખદાયા રે. ૧
કુમતિ ! કાં પ્રતિમા ઉથાપેં,
મુગધ લોકનેં ભામેં પાડી પિંડ ભરે છેં પાપેં – આંકણી.

અંત – સુવિહિત સામાચારી સ્યું ટલીઆ, રતી વિના રડવડીઆ,
કુમતિકદાગ્રહના થે રાતા, ધર્મ થકી તે પડીઆ રે. કુ.૩૫
શોભિતમંડણ વીર જિણેસર, વીનતી કરૂં તુમ આગેં,
સુભ દષ્ટેં સાહિબનેં સેવ્યાં, કુમતિકદાગ્રહ ભાગેં રે. કુ.૩૫
સંવત સતરેં વરસ ચોવીસેં, શ્રાવણ સુદિ છઠ દિવસે,

શ્રી જિનપ્રતિમાનું દરસણ કરતાં, કમલરતન વિકસે રે. કુ.૩૭
સાહ **વધો** નેં જાતેં **પીપાડો**, નગર **સોજિત**નો વાસી,
એ તવન તવ્યો સદગુરૂને વયણે, થે છોડો કુમતિની પાસી રે. કુ.૩૮
એ અધિકાર મેં ઉછોઅધિકો, વચન કહ્યો કોઇ જૂઠો,
તેહ તણો મુઝ મિછામિ દુક્કડ, મુઝનેં સદગુર તૂઠો રે. કુ.૩૯

(૧) લિ. મુનિ **વિજે**સાગરેણ. પ.સં.૨-૧૨, મ.જૈ.વિ. નં.૪૬૮. (૨) સં.૧૭૪૯ શ્રા.સુ.૩ **બિકા**નેર પં. **અભય**ધર્મ લિ. શ્રા. હીરા પઠનાર્થં. પ.સં.૨, અભય. નં.૨૭૩૦. (નાહટાએ ઉતારી લીધેલ છે.) [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૩૩-૩૪.]

૯૩૯. જિનસમુદ્રસૂરિ (ખ. વેગડશાખા જિનચંદ્રસૂરિશિ.)

(૩૩૩૯) શત્રુંજય ગિરિનાર મંડણ સ્ત. ગા.૫૯ ઢાલ ૩ ૨.સં.૧૭૨૪ શુચિ માસ સોમ

આદિ – શ્રી **સેત્રુંજ** ગિરનાર બે, મંડણ દીનદયાલ
શ્રી **આદીસર નેમિ**નો, તવન સુણો સુરસાલ. ૧
અંત – શ્રી **આદીસર નેમિ**નો, રચ્યો તવન અધિક આણંદો રે
સૂરિજનનઇં આદરઇં, કહઇં શ્રી **જિનસમુદ્ર**સૂરિંદો રે. ૧૭

કલશ

ઇમ **સિદ્ધગિરિ-ગિરનાર**-ભૂષણ વિગતદૂષણ જિનવરો
નાભેય નામ સુધેય **શ્રી શૈલેય** દુખ-આપદ હરો
યુગ નયન ભોજન પ્રમિત ૧૭૨૪ વછર માસ શુચિ શશિ દિનયરો
જિનચંદ્ર વેગડ સીસ શ્રી **જિનસમુદ્ર**સૂરિ સુહંકરો. ૧૮

(૧) જુઓ 'નાની કૃતિઓ'ને અંતે.

(૩૩૪૦) તત્ત્વપ્રબોધ નામમાલા (ભાષાપદ્ય) ૨.સં.૧૭૩૦ કા.શુ.૫ ગુરુ

અંત – સંવત **સતરહ સે** વરસ, વીતે ઉપર **ત્રીસ**
કાર્ત્તિક સિત પંચમિ ગુરો, ગ્રંથ રચ્યો સુજગીસ. ૭૭
શ્રી **વેગડ**ગચ્છમેં ભલો, સૂરિ સકલ ગુનખાંન
શ્રી **જિનચંદ્ર સૂરિ**સ્વર, સુવિહિત મતિ સુપ્રધાન. ૭૮
તાસ સીસ સુવિનય ધરત, શ્રી **જિનસમુદ્ર** સૂરીસ
કીનો સભ સુખહેતકો, જોરિ સુખદ સુકવીસ. ૭૯

(૧) જેસલમેર દુર્ગે. મહાનંદ રાજ્યે. પ.સં.૧૩, જેસલ.ભ.ભં. નં.૧૫૧.

(૩૩૪૧) નેમિનાથ બારમાસી ૧૫ કડી

આદિ – ઢાલ બારમાસીયાની

શ્રી **યદુપતિ** તોરણ આયા, પસુ દેખ દયા મન લાયા
પ્રભુ શ્રી **ગિરિનારિ** સિધાયા, **રાજલ** રાંણી ન વિરાયા હો લાલ. ૧
લાલ લાલ ઇમ કરતી

અંત – સખીરી **નેમિ રાજુલ** ગિરવરિ મિલીયાં, દુખદોહગ દૂરઈ ટલીયા
જિણચંદ પરમ સુખ મિલીયા, શ્રી **જિનસમુદ્રસૂરિ** મનોરથ
ફલીયા હો લાલ, લાલ લાલ ઇમ કરતી. ૧૫

(૩૩૪૨ ક) સીમંધર સ્ત. ગા.૫૯

(૧) રામલાલ સં. વિકા.

(૩૩૪૨ ખ) નાની કૃતિઓ

૧ સાત વ્યસન સ. ૧૩ કડી – સમવસરણ બયઠે, ૨ તંબાકુ પરિહાર સ. ૧૨ કડી – ગ્યાન ભણી વાણી સુણો, ૩ રાત્રિભોજન સ. ૨૦ કડી – અરે લાલ શ્રી જિનવરજી ઉપદિસઇ, ૪ આત્મ અધ્યાત્મ પચીસી – અવિરત નગરી કપટકો કોટ, ૫ પૂજા દુપદ ૩ કડી, ૬ મેઘરાજા દુપદી ૪ કડી ૨.સં.૧૭૩૨, ૭ મેઘ વિનતિ ૪ કડી, ૮ સ્ત. ૫ કડી, ૯ પાપશ્રમણ ગીત ૫ કડી, ૧૦ નેમિનાથ બારમાસી ૧૫ કડી, ૧૧ સ્થૂલભદ્ર સ. કડી ૧૪ – શ્રીય થૂલભદ્ર ચોમાસ કિ, ૧૨ જીરાવલ પાર્શ્વ સ્તોત્ર ૧૧ કડી, ૧૩ જ્ઞાનપંચમી સ્તોત્ર ૧૨ કડી.

(૧) પ.સં.૯–૧૫, મ.જૈ.વિ. નં.૧૧૩. ('શત્રુંજય ગિરનાર મંડણ સ્ત.' સાથે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૨૬–૨૭.]

૯૪૦. હીરાણંદ-હીરમુનિ (લે. ગુજરાતી ગચ્છ–વીરસિંહ–જેમલજી–ઝંઝણ–તેજસીશિ.)

(૩૩૪૩) સાગરદત્ત રાસ ૪૫ ઢાળ ૭૦૪ કડી ૨.સં.૧૭૨૪ વિજયાદશમી જલોરમાં

આદિ – આસારાગે દુહા.

શ્રી **આદીસર** આદિ દે(વ) અતુલીબલ અરિહંત,
ચોવીસે વાંદુ ચતુર, ભયભંજણ ભગવંત. ૧
આદિ **સીમંધર** અધિક, વિહરમાન જિણ વીસ,

વિનયભક્તિ કરી વંદીઇ, અતિશયવંત અધીસ. ૨
વલી ધ્યાઉ વાગેશ્વરી, વરવિદ્યાદાતાર,
માત મયા કરિ મન સુદ્ધઈ, તુઠી તારણહાર. ૩
સદ્‌ગુરૂનામ જપું સદા, જસ પસાય જાણુ,
જ્ઞાનબુધિ લહીઇ ઘણું, કીજઈ કોડિ કલ્યાણ. ૪
જયવંતા સુદ્ધા યતી, અઢી દ્વીપમાં આજ,
વલિવલિ તેહનઇ વંદીઇ, ઋષિવંત ઋષિરાજ. ૫
ગાઉં તાસ પસાય ગુણ, ઉગતિ અનૂપ ઉપાય,
દાન દીઉ જિમ **દેવદત્ત**, ચરિત રચું ચિત લાય. ૬
ચતુર તણો ચિતરંજયણુ, કહિસુ કથાકલ્લોલ,
કવિરસ કૌતિક કાન દઇ, એ સંભલો ધલોલ. ૭

અંત – સર્વગાથા ૭૦૪ ઢાલ પચતાલીસમી ઝુમખડાની.

*

સંવત **વેદ યુગ** જાણીઇ **મુનિ શશિ** વર્ષ ઉદાર,
મેદપાટ માંહે લિખ્યો, વિજઈદશમ દિન સાર. સુ. ૫
ગઢ **જાલોરઈ** યુગત સું, લેખીઉ એ અધિકાર સુ.
અમૃતસિદ્ધયોગઈ સહી, ત્રયોદશી દિન સાર એ, સુ. ૬
ભવિક નર સાંભલો.
ભાદ્રવ માસ મહિમા ઘણી, પૂરણ કર્યો વિચાર, ભ.
પંચતાલીસ ઢાલે સહી, ગાથા સાત સઈ સાર. ભ. ૭
લુંકઇ ગચ્છ લાયક યતી, **વીરસીહ જેમાલ**, ભ.
ગુરૂ **જાંજણ** શ્રુતકેવલી, થિવર ગુણે ચોસાલ. ભ. ૮
સમરથ થિવર મહા મુની, સુંદર રૂપ ઉદાર, ભ.
તસ સિષ ભાવ ધરી ભણુઇ, સુગુરૂ તણઈ આધાર. ભ. ૯
ઉછોઅધિકો જે કહ્યો, કવિચાતુરીઇ કિલોલ, ભ.
મિથ્યા દુઃકૃત તે હૂયો, જિનસાખઈ ચોસાલ. ભ. ૧૦
શ્રી ગચ્છ સજનજન નરનાર જે, સંભલી લહઇ ઉલ્હાસ, ભ.
નરનારી ધર્માતમા, પંડિત મ કરો કો હાસ. ભ. ૧૧
દૂરજનનઇ ન સુહાવહી, નહી આવઇ કોઇ દાય, ભ.
માષા ચંદનના દરઇ અસુચિ તિહાં ચલિ જાય. ભ. ૧૨
પ્યારો લાગઇ સંતનઇ, પામઈ ચિત્ત સંતોષ, ભ.

ઢાલ ભલીભલી સાંભલેા, ચિત્તથી ટાલઉ રેાષ. ભ. ૧૩
શ્રી ગચ્છનાયક **તેજસી**, જમ લગ પ્રતપેા ભાણુ, ભ.
હીર મુનિ આસીસ દઈ, હેાજ્જે કેાડિ કલ્યાણુ. ભ. ૧૪
સરસ ઢાલ સરસી કથા, સરસેા સહુ અધિકાર, ભ.
હીરમુની ગુરૂનામથી, આણંદ હર્ષ ઉદાર. ભ. ૧૫

(૧) પ.સં.૩૩-૧૫, પ્ર.કા.ભં. (૨) પ.સં.૧૭–૧૭, રત્ન.ભં. દા.૪૩ નં.૫૬.

(૩૩૪૪) ઉપદેશ રત્નકેાશ કથાનકે અમૃતમુખી ચતુષ્પદી ૩૨ ઢાળ ૭૦૦ કડી ૨.સં.૧૭૨૭ આસેા શુદ ૨ મેદિનીપુરમાં (મેડતા)

આદિ – **શ્રી આદિસરિ** આદિ ધુરિ, અતિશયવંત અધીશ;
ચઉવીસે જિન ચેાપ સ્યું, વંદું વિસવાવીસ. ૧
શ્રી **સીમંધર** સિરધણી, જયવંતા જિનરાજ,
વિનયભક્તિ વંદુ વલી, તારણતરણ જિહાજ. ૨
ગૌતમ ગણુધર ગુણ સરિસ, ભર્યા લબ્ધિભંડાર,
પ્રહ સમ જપતાં પામીયઇ, ઇછત વસ્ત અપાર. ૩
સમરથ સંજમ ગુણ સરિસ, સહજઇ સુષદાતાર,
નામ જપૂં સદ્ગુરૂ તણેા, આંણી હરષ અપાર. ૪
સરસ વચન દ્યો **સરસ્વતી**, નિરમલ આપેા નાંન,
કથા કહું કૌતિક ભણી, સુણેા સહુ સાવધાંન. ૫
કવિકલેાલકથા અછઇ, ચતુર સુણેા ચિત લાય,
આલસ ઊંઘ અલગ તજ્જે, વિકથા તજિ વિગતાય. ૬
શ્રોતા મનિ આદર સરસ, વક્તા મનિ વિસ્તાર,
બિહું મનિ આણંદ ઉપજઈ, તેા સરસ કથારસ સાર. ૭

અંત – સર્વગાથા ૧૫, ઢાલ ૩૨મી, મધુકરની.
સંવત **સતર સતાવીસમિ**, અતિ ભલેા આસૂ માસ ભલનાં.
દ્વિતીયા તિથિ ચઢતી કલા, મંગલિક દિન ઉલ્હાસ ભલનાં. ૬
મેદનીપુરવર મધિ ભણ્યેા, રૂડેા એ અધિકાર, લ.
ચતુરપણિ સુણેા ચઉપઈ, ચતુર હુવઈ નરનાર. લ. ૭
લૌકિ ગુજરાતી ગછઇ, સ્થિવરગુણે ચેાસાંલ, લ.
વીરસીહ જૈમલજી સાધુ, મહા સુવિશાલ. લ. ૮
ગુરૂ **ઋષભ** શ્રુતકેવલી સમરથ ગણિશિણગાર, લ.

તસ્ય શિષ્ય ભાવ ધરી ભણિ, ઢાલ બત્રીશે ઉદાર. લ. ૯
શ્રી ગચ્છનાયક **તેજસી**, જીવો કોડિ વરીસ, લ.
તાસ પસાયઇ ભણીસ હા, મુનિ **હીરાણંદ** જગીસ. લ. ૧૦
ભણિ સુણિ જે સંભલિ, શ્રાવક સાધ ઉદાર, લ.
ફલિ મનોરથ તેહના, મનવંછિત સુષસાર. લ. ૧૧
ગાથા ચ્યાર સઇ ઊપરિ, અષ્ટાવીસ ઉદાર, લ.
અમૃતમુખીની ચોપઇ, સુંદર એ અધિકાર. લ. ૧૨
ગુણ ગાવો સુધ સાધના, જિમ લહો સુષ અપાર, લ.
ઋદ્ધિ વૃદ્ધિ આણંદ સદા, **હીર** મુનિ ગુણધાર. લ. ૧૩

(૧) સર્વઢાલ ૩૨ સર્વશ્લોકસંખ્યા ૭૦૦ સંપૂર્ણ લિ. પૂજ્ય પ્રવર પં. સ્થિવર ઋષિ શ્રી ૫ **જસવંતજી** તસ્ય શિષ્ય પૂજ્ય ઋષિ શ્રી ૫ દેદાજી તત્શિ. પૂ.ઋ. શ્રી ૫ રામાજી તત્ પ્રસાદાત્ લિ.ઋ. મનોહરાખ્યેન. સં.૧૭૨૯ વર્ષે ફાલ્ગુન વદિ ૭ દિને ગુંદવચ ગ્રામે લિ. ૫.સં.૯–૧૭, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૪૮–૫૧.]

૯૪૧. ગુણસાગર

(૩૩૪૫) ચન્દનબાલા ચો. ૨.સં.૧૭૨૪

(૧) માણેક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૨૮.]

૯૪૨. શ્રીસોમ (ખ. જિનચંદ્રસૂરિ–ધર્મનિધાન–સમયકીર્તિશિ.)

(૩૩૪૬) ભુવનાનંદા ચોપાઈ (શીલ પર) ૧૩ ઢાળ ૨.સં.૧૭૨૫ માગશર વદ ૫ શુક્ર આસણિકોટમાં

આદિ – દૂહા.

ચઉવીસે જિનવરચરણ, રિદ્ધિસિદ્ધિકરતાર,
નમતાં નવનિધિ સંપજે, નિરમલ ઘઇ મતિસાર. ૧
ગુણગિરુઆ ગુરૂજણ નમું, જ્ઞાનદષ્ટિદાતાર,
મૂરખથી પંડિત કરઇ, આણિ મનિ ઉપગાર. ૨
દાન તપસ્યા ભાવના, મોટા છઇ જગ માંહિ,
સીલ સમો જગિ કો નહી, પાણી પાવકે થાહિ. ૩
સીલઇ સુખસંપત્તિ હુવઇ, સીલઇ જસ અભિરામ,

સીલઇ જગમઇ જય હુવઇ, સીઝઇ વંછિત કામ. ૪
ભુવનાનંદા સતી તણુઉ, સાંભલજ્યો અધિકાર,
વંછિત કારિજ સહુ ફલ્યા, સુખ લાધા શ્રીકાર. ૫

અંત – ઢાલ ૧૩ ઘન્યાસી. ઇસઉ રે અઇયત્તઉ મુનિવર વંદીયઇ એહની.
રિપુમરદન મુનિવર **ભુવના** સતી, નિસદિન લીજઈ નામ.

*

સૂરિશિરોમણિ વખતબલી વડા **શ્રી જિનચંદ** સૂરીંદ,
રીહડવંશ વિભૂષણ દીપતા, મુખ ઉપમ જસુ ચંદ. ૪ રિ.
શ્રી જિનચંદ્ર સૂરીસ તણા સહુ શિષ્યાં માહે સિરદાર,
પાઠક **ધરમનિધાન** સકલકલા, જ્ઞાન તણા ભંડાર. ૫ રિ.
તાસુ સીસ **સંવેગી** સુભમતી, **સમૈકીરતિ**ગણિ સીસ,
શ્રી **શ્રીસોમ** ગુરૂસાંનિધિ થકી, ચરિત રચ્યઉ સુજગીસ. ૬ રિ.
સુમતિધરમ સુભમતિ સુણવા ભણી, એ કીધઉ અધિકાર,
શાસ્ત્ર દેખી **શીલતરંગિણી**, ભવિયણનઇ હિતકાર. ૭ રિ.
સત્તરઈ સઈ પચ્ચીસ સંવત્સરઈ, **આસણીકોટ** મઝારિ,
મગસિર વદિ પાંચમિ શુક્રવાસરઈ, પુરઈ કીધઉ અધિકાર. ૮ રિ.
ઉછઉંઅધિકઉ ઇહાંકણિ મઇ, કહ્યઉ વિણ ઉપયોગી ભાખિ,
ભાખી હોઇ તે મિછાદુક્કડં, શ્રી સંઘ કેરી સાખિ. ૯ રિ.
ભણતાં ગુણતાં સુણતાં ભાવ સ્યૂં, જતીસતી અધિકાર,
તિહાં ઘરિ દિનદિન રંગવધામણાં, વરતઈ જયજયકાર. ૧૦ રિ.

(૧) ઇતિશ્રી શીલ વિષયે ભુવનાનંદા ચતુષ્પદી સંપૂર્ણા લિખિતા પં. રંગવિજયેન સંવત ૧૭૩૩ વર્ષે વૈશાખ વદિ ૩ દિને **વિક્રમપુરે**. પ.સં.૮–૧૭, પ્ર.કા.ભં. નં.૬૬૭. (૨) સં.૧૭૬૮ કા.વ.૩ **વીટાણુપાટણ** મધ્યે **મહિમાસુખેન** લિ. પ.સં.૧૩, દાન. પો.૧૪ નં.૨૫૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૨૮–૨૯, ભા.૩ પૃ.૧૨૩૪ અને ૧૩૧૯. કૃતિ પહેલાં સમયકીર્તિને નામે મુકાયેલી તે હકીકત પછીથી સુધારી લીધી છે. ભા.૩ પૃ.૧૩૧૯ પર કૃતિ ભૂલથી સુમતિધર્મને નામે પણ મુંકાયેલી. કૃતિ વસ્તુતઃ એમને માટે રચાયેલી છે.]

૯૪૩. લક્ષ્મીવલ્લભ-રાજ-હેમરાજ (ખ. ક્ષેમકીર્તિશાખા-લક્ષ્મીકીર્તિશિ.)

આ કવિએ સં.માં 'કલ્પદ્રુમકલિકા' અને 'ઉત્તરાધ્યયનદીપિકા' રચી

છે. ગુરુપરંપરા જિનકુશલસૂરિ-વિનયપ્રભ પાઠક-વિજયતિલક-ક્ષેમકીર્તિ-સૂરિ (ક્ષેમશાખાસ્થાપક)-તપોરત્ન-તેજોરાજ-ભુવનકીર્તિ-હર્ષકુંજર-લબ્ધિ-મંડન-લક્ષ્મીકીર્તિશિ.

(૩૩૪૭) રત્નહાસ ચોપાઈ (દાનશીલાધિકારે) ૧૨ ઢાળ ૨.સં.૧૭૨૫ ચૈ.શુ.૧૫

આદિ – સરસતિ સામણિ પય નમી, પામી સુગુરૂ પસાય
દાન તણા ફલ દાખિસ્યું, સુણુઉ શ્રવણ સુખદાય. ૧
અભય સુપત્ત સુક્તિ તિમ, ઉચિત અનઇ અનુકંપ
દાન પંચ વિધિ દાખિયઇ, જગસુખદાયક જંપિ. ૨
ભેદ ચ્યારિ વલિ ભાખિયઇ, દાન સુગતિદાતાર
મુખિમુખિ વાણી નવનવી, જિનવાણી જયકાર. ૩

અંત – ઢાલ ૧૧ જગઇ હો જિનદત્ત જતીસર જગઇ – એહની જાતિ પાલઇ પાલઇ રે હિવ **રતનહાસ** રાજ પાલઇ.

*

સંવત **સતરહ સઇ પચવીસઇ**, વાણીવિલાસ વખાણી
દાનકથા ચૈત્રી પૂનિમ દિને, જગસુખકર જિનવાણી રે. નૃ. ૬
ઉપાધ્યાય શ્રી **લખમીકીરતિ** શિષ્ય, **લખમિવલ્લભ** મતિસારઇ
ચોપી કરી બાર ઢાલ કરિ, ભવીયણનઈ ઉપગારઇ. નૃ. ૭

(૧) પ.સં.૯, તેમાં પહેલાં ૪ પત્ર, ભુવન. પો.૧૨. (૨) શેઠિયા ભં. બિકાનેર. (૩) વિદ્યા.

(૩૩૪૮) ભાવના વિલાસ (હિંદીમાં) ૨.સં.૧૭૨૭ પો.વ.૧૦

આમાં પ્રથમ બાર ભાવનાનાં નામ અનિત્યાદિ આપી તે દરેક ભાવનાનું વર્ણન કર્યું છે.

આદિ – સવૈયા એકતીસા

પ્રણમિ ચરણયુગ **પાસ** જિનરાજ જુકે,
વિઘિનકે ચૂરણ હૈ પૂરણ હૈ આસકે
દિઢ દિલમાંઝિ ધ્યાન ધરિ શ્રુતદેવતા કો,
સેવૈ તે સંપૂરત હૈ મનોરથ દાસકે
ગ્યાનદગદાતા ગુરૂ બડે ઉપગારી મેરે,
દિનકર જૈસે દીપે ગ્યાન પરકાસકે
ઇનકે પ્રસાદ કવિ **રાજ** સદા સુખકાજ,
સવી એ બનાવત હૈ **ભાવનાવિલાસ** કે. ૧

અંત – દ્વીપ યુગલ મુનિ શશિ ૧૭૨૭ વરસિ, જા દિન જનમે પાસ,
તા દિન કીના રાજ કવિ, યહ ભાવનાવિલાસ. ૫૧
યહ નીકેં કૈં જનીયૈ, પઢીયૈ ભાષા શુદ્ધ,
સુખસંતોષ અતિ સંપજૈ, બુદ્ધિ ન હોય વિરુદ્ધ. ૫૨

(૧) ઉપાધ્યાય શ્રી લક્ષ્મીવલ્લભગણિભિઃ હેમરાજ પરનામકૈઃ કૃતઃ ચોપડો, પ.ક.૨૨થી ૩૨, મુક્તિ. નં.૨૪૭૨. (૨) સં.૧૮૪૬ ભા.શુ.૧૧ ગારવદેસર મધ્યે. પ.સં.૫, જય. નં.૧૧૪૭. (૩) સં.૧૮૫૪ કા.કૃ.૮ લિ. પં. ગેડીદાસ. પ.સં.૫-૧૪, જિનદત્ત. મુંબઈ પો.૧૨. (૪) પ.સં.૧૧, જિ.ચા. પો.૮૩ નં.૨૧૪૨. (૫) પ્રતિ ૧૯મી સદીની, પ.સં.૧૨, ભુવન. પો.૧૨. (૬) પ.સં.૬, ભુવન. પો.૧૨. (૭) કૃતિરિયં શ્રી (વ)લ્લભોપાધ્યાયાનાં હેમરાજપરના(મ)કમ્. સં.૧૮૬૮નો ચોપડો, જશ.સં. (૮) પ.સં.૫-૧૫, મ.જૈ.વિ. નં.૫૩૦ તથા નં.૬૩૫ બંને મળીને. (૯) સં.૧૭૪૧ આસો વ.૧૪ લિ. હર્ષસમુદ્ર મુનિ નાપાસર મધ્યે. નાહટા.સં.

(૩૩૪૯) સવૈયા બાવની (હિંદીમાં) ૫૮ કડી ૨.સં.૧૭૩૮ માગસર શુ.૬

(૧) સં.૧૭૩૮ માગસર શુ.૬, પ.સં.૩, જિ.ચા. પો.૮૩ નં.૨૧૨૬.

(૩૩૫૦) વિક્રમાદિત્ય પંચદંડ રાસ [અથવા **ચોપાઈ**] ૬ ખંડ ૭૫ ઢાળ ૩૧૬૮ કડી ૨.સં.૧૭૨૮ ફા.શુ.૫

આદિ – પ્રણમું પાસ જિણંદ પાય કલિયુગિ સુરતરુ-કંદ,
સેવ કરઈ નિત જેહની પદ્માવતિ ધરણિંદ. ૧
મનિ ધ્યાઉં શ્રી સારદા કવિજન કેરી માય,
જસુ પ્રસાદે પામીયે સુવચન અમિય સહાય. ૨
પ્રણમું વલિ સદગુરુ સદા જ્ઞાનનયનદાતાર,
મૂરખથી પંડિત કરે એ મોટો ઉપગાર. ૩
કહિસુ વિક્રમરાયનો ચારિત મહાગુણ ચંગ,
સુણતાં શ્રુતસુખ ઉપજે જિહાં નવરસ બહુ રંગ. ૪

અંત – હોઈ સંઘ સહુ સાથ સમેલા, તજી આલસ ધરમ સુણિવા વેલા,
કીધો સંઘ શ્રવણસુષ કાજ, વિક્રમ ભુપ ચરિત્ર કવિરાજ. ૧૧
સિદ્ધિ નેત્ર મુનિ શશહર વરષૈ, ફાગુણ શુદિ પંચમિ મન હરષૈ.
શ્રી ખરતરગચ્છ છવિ અતિ છાજૈ, શ્રી જિનચંદ્ર સુરીસર રાજૈ. ૧૨
શ્રી લબ્ધિકીર્તિગણિ ઉવઝાવ્યા, શ્રી ક્ષેમકીર્ત્તિશાષિ સુહાયા,
દરસણ સોમહરષ પરકાસૈ, જસુ પ્રતાપ રવિ જગત વિભાસૈ. ૧૩

તાસ સીસ અતિ મન ઉછરંગે, **લષમિવલ્લભ**ગણી સુપસંગૈ,
છઠૈ ષંડૈ ચૌવદમિ ઢાલ, પભણી **વિક્રમ** જસ જયમાલ. ૧૪
ઢાલ ભણી જન સઈજે કહેસી, ગુરૂના મુષથી દેસી લહેસી,
ચતુર તણૌ તૌ ચિત રંજેસી, સુધડ તણી તેં સોભા લેસી. ૧૫
શ્રી **વિક્રમ**નેં જસ સાંભલેસી, તસુ મનવંછીત સગલા ફલસી,
કદે ન હોવૈ ચિંતા કાંઈ, અહનિસિ ઉત્સવ રંગ વધાઈ. ૧૬

(૧) સં.૧૭૬૧ પો.શુ.૧૪ ગુરૂ **મુલતાંણ** મધ્યે લિ. પં. **રંગધર્મ** મુનિ. પ.સં.૭૭-૧૩, સંધ ભં. વિરમગામ. (૨) સં.૧૭૬૨ આ.સુ.૪ ગુરૂ **મુલતાણ** મધ્યે **લબ્ધિવિજય** લિ. પ.સં.૭૧, મહિમા. પો.૩૭. (૩) છ ખંડ ઢાલ ૭૫ ગ્ર.૩૧૩૮ સં.૧૭( ) વૈ.વ.૬ શુક્રે. પ.સં.૬૯-૧૩, અનંત. ભં.૨. (૪) છઠો ખંડ, પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૦, જિ.ચા. પો.૮૨ નં.૨૦૮૨. (૫) ચાર ખંડ, પ્રત ૧૮મી સદીની, પ.સં.૪૨, જિ.ચા. પો. ૮૨ નં.૨૦૮૩. (૬) સં.૧૮૦૬ દ્વિ.ભા.શુ.૧૪ ગુરૂ **ધા**ખાંમ મધ્યે. ચતુર્માસ પં. **શાંતિકુશલ** શિ. **પૂરણપ્રભુ** પં. **મોટા** શિ. **રણછોડ** લિ. પ.સં. ૮૮-૧૩, અનંત. ભં.૨. (૭) સં.૧૮૧૫ આશ્વિન શુ.૨ બુધે. પ.સં. ૧૨૨-૧૧, ગુ. નં.૫૪-૩. (૮) સં.૧૮૧૬ આ.શુ.૪ **જે**સલમેર મધ્યે **રાજ**સી લિ. પ.સં.૫૬, કૃપા. પો.૪૪ નં.૭૬૯. (૯) સં.૧૮૨૪ માગ. શુ.૧૩ **ગા**રવદેસર મધ્યે વા. **માણિક્યસાગર** શિ. હરષધર્મ શિ. રૂધા **લ**ધાદિ યુતેન ચોમાસીકૃતા લિ. પ.સં.૭૩, મહિમા પો.૩૭. (૧૦) સં.૧૮૩૩ કા. શુ.૧૫ **લુ**ણકરણસર મધ્યે. પ.સં.૫૪, જય. પો.૬૬. (૧૧) સં.૧૮૩૮ કા.વ.૩ ગુરૂ પ.સં.૬૨, દાન. પો.૪૫. (૧૨) સં.૧૮૫૮ મિગશર શુ.૧૦ **વિક્રમ**પુરે. પ.સં.૧૧૯, અભય. નં.૨૬૧૦. (૧૩) સં.૧૮૭૧, પ.સં.૧૦૪-૧૪, ગુ. નં.૬૬-૭. (૧૪) સં.૧૮૭૯, પ.સં.૧૧૪-૧૩, ગુ. નં.૧૧-૬. (૧૫) પ.સં.૭૨, મહર. પો.૬. (૧૬) ગ્ર.૨૬૦૦, પ.સં.૫૬, જય. પો.૬૬. (૧૭) સં.૧૮૮૦ ભા.વ.૫ શનૌ. પ.સં.૭૩, જયપુર. (૧૮) ઇતિ શ્રી વિક્રમાદિત્ય ભૂપાલ પંચદંડ વૃષદ્ધ સંપૂર્ણ સર્વઢાલ ૭૫ સર્વ ગ્રંથાગ્રંથ ચોપાઈ દુહા ૩૧૬૮ શ્લોક છૈ. [ભં.?] (૧૯) ઇતિ શ્રી વિક્રમાદિત્ય ભૂપાલ ચરિત્રે પંચદંડચતુઃપદ્યાં ષષ્ટઃ ષંડ સમાપ્તઃ સંવત્ ૧૭૯૩ વર્ષે ચૈત્ર વદિ ૨ તિથૌ સોમવાસરે **રાજ**પુર મધ્યે. ગુ.વિ.ભં. (૨૦) સં.૧૮૦૧ વર્ષે માહ વદિ ૬ શનિ. પ.સં.૬૪-૧૩, ભાં.ઇ. ૧૮૭૭-૭૮ નં.૪૬. (૨૧) યતિ વિવેકવિજય, ધુમટાવાળો ઉપાશ્રય, ઉદયપુર ભં. (૨૨) માણેક.ભં.

(૨૩) પ.સં.૪૧-૨૧, ડે.ભં. દા.૪૧ નં.૮૦. (૨૪) સં.૧૭૫૨ કારતક વદ ૩, પ્રે.ર.સં. (૨૫) ઇતિશ્રી વિક્રમાદિત્ય ભૂપાલ પંચછત્ર ચરિત્રે ચતુષ્પદ્યાં ષષ્ઠમ ખંડ સંપૂર્ણ. સર્વઢાલ ૭૫ સર્વગ્રંથ ૩૧૬૮ સકલપંડિતશીરોમણી પંડિતમુકટાયમાન પંડિતશ્રી ૧૦૮ શ્રી **સુજ્ઞાણ**વિજયગણિ તત્શિષ્ય પં. શ્રી ૧૦૮ શ્રી **હિં**મતવિજયજીગણિ તત્શિષ્ય **હે**તવિજયગણિ લિપીકૃતં. સંવતિ ગગન નેત્ર પર્વત ચંદ્રો ૧૮૭૦ વર્ષે ફાલ્ગુન માસે શુક્લપક્ષે તિથૌ ષષ્ઠિ ભૃગુવાસરે શ્રી **મો**હિનગર મધ્યે શ્રી **ત**પાગચ્છે, **મે**વાડદેશે મહારાજાધિરાજ મહારાણાજી શ્રી **અ**રિસિંઘજી વિજયછત્રે, શ્રી **અ**ંભાવ માતાજી પ્રસ્તે પ્રીજ્યોજી. તૃતીય પ્રહરે સંપૂર્ણમ્. પ.સં.૬૯-૧૬, બાલચંદ્ર યતિ, ખાનગામ. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૯ – ભૂલથી સોમહર્ષને નામે).]

(૩૩૫૧) રાત્રિ ભોજન ચોપાઈ ૨૬ ઢાળ ૨.સં.૧૭૩૮ પોષ શુ.૭ વિકાનેરમાં

આદિ – વરધમાન જિણવર તણા, ચરણ નમૂં ધરકચિત્ત,
ધરમપ્રકાશક જગધણી, નમતાં સુખ દૈ નિત્ત. ૧
શ્રુતદેવી સાંનિધિ સદા, સુગુરૂ કરો સુપ્રસાદ,
ભાષિં સુભવીયણ હિત ભણી, સુધરમકથા સુસવાદ. ૨

અંત – ઢાલ ૨૬મી સુણો સુણો વિનતડી પ્રિય મોરા હો લલણા – એહની.

*

જિનકુશલસૂરિ ગુરૂ રાજી, વાજૈ જસુ જસવાસા હો,
તાસુ પરંપર અંતેવાસી, પુહવી સુજસ પ્રકાસી હો. ૭ ભ.
વાચક **ખેમકીરત** બડભાગી હો, ઇહાં શ્રા **લચ્છીકીરતિ** ઉવઝાયા
શ્રી **ખેમ**સાષ સુહાયા હો. ૮
પાઠક શ્રી **લછિવલભ** પભણઇ, ઉલટ સેતી અપણઈ હો,
વડે નગર પરસિદ્ધ **વીકાણૈ**, ટેવ વ ચઉમાસા રે ટાણૈ હો. ૯
સંવત **સતર સૈં અડતીસે**, સાતમ દિન સુજગીસે હો,
માસ તાઇ વૈ સિત પોષ માહે, આગમ ધુરિ અવગાહે હો. ૧૦
રાત્રીભોજન ચઉપી મન રંગઇ, ચતુર જીકે ચિતરંગ હો,
સષરી ઢાલ કથા જે સુણસી, ગુણિઅણજણ જિ ગુણસીહો. ૧૧
લહિસી તે બે વૈભવલીલા, હુસી નહી અવહેલાજી,
શ્રી **લષમીવલભ** જિનસંગો ચિત-અચિત યત સુચંગો હો. ૧૨

(૧) ઇતિ શ્રી રાત્રિભોજન ચઉપાઇ સંપૂર્ણ સંવત ૧૮ સા.૩૩ આરજા શ્રી ૧૦૮ શ્રી કેસરજીરી, તતસિષણી લષતં જ્યાંનકૂવરી બીકાનેર મધ્યઃ. પ.સં.૧૪-૧૪, ગુ.વિ.ભં. (૨) સં.૧૭૬૦ આસૂ સુદિ ૫ દિને જયનંદન અમરા લિખિત કીડાવલિ મધ્યે. પ.સં.૧૫-૧૩, ગુ. નં.૬૬-૧૧. (૨) પ.સં.૧૬, જય. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૦).]

(૩૩૫૨) ચેતન બત્તીસી કડી ૩૨ ર.સં.૧૭૩૯

આદિ – ચેતન ચેત રે અવસર મત ચૂકૈ, સીખ સુણે તૂં સાચી,
ગાફલ હુઈ જો દાવ ગમાયો, તો કરસિ બાજી સહુ કાચી. ૧

અંત – સુવચન એહ અમીરસ સરિખા, પંડિત શ્રવણે પીસી,
સતરહ સેં ગુણચાલે સંવત, બોલૈ **રાજ** બત્તીસી. ચે. ૩૨

(૧) પ.સં.૨, મહિમા. પો.૮૬. (૨) સં.૧૮૬૮નો ચોપડો, જશ.સં. (આ કર્તાની કૃતિ નામે ઉપદેશ છત્તીસી આ અને ભાવના વિલાસ સહિત). (૩) સં.૧૭૪૧ આસો વ.૮ લિ. હીરાનંદ મુનિ. નાહટા.સં.

(૩૩૫૩) કાલજ્ઞાન પ્રબંધ (વૈદ્યક) (હિંદી) ૧૭૮ કડી ૨.સં.૧૭૪૧ ભા.શુ.૧૫ ગુરુ

આદિ – શ્રી...શંભુસુતન, ધરી તીનું કો ધ્યાન,
સુંદર ભાષા બંધ કર, કરહુ કાલજ્ઞાન. ૧

અંત – **ચંદ્ર વેદ ભૂ**...પ્રમિત, સંવત્સર નભ માસ,
પૂનિમ દિન ગુરવાર યુગ, સિદ્ધયોગ સુવિલાસ. ૧૭૦
શ્રી **જિનકુશલસૂરિ** સુગુરુ, ભયે **ખરતર** પ્રભુ મુખ્ય,
ક્ષેમકીર્ત્તિ વાચક ભયે, તાસુ પરંપર શિષ્ય. ૧૭૧
તા શાખામેં દીપસે, ભએ અધિક પરસિદ્ધ;
શ્રી **લક્ષ્મીકીર્ત્તિ** તિહાં ઉપાધ્યાય બહુ બુદ્ધિ. ૧૭૨
શ્રી **લક્ષ્મીવલ્લભ** ભયે, પાઠક તાસે શિષ્ય,
કાલ જ્ઞાન ભાષા રચ્યો,... ૧૭૩

*

એસે કાલજ્યાનકો, કહ્યો પંચમ સમુદ્દેશ,
સુગરુ ઇષ્ટ સુપ્રસાદિતે, લિખ્યો અર્થ લવલેશ. ૧૭૮

(૧) પ.સં.૪, નાહટા સં. પો.૫ નં.૪૪૧.

(૩૩૫૪) નવતત્ત્વ ચોપાઇ (હિંદી) ૨.સં.૧૭૪૭ વૈ.વદ ગુરુ ૧૩ હિસારમાં

આદિ – શ્રી શ્રુતદેવતા મનમેં ધ્યાય, લહિ શ્રી સદગુરુકો સુપસાય,

ભાષા કરિ **નવતત્ત્વ** વિચાર, ભાખત હું સુણિયો નરનાર. ૧

અંત – શ્રી વિક્રમતૈ **સત્તર** સૈ, વીતે **સઇતાલીસ**,
તેરસિ દિન વૈશાખ વદિ, વાર વખાણિ વાગીસ. ૭૪
સુત શ્રી **રૂપસિંહ**કે, ઉત્તમ કુલ **ઓસવાલ**,
બુરચા ગોત્ર પ્રદીપ સમ, જનત બાલગુબાલ. ૭૫
જિન-ગુરૂ-સેવામેં અડિગ, પ્રથમ જ **મોહનદાસ**,
તૈસે **તારાચંદ** ભી, **તિલોકચંદ** સુપ્રકાશ. ૭૬
તૃતુય કીની પ્રાર્થના, પુર **હિંસાર** મઝાર,
નવતત્ત્વ ભાષાબંધ કરો, સો હુઈ લાભ અપાર. ૭૭
તિનકે વચન સુચિત ધરી, **લક્ષ્મીવલભ** ઉવજઝાય,
નવતત્ત્વ ભાષાબંધ કીયો, જિનવચન સુગુરૂ પસાઉ. ૭૮
શ્રી જિનકુશલ સૂરીશ્વરૂ, **શ્રી ખરતર** ગચ્છરાજ,
તાસુ પર પરમેં ભયે, સમ-વાચક-સિરતાજ. ૭૯
ક્ષેમકીર્ત્તિ જગમેં પ્રસિદ્ધ, તાહુસેં **ખેમશાખા**,
તામેં **લક્ષ્મીવલ્લભ** ભયા, પાઠક પદવી ભાખ. ૮૦
પટધારી **જિનરતનકે**, શ્રી **જિનચંદ** સૂરિંદ,
કીનો તાકે રાજમેં, **નવતત્ત્વ** ભાષાબંધ. ૮૧
પઢે ગુણે રૂચિ સું સુણે, જે આતમહિત કાજ,
તિનકે માનવભવ સફલ, વરણત હૈ કવિ **રાજ**. ૮૨

(૧) સં.૧૭૬૦ ચૈ.સુ.૧૩ પં. **નેમિમૂર્ત્તિ** લિ. **ધલિકાનગરે**. નાહટા સં. (૨) સં.૧૮૦૬ દીવાલી, પ.સં.૫, કૃપા. પો.૪૦ નં.૬૭૩.

(૩૩૫૫) અમરકુમારચરિત્ર રાસ (દાન વિષયે) ૧૭ ઢાળ ૨૫૭ કડી

આદિ – શ્રી **આદીસર** પ્રથમ જિન, શાંતિકરણ શ્રી **શાંતિ**
પ્રણમું **નેમિ** શ્રી **પાસ** જિણ, **વીર** નમું એકાંત. ૧
ધ્યાઉં **સરસતિ** સાંભણી, દ્યો મુઝ અવિરલ વાણિ
રાજહંસ વાહન સદા, વીણા પુસ્તક પાણિ. ૨
સુગુરૂ તણા સુપ્રસાદથી, સંઘ તણી સાંનિધ
કરિસ્યું ચરિત રલીઆંમણો, સુણતાં હોઈ નવનિધ. ૩
દાન શીલ તપ ભાવના, ધર્મના ચ્યાર પ્રકાર
ક્રોધ માન માયા તજો, કહિસ્યું એ અધિકાર. ૪

અમરકુમાર ચરિત્ર એ, કહિસ્યું હું મનરંગ
આલસ તજિ સુંણજ્યો તુમે, આણિ ઊજમ અંગિ. ૫

અંત – ઢાલ ૧૭

ઇણિ પરિ દાન તણાં ફલ જાણી, આરાધો નિત ભવિઅણ પ્રાણી
કેવલન્યાંની મુનિવર ભાખે, સકલ ભવિકજન મનમઇ રાખઈ. ૨૪૯
એહ ચરિત સોમદ્યા કેરો, દાંન તણા દૃષ્ટાંત નવેરો
સાંભલિ સુરનરનારી હરખ્યા, પુણ્ય તણાં ફલ પરતખિ પરિખ્યા.૨૫૦
ઘણા જીવ પામી પ્રતિબોધ, સમકિત લીધો આતમસોધ
નરસિંહ રાય અને **મહીપાલ**, કર જોડી પભણે તતકાલ. ૨૫૧
દોહિલો સ્વામી સંયમભાર, પાલિ સુશ્રાવકનાં વ્રત બાર
મુનિવર પણિ ધર્મયોગ વિચારી, કીધ શ્રાવક દ્વાદશવ્રતધારી. ૨૫૨
તિહાંથી મુનિવર કરે વિહાર, બોધિબીજના તે દાતાર
બેવે શ્રાવકનાં વ્રત પાલે, અતિચાર સઘલાં હી ટાલે. ૨૫૩
અંતસમેં અણસણ-આરાધન, સુગત તણો કીધો એ સાધન
અનુક્રમે બે શિવપદ લહિસ્યે, આઠ કરમના મલ સહુ દહસ્યે. ૨૫૪
અનુમોદન કરિ દાંન જો દીજે, તો અતિ ઉત્તમ સુખ લહીજઈ
ધરમ કીજે અનુમોદન શુદ્ધ, તો જાણે સંખ ભરીઓ દુધ. ૨૫૫
એમસાખ શ્રી **ખરતર**ગચ્છ ભણી, વાણારસી **લખમીકીરતિ**ગણિ
લખમીવલ્લભ તે તસુ સીસ, એ સંબંધ ભણે **સુજગીસ**. ૨૫૬
ઢાલ સત્તરમી એ અતિ સોહે, સાંભલતાં ભવિઅણમન મોહે
પાતકપંક કદે નવિ છીપે, દિનદિન દાન તણી મતિ દીપે. ૨૫૭

(૧) પં. રવિવિજયગણિ લિ. પ.સં.૧૧-૧૭, વિજાપુર જ્ઞા.ભં. નં.૬૦૪. (૨) ભુવન. (આ કવિની રચેલી 'રત્નહાસ ચોપાઈ' સાથે) (૩) પ.સં.૧૬, ક્ષમા. પો.૨૮ નં.૩૭૮. (૪) પ.સં.૧૨-૧૫, રાજકોટ મોટા સંઘનો ભં. (૫) વિદ્યા.

(૩૩૫૬) મહાવીર ગૌતમસ્વામી છંદ ગા.૯૬ લ.સં.૧૭૪૧ પૂર્વે

આદિ – વર દે તું વરદાયિની, **સરસતિ** કરિ સુપ્રસાદ,
વાંયુ **વીર** જિણંદ સું, **ગૌતમ** ગણધરવાદ. ૧

અંત – પાઠક **લચ્છીકીર્ત્તિ** પ્રગટ, સુપ્રસાદૈ **સરસ્વતી** તણૈ,
ગૌતમવાદ નિજ જ્ઞાન સમ, રસિક **રાજ** ધ્યનુ વિધ ભણૈ. ૯૬

(૧) સં.૧૭૪૧ આસો વ. ૭. **લક્ષ્મી**કીર્ત્તિ શિ. ૭. **લક્ષ્મી**વલ્લભગણિ

શિ. પં. હીરાનંદ મુનિ લિ. નાહટા સં. (૨) સં.૧૭૮૫ આ.સુ.૧૧ કાલૂ મધ્યે કુસલા લિ. પ.સં.૭, જિ.ચા. પો.૮૩ નં.૨૦૯૫. ('ભરત બાહુબલિ છંદ' સહિત)

(૩૩૫૭) + ઉપદેશ બત્તીસી (હિંદીમાં)

આદિ – ઢાલ આસ્યા રાગે, કયા ગુમાંન જિંદોની આખર મિટ્ટીમેં રલિ જાંણાં. એહની.

આતમરાંમ સયાણે તૂં ઝૂઠૈ ભરમ ભુલાના, આંકડી
કિસકે માઇ કિસકે ભાઇ, કિસકે લોક લુગાઇજી,
તૂં ન કિસીકા કોઇ નહીં તેરા, આયો આપ સહાઇ. ૧ આ.

અંત – ઈસ કાયા પાયાકા લાહા, સુકૃત કમાઇ કીજૈજી,
રાજ કહૈ **ઉપદેશબત્તીસી**, સદ્‌ગુરૂ સીખ સુણીજૈજી. ૩૨

(૧) સં.૧૮૬૮ વૈ.વ.૮ લિ. પં. રત્નમુનિના. ચોપડો, જશ.સં. (૨) પ.સં.૨-૧૪, અનંત. ભં.૨. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. સ.મા. પૃ.૧૩૩.

(૩૩૫૮) કુંડલિયા બાવની

(૧) સં.૧૭૭૬ ચૈ.શુ.૯ પટ્ટણા રંગવલભ લિ. પ.સં.૧૦, ભુવન. પો.૧૨.

(૩૩૫૯) દુહા બાવની

આદિ – ૐ અક્ષર અલખગતિ, ધરૂં સદા તસુ ધ્યાન,
સુરનર સિદ્ધ સાધક સુપરિ, જાંકું જપત જહાંન. ૧

અંત – દોહા બાવની કરી, આતમ-પરહિત કાજ,
પઢત ગુણત વાચત લિખત, નર હોવત કવિ **રાજ**. ૫૨

(૧) નાહટા સં.

(૩૩૬૦) ચોવીશી (રાગબંધ)

આદિ – રાગ વેલાઉલ ઋષભ ગીત

આજ સકલ મંગલ મિલે, આજ પરમાનંદા,
પરમ પુનીત જનમ ભયો, પેખે પ્રથમ જિનંદા. આજ. ૧

*

પરમાતમ પ્રતિબિંબસી, જિનમૂરતિ જાણૈ,
તે પૂજન જિન **રાજકું**, અનુભવરસ માનઈ. ૫

અંત – કલસ રાગ ધન્યાશ્રી

નિતનિત પ્રણમિ ચૌવીસે જિણવર,
સેવકજન મનવંછિતપૂરણ, સંપ્રતિ પરતખિ સુરતર – નિત. ૧

*

દરસણ જ્ઞાન ચરણ ગુણ કરિ સમ એ ચોવીસ તિત્થંકર,
રાજ શ્રી **લખમીવલ્લભ** પ્રભુ, નામ જપત ભવભયહર. નિત. ૪

(૧) સં.૧૭૬૫ માહ શુ.૮ શનિ પટણા મધ્યે **તિલકોદય** મુનિ લિ. પ.સં.૩–૧૭, અભય. પો.૧૬ નં.૧૬૩૫. (૨) સં.૧૭૬૦ ફા.વ.૧ ગુરૂ લિ. **સુખરત્નગણિ** સુલતાન મધ્યે. પ.સં.૪, નાહટા.સં.

(૩૩૬૧) ભરત બાહુબલિ છંદ કડી ૯૯

આદિ – સંપતિકરણ સદા **સરસતી**, સરગ પયાલ પુંહવિ **સરસતી**,
સુરરાંણી વાંણી **સરસતી**, સમરૂં સોઇ સદા **સરસતી**. ૧
સોઇ **સરસતિ** સમરૂં સદા, આંણી ઉદ્યમ અંગ,
ભરત બાહૂબલ બે ભડેંઇ, ઝુઝયાસ ભાષિસ જંગ. ૨

અંત – કલસ કવિત્ત.

બાહૂબલ બલવંત, સાધુ મોટા સાચેા સિદ્ધ,
ભલ ગુણભૂષિભંડાર, ન્યાંન દરિસણ ચારિત્ર નિધિ,
જંગ અરીદલ જીપ, ઈલા અખીયાત ઉવારી,
સંયમિ કર્મ સંહરે, નવલ પરણી સિદ્ધિનારી.
સુદ્ધ **ખેમસાખિ** પાઠક પ્રગટ **લિખમીકીરતિ** જસ લેઅણ,
તસુ સીસ **રાજ** કર જોડિ તમ, ચિત્ત સૂદ્ધ પ્રણમિ નિત ચરણ. ૯૯

(૧) સં.૧૭૮૫ આ.સુ.૧૧ કાલૂ મધ્યે કુસલા લિ. પ.સં.૭, જિ.ચા. પો.૮૩ નં.૨૦૯૫. (‘ગૌતમસ્વામી છંદ’ સહિત) (૨) સં.૧૬૩૭ મહા વદ ૫ લ. મુનિ **નાંનવર્દ્ધન** જોટાણા ગ્રામે. જશ.સં. (‘દેશાંતરી છંદ’ સહિત)

(૩૩૬૨) [ગોડી પાર્શ્વનાથ] દેશાંતરી છંદ (ત્રિભંગી છંદમાં) કડી ૩૯

આદિ – સુવચન સૂંપેા **સારદા**, મયા કરેા મુઝ માય
તેા સુપ્રસન સુવચન તણી, ગુ મણા ન હેાવે કાય. ૧
કાલીદાસ સરિખા કિયા, રંક થકિ કવિરાજ
મહેર કર માતા મુંને, નિજ સુત જાણી નિવાજ. ૨

અંત – કલશ કવિત્ત

જયે સહુકેા જગદીશ ઈસ ત્રયભવણ આણ અખંડિત

અદ્‌ભુત રૂપ અનુપ મુગટ ફણીમણિ શિર મંડિત
ધરેં આણ સુડધરા ઉદધિ અછિ દ્વિપ જીતાંઇ
પ્રગટ સાત પાતાલ સરગેં પણ કીરતિ સુડાઈ
વર **લછીવલ્લભ વામા**સુતન પુરણ પ્રભુ વૈકુંઠપુરી
પ્રણમેવિ **પાસ** કવિ **રાજ** ધમ ઉદ્ધરિયેા છંદ દેસાંતર. ૩૯

(૧) પ.સં.૨–૧૮, મો.મો. સાગર ઉ. પાટણ દા.૮ નં.૩૩. (૨) સં.૧૯૦૧ પો.સુ.૧૧ લ. પં. **તેજવિજયગણિ** પાલણપુર મધ્યે. પ.સં. ૪–૧૨, જશ.સં. [મુપુગૂહસૂચી, હૈજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૭).]

(૩૩૬૩) + મુહપત્તી પડિલેહણ વિચાર સ્ત. કડી ૧૬

આદિ – વરધમાન જિનવર તણાજી, ચરણ નમું ચિતલાય,

અંત – કલસ

ઉવઝાય વરિ સિરિ **લચ્છિકારતિ** મુખ થકી એ સંગ્રહી,
મુહપતી પડિલેહણિ તિણ વિધિ, **લચ્છિવલ્લભ**ગણિ કહી. ૧૬

(૧) કલ.સં.કાં.કેટે. વૉ.૧૦ નં.૪૫(૨) પૃ.૭૮–૭૯. [જૈહાપ્રેાસ્ટા.]

પ્રકાશિત : ૧. રત્નસાગર. ૨. અભયરત્નસાર. ૩. ભૂડત્સ્તવનાવલી.

(૩૩૬૪) કમ્મપયડી ગર્ભિત સ્ત. ગા.૨૯

(૧) જુએા ઉપરની કૃતિને અંતે.

(૩૩૬૫) કર્મપ્રકૃતિ નિદાન ગર્ભિત સ્ત. ગા.૪૭

(૧) જુએા ઉપરની કૃતિને અંતે.

(૩૩૬૬) ૧૩ ગુણસ્થાન ગર્ભિત ઋષભ સ્ત. ગા.૫૭

(૧) જુએા ઉપરની કૃતિને અંતે. [મુપુગૂહસૂચી.]

(૩૩૬૭) + ઇરિયાવહી મિચ્છામિ દુક્કડ સંખ્યા ગર્ભિત સ્ત. ગા.૧૩

(૧) જુએા ઉપરની કૃતિને અંતે.

(૩૩૬૮) + અશાતના સ.

પ્રકાશિત : ૧. સ.મા. પૃ.૧૫૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૪૩–૪૫, ભા.૩ પૃ.૧૨૪૬–૫૫.]

૬૪૪. જિનદત્તસૂરિ

(૩૩૬૯) ધન્ના ચોપાઈ ૨.સં.૧૭૨૫

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૪૩. આ કમલહર્ષ (નં.૮૮૨)ની ૨.સં. ૧૭૨૫ની કૃતિ હેાવાની શંકા થાય છે, પરંતુ કમલહર્ષની કૃતિના ઉદ્ધૃત અંતભાગમાં ગુરુપરંપરામાં કે બીજી કેાઈ રીતે જિનદત્ત નામ મળતું

નથી, જિનચંદ્ર અને જિનરાજ મળે છે.]

૯૪૫. મહેશ મુનિ

(૩૩૭૦) અક્ષરબત્રીશી ૨.સં.૧૭૨૫ ઉદયપુરમાં

આદિ – કકા તે કિરિયા કરી, કરમ કરઉ તે ચૂર,
કિરિયા વિણ રે જીવડા, શિવનગરી હુઇ દૂર. ૧
ખખા કરમ જ ખય કરઉ, ખિમા કરઉ મન માંહિ,
ખંતિ કરી સેવઉ સદા, જિણવર દેવ ઉછાંહિ. ૨

અંત – અક્ષર બતીસી એ કહી, સંબોધન અધિકાર,
દૂહા અરથ વિચારસે, પામઈ ભવનઉ પાર. ૩૩
સતરય સય પચીસમઇ, સમત કીયઉ સા વખાણુ,
ઉદયપુર ઉદ્યમ કીયઉ, મુનિ મહેસ હિત જાણુ. ૩૪

(૧) પ.સં.૧–૧૫, મારી પાસે. [મુપુગૂહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૩૦.]

૯૪૬. સુરસાગર

(૩૩૭૧) જંબવતી ચો.

આદિ –
દૂહા.
પહિલી ઢાલ સોહામણી, જંબૂવતી અધિકાર
જમરાજની કુંમરી, સીલવંતી સુખકાર. ૧
સીલશિરોમણિ સુંદરી, રૂપેં ઇંધક રસાલ
સો જાંબવતી જાણજ્યો, પરણી કિસન મુરાર. ૨

અંત –
ઢાલ રાસની
જાંબવતિ ભાગ સફલો ફલ્યો, કૂખડિ આવ્યા શ્રીકુલ અવતાર કિ
યાદવકુલરો દિવલો, ઇસો છે એક ભામકંવર સુજાણ કિ. હુ ૧
સુરસાગર ગુરૂ ઇમ ભણે, હમે ગુણ ગાયા રાવલા
તમે રે સમાંસણો દિયો અવિચલ પાટ હું બલહારિ વીઠલા. ૧

(૧) સં.૧૮૭૨ ભા.શુ.૧૫ દેશણોક મધ્યે. (બીજા અક્ષરમાં સં.૧૮૭૩ મિગસર). પ.સં.૧૧, અભય. નં.૨૮૮૮. (૨) જય. પો.૬૭. [ડિકૅટલૉગ-ભા૪ વૉ.૧૯ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૧૭. આ કવિ તે નં.૯૨૬ના સુરજી મુનિ હોવાનું માનવામાં આવેલું, પરંતુ એમ માનવા માટે કારણ જણાતું નથી.]

૬૪૭. માનવિજયગણિ (ત. શાંતિવિજયશિ.)

આ કવિએ સંસ્કૃતમાં 'ધર્મસંગ્રહ' (પ્રકાશિત) સં.૧૭૩૧માં રચેલ છે.

(૩૩૭૨) ભવભાવના પર બાલા. ૨.સં.૧૭૨૫

વિજયરાજસૂરિરાજ્યે દાનવિજયના કહેવાથી.

(૧) મૂળ મલધારી હેમચંદ્રસૂરિકૃત. ગ્રં.૩૪૨૫ સર્વસંખ્યા ૩૬૦૦ સં.૧૭૨૬ જ્યે.વદિ ૧૩ રવિ મુનિ દાનવિજય લિખાપતં. જૈનાનંદ.

(૩૩૭૩) સુમતિકુમતિ (જિનપ્રતિમા) સ્ત. સં.૧૭૨૮ આસપાસ

આદિ – શ્રી જિન જિનપ્રતિમા વાંદણના, દીસૈ અક્ષર પરગટ,
સમકીતનેં આલાવૈં જ્યાંજ્યાં, નહી કાંઇ ઇહાં કપટ રે.
—કુમતિ જોવૌ હિદય વિચારી.

અંત – તે માટે આણા પ્રમાણા, નવિ કીજૈ કુયુક્તિ અજાંણ,
બુધ **શાંતિવિજય**નો સીસ, **માંન** નામેં સુગુરૂને સીસ. ૨૧

(૧) તપાગચ્છના ભટ્ટારક શ્રી **વિજયાણંદસૂરિ** શિષ્ય પંડિત શ્રી **શાંતિવિજયગણિ** શિષ્ય મહોપાધ્યાય પંડિતસરોમણિ શ્રી **માનવિજય**ગણિઇએ સઝાય કીધો. તેહનો ટબ્બાર્થ પણિ ધર્માર્થિ જનની પ્રાર્થનાઇં અનેક સૂત્રની સાષ્ય લેઇનઇં ઉપાધ્યાય શ્રી **માનવિજયગણિ** લખ્યો સંવત્ ૧૭૨૮ વર્ષે ચૈત્ર []દિ ૫ રવૌ ભટ્ટારક શ્રી **વિજયરાજસૂરિ**રાજ્યે **શુદ્ધ** પ્રરૂપક ગીતાર્થઇ સોધવો ધર્માર્થિ લોકઇ વાંચવો...પ.સં.૧૮, ડે.ભં. દા.૭૧ નં.૭૬. (૨) પ.સં.૧૪, ડે.ભં. નં.૭૧.

(૩૩૭૪) ગુરુતત્ત્વપ્રકાશ રાસ ૧૦૭ કડી લ.સં.૧૭૩૧ આસપાસ

આદિ – પ્રણમું શ્રી **સોહમ** ગણધાર, ચઉવિહ સમણસંઘ આધાર
જસ સંતતિ **દુપસહ** ગુરૂ લગઇ, **ભરહખિત્તિ** ચાલઇ સંલગઇ. ૧
પરંપરાગમ આજ પ્રમાણ, તેહથી હુઇ અર્થ વિન્નાણ
તાસ ઉથાપક જાઇ વલ્યો, **સૂગડાંગ નિરયુગતિ** કહ્યો. ૨

અંત – **સોહમ** પાટપરંપરિ આવીઉ, **વિજયાણંદ** સૂરિરાય
શાંતિવિજય બુધ વિનયી સુગુરૂના, **માંનવિજય** ગુણ ગાય. ૧૦૬
એહ **ગુરૂતત્ત્વપ્રકાશ** પ્રકાશીઉ, **વિજયરાજય** ગુરૂ રાજિ,
ગ્રંથ અનેકની સાખિ મુનિ **માંનઇ**, ભવિજન બોધન કાજિ. ૧૦૭
પુણ્યઇ લહીઇ રે સદ્ગુરૂસેવના.

(૧) આદિમાં સકલગુણસરોમણિ પંડિત શ્રી **માનવિજયગણિ** ગુરૂભ્યો

નમઃ એમ છે. એટલે કવિના શિષ્યે આ પ્રત લખી છે. સં.૧૭૩૧ અશ્વિન વદિ ૧૦ સોમે લ. સુશ્રાવક સાહા અમરચંદ લખાપીતં. પ.સં.૯-૧૧, ડા. પાલણપુર દા.૩૬. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૯).]

(૩૩૭૫) ઉત્તરાધ્યયન સૂત્ર પર બાલા. ૨.સં.૧૭૪૧ પો.શુ.૧૩

સંવત્ **સંયમવેદેંદુ** વર્ષે પૌષેઽજ્જવલત્રયોદશ્યાં,
શ્રી **ઉત્તરાધ્યયન સૂત્રં** વિવૃતં મયકાવબોધકૃતે. ૧
શ્રીમત્તપગણગગનાંગણતરણિ શ્રી **વિજયાનંદસૂરીણાં**
તત્શિષ્યશ્રી **શાંતિવિજય** બુધાધિપાઃ સક્રિયાભિરતાઃ. ૨
તતશિષ્ય વાચકવરાનામ્ના શ્રી**માનવિજય**નામાનઃ
શ્રી **વિજયરાજ**સૂરિરાજ્યે કૃતવંતઃ સંસ્કૃતાર્થં હિ. ૩
ગુરુભ્રાતૃ **ન્યાનવિજયા**ઽભ્યર્થનયા સુગમમેવ કૃતવંતઃ
અત્રાશુદ્ધઃ શોધ્યો ગીતાર્થૈસ્તત્ત્વનિષ્ણાતૈઃ. ૪

(૧) લિ. સં.૧૭૭૧ કા.શુ.૫ ગુરૌ શ્રી **વિજયાણંદસૂરિ-શાંતિ-વિજય-મહો. માનવિજય-મહિમાવિજય-માણિક્યવિજય** હિતાર્થે લિ. પ.સં.૨૬૫, ખેડા ભં.

(૩૩૭૬) + નયવિચાર (અથવા સાત નયનો) રાસ

આદિ – શ્રી ગુરુચરણકમલ અનુસરી, શ્રી શ્રુતદેવી હીદય ધરી,
તત્ત્વરૂચીનઈ બોધન કાજિ, કરૂં નયવિવરણ ગુરુ-સાહાજિ. ૧
સૂત્ર-અર્થ સવિનય સંમતિ, સંદરભિત **૭૪** શ્રી જિનમતિ,
આવશ્યક નિર્યુક્તિ અર્થું, દેખી કહિવા મન ઉલ્લસ્યું. ૨
નયેં કરીને સયલ પયત્થ, વિચારવા બોલ્યા છે તત્થ,
નયવિચાર કરવો તે માટિ, જિમ પામો સમકિતની વાટિ. ૩
જો એહું ન વિચારે અર્થ, તો તસ સૂત્ર ભણ્યાં સવિ વ્યર્થ,
યુગતાયુગતિ ભાસેં વિપરીત, **મહાભાષ્યે** માંહીં કહિ રીતિ. ૪

અંત – ઢાલ ૧૪ કહણી તો કરણી વિણ કાચી.

*

એહ અનોપમ ચિંતામણી સમ, શાસ્ત્રપટકથા લેઈજી,
પ્રાકૃતભાષાદ્વારે ગૂંથ્યો,
ભવિરી એહમાં શાસ્ત્રે વિપરીત કહેવાયું હોય,
સોધયો સંત ગીતાર્થ સોયં. ૭૫ શ્રી.

*

રાગ ધન્યાસી, ગુણ તણી વેલડી એ દેશી

શ્રી **તપા**ગછનંદનવનિં સુરતરૂ, જાણીઇ તે જગિ યુગપ્રધાનો,
જગતગુરૂ-બિરૂદ-ધારી મહિમાનિધી, શ્રી ગુરૂ**હીરવિજયા**ભિધાનો.૮૨

શ્રી જિનસાસન જગિ જયજયકરૂ
તાસ પાટિં હવો સુરગુરૂ અભિનવો, શ્રી **વિજયસેનસૂરી** પ્રસિદ્ધો,
સાહિવર પરષદેં વાદ જીતી કરી, ગુરૂસવાઇ જિણિં બિરૂદ લીધો
શ્રી **વિજયતિલકસૂરી**સરૂ તસ પટિં, ઉદયગિરિ ઊગીઓ વર દિણંદો
કુમતિમતિતિમિરહર સુમતિ-ઉદ્યોતકર,

વિહિત ભવિજન-ચકવય દિણંદો. ૮૩
તાસ પાટિં જનાનંદકારી ગુરૂ, શ્રી **વિજયાણંદ**સૂરિ સિંહો,
જ્ઞાનસમતાદિ ગુણરયણ-રોહણગિરી, પ્રવર વૈરાગ્યજિત નિરીહો. ૮૪
તાસ ગુરૂભાઇ બુધ **શાંતિવિજય** ગુરૂ, શમદમાદિક ગુણવંત સંત,
જસ સુપસાંયેં સુરમણિ સમ મિ લહિઉં,

શ્રી જિનવર-મત અતિ લસંત. ૮૫
તાસ વિનયી નયી **માનવિજયા**ભિધો,

વદતિ નિજ શકતિ શ્રુત જગતિ આણી,
તત્ત્વરૂચિ ભવિકજન ભણુત સુણુતાં હુયો,

સુભફલદાયિની એહ વાણી. ૮૭

*

ભણુતાં સુણુતાં હોઇ સમકિત નિરમલું,

એહ સુરમણિ સમો નયવિચાર,
સતત અભ્યાસતા હોઇ સમતા ગુણો,

એહ અનંત કલ્યાણકાર. ૯૦ શ્રી.

(૧) આ પર ટબો છે તે સ્વોપજ્ઞ જણાય છે. ટબા સહિતની સુંદર પ્રત, પ.સં.૨૪, સીમંધર. દા.૧૯ નં.૨૯. (૨) પ.સં.૨૦–૭, ડા. પાલણપુર દા.૩૬. (૨) ઇતિશ્રી માનવિજયગણિકૃત નયવિચારનો રાસ સંપૂર્ણ. ગ્રં.૨૪૦. ભાવ.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૦, ૨૭૪).]

પ્રકાશિત : ૧. જૈન શ્વે. કૉ. હેરલ્ડ, વૈશાખ ૧૯૭૩, પૃ.૧૫૧થી ૧૬૧.

(૩૩૭૭) + ચોવીસી

આદિ – ઋષભ સ્ત.

ઋષભ જિણંદા ઋષભ જિણંદા, તુમ દરિશણ હુયે પરમાણંદા,
અહનિશિ ધ્યાઉં તુમ દીદારા, મહિર કરીને કરજ્યો પ્યારા. ૧

*

સુમતિજિન સ્ત.

*

શાંતિવિજય બુધ શીશ, કહે ભવિકાજના હો લાલ.
પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ ઇકમના હો લાલ.

અંત –

વીર સ્ત.

જીત્યો તિમ ભગતને જીતાવે, મૂકાયો મૂકાવે,
તરણુતારણ સમરથ છે તુંહી, **માનવિજય** નિતુ ધ્યાવે.

(૧) લ.સં.૧૮૪૯ માહ દ૨ ૧૧. પ.સં.૯–૯, આ.ક.ભં. (૨) પ.સં. ૧૦–૧૨, આ.ક.ભં. (૩) પ.સં.૧૦–૧૩, આ.ક.ભં. (૪) પ.સં.૮–૧૧, વી. ઉ.ભં. દા.૧૭. (૫) લ. પ્રમોદવિજયેન વડાલી નગરે. પ.સં.૬–૧૫, જૂની પ્રત, પાદરા. નં.૮૯. (૬) સં.૧૮૧(૧)...વદ ભોમે. પ.સં.૧૨–૧૧, સીમંધર.દા.૨૦ નં.૮૬. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૪, ૩૧૪, ૪૧૧, ૪૧૪, ૫૯૩).]

પ્રકાશિત : ૧. ચોવીશીવીશી સંગ્રહ પૃ.૧૭૨–૧૮૮. [૨. ૧૧૫૧ સ્તવનમંજૂષા.]

(૩૩૭૮) ૨૪ જિન નમસ્કાર

આદિ – પ્રથમ જિનેસર **ઋષભદેવ** પ્રણમું સિર નામી
પણસય ધનુષપ્રમાંણ દેહવરણું અભીરામી. ૧
નાભીરાયકુલમંડણો **મરૂદેવી**જનયો.
ચોરાસી લખ પૂરવ આય સુરનરપતિ ગાયો. ૨
વિનતા નયરી રાજીઓ એ ઋષભલંછન વર પાય
યુગલાધર્મનીવારણો **માનવિજય** ગુણ ગાય. ૩

અંત – **વર્ધમાન** જિનભાંણ આણ નિજ મસ્તક વહીઇ
સીંહલંછન પરેં સર્વદા જસ ચણું રહીઈ. ૧
ક્ષત્રીયકુંડ ગ્રામ નયર **સીધારથ** ભૂપ
ત્રિશલા-રાંણી-ઉઅર-હંસ હેમવાંન અનૂપ. ૨
જીવીત બહુત્તર વર્ષનું એ સાત હાથ તનુ માંન,
માંનવજે વાચક કરે જિનવરના ગુણગાંન. ૩

(૧) લ. મુનિ રાજરત્નેન શ્રાવિકા રાજ્યકુઅર પઠનાર્થં સહેર ખંભાત બંદર વાસી સં.૧૮૫૨. પ.સં.૩-૧૨, ખેડા ભં.૩.

(૩૩૭૯) સિદ્ધચક્ર સ્તવ. ૪ ઢાલ કડી ૨૫

આદિ – જીહો જાણું અવધી પ્રભુજીને એ દેશી.

જીહો પ્રણમું દિન પ્રતિ જિનપતિ લાલા શિવસુખકારી અશેષ
જીહો આસોઈ ચૈત્રી તણી લાલા અઠાઇ વિશેષ. ૧
ભવિકજન જિનવર જગ જયકાર જિ.
જિહાં નવપદ આધાર ભ. આંકણી.

અંત – ઈહ ભવેં સવિ સૂખસંપદા, પરભવેં સવિ સૂખ થાઇ
પંડિત **શાંતિવિજય** તણો, કહે **માનવિજય** ઉવજઝાય. ૨૫

(૧) સં.૧૮૬૭ જેષ્ઠ સુદિ ૧ ગુરૂ ગોરજી **માંણકચરત્નજી** શિ. ઐંમરત્નેન ઉંઝા ગ્રામે શ્રાવકા બાઇ મૂલી પઠનાર્થં ભણવા સારૂ શ્રી કુંથૂનાથજી પ્રસાદે પૌષધશાલા મધ્યે. પ.સં.૨-૧૨, જશ.સં. (૨) સં.૧૯૦૮ ચૈ.સુ.૧૪ લ. ખેમચંદ **વીસ**નગરે સાધવી **સાકર**સરીજી લખાવીતં. પ.સં. ૨-૧૨, જશ.સં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૫૨૦).]

(૩૩૮૦) ગુણસ્થાનગર્ભિત શાંતિનાથ વિજ્ઞપ્તિરૂપ સ્તવ. ૮૫ કડી

આદિ – રાગ આસાવરી.

શાંતિ જિણેસર જગહિતકારી, વારી જેણેં મારિ રે,
કર્મ અશેષ ખપાવિ પોહતો, શિવમંદિર મનોહારિ રે. ૧
તું જિન તારક શિવસુખકારક, ભવભયવારક દેવ રે
તું લાયક નાયક હું પાયક, સારૂં સુપરિં સેવ રે. તું. ૨

અંત – ધ્ય પરમ દાની પરમ જ્યાની પરમ ધ્યાની ધ્યાઇએ
પરમ સુખકર પરમ તમહર **શાંતિ** જિનવર ગાઇએ
તપગચ્છ રાજા બહુ દિવાજા **વિજયાણંદ** સૂરીસ. ૩
બુધ **શાંતિવિજય** વિનેય-લેશેં **માનવિજય** સુહંકરૂં. ૮૫

(૧) આદિમાં **જ્ઞાનવિજયગણિ** ગુરૂને નમસ્કાર કર્યો છે. મુ. **ભાણવિજય** લિ. સા **રામજી** સુત સા. **સુંદર** પઠનાર્થં. પ.સં.૬-૧૩, હા.ભં. દા.૮૩ નં.૬૩. (૨) સં.૧૭૨૯ આસો વ.૪ રવિ **રાજનગર** માહિ. કર્તાના સમયની પ્રત, ખેડા ભં.૨. [મુપુગૂહસૂચી.]

(૩૩૮૧ક) સઝાયો (ભગવતી લબ્ધિયરણ આદિ)

(૧) પ.સં.૨૨-૧૧, જૈનાનંદ. નં.૩૩૪;.

(૩૩૮૧ખ) સઝાય સંગ્રહ

વિનયવચનગ્રહણે રોહા પર સ.; જ્ઞાનપૂર્વક ક્રિયાકરણે કાલાસંવેસિક-પુત્ર; ખંધકમુનિ; બહુશ્રુતપ્રશંસા; અનાગ્રહે અગ્નિભૂતિ વાયુભૂતિ; ચારિત્ર-ફલે તિષ્યગુપ્તગુપ્ત; ગુરુકુલવાસ; પરિણામશુદ્ધી અષ્ટમત્તા; પુદ્ગલવિચારગર્ભિત નારદપુત્ર; પાર્શ્વસ્થવીર; લોભવ્રતે વરુણના ગતભૂઆ; જ્ઞાનગવેષણાયાં કાલોદાયી; પરીક્ષાયાં ગાંગેય; સ્નેહે દેવાનંદા; જિનાજ્ઞા; વ્રતારાધન; ઋજુભાવી શિવરાજ ઋષિ; મહાબલ મુનિ; શ્રુતાભ્યાસ; વર્ધમાન પરિણામે શંખ; શય્યાદાન; ઉદયનઋષિ; ગૌતમ; વ્રતદૃઢતાયાં અંબડ; ગુણપ્રશંસા; દૃઢસમકિતે ગંગદત્ત; કાર્તિકશ્રેષ્ઠી; સરલસ્વભાવે મગધીપુત્ર; સોમિલ; દક્ષતા; ગૌતમ લબ્ધ્યુચ્ચારણ; ૩૩ સઝાય – ઇતિ ભગવતિ ભાસ સમાપ્ત.

(૧) લિ. ૧૭૪૩ માગશર માસે શુકલપક્ષે પ્રતિપદા તિથૌ ભૃગુવારે; સ્તંભતીર્થવાસ્તવ્યં શ્રોકસી સુમતિ તત્સુતા ઉભયકુલવિશુદ્ધા બાઈ કપૂર પઠનાર્થ લખાપિત. પ.સં.૧૭-૧૩, આ.ક.ભં. (કર્તાના સમયની આ પ્રત છે તો કર્તાએ જ લખી યા લખાવી હોય એમ જણાય છે.) [મુપુગૂહસૂચી.]

(૩૩૮૧ગ) આઠ મદ સઝાય

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૧૩૮.

(૩૩૮૧ઘ) શ્રાવકના ૨૧ ગુણ સઝાય ૭ કડી

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૭૫. [૨. જૈન રત્ન સંગ્રહ. ૩. જૈન સજ્ઝાયમાળા (બાલાભાઈ) ભા.૧.]

(૩૩૮૧ચ) શ્રાવક બાર વ્રત સઝાય

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૬૭. [૨. મોટું સઝાયમાળા સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૩૨-૩૪ તથા ૫૯૧, ભા.૩ પૃ.૧૨૪૦-૪૩ તથા ૧૬૨૮-૨૯. આ કવિએ 'નવતત્ત્વ પ્રકરણ વિવરણ' ગુજરાતીમાં વિજયાણંદસૂરિના સમયમાં કરી હોવાની માહિતી ત્યાં નોંધાયેલી તે ખરી જણાતી નથી. કવિની અન્ય કોઈ કૃતિ સં.૧૭૨૫ પહેલાંની ન મળતી હોઈ વિજયાણંદસૂરિ (સ્વ. સં.૧૭૧૧)ના રાજ્યકાળમાં કોઈ કૃતિ રચાયાનું શંકાસ્પદ બને છે અને આ પછીના ગુણવિજયશિષ્ય માનવિજયનો 'નવતત્ત્વ બાલાવબોધ' મળે છે તેથી એ કૃતિ જ આ માનવિજયને નામે

નોંધાઈ ગઈ હોવાનું જણાય છે. આથી એ કૃતિ ગુણવિજયશિષ્ય માનવિજયની જ અહીં ગણી છે.]

૯૪૮. માનવિજય (ગુણવિજયશિ.)

(૩૩૮૨) નવતત્ત્વ પ્રકરણ બાલા. અથવા વિવરણ

શ્રીમત્તપગણભર્તૃ, શ્રી **વિજયાનંદસૂરિરાજાનં**
તત્પટ્ટેડલંકુર્વતી સૂરિવરે **વિજયરાજાહ્વે.** ૧
વિબુધવર **ગુણવિજયાં**તિષદા બુધ **માનવિજયગણિ** નામ્ના,
નવતત્ત્વટબાર્થો યં લિખિતઃ સ્વાન્યોપકારાય. ૨

(૧) યતિશ્રી પં. **માનવિજયકૃત નવતત્ત્વસૂત્ર અર્થ** સહિત ગ્રં.૧૨૦૦. પ.સં.૩૯, બોટાદ. (૨) લ.સં.૧૮૯૩, પ.સં.૩૯, લીં.ભં. દા.૩૫ નં.૧૧. (૩) ગ્રં.૧૧૫૦, પ.સં.૫૬, હા.ભં. દા.૩૫ નં.૮. (૪) લ.સં.૧૭૭૯, શ્લો. ૧૩૫૦, પ.સં.૪૩, લીં.ભં. દા.૪૧ નં.૩. (૫) પ.સં.૨૧, પ્ર.કા.ભં. (વડોદરા) નં.૬૯૪. (૬) ભાં.ઇ. સને ૧૮૬૯-૭૦ નં.૪૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૯૧, ભા.૩ પૃ.૧૬૨૯. જુઓ આ પૂર્વેના માનવિજય વિશેની સંપાદકીય નોંધ.]

૯૪૯. ભાવપ્રમોદ (ખ. જિનરાજસૂરિ–ભાવવિજય–ભાવવિનયશિ.)

(૩૩૮૩) અજાપુત્ર ચોપાઈ ૨.સં.૧૭૨૬ આસો શુ.૧૦ વિકાનેર

આદિ – પારસ પ્રણમું સદા, સુખસંપતદાતાર,
દાયક સકલ જગતિ મુગતરમણિકાદાતાર. ૧
વીણાપુસ્તકધારણી, વાહણ જાસુ મરાલ,
ચરણકમલ તસુ સેવતાં, આપૈ વચન રસાલ. ૨

*

અજાપુત્ર ધરમૈ કરી, પાંમી લીલવિસ્તાર,
એકથી સુણજ્યો સુહૂ, હરષ ધરી ઉલાસ. ૯

અંત – ઢાલ પાસ જિણંદ જુહારિ હો રાગ ધન્યાસી.
ગુણ ગરૂયાના ગાવતાં, લહિયૈ સિવપુરવાસો રે,
અજરાયજી મોટો રિષી, જસુ નાંમે પુગે આસો રે. ૧
અજય સદા રિધસિધ લહૈ, જસુ નામે સંકટ ભાજે રે,
અજયા નામ જસ વિસતરે રે, રાજમહલમેં રાજે રે. ગુ.૨
શ્રી ચંદ્રપ્રભુ-ચરિતથી, રાચયો એ અધિકારો રે,
લવલેસી માત્ર કરિ કહ્યો, પિણ ચરિત માંહિ વિસ્તારો રે. ગુ.૩

સંવત **સતરે છવિસમે**, આસુ માસ ઉદારો રે,
સુકલ પક્ષ દસમી દિને એ, ગ્રંથ કીયો સુખકારો રે. ગુ.૪
ખરતરગચ્છ મહિમાનિલો, જુગવર શ્રી **જિનરાજો** રે,
વાદિ-ગજ-ઘટા-ભંજણો, સકલ-ભંજણો-સિરતાજો રે. ગુ.૫
ઓસિત્થ વંસૈ ઓહોતર સમો, તિણ સમે કો નવિ ગ્યાંન રે,
પરતખ દીઠો પારખો, જિણ વાચિ લિખી **ધંધાણી** રે. ગુ.૬
સાહસિક જિનરાજ જસો, ઔર ન કોઈ હૂઉ રે,
સાહજહા નર રાહિયો, ઇણ સમો કો સીધ ન દૂજો રે. ગુ.૭
ધારલદે ધન જનમીયો, **ધરમસિહ**-સાહ-મલ્હારો રે,
ઉપગાર્યા સિરસેહરો, પરદુખભંજણહારો રે. ગુ.૮
તાસુ સીષ્ય સો ઘણી, વિદ્યા બુધ વખાંણો રે,
ભાવવિજય ગણવર ભલા ગુણજાંણો રે. ગુ.૯
સીષરતન જસુ ગુણ ભર્યા, પંડિત કહુ ચતુરાઈ રે,
ગુરૂ **શ્રી ભાવવિનય** ગણી, સયલ જીવાં સુખદાઈ રે. ગુ.૧૦
તાસુ સીસ પાઠક હૈ ગણિ, **ભાવપ્રમોદ** મતિસારો રે,
અધકો ઓછો નવિ કહ્યો, શાસ્ત્ર તણે આધારો રે. ગુ.૧૧
વીકાનેર સું ગહગટે, જિહાં ચોવીસરો જિનરાજો રે,
તેહ તણે પરસાદથી, મનવંછિત સીઝૈ કાજો રે. ગુ.૧૨
વર્તમાન ગુરૂ રાજીયો, યુગપ્રધાન **જિનચંદો** રે,
ચોપડાં વંસૈ રવિ સમો ચિરજીવો મો મેરૂ દિનંદો રે. ગુ.૧૩
સુધૈ મન ચોપઇ સુણૈ, જિકે ચિત્ત લાયે રે,
તીયાં ઘર રિધિસિધિ થીસરે, પુરે મન તણી આસો રે. ગુ.૧૫
એ દૃષ્ટંત સુહાવણો, સુણતાં નવનિધિ થાય રે,
ભાવપ્રમોદ પાઠક કહૈ, શ્રી સંઘને સુખદાઇ રે. ગુ.૧૬

(૧) અશુદ્ધ પ્રત, પ.સં.૨૪, શેઠિયા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૩૬-૩૭.]

૬૫૦. જિતવિજય (ત. હીરવિજયસૂરિ-વરસિંધ ઋ.-જિતવિજયશિ.)

(૩૩૮૪) હરિબલ રાસ [અથવા **ચોપાઈ**] ૨.સં.૧૭૨૬ પોષ શુ.૨ શનિવાર

આદિ- શ્રી સરસ્વત્યૈ નમઃ સકલપંડિતશિરોમણિ પંડિત શ્રી ૫ શ્રી જીતવિજયગણિ ગુરૂભ્યૈ નમઃ

દૂહા.

સુષદાઈ સમરૂં સદા, પુરિસાદાણિ **પાસ**,
જગવલ્લભ જિનવર નમું, અહનિસિ પૂરઈ આસ. ૧
આદિકરણ **આદિસરૂ**, મહિમા મેરુ સમાન,
શ્રી **શેત્રુંજય** ભેટતાં, વાધઇ અધિકેા વાન. ૨
શાંતિ જિણેસર સમરતાં, પાતિક દૂર પલાય,
સુષસંપતિ સવિહું મિલઈ, અલિયવિઘન સવિ જાય. ૩
યાદવકુલ-રયણાયરુ, નમિઈ **નેમકુમાર**,
બ્રહ્મચારી સિરસેહરેા, જપતાં જયજયકાર. ૪
આજ લગઈ જેહનેા અછઈ, પટ્ટ પરંપર ધર્મ,
તે નિત **વીર**નઈ વાંદતાં, દૂર ટલઈ સવિ કર્મ. ૫
સરસ વચન દ્યો **સરસતિ**, માત મયા કરિ મુઝ,
તુઝ કવિયણ કેાડિનઈ, તિણઈ સમરી મઈં તુઝ. ૬
બ્રહ્મસુતા જગિ જાણીઇ, સજ્ઞ ભયભંજણહાર,
તુઝ ગુણ કેાડિ ગમે અછેઇ, કહતાં નાવઈ પાર. ૭
સુરષ નર પંડિત હુઆ, તુઝનઈ સમરત ષેવ,
હું તુઝ પય પ્રણમી કરી, કથા સરસ કહું હેવ. ૮
ગુરૂ દીવેા ગુરૂ દેવતા, ગુરૂ બાંધવ ગુરૂ બુદ્ધિ,
કાંડીથી કુંજર કરઈ, તે સેવું મન સુદ્ધિ. ૯
પાંચે તીરથ પ્રણમીઇ, પ્રણમી **સરસતિ** માય,
હરિબલ રાસ રચું હવઈ, સદગુરૂ નઈ પસાય. ૧૦
કિહાં જાયેા કિણ પરિ હુયેા, સુષ પામ્યેા કિમ તેહ,
તે સંષેપઈ હું કહું, સાંભલજ્યેા ધરી નેહ. ૧૧
હરિબલ ધીવર જાતિનેા, ગુરૂમુષિ જિણવ્રત લીધ,
દયાપ્રભાવઇ દેવતા, સાનિધ સઘલે કીધ. ૧૨

અંત – ધમ સંયમ તપ જપ કરી, અંતગડ કેવલ નાણે રે,
હરિબલ મુનિ મુગતેં ગયેા, જીવદયા પરિમાણે રે. ૪૮
કરૂણાથી નવનિધિ લહે, જગ માંહે જસ વાધે રે,
ઋદ્ધિ રમણી હરિબલ પરિ, પામી આતમ સાધે રે. ૪૯
હીરવિજયસૂરિ ગચ્છપતિ, સીસ સંયમગુણ ભરીયેા રે,
વરસિંધ ઋષિ પંડિત ભલા, ઉપશમરસનેા દરિયેા રે. ૫૦
શિષ્યશિરેામણિ તેહના, **જીવવિજય** ગુરૂરાયા રે,

હરિબલ ઋષિના ભાવ શું, જીતવિજય ગુણ ગાયા રે. ૫૧
ભાષા ભુજ સંયમ વર્ષે, સંવત સંખ્યા દીધી રે,
પોષ શશિ બીજ શનિવારે, હરિબલ ચોપઇ કીધી રે. ૫૨
પડિકમણા સૂત્રવૃત્તિ માંહે, ભાષ્યો અધિકારો રે,
જીતવિજય વિબુધે કહી ચોપઇ સંબંધ વિસ્તારો રે. ૫૩
સુણે સુણાવે ભાવ શું, તસ ઘર લીલવિલાસો રે;
સકલ સંઘ તણી સદા, પૂરે શંખેસર આસો રે. ૫૪
—ગુણવંતા હરબલ ઘણું.

(૧) સકલપંડિતશિરોમણિ પંડિત શ્રી શ્રી ૫ શ્રી શ્રી જીતવિજય ગણિ શિષ્યઃ ગણિ જસવિજયેન લિપિકૃતં શ્રી. પ.સં.૨૭-૧૬, ભાવ. ભં. (૨) સં.૧૮૧૫ વર્ષે શાકે ૧૬૮૦ શ્રાવણ શુદ ૫ રવિ અજીમગંજ મધ્યે. પ.સં.૪૦-૧૫, ધો.ભં. (૩) લિ. રવીવિજય શ્રી રાંણા વસન ભ્રાતૃ પં. મોહનવિજય સ્વહિતાય લિપિકૃતા શુભં ભવતુ. ગુ.વિ.ભં. (૪) માણેક.ભં. (૫) શ્રીમદ્રસભુજગજેંદુ (૧૮૨૬) સંવત્સરેડબ્ધિયુજે માસે ધવલપક્ષેડષ્ટમ્યાં કર્મવાટચાં સૌરિવાસરે શ્રીમન્નવીનપુરે સકલવિદ્વત્શિરોવંત ઋ. કર્મસિંહજી તદંતેવાસી ઋ. માનસિંહજી તલ્લબ્ધીયભ્રાતૃણા ઋ. પીતાંબરેણ ઇયં ચતુઃપદી સમનુલિલેખ. શ્રીમદ્ વીરપદાંબુજ પ્રભાવતો. પ.સં. ૩૨-૧૩, રાજકોટ પૂ.અ. (૬) ઇદલપુર મધ્યે લખિતં પંડિત શ્રી ૫ શ્રી ગુણવિજયગણિ તત્શિષ્ય કેસરવિજય લખિતં. પ.સં.૩૩-૧૮, પ્ર.ક્રા.ભં. નં.૯૫૫. (૭) પં. માનવિજયગણિ શિ. ગણિ શ્રી અમૃતવિજય શિ. મુ. હર્ષવિજયેન લિ. સં.૧૭૩૨ વર્ષે માહ સુદિ ૯ શુક્રે બહાંનપુર નગરે લિ. પ.સં.૩૧-૧૭, મો.સુરત. પો.૧૨૧. (૮) પં. દેવવિમલગણિ શિ. પં. કીર્તિવિમલગણિ શિ. ચંદ્રવિમલગણિ શિ. ગૌતમવિમલગણિ. સં. ૧૭૬૪ શ્રા.શુ.૧૩ ગુરૂ. પ.સં.૨૯-૧૪, ખેડા ભં. દા.૭ નં.૫૪. (૯) સં. ૧૭૬૯ ચૈ.વ.૭ શૌરીવાસરે. પ.સં.૨૨-૧૭, સંઘ ભં. પાટણ. દા.૭૨ નં.૬૭. (૧૦) ભાં.ભ. સને ૧૮૭૭-૮ નં.૫૪. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૫, ૨૫૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૪૬-૪૮, ભા.૩ પૃ.૧૨૫૮.]

૯૫૧. હેમરાજજી પંડિત (દિગંબર)

(૩૩૮૫) નયચક્ર રાસ (૧) (હિંદી ગદ્ય) ૨.સં.૧૭૨૬ ફા.શુ.૧૦

આ મૂળ ગ્રંથ જોતાં રાસ નથી, પણ હિંદી ભાષામાં ગદ્યવચનિકા છે.

આદિ – વંદો શ્રી જિનકે વચન, સ્યાદ્વાદ નયમૂલ
તાહિ સુનત અનુભવતહી, હૈ મિથ્યાત્વ નિરમૂલ. ૧
તાકા કારણ **નયચક્રકી**, સરલ વચનિકા કીન
અધિક હીન અવિલોકિકે, કરહૂ સુદ્ધ પરવીન. ૨
નિહ્ચે અરૂ વિવહાર નય, તિનકૈા ભેદ અનંત
તિહ્નમે કછુ ઇક વરન હેા, નામભેદ વિરતંત. ૩
અંત – **સિરીમાલ** ગચ્છ ખરતરે, **જિનભદ્રસૂરિ**સંતાન
લબ્ધિરંગ ઉવઝાય મુનિ, તિનકે શિષ્ય સુજ્ઞાન. ૧
વિબુધ **નારાયણદાસ** સેા, યહ અરજ હમ કીન
જો **નયચક્ર** સટીક હૈ, પઢે સવે પરવીન. ૨
તિને પ્રસન્ન હૈકે કહી, ભલીભલી યહ બાત
બહુ હમકૂં ઉદ્યમ કિયેા, રચી વચનકા ભાંતિ. ૩
હેમરાજકી વીનતિ, સુનિયેા સુકવિ સુજ્ઞાન
યહ ભાષા **નયચક્રકી**, રચી સુબુદ્ધિ ઉનમાન. ૪
સતરહ સે **છવીસકે**, સંવત ફાગુણ માસ
ઉજલી તિથિ દસમી જહાં, કીનેા વચનવિલાસ. ૫

(૧) ઇતિશ્રી નયચક્રકી પંડિત **નરાયણદાસ** ઉપદેશેન શિષ્ય (સાહ) **હેમરાજ**કૃત સામાન્ય વચનિકા સંપૂર્ણ. પ.સં.૧૨–૧૨, વિજાપુર. નં. ૪૭૭. (૨) પ.સં.૧૨–૧૫, સીમંધર. (૩) પ.સં.૧૪, કુશલ. પો.૩૧.

(૩૩૮૬) + ભક્તામર સ્તોત્ર ભાષા (હિંદીમાં)

આદિ – આદિ પુરૂષ **આદિ** જિન, આદિ સુબુધિ કરનાર
ધરમધુરંધર પરમ ગુરૂ, નમૌ આદિ અવતાર. ૧

ચોપઈ

સુરનર મુકુટ રતન છવિ કરૈ, અંતરપાપતિમિર સબ હરૈ
જિનપદ વંદૂ મન વચ કાય, ભવજલ-પતિત-ઉદ્ધારન સહાય. ૨

અંત – કાવ્ય છંદ

યહ ગુણમાલ વિશાલ નાથ! તવ ગુણ નિસવારી કી સમારી,
વિવિધ વરણકે પહુપ ગુંથિ મૈં ભગતિ વિથારી
જે નર પહરૈં કંઠ, ભાંવનાં મનમૈં ભાવૈં
માનતૂંગ તે નિજધીન સિવલિખમી પાવૈ

ભાષા **ભક્તામર** કીયો, **હેમરાજ** હિત હેત
જે નર પઢૈં સુભાવ સ્યૌં, તે પાવૈં સિવખેત. ૪૯

(૧) પ્રતિ શ્રી હેમરાજ-વિરચિતા ભક્તામર સ્તોત્ર ભાષા સમાપ્તા. ૧. પ.ક્ર.૮૫થી ૮૯, એક ચોપડો, મુક્તિ. નં.૨૪૬૮. (૨) પ્રત ૧૮મી સદીની, પ.સં.૪, જિ.ચા. પો.૮૩ નં.૨૧૬૧. (૩) પ.સં.૧૪, જિ.ચા. પો.૮૩ નં.૨૧૭૫. (સાથે જ્ઞાનસાર અને આનંદઘનનાં પદો આદિ છે.)

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક. (મૂલ સંસ્કૃત 'ભક્તામર સ્તોત્ર', તે પર સિદ્ધિચંદ્રગણિકૃત સંસ્કૃત વૃત્તિ તેમજ દેવવિજયકૃત 'રાગમાલા' સાથે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૪૬, ભા.૩ પૃ.૧૨૫૬–૫૭.]

૯૫૨. યશોનંદ (ત. ગુણાનંદશિ.)

(૩૩૮૭) રાજસિંહકુમાર રાસ (અથવા નવકાર રાસ) ૬૨૧ કડી ૨.સં. ૧૭૨૬ આસો સુદ ૨ મંગળ બાદરમાં

આદિ – દૂહા.

પાસ જિણેસર પાય નમી, ત્રેવીસમો જિણંદ,
અલિઅવિઘન દૂરિં હરઇ, આપે પરમાનંદ. ૧
સા **સારદ** મનિ સમરીઇં, બુદ્ધિ તણો અથાગ,
મૂરખ જન પંડિત હુવઇં, તે સહૂ તુઝ પસાય. ૨
કનક કમલદલપાંખડી, નિરમલ ગંગાનીર,
ભવોદધિ-તારણ-તરણ ગુરૂ, સાગર વર ગંભીર. ૩
એ નિજ ગુરૂ પ્રણમી કરી, સમરૂં શ્રી નવકાર,
અડસઠિ અક્ષર જેહનાં, સંસાર માંહિ સાર. ૪
જિમ દધિ મથતાં નીસરાં, માંષણ પિંડ સરૂપ,
તિમ ચઉદહ પૂરવ માંહિથી, એહ જ મંત્ર અનૂપ. ૫
પિંગલ ચોર શૂલી ચઢચો, ધરે એક અરિહંત ધ્યાંન,
તતષિણ માંહિં પામીઉ, અમરપુરી વિમાન. ૬
સાસુ **શ્રીમતી** મારિવા માંડચો એક જંજાલ,
અહિ હુંતો જે આરણો, તે હૂઇ ફૂલમાલ. ૭

અંત – શ્રી **ગુણાનંદ** ગુરૂ સીસ, **જસાનંદ** મન પૂગી જગીસ. ૬૧૩

ઢાલ

મહિમા શ્રી નવકારનો, યથાશક્તિ જે જાણ્યો રે,

દેવગુરૂ સુપસાયથી સભા સમક્ષ વખાણ્યો રે. ૬૧૪ મ.
સંવત **સત્તર છવીસમેં** કરી **બાદર** ચઉમાસું રે,
શ્રી જિન **શાંતિ** પસાઉલે રચ્યો **રાજસિંહકુમાર**નો રાસ રે. ૬૧૫મ.
અધિક આણંદ આણી કરી, આસો શુદી ૨ બીજને દહાડે રે,
ભૃગુવારે ગુરૂસેવના મુઝ ગ્રંથ પ્રમાણ પુહચ્યાડે રે. ૬૧૬ મ.
તપગચ્છગગનદિવાકર શ્રી વિજયરાજ ગણધારી રે,
નામ જપંતાં જેહનું હોઇ દિનદિન લક્ષ્મી સારી રે. ૬૧૭ મ.
સાસન તાસ શોભાકર, શ્રી **ગુણ્ણાનંદ** ગુરૂરાજ રે,
તસ પદપંકજ મધુવ્રત ધમ **જસાનંદ** કહઇ આજ રે. ૬૧૮ મ.
પ્રમાદ મદ અજ્ઞાનથી કહ્યું ઓછુંઅધિકું જેહ રે,
સહૂ પંડિતની સાખિ સું દુકૃત મિથ્યા હોઉ તેહ રે. ૬૧૯ મ.
પ્રથમ અભ્યાસ એ માહરો, પિણ મમ કરયો ઉપહાસ રે,
નૂતન ચંદ્ર તણી પરિ, કવિ દેજ્યો મુઝ સ્યાબાસ રે. ૬૨૦ મ.
રાસ રસિક **રાજસિંહિ**નો વલી મોટો શ્રી નવકાર રે,
ભણે ગણે જે સાંભળે તસ ઘરિ જયજયકાર રે. ૬૨૧ મ.

(૧) પ.સં.૨૦-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૧૦૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૩૦-૩૧.]

૬૫૩. ધીરવિજય (ઋદ્ધિવિજય-કુંવરવિજયશિ.)

(૩૩૮૮) ચોવીસી લ.સં.૧૭૨૭ પહેલાં

અંત – મહાવીર સ્ત. રાગ ધન્યાસી.

વીર જિણેસર વંદીઇ, સાસનનો સિરદાર, જિનજી,
સિદ્ધારથકુલ-સિંહલો, **ત્રિસલા**માત-મલ્હાર. જિનજી. ૧

*

સકલવાચક-મુગટામણી, શ્રી **ઋદ્ધિવિજય** ઉવજ્ઝાય,
તસ બુધ **કુંઅરવિજય** તણો, ધીરનિં હો સુખદાય. જિનજી. ૭

(૧) યતિશ્રી ગણિ **ધીરવિજય**કૃત ચઉવીસ તીર્થંકરના સ્તવન સંપૂર્ણ. ગ્રં.૨૫૦ સં.૧૭૨૭ શુદિ ૧૩ રવિ લ. સુશ્રાવકા પુન્યપ્રભાવકા બારવ્રત-ધારકા **નાગબાઇ** લખાવીતં. પ.સં.૧૭-૯, પ્રથમનાં ૧૧ પાનાં નથી, એડા ભં.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૩૭-૩૮.]

૯૫૪. જિનચંદ્રસૂરિ (ખ. જિનરાજસૂરિ–જિનરંગસૂરિશિ.)

(૩૩૮૯) મેઘકુમાર ચોપાઈ ૪૭ ઢાળ ૨.સં.૧૭૨૭ કા.શુ.૫

આદિ – દૂહા

ૐકારસ્વરૂપમય, પરમ મહાતમવંત
કરૂણાસાયર અલખગતિ, **મહાવીર** ભગવંત. ૧
કલિમલ-અનલ નિવારિવા, સાવન-જલધર-ધાર
કરમ-ભરમ-રજભર-હરણ, પ્રબલ પવન-પરચાર. ૨
સંકટ-તરૂવન ભંજિવા, જોરાવર ગજરાજ
મદન-કરીકુંભ ભેદિવા, કંઠીરવ જિનરાજ. ૩
સંગમ સુર અમરષ ધરી, માસ છએ લગિ સીમ
વીસ વીસ ઇગ રયણીયઇં, કીયા પરીસહ ભીમ. ૪
અલવઇ પિણ તિણ ઊપરઇં, કોપ ન આણ્યઉ ચીતિ
દયાભાવ ભાવી મનઇં, તિણિ ઊપરિ કરિ પ્રીતિ. ૫
ચરણ ડસ્યઉ **ચંડકોસીયઇ**, અરૂણ વરૂણ કરિ નયન
સુરગતિ તે પુહુચાવીયઉ, પ્રતિબોધી જિનવયણ. ૬
સો ધ્યાવું સાસનધણી, પ્રણમી ગુરૂના પાય
નામ લીયાં હી જેહનઇં, સકલ મનોરથ થાય. ૭
મહિર કરઉ મો ઊપરઇ, લિપિ **બંભીય** સરૂપ
સુપ્રસન જિણિ હૂઆં કરઇં, કવિયણ કવિત અનૂપ. ૮
કેહરિ પરિ જે આદરઇ, પાલઇ તિણહી જ રીતિ
પહુચઇ તેહિ જ સિવપુરઇં, આઠ કરમ અરિ જીતિ. ૯
જાવજ્જીવ શરીરની, લોયણ ટાલી દોઇ
પરિચર્યા કરિવી નહી, કરઉ પરીસહ કોઇ. ૧૦
અભિગ્રહ ધારક એહવઉ, મુનિવર **મેઘકુમાર**
તાસુ ચરિત વખાણિસું, સુણહુ ભવિક સુખકાર. ૧૧

અંત – ઢાલ ૪૭ રાજરમણિ રિધિ પરિહરીએ – એહની જાતિ.
સોભાગી ગુણ-આગલો એ, ગરૂવો **મેઘકુમાર** મહામુનિવર જયો એ
પ્રહ સમ ધ્યાન ધર્યાં થકાં એ, વરતઇ મંગલ ચ્યારિ – મહા. ૧
એ સંબંધ પરૂપીયો એ, શ્રીમુખ શ્રી **મહાવીર** મહા.
રચીયો **ન્યાતા અંગ**મઇ એ, **સોહમ**સામિ વજીર. મહા. ૨
ન્યાતા અંગ વિચારનઇ એ, જાણી લાભ અપાર મ.

ગરૂવાના ગુણ ગાવતાં એ, સફલ હુવઈ જમવાર. મ. ૩
સાચ વાત હીયઈ ધરીએ, કીધઉ એ પરયાસ મ.
ઇષ્ટદેવ-પરભાવથી એ, સફલ થઈ મુઝ આસ. મ. ૪
સોહમસામિ પરંપરા એ, કોટિકગણ-કુલચંદ મ.
સલહીજઈ સાખા ભલી એ, **વઈર**સ્વામિ મુણિંદ. મ. ૫
સુવિહિત ચક્રચૂડામણી એ, **શ્રી ઉદ્યોતન**સૂરિ મ.
સાવધાન કિરિયા વિષઈ એ, દીપઈ અધિકઇ નૂર. મ. ૬
સંવત **દસ સઈ અસ્સીયઈ, પાટણ**નગર મઝારિ મ.
ખરતર બિરૂદ ઊપાવિયો એ, **દુર્લભરાજ** દુવારિ. મ. ૭
શ્રી **જિનેશ્વર** સૂરજી એ, વિદ્યાબલ સુપસાય મ.
તિવાર પછી લોકાં મુખઈ એ, **ખરતર**ગચ્છ કહાય. મ. ૮
સવા લાખ શ્રાવક કીયા એ, મિથ્યા કુમતિ મિટાઈ, મ.
સાધી ચોસઠિ યોગિની એ, શ્રી **જિનદત્ત** ગુરૂરાય. મ. ૯
પરગટ પરતો ખલકમઈ એ, આજ લગઈ દીસાય મ.
શ્રી **જિનકુશલ** સૂરીસરૂ એ, માનઈ રાંણારાવ. મ. ૧૦
યુગવર **જિનચંદ** જગતમઇ એ, ઊધરિ કિરિયા જોર, મ.
વિસતારી કીરતિ ભલી એ, તપ જપ કરીય કઠોર. મ. ૧૧
અકબરસાહિ પ્રબોધિવઇ એ, જીવદયાપ્રતિપાલ મ.
શ્રી **જિનસિંધ** સૂરીસરઇ એ, પાયો જશ ચોશાલ. મ. ૧૨
ઘંઘાણી લિપિ વાચિનઇ એ, અધિક વધારી લાજ મ.
વિદ્યાના પારંગમી એ, ગછનાયક **જિનરાજ** મ. ૧૩
સાહિજહાં સુત જેત જેહનઇ એ, યુગવર-પદવી દીધ મ.
વચનકલાયઇ રીઝવી એ, સારઈ હી જસ લીધ. મ. ૧૪
યુવરાજ પદ આપીયો એ, સઇહથ શ્રી **જિનરાજ** મ.
શ્રી **જિનરંગ** સૂરીસરૂ એ, વિજયમાન જસુ રાજ. મ. ૧૫
તાસ સીસ ઇમ સંથુણઇ એ, શ્રી **જિનચંદ્ર** સુરિંદ
મેઘ સંબંધ સુહામણઉ એ, સુણતાં હુઈ આણંદ. મ. ૧૬
સંવત **સતર** સઈ સમઈ એ, **સત્તાવીસ** વખાણ મ.
કાર્તિક શુદિ પંચમિ દિનઈ એ, ચોપઈ ચઢીય પ્રમાણ. મ. ૧૭
ભણતાં સુણતાં સાંભલ્યાં એ, કીરતિ-લાછિ મિલાય, મ.
આણંદ રંગ વધામણાં એ, નવનિધિં રિધિ સિદ્ધિ થાય. મ. ૧૮

(૧) પ.સં.૨૯-૧૫, યતિ નેમચંદ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૫૮-૬૦.]

૯૫૫. દાનવિજય (ત. વિજયદાનસૂરિ-તેજવિજયશિ.)

(૩૩૯૦) સપ્તભંગીગર્ભિત વીરજિન સ્ત. ૨.સં.૧૭૨૭ વૈશાખ માસ

આદિ – સકલવાચકચક્રવર્તી મહોપાધ્યાયશ્રી ૭ શ્રી બુદ્ધિસાગરગણિ ગુરુભ્યો નમઃ

દૂહા.

સિદ્ધ સવે પ્રણમી કરી પરમાનંદ સ્વરૂપ,
પરમેષ્ઠી પાંચે સદા, નિહચે સું અવિરૂપ. ૧
ઋષભ આદિ જિનવર નમું, શ્રુતદેવી આધાર,
વલી સંભારૂ નિજગુરૂ, તેજ નમિં જયકાર.

અંત – શ્રી **વિજયરાજ** સૂરીસર રાજિં, થુણિઉં શ્રી જિનરાજ રે,
પંડિત માહિં પ્રધાન વિરાજે, શ્રી **તેજવિજય** બુધરાજ રે. ૬૦ ભ.
તેહ ગુરૂ-પંકજ સેવી, બુધ **દાનવિજય** મન હરષેં રે,
ચોવીસમા જિનરાજનિં દષ્ટિ આણંદ ઉપજે નિરખઈ રે. ૬૧ ભ.

કલશ.

ઈમ **વીર** જિનવર વિશ્વહિતકર ગાઇઉં જન શંકરો,
વૈશાખ માસિ **અચલ લોચન સંયમ** ભેદ સંવત્સરો,
શ્રી **તપ**ગચ્છ રાજ બહુ દિવાજ **વિજયરાજ** સૂરીસરો,
તસ રાજે થુણિંઉં **વીર**સામી **દાનવિજય** કવિ સુખકરો. ૬૨ ભા.

(૩૩૯૧) પડિકમણ ચોપાઈ ૨.સં.૧૭૩૦

આદિ – શ્રી **તેજવિજય** કવિપદ અણુસુરી, પડિકમણાની સહી ખપ કરી,
નામ થાપના દ્રવ્ય નિં ભાવ, અનુપઉગ ઉપયોગી ભાવ
ક્ષેત્ર થકી **ભરત**હ **ઐરવત્ત**, કાલ થકી ભિં **સંઝ** પવિત્ત,
પાસત્થાદિક સંગતિ ટાલ, ધર્મ વિના ભવ જાઈ આલ. ૧

અંત – **તપ**ગચ્છ-ગયણ-વિભાસણ ભાણ, શ્રી **વિજયરાજ** સૂરીશ્વર જાણ.
તાસ રાજિ મઈં એહ વિચાર, કીધો ભવિજનનિં ઉપગાર. ૯૧
સંવત **૧૭ સંજમ મોહનીયઠાય ૩૦**, શ્રી **વિજયદાન** સૂરીસરરાય
પંડિત **તેજવિજય**નો સીસ, **દાનવિજય** કવિયણ સુજગીસ. ૯૨
શાસ્ત્ર પંચાંગી વિરૂઉં જેહ, મિછામિ દુકડ હોજ્યો તેહ,
સુશ્રુત ગીતારથ શોધજ્યો, આભિનિવેશ મછર ટાલજ્યો. ૯૩

(૧) સં.૧૭૪૭ ફા.વ.૬ રવૌ. ટબાસહિતની પ્રત, પ.સં.૧૩, જૈનાનંદ પુ. સુરત નં.૩૩૭૮. [મુપુગૂહસૂચી.]

(૩૩૯૨) ૧૪ ગુણસ્થાન સ્વાધ્યાય ૨.સં.૧૭૪૪ ધનતેરસ રવિ

આદિ –

દૂહા.

ચંદ્રકલા જિમ નિર્મલી, ભગવતી જિનમુખવાસ
પ્રણમી **સરસતિ** સામિણી, દેજ્યો વચનવિલાસ. ૧
ગુણઠાણાં ચૌદસ તણો, વિવરી કહિસ વિચાર
સાવધાંન થઈ સાંભલો, ભવિઅણનિં ઉપગાર. ૨
બુદ્ધિ થોડી નિં મત ઘણા, થોડાં શાસ્ત્ર-અભ્યાસ
સુશ્રુત સુમતિ પંડિત લહી, ગુરૂથી બુદ્ધિવિલાસ. ૩
પરમ **તેજવિજયો** ગુરૂ, અંતરજ્ઞમી વાસ
અમલ વિમલ કેવલ સદા, અરિહંત આતમભાસ. ૪
જીવશક્તિ પરસું મિલી, પરણતિ સોઈ વિભાવ
પુદ્ગલ કર્મવિપાકથી, અનેક અનિત્ય સંભાવ. ૫
જીવશક્તિ નિશ્ચલ યદા, આતમ માહિં સભાવ
પરમ સંયોગ વિયોગથી, સિદ્ધ જ્યોતિ સમભાવ. ૬
દ્રવ્યાર્થિક એક જ ગુણી, વવહારિં વિવહાર
જીવશક્તિ પરણતિ પણિં, શુદ્ધાશુદ્ધ-વિચાર. ૭

અંત –

રાગ ધન્યાસી

ગુણ તણી વેલડી એમ વધારવી, જીવનિં કાજ ફલ એહ આવિં
સર્વ સંસારની ભૂમિથી ઊપની, અંકુરી કાર્ય મંડલ લગાવેં. ગુ. ૧
મૂલ ઇક જ્ઞાન શાખા વ્રત સાંભલો, પાનડા બહલ કષાય જીપિં
આશ્રવી સુભમતી કુસુમભર ગંધમાં, થિત પરિપાક ફલપાક દીપિં. ગુ. ૨
નાણ દંસણ ચરિઅ આરાહણા બીજમાં,
તેહમાં અમર ગુણ સુપ પ્રવાદ્યો
બીજ તે નવનવી ભાંતિ આસ્વાદીઇં,
સ્વાદનાં અમૃતમય સવાદ્યો. ગુ. ૩
સંવત **સતર ચોમાલીસ** અશ્વિનિં, ધન્નતેરસ દિનેં સૂર્યવારિં
ચઊદ ગુણઠાણની વેલડી નીપની, કાઉસગધ્યાનમિં એ સંભારી. ગુ. ૪
શ્રી વિજયદાનસૂરી શિષ્યમાં ચંદ્રમા, શ્રી **તેજવિજય** સુધી વિણુધરાયા
તાસ પદસેવકો **દાનવિજયા**ભિધો,

હર્ષ ધરી ઋદ્ધિ બહુ સિધિ પાયા. ગુણ. ૫

(૧) ખંભાયતિ બંદરે લિ. સં.૧૭૬૫ દ્વિ.વૈ.સુદિ ૨ શનૌ. પ.સં. ૮-૧૨, તિલકવિજય ભં. મહુવા પો.૧૧.

(૩૩૯૩) ચોવીસી

આદિ – અકલ પુરૂષ **આદીસરૂ**, જે જંગમ સુરતરૂ સાર, વાલ્હા

અંત – **દાનવિજય** પ્રભુ **વીરજી** રે સમરૂં ઊગત સૂર.

(૧) લિ. ગ. **ધીર**વિજયેન. પ.સં.૧૦-૬, મો.સુરત પો.૧૨૭.[લીંહસૂચી.]

(૩૩૯૪) [+] મૌનએકાદશી દેવવંદન

આદિ – સકલ-નયર-સિણગાર **ગજપુર** વર નયર

રાય **સુદર્શન** તાસ નારિ દેવી જિસિ અપછર,

તસ કુખિ અવતાર લીધ, ત્રિહું-ભુવન-વદીતા

કુમરપણેં એકવીસ સહસ સુખેં વરસ વતીતા

તેતા વરસ મંડલિકપણું, પાલે અખંડિત આંણ,

તે **અર** જિનવર નામથી, **દાન** લહેં કલ્યાણ. ૧

અંત – શ્રી ન્યાંન કલ્યાંણ ઇંણિ પરિ કરતાં, ભવભયસંકટ ભાજે

તે **નમિ** જિનવર પ્રણમો પ્રેમેં, **દાંન** સકલ સુખ કાજે. ૭

(૧) સંવત ૧૭૮૨ વૈ.વદિ ૧૩ ગુરૌ **અહિમ્મદાવાદ** નગર મધ્યે લિ. **ઝવેરી**પાટક ઉપાશ્રયે. પ.સં.૬-૧૫, હા.ભં. દા.૮૨ નં.૧૨૦. [મુપુ-ગૂહસૂચી. લીંહસૂચી.]

[પ્રકશિત : ૧. દેવવંદનમાલા. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૪૫-૪૭, ભા.૩ પૃ.૧૩૮૮-૯૨. ત્યાં વિજયરાજશિષ્ય દાનવિજય (જુઓ હવે પછી સં.૧૭૫૬ના ક્રમમાં) અને આ કવિને એક ગણવામાં આવેલા, પરંતુ પોતાને વિજયરાજશિષ્ય તરીકે ઓળખાવતા અને પોતાને વિજયદાન-તેજવિજયના શિષ્ય તરીકે ઓળખાવી વિજયરાજના રાજ્યકાળમાં રચનાઓ કરનાર કવિઓ જુદા જ છે એમ માનવું જોઈએ.

અહીં નોંધેલ 'ચોવીસી' અને 'મૌનએકાદશી દેવવંદન'માં કવિનામછાપ માત્ર 'દાનવિજય' કે 'દાન' છે. માટે એ કૃતિઓ આ જ દાનવિજયની છે એમ નિશ્ચિતપણે કહી ન શકાય. આ કવિની નામછાપની પદ્ધતિ જોતાં એ એમની કૃતિઓ ન હોય એવો સંભવ વધારે છે.

'સપ્તભંગીગર્ભિત વીરજિન સ્ત.'નો ૨.સં.૧૭૭૨ દર્શાવેલો તે ભૂલ

ગણવી જોઈએ. વિજયરાજ (અવ. સં.૧૭૪૨)ના રાજ્યકાળમાં રચાયેલી કૃતિ છે ને 'અચલ લોચન' એ શબ્દોને વામગતિએ વાંચતાં ૨૭ થાય, માટે એમ જ ગણવું જોઈએ.]

૯૫૬. લક્ષ્મીવિજય (ત. વિમલહર્ષ ઉ –પ્રીતિવિજય–પુન્યવિજયશિ.)

(૩૩૮૫) શ્રીપાલ મયણાસુન્દરી રાસ ૭૦૯ કડી ૨.સં.૧૭૨૭ ભાદ્ર. શુ.૯ ખંભાતમાં

અંત – તપગચ્છગયણે દિનકર સરિષો, શ્રી **વિજયદાન** સૂરીંદાજી,
તાસ પાટ સોભાકર **સુંદર, હીરવિજય** મુણીંદાજી. ૬૭
હીરવિજયની વાણી સુણીનઇ, **અકબર** આણંદ પામ્યોજી;
સકલ દેશમાં દયા પલાવઇ, ધર્મ ઉપરિ મન થામ્યોજી. ૬૮
પાટ પ્રભાકર ગુરૂ સોભાગી, શ્રી **વિજયસેન** સવાઇજી,
ડલ્લીપતિ સાષિં વાદ કરતાં, કીરતિ જગમાં ગવાઇજી. ૬૯
દેવમૂરતિ **વિજયતિલક** સૂરીસર, જસ મુષ પુન્યમયંદોજી,
લબ્ધિનિધાન ગુરૂ **ગૌતમ** સરીષો, નેહ ધરીનઇ નીરષોજી. ૭૦૦
પાટ સોભાકર **વિજયાણંદસૂરિ**, સોભાગી સિરદારજી,
રાય પુન્યાઢ પરિ પુન્યઇં પુરો, તપક્રીયાઇં સૂરોજી. ૭૦૧
પાટેં ઉદયો જાંણે ભાંણો, **વિજયરાજ** મુણીંદોજી,
સાલિભદ્ર ધના સમોવડિ, મહિમા જસ દીણંદોજી. ૨
પાઠકપુરંદર મૂરતિસુંદર, નાગર પ્રણમઇ પાયજી,
વિમલહર્ષ ગુરૂજીનઇ નામઇં, ઉત્સવ અધિકા થાયજી. ૩
તાસ શિષ **પ્રીતિવિજય** મુનિસર, જેહની સમલ જગીસજી,
ગુરૂશ્રી **પુન્યવિજય**નિં પ્રેમિં, હું પ્રણમું નિસિદીસજી. ૪
સકલ મનોરથ સહિજઇં ફલીયા, સોભાગી ગુરૂ મલીઆજી,
ભવભયફેરા દૂરિં કરિયા, ગુરૂથિ સોભા વરિયાજી. ૫
ખંભનયરમાં રહી ચોમાસું, રાસ સંપૂરણ કીધોજી,
નવપદનો મહીમા બોલંતઇ, મુષ પવિત્ર તે કીટોજી. ૬
સંયમભેદ લોચન નઇ **જલધિ**, એ સંવત્સર જાંણોજી,
ભાદ્રપદ સિત નવમિ મૂલ રિષહ, શશિ ધનરાસિં વષાંણોજી. ૭
શ્રી **શ્રીપાલ મયણાંસુંદરિનો**, રાસ રચ્યો ગુણ જાંણીજી,
ઉત્તમ જનના ગુણ બોલંતઇ, જગસોભા વિરચાંણીજી. ૮
રંગભરિ એ રાસ ભણીનઇં, જિવ્હા પવિત્ર કહેયોજી,

લક્ષ્મીવિજય કહિં ભવિકાજન, શિવરમણી વરેયોજી. ૯

(૧) સં.૧૭૩૧ વરસે આસો સુદિ ૧૩ શુક્રવાર દિને, પંડિત **પુન્ય**-વિજયગણિ તત્‌શિષ્ય ગ. **લક્ષ્મી**વિજય શિષ્ય ગ. **શુભ**વિજય લિષીતં. ઈડર બાઈઓનો ભંડર.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૫૧-૫૨.]

૯૫૭. જિનવિજય (ત. દેવવિજય-જશવિજયશિ.)

(૩૩૯૬) ધન્ના શાલિભદ્ર રાસ ૨.સં.૧૭૨૭

(૧) ભા.ભં. (૩) ડે.ભં.

(૩૩૯૭) હરિબળની ચોપાઈ

(૧) ભાવ.ભં.

(૩૩૯૮) ગુણાવલી રાસ ૨૭ ઢાળ ૪૮૭ કડી ૨.સં.૧૭૫૧ આસો શુદ ૧૦ સુરતમાં

આદિ – સકલસુખદાયક સદા, ત્રેવીસમો જિનચંદ,
પ્રણમું **પાસ સંખેસરૂ**, નામે પરમાણંદ. ૧
વલી સમરૂં શ્રુતદેવતા, ભગવતિ આદિ જેહ,
ગોયમાદિક ગણધર નમેં, હું પણિ પ્રણમું તેહ. ૨
શ્રી જસવિજય કોવિદવરૂ, પ્રણમું મનઉલ્હાસ,
જેહના નામ થકી સરસ, જિમ લહુ વચનવિલાસ. ૩
પુણ્યપ્રભાવે સુખ ઘણું, પુણ્યે ઇષ્ટસંયોગ,
પુણ્યે જગ જસ વિસ્તરે, પુન્યે વંછિતયોગ. ૪

અંત – **તપ**ગચ્છ ગિરૂઆ ગચ્છનાયક શ્રી **વિજયાણંદ** સૂરીંદ,
શ્રી **વિજયરાજ**સૂરી તસ પાટ સવાઈ જે તપતેજે દિણંદ. ૬
અધિક પ્રતાપે તેહને પાટે વિદ્યમાન વિરાજે,
શ્રી **વિજયમાન**સૂરિ ગચ્છનાયક દોલતવંત દિવાજે. ૭
તસ ગચ્છભૂષણ કવિસિર સોભાગી નાણ ચરણ-ભંડાર,
શ્રી **દેવવિજય** વાચક વયરાગી પાલે પંચ આચાર રે. ૮
સતર ભેદ સંયમના પાલક તેહ તણા સિષ્ય સોહે,
શ્રી **જસવિજય** વિબુધચુડામણિ મુઝ ગુરૂ જનમન મોહે. ૯
મુઝ મત સારૂ સતીગુણ ગાયા તેહ ગુરૂને સુપસાય,
ગુણવંતના ગુણ ભણતાં સુણતાં ઋદ્ધિવૃદ્ધિ પરિં થાય રે. ૧૦
વચનરસેં કાંઇ અધિકું ઓછું કહિવાણું હુઇ જેહ,

હોયો ચતુર્વિધિ સંઘની સાખે મિછામિ દુક્કડ તેહ રે. ૧૧
સંવત **સતર એકાવના** વરસૈ વિજયદશમી બહુ નેહિં,
સૂરતિ બંદિરમાં રાસ રચ્યો એ, સાહ **વિજસિંઘ માણેકજી** ગેહે રે. ૧૨
કહે **જિનવિજય** મુનિ ધન્યાસીઇ સત્તાવીસમી ઢાલ,
ઉમર વાડી પાસ પસાઈ ઘરિઘરિ મંગલમાલ રે. ૧૩

(૧) સર્વગાથા ૪૮૭ જ્ઞાનપંચમીતપ વિષયે ગુણાવલિ રાસ. પ.સં. ૧૯–૧૫, રત્ન.ભં. દા.૪૩ નં.૭૪. (૨) પ.સં.૨૩–૧૪, ડે.ભં. દા.૭૦ નં.૧૦૨. (૩) ભ.ભં. (૪) સંવત ૧૮૧૨ વર્ષે, પ.સં.૧૮–૧૫. રા.એ.સો. બી.ડી. ૧૪૯ નં.૧૮૮૭. (૫) પ.સં.૧૭–૨૦, રા.એ.સો. બી.ડી.૧૫૪ નં.૧૮૮૮. (૬) સર્વગાથા ૪૮૭, પ.સં.૧૮–૧૫, ખેડા ભં. દા.૬ નં.૪૯.

(૩૩૬૯) ષડાવશ્યકસૂત્ર બાલા. ૨.સં.૧૭૫૧ દિવાલી સુરતમાં
વર્ષે **ચંદ્ર જનાર્દનપ્રિયતમાપુત્રાશુગર્ષિક્ષમા-**
મેયે શ્રી **વિજયાદિમાન**ગણભૃદ્રાજ્યે પ્રદીપોત્સવે,
પ્રાજ્ઞ શ્રી **યશો**ન્વિતસ્ય **વિજય**સ્યામું **ષડાવશ્યકા-**
ર્થોદ્યોગં કૃતવાન્**જિનાદિવિજયો**તેવાસીમુખ્યઃ સુધીઃ. ૧
સમ્યક્ત્વશુદ્ધવ્રતધારિકાયાઃ, **રૂપા**ભિધાયાઃ પ્રચુરાગ્રહાચ્ચ
આદ્યાં પ્રતિં **દર્શન** નામધેયઃ, શિષ્યો લિલેખાર્કપુરે મુદાઢ્ય. ૨

સંવચ્છરઈ ચંદ્રમા ૧ શ્રીકૃષ્ણની પ્રિયતમા કહતાં સ્ત્રી **રુકિમણી** તેહનો પુત્ર **પ્રદ્યુમ્ન–કામ** તેહનાં બાણ પાંચ ઋષિ ૭ ક્ષમા ક. પૃથિવી પ્રમાણ ૧૭૫૧ **શ્રી વિજયમાન**સૂરિ રાજ્યઇ દીપાલિકાનઇ દિવસઇ પંડિત શ્રી **યશવિજય**ગણિઃ એ પ્રત્યક્ષ ષડાવશ્યકના અર્થના ઉદ્યમ પ્રતિં કરતો હવો પંડિત **શ્રી જિનવિજય**ગણિ શિષ્ય માંહિ પ્રથમ પંડિત. સમ્યક્ત્વ સહિત બાર વ્રતની ધારિકા **રૂપા** શ્રાવિકાના અતિ આગ્રહ થકી પ્રથમ પ્રતિં પ્રતિં ગ. **દર્શનવિજય** નામા શિષ્ય લિખતો હવો. **સૂરતિ** બંદિરનઇ વિષઇ હર્ષઈ કરી અર્થેતિ સમાપ્તૌ.

(૧) પ.સં.૧૨૦, વિજાપુર. નં.૪૪. (૨) પં. **સુખવિજય**ગણિ શિ. પં.**ખુશાલવિજય**ગણિ શિ. પં. **ખિમા**વિજય લ.સં.૧૮૧૦ કા.કૃ.૯ સોમ **કંબોઇ** ગ્રામે ચેલા **લખિમિવિજય** વાંચનાર્થં ભત્રીજ મુનિ **વૃદ્ધવિજય** પઠનાર્થં **માણિભદ્ર** પ્રસાદાત્. પ.સં.૯૪, વિરમગામ સંઘ ભં. [જૈહાપ્રોસ્ટા,

મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

(૩૪૦૦) દંડક સ્તબક ૨.સં.૧૭૫૨

(૧) સં.૧૭૯૬ વૈ.શુ.૧૨ બુધે પં. **લાભકમલગણિ** શિ. પં. **મેઘકમલ** લિ. પશાગરીજી **લક્ષ્મીશ્રી** પઠનાર્થં **સૂરતિ** બિંદિરે. પ.સં.૨૬, વિ.દા. ભાણી નં.૫૫૫. (૨) સુરતમાં પ્રથમાદર્શ દર્શનવિજયે લખ્યો. **સૂરતિ** બંદિરે સા. **વીજશી** ભાર્યા **ધોલીબાઇ** પઠનાર્થં ઉત્તમસી કમલસી **વીરદાસ** સંઘ-મુખ્ય સં.૧૭૫૨ આસો શુ.૧૩ ગુરૌ. ભ.વિ.રાધનપુર.

(૩૪૦૧) જીવાભિગમ સૂત્ર બાલા. ૨.સં.૧૭૭૨

(૧) ગ્રં.૧૪૧૦૦, કોડાય. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૧).]

(૩૪૦૨) પંચ મહાવ્રત સ.

(૧) પ.સં.૫, ડે.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૪૨૦-૨૧ તથા ૫૯૩, ભા.૩ પૃ.૧૩૭૦ તથા ૧૬૩૨-૩૩. 'ધન્ના શાલિભદ્ર રાસ'ની અધિકૃતતા સમયદૃષ્ટિએ શંકાસ્પદ છે. 'હરિબળની ચોપાઈ' પણ જિતવિજય (નં.૬૫૦)ની કૃતિ ભૂલથી જિનવિજયને નામે નોંધાઈ ગઈ હોય એવો પૂરો સંભવ છે. ત્યાં પણ ભાવ.ભં.ની પ્રત નોંધાયેલી છે.]

૬૫૮. આનંદનિધાન (ખ. સુમતિહંસ-મતિવર્ધનશિ.)

(૩૪૦૩) મૌનએકાદશી ચોપાઈ ૨.સં.૧૭૨૭ જોધપુર

(૧) સં.૧૮૪૭ માહ વદિ ૬, પ.સં.૬, અભય. નં.૨૪૪૬. (૨) સં.૧૭૬૩ આષાઢ શુ.૧ કુંભાણા ગ્રામે પં. **ભુવનવિશાલ** લિ. પ.સં.૫, અભય. નં.૨૪૪૭.

(૩૪૦૪) દેવરાજ વત્સરાજ ચોપાઈ ૨.સં.૧૭૪૮ વૈ.શુ. સોઝતમાં

(૧) .....અ.વ.૧૦ **વિજૈચંદ** લિ. પ.સં.૨૬, અભય. પો.૧૨ નં.૧૧૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૪૫-૪૬.]

૬૫૯. પ્રીતિવિજય (ત. હર્ષવિજયશિ.)

(૩૪૦૫) ચોવીસ જિન નમસ્કાર ૨૫ વસ્તુ છંદમાં ૨.સં.૧૭૨૭ ભુજમાં

આદિ –

વસ્તુ

નાભિનંદન નાભિનંદન રીષભ જિનરાય
મરૂદેવી માતા ઉયરિ, રાજહંસ સમ સ્વામી સોહઈ
નયરી **વિનીતા** રાજીઓ, વૃષભલંછન જસ પાય મોહઈ
સોવન વન તનુ દીપતો, ધનુષ પાંચસયઈ કાય

પ્રીતિ કહઇ એ પ્રથમ જિન, સેવંતાં સુખ થાય. ૧

અંત – એહ જિનવર એહ જિનવર થુણ્યા ચોવીસ
વર્ત્તમાન શાસનધણી ભવિકનયણુ-આનંદકારી
શ્રી **વિજયદેવસૂરી** તણો, શ્રી **વિજયપ્રભસૂરી** પટ્ટધારી
સતાવીસઇં સંવત **સતર** શ્રી ભુજનગર મઝારિ
શ્રી **હર્ષવિજય** કવિરાજનો, **પ્રીતિવિજય** જયકાર. ૨૫

(૩૪૦૬) જ્ઞાતાસૂત્ર ૧૯ અધ્યયન

આદિ – પ્રથમ ગોવાલ તણેં ભવેંજી એ દેશી
શ્રી શ્રુતદેવી નમી કરીજી, **જ્ઞાતાસૂત્ર** મઝારિ
ઉગણીસે અધ્યયન જે કહ્યાંજી, કહિસું તાસ અધિકાર. ૧
ભાવિકજન જીવદયા સુખકાર, તેહથી તરે સંસાર. ભ.
લહીઇ સુખ નિરધાર, ભ. એ આંકણી
સોહમસ્વામિનિં પૂછીયોજી, ગણધર શ્રી **જંબુસ્વામિ**
પહિલો અધ્યયન આસઘોજી, અરથઇ કરી અભિરામ. ભ. ૨

*

એમ જાંણી સહુ જીવનીજી, અનુકંપા ધરો ચિત્તિ
શ્રી **હર્ષવિજય** કવિરાજનોજી, સેવક ધમ કહે **પ્રીતિ**. ૨૯ ભ.

અંત – જાણે પૂરવ **માહાવિદેહમાં** લાલા, **પુષ્કલાવતી** એ નામ
જીહો વિજય સોહે **પુંડરીગિણી** લાલા, નયરી બહૂ સુખઠાંમ. ૧
જંબુ મુનિ સાંભલિ અધ્યેન એહ
જીહો ઉગણીસમો મુઝને કહ્યો, **વીર** જિનવર ધરી નેહ. જંબૂ. ૨

*

જીહો સરવારથ-સિદ્ધિ વિમાનમેં લાલા, દેવ તણાં અવતાર
જીહો **માહાવિદેહેં** મોક્ષ જાઇસ્યે લાલા, સવ દુખ કરી પરિહાર. ૩૧ જં.
જીહો દિક્ષા લેઇ ઇમ સાધુજી લાલા, વિષય ન રાચેં જેહ
જીહો અરચનીક સહુ સંધમાં લાલા, પામસ્યે સુખ અછેહ. ૩૨ જં.
જીહો અધ્યયન ઉગણીસમો કહિઉ લાલા, **જ્ઞાતાસૂત્ર** મઝારિ
શ્રી **હર્ષવિજય** કવિરાજનો લાલા, **પ્રીતિવિજય** જયકાર. ૩૩ જં.

(૧) સં.૧૭૮૩ વૈ.સુદિ ૧૦ બુધે **મુનરા** મધ્યે લ. પ.સં.૧૯–૧૯, મ.જૈ.વિ. નં.૪૯૨. (૨) પ.સં.૧૯–૧૯, મ.જૈ.વિ. નં.૪૮૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૩૮–૩૯.]

૯૬૦. વિજયસૂરિ

(૩૪૦૭) રોહિણી ચોઢાળિયું ૨.સં.૧૭૨૭

(૧) માણેક ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૫૧.]

૯૬૧. જ્ઞાનવિમલસૂર-નયવિમલ (ત. વિનયવિમલ-ધીર-વિમલશિ.)

આ ગૃહસ્થાવસ્થામાં ભિન્નમાલ શહેરના વતની અને વીશા ઓસવાલ વંશના વાસવગોત્રી વાસવ શેઠ પિતાના અને કનકાવતી માતાના પુત્ર હતા. જન્મ સં.૧૬૯૪માં થયો, ને નામ નાથુમલ્લ આપ્યું. સં.૧૭૦૨માં તપગચ્છના પંડિત વિનયવિમલગણિના શિષ્ય પં. ધીરવિમલગણિ પાસે દીક્ષા લીધી ને દીક્ષાનામ નયવિમલ રાખ્યું. અમૃતવિમલગણિ તથા મેરુવિમલગણિ પાસે વિદ્યાભ્યાસ કર્યો. તેમને સં.૧૭૨૭ મહા શુદિ ૧૦ને દિવસે મારવાડના સાદડી પાસેના ઘાણેરાવ ગામમાં તપગચ્છના આચાર્ય વિજયપ્રભસૂરિએ ઉત્સવપૂર્વક પંડિત(પંન્યાસ)પદ આપ્યું. ત્યાર પછી તેમના ગુરુ ધીરવિમલગણિ સં.૧૭૩૯માં સ્વર્ગવાસ થયા. પોતે ઘણાઓને દીક્ષા અપાવી. સં.૧૭૪૭માં અણહિલપુર પાટણ આવ્યા. સં.૧૭૪૮(કેટલાકમાં ૧૭૪૯ છે)ના ફાગણ સુદી પાંચમ ગુરુવારે વિજયપ્રભસૂરિની આજ્ઞાથી મહિમાસાગરસૂરિએ પાટણ પાસે સંડેસર(સંડેર)માં ઋષભદેવના મંદિરમાં આચાર્યપદવી આપી નામ જ્ઞાનવિમલસૂરિ સ્થાપ્યું. આચાર્યમહોત્સવ શ્રેષ્ઠી નાગજી પારેખે ખૂબ દ્રવ્ય ખર્ચી કર્યો. તેના ઉપદેશથી સં.૧૭૭૭માં સુરતના શેઠ પ્રેમજી પારેખે સિદ્ધાચલ(શત્રુંજય)નો સંઘ કાઢ્યો હતો કે જેનું વર્ણન કવિ દીપસાગરગણિના શિષ્ય સુખસાગર કવિએ પોતાના 'પ્રેમવિલાસ' નામના રાસમાં કરેલું છે કે જે રાસ 'નરભવદષ્ટાંત ઉપનયમાલા'માં પ્રસ્તાવનામાં પ્રગટ થયો છે. તેમનો વિહાર બહુધા સુરત, ખંભાત, રાજનગર (અમદાવાદ), પાટણ, રાધનપુર, સાદડી, ઘાણેરાવ, શિરોહી, પાલીતાણા, જૂનાગઢ વગેરે સ્થળે ગુજરાત, મારવાડ, સૌરાષ્ટ્ર દેશમાં થયો હતો. સિદ્ધાચલ તીર્થની અનેક વખત યાત્રા કરી. જિનપ્રતિમાની ૧૭ પ્રતિષ્ઠાઓ કરી.

અનુક્રમે સં.૧૭૮૨માં ખંભાત ચોમાસું કર્યું. તે વખતે સિદ્ધાચલની યાત્રા કરવાની અતિ ઉત્કંઠા ને તૈયારી કરી, પણ પરચક્રને લીધે બની નહીં તેથી ખંભાતમાં જ રહ્યા. ને ત્યાં જ તે વર્ષમાં આસો વદ ગુરુ-

વારે ૮૬ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. શ્રાવકોએ ખંભાત સક્કરપુરામાં સ્તૂપ (પગલાંયુક્ત દેરી) કરાવી.

તેમનો જ્ઞાનભંડાર ખંભાતમાં ખારવાડામાં વિમલના ઉપાશ્રયમાં વિદ્યમાન છે. તેમના રચેલા ઘણા ગ્રંથોની પ્રથમાદર્શ(પ્રથમ પ્રત) ઉપરોક્ત સુખસાગર કવિએ લખેલ છે. તેમણે સંસ્કૃતમાં શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર પર વૃત્તિ, શ્રીપાલચરિત્ર સંસ્કૃત ગદ્યમાં સં.૧૭૪૫, સંસાર દાવાનલ સ્તુતિ પર વૃત્તિ, પ્રશ્ન દ્વાત્રિંશિકા સ્તોત્ર રચેલ છે. ગૂર્જર ભાષામાં ગદ્ય રૂપે નવતત્ત્વ પર સં.૧૭૩૯માં, શ્રમણસૂત્ર પર સં.૧૭૪૩માં, પોતાના પ્રશ્ન દ્વાત્રિંશિકા સ્તોત્ર પર સ્વોપજ્ઞ, યશોવિજયજીના ૩૫૦ ગાથાના ગૂર્જર ભાષાના સ્તવન પર, દિવાલી કલ્પ પર સં.૧૭૬૩માં, આનંદઘન ચોવીશી પર સં.૧૭૬૯માં, ત્રણ ભાષ્ય પર, અધ્યાત્મકલ્પદ્રુમ પર સં.૧૭૭૦માં, પાક્ષિક સૂત્ર પર સં.૧૭૭૩માં અને યશોવિજયજીની યોગદૃષ્ટિની સઝાય પર – બાલાવબોધો રચ્યા છે. ગૂર્જર ભાષામાં પદ્યગ્રંથો જે રચ્યા છે તે આમાં જણાવ્યા છે. તે ઉપરાંત સ્તવનો, સ્તુતિઓ, સઝાયો, પદો આદિ ઘણાં રચ્યાં છે તેમાંનો મોટો ભાગ 'પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ' ભા.૧માં (પ્રકા. શેઠ જમનાભાઈ ભગુભાઈ, અમદાવાદ) પંન્યાસ મુક્તિવિમલગણિએ સંગૃહીત કર્યો છે; અને આ ટૂંક ચરિત્ર પણ તેની પ્રસ્તાવનામાંથી સાર રૂપે લીધું છે.

(૩૪૦૮) + સાધુવંદના [અથવા **ગુરુપરંપરા ઢાલ**] ૧૪ ઢાળ ૨.સં. ૧૭૨૮ કા.વ.૧૦ ગુરુ સાચોરમાં

આદિ –

દૂહા

શાસનનાયક ગુણનિલો, **સિદ્ધારથ**નૃપ-નંદ,
વર્દ્ધમાન જિન પ્રણમતાં, લહિએ પરમાણંદ. ૧
અંગ ઈગ્યાર **પયન્ન** દશ, તિમ **ઉપાંગ** વલી બાર,
છેદસૂત્ર ષટ ભાષીયા, **મૂલસૂત્ર** તિમ ચાર. ૨
નંદી અનુયોગદ્વાર વલી, એ પણયાલીસ-સૂત્ર,
તસ અનુસારિં જે કહ્યા, પ્રકરણ વૃત્તિ સસૂત્ર. ૩

*

શ્રુત-પ્રકરણથી હું કહું, સકલ-સાધુ-અભિધાન,
સુગમ કરૂં સાધુવન્દના, ભક્તિ હેતિ શુભ ધ્યાન. ૧૦

*

ઘણા દિવસની મને હતી, હુંસિ ઘણી મુજ જેહ,
સકલ સાધુવંદન ભણી, સફલ થઇ મુજ તેહ. ૧૪
શ્રી **વિજયપ્રભ**સૂરીંદના, પદ પ્રણમી અભિરામ,
સુધા સાધુ તણી કહું, વંદનહિત સુખકામ. ૧૫
ચોવીસે જિનવર તણા, ગણધર સાધવી સાધ,
પહેલાં તેહને વંદનાં, સકલ સુખ **નય** લાધ. ૧૬

અંત – ઢાલ – શાંતિજિન ભામણડઈ જાઉં – એ દેશી.

પાટપરંપરં જે વલી આયો, **તપા**બિરૂદ ઉપાયોજી,
જગતચંદ્ર સૂરીસર ગાયો, **લલિતા**દેનો જાયોજી. ૪
ધનધન સાધુ મહાંત એ મોટા, ઉપશમરસના ભોટાજી.
જિનમુનિવંદન પુણ્ય એ મોટા, નવિ માને તે ખોટાજી. ૫ ધન.
શ્રી **આણંદવિમલ** સૂરીસર, થયા છપનમઇ પાટઇજી,
ક્રિયાઉદ્ધાર કરીનઇ કીધી, ઊજલી પ્રવચનવાટઇજી. ૬ ધ.
શુધ-પરૂપક જિનમતથાપક, વાદીક કુડકલંકોજી,
જગિ જસવાદ ઘણો દેખીનઇ, નાઠા કુમતી રંકોજી. ૭ ધ.
શ્રી **વિજયદાન** સૂરીસર સુંદર મંદિર ગુણમણિ કેરોજી,
જ્ઞાનક્રિયાદિક ગુણની ગણના કરવાનઇ કુંણ સૂરોજી. ૮ ધ.
હીરો **હીરવીજય** સૂરીસર, જેહના ઘણા અવદાતઇજી,
જીવ-અમારિ તીર્થંકર-મોચન, પ્રમુખ ઘણી કરી વાતઇજી. ૯ ધ.
સાહિ **અકબર**નઇ પ્રતિબોધ્યો, જસ જસ બહુતો વાધ્યોજી,
મેઘજીઇ ગુરુ **હીર**નઇ ચરણઇ, આવી વંછિત સાધ્યોજી. ૧૦ ધ.
વિજયસેન તસ પાટિ સફાય, તેસ પટ્ટિ ભાનુ સમાનજી,
વિજયદેવ સૂરીસર પ્રગટયો, દિનદિન ચડતઇ વાનઇજી. ૧૧ ધ.
આચારિજ **વિજયસંઘ** સૂરીસર, પ્રગટયો યુવરાજ ઘણું રાજજી,
અનુક્રમઇ તે સુરલોક પધાર્યા, સારી આતમકાજજી. ૧૨ ધ.
વિજયદેવસૂરિ નિજપદ થાપઇ, શ્રી **વિજયપ્રભ** ગણધારજી,
સંપ્રતિ સૂર પરિઇ દીપંતો, મુંનિજનનો આધારજી. ૧૩ ધ.
કુલિમુગઇ એ ગુરૂ ગુણનો આગર, કેતાં કીજઇ વખાણુજી,
તેહ તણી આણ સિરિ વહતાં, દિનદિન કોડિ કલ્યાણુજી. ૧૪ ધ.
શ્રી **આણંદવિમલ** સૂરીસર, હસ્તલિખિત ગુણધામજી,
હર્ષવિમલ પંડિત વૈરાંગી, **ધર્મસિંહ** ગૃહ ધરિ નામજી. ૧૫ ધ.

તાસ સીસ **જયવિમલ** અનોપમ, ગણિવર ગુણમણિ-દરિઉજી,
કીર્ત્તિવિમલ કવિ તેહનો જાણ્યો, જ્ઞાનચરિત્ર-જલ-ભરિઉજી. ૧૬ ધ.
તપ જપ સંયમ પુણ્યે પૂરો, સીસ સનાહઈ **સૂરો**જી.
દિનદિન ચઢતઈ તેજ સનૂરો, મુનિ ગુંણઇ નહિ અધૂરોજી. ૧૭ ધ.
સંવેગી સુધ પંથનો થાપક, શ્રી **વિનયવિમલ** કવિયસજી,
સંપ્રતિ સુવિહિત મારગ પાલઈ, નહિ જસ સજીનઈ રીસજી. ૧૮ ધ.
તાસ સિષ્ય સંયમ-ધુરધોરી, કીરતિ અછઇ જસ ગોરીજી,
ધીરવિમલ પંડિત તતિ ધોરી, મુંનિમારગ મત જોડીજી. ૧૯ ધ.
વર્ધમાન તપકારક તેહનો, **લબ્ધિવિમલ** વૃદ્ધ સીષજી,
લઘુ સેવક **નયવિમલ** વિબુધવર, માંનઈ ગુરૂની સીષજી. ૨૦ ધ.
સાધુવંદન તેણઇ કીધી, ઢાલ આણી છઇ સીધીજી,
જિણઈ મુંનિનઇ વંદણ નવિ કીધી, તેણિ પ્રમાદ મદિરા પીધી.
૨૧ ધ.

સિદ્ધાંત માંહિ જે મઈં જાંણ્યા, વહિલા તે ઈંહાં આંણ્યાજી,
કેતાએક પ્રકરણથી જાણ્યા, નાંમ થકી તે વખાણ્યાજી. ૨૨ ધ.
નામ ધ્રસ કહ કેતાએક મુનિવર, આણ્યા મઈં નિરધારજી,
પાંચ સય સાત અધિક છઈ ગાથા, એહની ચઉદશ ઢાલ ઉદારજી.
૨૩ ધ.

પાર નહી મુનિવર મુનિગણનો, કહી કિમ સકીઈ સર્વજી,
મતિસારૂ મઈં એણિમાં ગૂંથ્યા, ભક્તિભાવનો ગર્વજી. ૨૪ ધ.
સંવત **સંયમ લેદ** વખાણો **વસુ ભુજ** વરિસ વખાણોજી,
કાર્ત્તિકિ વદિ દસમી તિથિ જાણો, ગુરૂવારે સુપ્રમાણોજી. ૨૫ ધ.
લિખઇ લિખાવઇ નઈ વલી નિસુંણઈ તેહનઈ લાભ અનંતજી,
સાધુ વાંદ્યાનું ફલ તે લહસ્યઇ, કરિસ્યઇ દુખનો અંતોજી. ૨૬ ધ.
ઉત્તમ તે એહનેં આદરસ્યઈ, મુનિવંદનને હેતિંજી,
અવગુણ કોઇક મધ્યમ કહસ્યઈ, ઢાલસંબંધ સંકેતઈજી. ૨૭ ધ.
ભાવિક કાજિ આદર સું કીધી, શ્રી **સાચોર** મઝારિજી,
નયવિમલ કહઇ મુનિગુણ ગાતાં, નિતુનિતુ મંગલ ચ્યારિજી.
૨૮ ધ.

—ધનધન સાધુ મહંત એ મોટા.

(૧) વસ્તુ ૧ શ્લોક ૬૦૫ સર્વગ્રાથા ૫(?)૨ ઢાલ ૧૪ દૂહા ૪૭ સઝાય : સંપૂર્ણો લિપીકૃતઃ કૃતશ્ચ પં. શ્રી **ધીરવિમલગણિ** ચરણસહસ્ત્રપત્ર-પરાગ-પરભામ-રસિક-મનમધુ-કરાયમાણ પંડિત **નયવિમલગણિના** ઇતિ મંગલમાલિકા બાલિકાવદાલિંગતુ સદા સહૃદયહૃદયેષ્વિતિ શ્રેયઃ. પ.સં.૧૭-૧૫, હા.ભં. દા.૮૨ નં.૧૯૧. (કવિહસ્તલિખિત) (૨) પ.સં.૨૧-૧૪, હા.ભં. દા.૮૨ નં.૨૨૪. (૩) સં.૧૭૮૭ દ્વિ.ભા.શુ.૩ ચંદ્રવાસરે. પ.સં. ૨૬-૧૩, ડા. પાલણપુર દા.૩૯ નં.૪૩. [જૈહાપ્રોસ્ટા, રાહસૂચી ભા.૧.]

પ્રકાશિત : ૧. દયાવિમલજી જૈન ગ્રંથમાલા નં.૧૦.

(૩૪૦૯) પાર્શ્વ જિન સ્તવન કડી ૮૫ ૨.સં.૧૭૨૮

આદિ – જય જૈની જગદંબિકા, જયવંતી શ્રુતદેવિ,
ચંદ્રકિરણ પરિ નિર્મલી, તે **સરસતિ** પ્રણમેવિ. ૧
સરસ વચન વર મુઝ દિઉ, કૃપા કરી ગુરૂરાજ,
દસ ભવ **પાસ** જિણંદના, જગિ ગાજઇ જસ આજ. ૨

અંત – કલશ
ઇમ વિશ્વમંડન દુરિતખંડન **પાસ** જિનવર સંથુણ્યો,
સઇ **સતર** સંવત **સિદ્ધિ લોચન** વર્ષ હર્ષ ધરી ઘણો.
શ્રી **વિનયવિમલ** કવિરાજ સેવક **ધીરવિમલ** પંડિતવરો,
તસ ચરણ-પંકજરેણુ-મધુકર **નયવિમલ** જયજયકરો. ૮૫

(૧) પ.સં.૫-૧૩, વી.ઉ.ભં. દા.૧૭.

(૩૪૧૦) [+] નરભવ દશદૃષ્ટાંત સ્વાધ્યાય ૨૧ ઢાળ ૨૭૨ કડી સં. ૧૭૩૪ પહેલાં

આદિ – વિપ્રાક્ષધાન્યાનિ દુરોદરં ચ, રત્નેંદુપાનં કિમુ ચક્રવેધઃ
કૂર્મે યુગં સ્યાત્પરમાણુરૂપં, દૃષ્ટાંતમેતન્મનુજત્વલાભે. ૧
એતે દશપિ દૃષ્ટાંતાઃ સોપનયાઃ પ્રાકૃતભાષાયાં લિખ્યતે.

દૂહા – પ્રેમે **પાસ** જિણંદના, પદપંકજ પ્રણમેવિ,
સાનિધકારી સારદા શ્રી સદગુરૂ સમરેવિ. ૨
દસ દૃષ્ટાંતે દોહિલો, માનવનો ભવ એહ,
પામી ધર્મનઇ આદરઇ, અહલ ગમાવઇ તેહ. ૩
વાર અનંતી ફરસીઉં, એ સઘલો સંસાર,
છાલી વાટક ન્યાય પરિ, વિણ સમકિત આધાર. ૪
કંચનગિરી ગિરીમાં વડો, નદીયાંમાં જિમ **ગંગ**,

જિમ ગજમાં ઐરાવણો, જિમ તનુ માંહિ વરાંગ. ૫
તરૂ માંહિ જિમ કલ્પતરૂ, તેજવંતમાં ભાણુ,
પંખીમાં જેમ ગરૂડ ખગ, જિમ ચક્રી નરરાણ. ૬
જૈન ધર્મ જિમ ધર્મમાં, ઔષધમાં જિમ અન્ન,
દાતામાં જિમ જલધરૂ, જિમ પંડિતમાં મન્ન. ૭
ગ્રહગણમાં જિમ ચંદ્રમા, મંત્ર માંહિ નવકાર,
સગલા ભવ માંહે ભલો, તિમ નરભવ-અવતાર. ૮
ઓધિ લાભ નીમી સમો, દાખ્યો નરભવ એહ,
તે હાર્યો નવ પામીઇ, જિમ નિધિ દુર્ગત ગેહ. ૯
વિપ્રજિમણ[૧] તિમ પાશકા[૨], ધાનરાશિ[૩] નૈ જૂય[૪],
રયણ[૫] સુમિણ[૬] નેં ચક્ર[૭] હરિ[૮], ઝૂ સર[૯] પમાણુય[૧૦]. ૯
વિપ્રજિમણનો દાખીઉ, પહિલો એ દૃષ્ટાંત,
સુણજ્યો તેહ કહું હિવઇ, આલસ મુંકી સંત. ૧૦

*

પહિલાં **સિદ્ધ** ઋષઇ કરી, નરભવ ઉપનય સત્તરિ,
તે ખરી પ્રાકૃત ગાથા બંધ છઇ એ. ૯
તસ અનુસારિં એ કહ્યા, ઉપનય સઘલાં તે તિહાં લહ્યા,
ઇમ કહ્યા ભવિજનનેં ભણવા ભણીંઇ. ૧૦
ઉત્તરાધ્યયનિં દાપીયા અન્ય ગ્રંથઈ છે બહુ સાખિયા,
ભાષિયા **નયવિમલે** ઊલટી ધરી એ. ૧૧

દૂહા – ઇણિ પરિ ભાવ કરી ભણી એ ભવિજન સજ્જાય,
અંતર્ગત ઉપનય લહો, જિમ સમાધિસુખ થાય. ૧
શ્રી **ઉપદેશપદે** અછે, એહનો બહુ અધિકાર,
તિમ **આવશ્યક** ચૂર્ણિમાં, ઉપનયનો વિસ્તાર. ૨
બીજઈ પિણ ગ્રંથઈ અછે, નરભવ દસ સંબંધ,
ભાવિક કાજિ ભણવા ભણિ, કીધો પ્રાકૃતબંધ. ૩
વચનકલા તેહવી નહી, પણિ ઉપનય એહ માંહિ,
સજ્જન સગલા એહનઇ, આદરસ્યઇ ઉચ્છાહિ. ૪
એકવીસે ઢાલે કરી, એહનો બાંધ્યો બંધ,
વિસય બહોત્તરી એહની, ગાથા પ્રાકૃતબંધ. ૫

અંત – ઢાલ રાગ ધન્યાસી. થુણીઉં થુણીઉં રે મઇ રામ મુનીસર થુણીઉં

એ દેશી.

ભવિ ધરઇં રે ભવિ ઉપનય ચિત્ત ધરિઇ,

*

તપગચ્છ અંબરિ તરણિ સમોવડિ શ્રી **વિજયપ્રભસૂરિ** કરીઇ,
જેહની આણ કુસુમચી માળા, શેષા પરિ સિરિ ધરીઇ રે. ૧૦
જસ અભિધાન મૃગાધિપ નિસુણી પ્રતિવાદી ગજ ડરીઇ,
અહનિસિ કીર્તિકની ગચ્છપતિ ત્રિભુવનમંડપિ ફિરીઇ રે. ૧૧
વિદ્યાગુરૂ વલી **અમૃતવિમલ** કવિ, **મેરૂવિમલ** મનિ ધરીઇ,
જસ હિતસીખ સુણીનઈં સાચી, ભવિજન હિયડઈં ઠ(વ)રીઇ. ૧૨
વિનયવિમલ કવિરાજશીરોમણિ, સુવિહિત મુનિ ધુર ધુરીઇ,
ધીરવિમલ પંડિત તસ સેવક જસ યશ ત્રિભુવન ભરીઈ. ૧૩
શ્રી **નયવિમલ** વિબુધ તસ સેવક, તિણ એ ઉદ્યમ કરીઇ,
એ ઉપનય ભણતાં વલી સુણતાં મંગલકમલા વરીઇ રે. ૧૪ ભાવિ.

(૧) પ.સં.૧૫, પ્ર.કા.ભં. (૨) સં.૧૮૦૭ કા.વ ૧૧ રવિવારે. પ.સં. ૨૪–૧૦, ધો.ભં. (૩) પ.સં.૩૦–૯, જો.ના.

[પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૨.]

(૩૪૧૧) + શાંતિજન સ્તવન ૮૧ કડી ૨.સં.૧૭૩૬ અસાડ વ.૯ શુક્રવાર દહિઓદરપુર

આદિ –

દૂહા.

ચંદ્રકિરણ પરિ ઉજલી, શ્રી જિનવરની વાંણી,
તે સમરી મનિ **સારદા**, લહીઇં અવિરલ વાંણી. ૧
બાર ભવભેદઇં કરી, સ્તવશું **શાંતિ** જિણંદ,
પરિધલ ધનકણ સંપજઇ, પામઇં પરમાણંદ. ૨

અંત – દહિઉદરપુર-મંડણો એ, જયજય **અચિરાનંદ**,
શ્રી **શાંતિ** જિણેસરૂ એ. ૭૭
તપગચ્છ-તરણિ સમોવડઈં એ, શ્રી **વિજયપ્રભસૂરી**,
રાજઇં જિન ગાઇઓ એ. ૭૮
સંવત **સંયમ ભેદ** સ્યું એ, **મુનિ** ગુણ વરસનું માન,
લહો ઇણિ ભેદ સ્યું એ. ૭૯
માસ આષાઢ તણી કહીએ, વદી નવમી ભૃગુપુત્ર,
વારઇં જિન સંથુણ્યો એ. ૮૦

કલશ

જગજંતુકારણ કામદારણ મોહવારણ જિનવરો,
દુઃખ-કોડિ-ટાલણ સુખકારણ વંછિત-પૂરણ સુરતરો;
શ્રી **વિનયવિમલ** કવિરાજ સેવક **ધીરવિમલ** પંડિતવરો,
તસ સીસ પ્રણમઈ **શાંતિ** જિણવર **નયવિમલ** જયજયકરો. ૮૧

—ઇતિ શ્રી શાંતિ જિનસ્તવનં સંપૂર્ણં.

(૧) સંવત સત્તર સઈ સહી સત્તાવન અધિકાંતે લહી,
ચૈત્ર બીજલી ચઉદશ ધંન સ્તવન લિખ્યૂં અતિશેં પંવન. ૧
પાટણ માહા પવિત્ર ગામ, **અંબાદત્ત** બ્રાહ્મણનૂં નામ,
તેણે સ્તવન લિખ્યૂં અતિ ઉલ્હાસ, ભણે સુણે તેહની પોહોંચે આસ. ૨

પ્રં.૧૩૫, પ્ર.કા.ભં. (૨) સં.૧૭૫૭ લિ. પ.સં.૨૩-૧૫, હા.ભં. ઢા.૮૨ નં.૬૮. [બન્ને એક જ પ્રત હોવાની શકયતા છે.]

પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૧ પૃ.૯૩.

(૩૪૧૨) + જંબુ રાસ ૩૫ ઢાળ ૬૦૮ કડી ૨.સં.૧૭૩૮ માગશર શુદ ૧૩ બુધ થિરપુર(થરાદ)માં

આદિ – દૂહા.

પ્રણમી **પાસ** જિણંદના, ચરણકમલ સુષકાર,
જંબૂસ્વામી તણો કહું, સરસ કથા-અધિકાર. ૧
શીલવ્રત પહિલાં ધરી, કરપીડણ જિણિં ક્રોધ,
રાગ ઠામિ વયરાગીઉ, અકહ કહાંણી ક્રીધ. ૨
જંબૂ છેહલો કેવલી, જે આ **ભરત** મઝારિ,
સોભાગી મહિમાનિલો, સીલવંત સિરદાર. ૩
પ્રભવો પણિ પ્રતિબૂઝ્યો, પંચ સયાં પરિવાર,
શ્રી **સોહમ** ગણધાર તણો, પુણ્યવંત પટધાર. ૪
ભવિજનનિં ભણવા ભણી, તાસ સંબંધ કહેસિ,
આઠે કન્યાની કથા, શાસ્ત્ર થકી લવલેશ. ૫

અંત – ઢાલ. શાંતિજિનેસર ભામણઇ જાઉં – એ દેશી

ધનધન **જંબૂ** મુનિવર રાય, હું પ્રણમું તસ પાયા બે
કંચન કોડી કામિની છોડી, સંયમ સું મન લાયા બે. ધ. ૧૧
શીલવંત સિર મુગટ વિરાજિત, જગિ જસવાદ ગવાયા બે,

સોભાગી ગુણવંત મહામતિ, નામિં નવનિધ પાયા બે. ધ. ૧૨
તપગછનાયક સવિસુખદાયક, **શ્રી વિજયપ્રભસૂરિરાયા બે,**
જસ આણા મનવંછિત પૂરણ, કલ્પતરૂની છાયા બે. ધ. ૧૩
આચારય (અ. પ્ર) **વિજયરત્ન** સૂરીસર, મુનિજન તે સૂખદાયા બે,
જસ પ્રતિભા સિંહનાદ સૂણીનિં, વારિ હારિ મનાયા બે. ધ. ૧૪
તપ(તસ)ગછ શોભાકારક જાણો **શ્રી નયવિમલ** કવિરાયા બે,
કલિયુગમાં પૂરવ મુનિ ઉપમ, **સમરસ**પૂરિત કાયા બે. ધ. ૧૫
સંપ્રતિ વિજયમાન તસ **સેવક ધીરવિમલ** કવિરાયા બે,
તસ શેવક **નયવિમલિં** મતિ સું, **જંબૂ** ગણધર ગાયા બે. ધ. ૧૬
પાંત્રીસેં (પાંચસેં) ઢાલિં કરી રચીઉં, રાસ સરસ અધિકારી બે,
શ્રોતાજનને અતિ સુખદાયક, **થિરપુર** નયર મઝારિં બે. ધ. ૧૭
વસુ, કૃશાનુ, જલનિધિ, સસી વર્ષઈ એહ રચ્યો સુપ્રમાણેં બે,
માર્ગશીર્ષ સિત તેરસ દિવસે, શશીસુતવાર વખાણિ બે. ધ. ૧૮
કુશલવિજય પંડિત સંવેગી, તાસ કહણથી કીધો બે,
જંબૂસ્વામિ તણો લિવલેશેં, એહ સંબંધ મિં સીધો બે. ધ. ૧૯
એહ નીસુણા દ્રઢસીલ જે થાવે, તાસ જનમ સુપ્રમાણા બે,
ભણતાં સૂણતાં મંગલમાલા, નિતુનિતુ કોડિ કલ્યાણા. બે. ધ. ૨૦
ધનધન **જંબૂ** મૂનિવર રાયા.

—ઇતિ શ્રી જંબૂકુમાર રાસ સંપૂર્ણાઃ સર્વગાથા ૬૦૮. ગ્રંથાગ્રંથ શ્લોકમાન સંખ્યા ૧૨૩૫.

(૧) સં.૧૭૪૬ શાકે ૧૬૧૧, પ.સં.૨૪-૧૭, લા.ભં. નં.૪૦૦. (૨) સં.૧૭૮૬ કા.શુ.૫ બુધે **નવાનગર** મધ્યે લિ. આચાર્ય **ભાગચંદજી** શિ. ઋ. **વિજૈરાજેન** લિ. પ.સં.૧૯-૧૭, રાજકોટ મોટા સંઘ ભં. (૩) સં.૧૭૮૭ ચૈ.કૃ.૮ રવિ. પ.સં.૩૪-૧૩, લા.ભં. નં.૩૬૯. (૪) પં. કૃષ્ણવિજય શિ. પં. કપૂરવિજયેન લ. સં.૧૭૬૧ ભાદ્ર.શુ.૧૧ ગુરૂ કનકાવતી નગરે. પ.સં.૧૮-૧૮, ઝી. પો.૩૭ નં.૧૭૫. (૫) પ.સં.૨૭-૧૫, ઝી. પો.૩૭ નં.૧૭૪. (૬) લિ. પં. હંસરત્નગણિના અહિમ્મદાબાદ વાસ્તવ્ય ઉપકેશવંશવિભૂષણ ચતુર્થવ્રતધારક સુશ્રાવક **સો**ની ખીમચંદ તસ્ય ધર્મપત્ની સુશીલા શ્રાવિકા રહીબાઇ પઠનકૃતે. પ.સં.૨૯-૧૩, હા.ભં. દા.૭૯ નં.૩. (૭) પ.સં.૩૦-૧૪, હા.ભં. દા.૭૯ નં.૪. (૮) સં.૧૭૯૯ કા.વ.૩ લિ. પ.સં.૨૨-૧૭, વી.ઉ.ભં. દા.૧૭. (૯) સં.૧૭૮૭ ભા.શુ.૧૦ બુધે

રાજનગર મધ્યે પં. સુમતિવિજય શિ. રામવિજય શિ. મુનિ મહિમા-વિજય લ. પ.સં.૨૧-૧૮, વિ.ને.ભં. નં.૩૨૦૮. (૧૦) પ.સં.૨૨-૧૯, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૬. (૧૧) સં.૧૮૦૫ કા.વ.૯ મંગલ. પ.સં. ૩૮-૧૧, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૭. (૧૨) સં.૧૮૧૦ મૃગશિર વદિ ૧૧ ગુરૂ લિ. પં. કાંતિવિજય શિ. પં. ભક્તિવિજય થિરા ગ્રામે. પ.સં.૧૫-૨૧, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૫. (૧૩) સં.૧૮૧૪ વૈ.શુ.૧૦ બુધ. પ.સં.૨૭-૧૬, ઈડર ભં. નં.૧૬૩. (૧૪) સં.૧૮૧૭ પ્ર. શ્રા.શુ.૪ બુધે. પ.સં.૩૦-૧૬, સીમંધર. દા.૨૨ નં.૩૧. (૧૫) લિ. નર-રાજેન સં.૧૮૨૨ મૃગશિર વ.૧૪ ચંગેડી ગ્રામે. પ.સં.૨૦-૧૬, ખેડા ભં. દા.૬ નં.૪૦. (૧૬) સં.૧૮૨૪ જે.શુ.૭ બુધે. પ.સં.૨૫-૧૭, ખેડા નં.૩. (૧૭) સં.૧૮૩૯ માઘ કૃ.૭ રવિ. પ.સં.૪૧-૧૩, વિ.ને.ભં. નં.૩૨૦૫. (૧૮) પ.સં.૧૯-૧૭, વિ.ને.ભં. નં.૩૨૦૭. (૧૯) સં.૧૮૪૨ માગસર કૃ. પાર્શ્વનાથ કલ્યાણક દશમી દિવસે મહો. વિનયવિજય શિ. પં. માન-વિજય શિ. પં. અમરવિજય શિ. પં. મોહનવિજય લિ. ભરૂચ્ય બંદરે વેજલપુરે પોસ દસમી દિને સોમવાસરે લ. પ.સં.૩૭-૪૩, ખેડા ભં.૧ દા.૬ નં.૩૭. (૨૦) સં.૧૮૫૭ મહા વદ ૯ સૂર્યવાસરે ભ. દાનરત્ન-સૂરિ શિ. પં. કલ્યાણરત્ન શિ. પં. કુશલરત્ન શિ. પં. રંગરત્ન લ. ઉતેલીયા ગ્રામે ચંદ્રપ્રભુ પ્રાસાદાત્. પ.સં.૩૨-૧૪, ખેડા ભં.૧ દા.૬ નં.૩૨. (૨૧) સં.૧૭૭૨ આષાઢ શુ.૧૩ ગુરૂ રાજનગર મધ્યે. પ.સં.૧૧-૨૨, હા.ભં. દા.૮૨ નં.૨૧૭. (૨૨) સં.૧૮૫૬ ચૈ.કૃ.૧૩ ચંદ્રવાસરે લીંબપુરી મધ્યે શ્રી શાંતિનાથ પ્રાસાદાત્ વોહરા જયરાજયે હા. લખાવીને ગા.૬૪૮ શ્લો. ૧૦૭૫. પ.સં.૩૫, લીં.ભં. દા.૨૫. (૨૩) સં.૧૮૭૨ ચૈ.વ.૧૨ લિ. મુ. રતનવિજય ધર્મચંદ્રગણિ વાચનાર્થં પાટણનગરે. પ.સં.૧૭, છેલ્લું પાનું, જશ.સં. (૨૪) શ્લો.૧૦૨૩, પ.સં.૭-૧૨, રાયધનપતિસિંહ ભં. અજીમ-ગંજ દા.૮૧. (નોટિસીઝ ઑવ્ સં. મૅન્યુ. વૉ.૯ પૃ.૧૩૪-૩૫) (૨૫) સં. ૧૮૬૮ ફા.શુ.૭ ગુરૂ પ્રથમ પ્રહરે. ગાથા ૬૦૮, ગ્રં.૧૦૩૫, પ.સં.૨૪, ગોડીજી મુંબઈ નં.૪૬૭. (૨૬) સકલભટ્ટારકપુરંદર ભટ્ટારકભાલસ્થલકાયમાંન ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રી વિજયરત્નસૂરીશ્વર શિષ્ય પંડિત શ્રી ૫ પ્રવર-પ્રધાન શ્રી ગંગવિજયગણિ તત્શિષ્ય પં. રૂપવિજય પં. કુંઅરવિજય લિપિકૃતં શ્રી. બાલાપુર મધ્યે. સુશ્રાવક પુંન્યપ્રભાવક સંઘવિ ગોડીદાસ, તસ્ય લઘુ ભ્રાતા વિમલદાસજી તસ્ય પુત્ર ગુલાબદાસજી પઠનાર્થં. સંવત

૧૭૮૯ વર્ષે કાર્તિક વદિ ૧૨ દિને શુક્રે લિપીકૃતં. દે.લા. (કમલવિજય મુનિ પાસેની) (૨૭) પા.ભં. (૨૮) સં.૧૭૬૮ આશ્વીન શુ.૫ ગુરૂ લિ. સૂરતિ બંદરે. પ.સં.૨૯-૧૫, વી.પા. (૨૯) સં.૧૭૮૪ વર્ષે દ્વિતીય વૈશાષ શુદિ ૪ને દિને ગુરવારે. લિપિકૃતં શ્રી મહાવીર પ્રાસાદાત્ શ્રી કટારીયાનગરે. મો.ભં. (૩૦) રત્ન.ભં. (૩૧) સર્વગાથા ૬૦૮ ગ્રંથાગ્રંથ શ્લો.૧૦૩૫ સં.૧૮૦૪ ચૈત્ર વદિ ૧૩ સકલપંડિતશિરોમણિ પં. શ્રી પુણ્યવિજયગણિ તત્શિ. રત્નેન લીપીકૃતં. પ.સં.૨૩-૧૭, ગારિયાધર ભં. (૩૨) ભા.ભં. (૩૩) ખં.ભં.૧. (૩૪) લિ. પં. ખંતિવિજય ખાંતા મધ્યે સં.૧૮૫૮૨ા યેષ્ટ સુદ ૮ ભોમસીંગ. [ભં.?] (૩૫) લિ. સં.૧૮૫૬ શ્લો.૬૪૮ ગ્રં.૧૦૭૫. પ.સં.૩૫, લીં.ભં. દા.૨૫ નં.૧. (૩૬) લિ. સં. ૧૮૨૧ કાર્તિક વદ ૧૦, પ.સં.૧૦, પ્રે.ર.સં. (૩૭) સં.૧૭૭૫ વર્ષે જેઠ શુદ્ધિ ૧૫ શુક્રે શ્રી પત્તનનગરે લિ. પ.સં.૩૬-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૨૯. (૩૮) સંવત્ ૧૭૮૬ વર્ષે શકે ૧૬૫૧ પ્રવર્ત્તમાને દક્ષણાયન ગતે શ્રી સૂર્યે શરદ્તૌ મહામાંગલ્ય માસોત્તમમાસે શુકલ પક્ષે કાર્તિકયા રજોત્સવે પંચમી દિને બુધવાસરે. શુંભભૂયાત્. સકલનિષ્ણાતજ્ઞાતપારિજ્ઞાતકાંતિપુરંદર ભટ્ટારકશ્રી શ્રીપાતિસાહબિરૂદદત્ત જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વર તચ્છિષ્ય પંડિતોત્તમ પંડિત શ્રી ૫ વ(૨)સિંધ ઋષિ ગણિ તત્શિષ્ય રામવિજયગણિ શિષ્ય મહોપાધ્યાય શ્રી ૫ દેવવિજયગણિ શિષ્ય પં.શ્રી જશવિજયગણિ શિષ્ય પં. શ્રી જિનવિજયગણિ શિષ્ય પં. રૂપવિજયેન વાચનાર્થે લિખાપિતા, શ્રીરસ્તુ. કલ્યાણમસ્તુ. રૂણીપુર નગરે લિખિત ઋષિ હીરઉદયેન. [ભં.?] [ડિકૅટલૉગભાર્ગ વૉ.૧૯ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી (નયવિજયને નામે પણ), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૬૬, ૨૭૬, ૫૫૮).]

પ્રકાશિત : ૧. સંશો. કેશવલાલ પ્રેમચંદ મોદી, અમદાવાદ (દયાવિમલજી ગ્રંથમાલા અંક ૧૧). [૨. પ્રકા. શકરચંદ કાલિદાસ.]

(૩૪૧૩) [+] [જિન] પૂજાવિધિ સ્તવન ૨.સં.૧૭૪૧ વિજયાદશમી બુધ સમીમાં

આદિ – શ્રી જિન-વદન-નિવાસિની, સમરી **સારદ** માય,
પંચમ અંગે ધુરિ ભણી, બ્રાહ્મી લિપિ કહિવાય. ૧
દેસવિરતની મંડણી, હોઈ સમકિત સુદ્ધ,
જિન-પૂજાથી યોગ સુભ, બાંધે નિરમલ બુદ્ધિ. ૨

અંત – **વીરચંદ** આગ્રહ કરી, કીધું એહ તવન્ન.

ભણતાં નવનિધિ સંપજે, સુણતાં ચિત્ત પ્રસન્ન;
ચંદ્ર વેદ ભોજન વરિસ, વિજયદસમ બુધવાર,
પૂજાફલ રચના રચી, **સમી** સહર મઝાર.

(૧) પ.સં.૧૭, તેમાં પ્રથમનાં ચાર પત્ર, હા.ભં. ઢા.૭૯ નં.૫. [જૈનગુર્જરકવિઓ ભા.૧ (પૃ.૨૫૯).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૧.]

(૩૪૧૪) + બાર વ્રત ગ્રહણ (ટીપ) રાસ ૮ ઢાળ ૨૦૬ કડી ૨.સં.૧૭૫૦ ચોમાસામાં અમદાવાદમાં

આદિ –

દૂહા

પ્રણમી પ્રેમે **પાસના**, પદપંકજ અભિરામ,
નવનિધિ ઋદ્ધિસિદ્ધિ સંપજે, જેહનું સમરે નામ. ૧
સમકિત મૂલ જે વ્રત ધરે, તાસ જન્મ સુપ્રમાણ,
ઈગ દુ તિ ચઉ પણુ અણુવ્રતી, યાવત દોઈ દશમાન. ૨
જિમ ગુરૂમુખથી કીજીએ, બારવ્રત-ઉચ્ચાર,
સંક્ષેપે તિણિ વિધિ કહું, રાસબંધ સુખકાર. ૩

અંત –

ઢાલ ૮ – નમો ભવિ ભાવ શું એ દેશી

એ બાર વ્રત કેરડા એ સંખ્યાનું પરિમાણ, કર્યું ગુરૂમુખ થકી એ,
ધન્ય દિવસ હું તે ગણું એ, જિહાં પામ્યું બોધિબીજ, અનોપમ રત્નથી એ. ૨૦૦
રાજનગરવાસી ભલો એ, **વચ્છરાજ**સુત **લાલચંદ**, સદા શ્રાવક ગુણે એ
તેહ તણે કાજે કરી એ, પ્રાકૃતબંધે ટીપ, ભાવિક ભાવે ભણે એ. ૨૦૧
સંવત **નભ બાણ મુનિ વિધુ** એ (**૧૭૫૦**), વરસે રહ્યા ચોમાસ, પુરે, **નવાવાસ**માં એ,
સંવેગી મુનિ પરિવર્યા એ, **શ્રી જ્ઞાનવિમલ** સૂરીંદ, રહ્યા ઉલ્લાસમાં એ. ૨૦૨
તિણિ ઉપકાર ભણી કર્યો એ, સહુને જાણવા કામિ, વધે વ્રતવાસના એ,
એ પરિમાણે આદર્યો એ, બીજે પણ ઉચ્ચાર, ધરી બહુ ભાવના એ. ૨૦૩
રાયસિંહ દીપચંદ દેવચંદ એ, **લાધો** ને **ધનરાજ**, પ્રમુખ

વ્યવહારીયા એ.
તિણિ પણ એ અભિગ્રહ કર્યા એ, એહ લિખ્યા પરમાણ, અણુ-
વ્રત ધારીયાં એ. ૨૦૪
વલી જે ભાવ થકી ગ્રહે એ, સમકિતને અનુયાય, અણુવ્રત ગુણ-
વ્રતે એ.
તસ ઘરે નવનિધિ સંપદા એ, પ્રસરે પૂરણ પ્રેમ, મનોરથ સત્ય
ફલે એ. ૨૦૫
શ્રી જ્ઞાનવિમલ સૂરીંદના એ, મુખથી એ વ્રત લીધ, ધરી સમ-
કિત ભલું એ,
એહ ભણતાં સુણતાં થકાં એ, વાધે ધર્મનો ઢાલ, વહે ગુણ
નિર્મલા એ. ૨૦૬

પ્રકાશિત : ૧. સં'શો. વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી. (દયાવિમલજી જૈન ગ્રંથમાલા અંક ૧૧માં 'જંબુસ્વામી રાસ' સાથે સં.૧૯૭૪માં. અમદાવાદના વિમલના અપાસરાથી મળી શકશે.) [૨. પ્રકા. શકરચંદ કાલિદાસ.]

(૩૪૧૫) + તીર્થમાલા ઢાલ ૮ ૨.સં.૧૭૫૫ જેઠ શુ.૧૦

કવિએ આ યાત્રા સુરતથી શરૂ કરી છે. અહીં એમણે રાનેર, ભરૂચ, ગંધાર, કાવી વગેરે તીર્થોનું વર્ણન કરી ગુજરાતનાં કેટલાંક ગામોનાં તીર્થો બતાવી પછી મારવાડનાં તીર્થોનું વર્ણન કરેલ છે. ત્યાંથી સિદ્ધપુર, મહેસાણા અને અમદાવાદ થઈ કવિ પાછા છ માસે સુરત આવ્યા છે.

આદિ – ઢાલ ૧ શાસનાદેવીય એ દેશી

શ્રી જિનવર તણા લીજઈ ભામણાં, ચરણપંકજ નમી ભાવ સ્યું એ,
ચૈત્યપરવાડીય, પુન્યની વાડીય, પભણીય પ્રેમ બહુ ચાવ સ્યું એ. ૧
મનમાં આનંદિયા જિનવર વંદિયા, **સતર પંચાવન** વરિસ માંહિ,
ઢાલબંધિ કહું વંદિય ગહગહું, સયલ સુખ જિમ લહુ ધરી ઉચ્છાહિ. ૨

અંત – સંવત **સતર પંચાવને** સુ. સફલ મનોરથ સિદ્ધ, સા.
જેષ્ઠ શુકલ દશમી દિને, સુ. એ તીરથ રચના કીધ, સા. ૮૦

કલશ

ઈમ તીર્થમાલાં ગુણવિશાલા, કરી સંઘે અતિ ભલી,
કલ્યાણમાલા ભવિક બાલા, લહો જિમ મનની રૂલી,
પરભાતિ ઉઠી એહ જિનવર, નામગુણ કંઠિ ધરઈ,
જ્ઞાનવિમલ ગુણૌધ સમકિત, સહજ લીલા તે વરઈ. ૮૧

પ્રકાશિત : ૧. પ્રા.તી.સં. પૃ.૧૩૨થી ૧૪૦.

(૩૪૨૬) **રણસિંહ રાજર્ષિ રાસ** ૩૮ ઢાળ ૧૧૨૨ કડી લ.સં.૧૭૬૫ પહેલાં

આદિ – સકલ સમિહિત સુરલતા, સીંચન નવજલધાર,
શ્રી **શંખેશ્વર પાસજી**, પ્રણમી પ્રાણ-આધાર. ૧
જિમ **ઉપદેસમાલા** થઈ, જિણ હેતઈ જિણઈ ક્રીધ,
જે પ્રકરણ છે રૂઅડો, આજ લગેં (પા. સંપ્રતિ સમે) સુપ્રસિદ્ધ. ૨
તે **રણસિંહ** નરિંદની, કહું કથા અભિરામ,
સાંભલતા સવિ સુખ હુઇ, સીઝે વંછિત કામ. ૩

અંત – એ **રણસિંહ** નરિંદને, હિત હેંતે હો કરી **ઉપદેશમાલ**,
તેહ સંબંધ પ્રકાસીઉં, સુણી સમઝો હો ભવિબાલગોપાલ સાધુ.
દુર્ઘટી નામે વૃત્તિ છેં, તેહ માહઈ હો કહ્યું એહ ચરિત્ર,
તિહાંથી એ સંબંધ આણી છે, તે સુણતાં હો હોઇ જન્મ પવિત્ર. ૨૮

*

ઢાલ ૩૮મી સાંભરીયા ગુણ ગાવા મુઝ મનિ હીરનાજી – એ દેશી.
ભણ્યો ભવિ **ઉપદેશમાલા** હિત ધરી રે, જિમ હોઈ ક્રોડિ કલ્યાણ,
ઈહ લોકેં તસ સુમતિ સુરચિ શુભ વાસના રે, આયતિ લહેં
નિર્વાણ. ભણ્યો. ૧

*

શ્રી **વિજયપ્રભ**સૂરિ પુરંદર જાણીયે રે, શ્રી **તપ**ગચ્છ શિણગાર,
વિમલ શાષાઈ તસ ગછ શોભાકારકુ રે, વારૂ યસ વ્યવહાર. ભણ્યો. ૪
સુવિહિત મુનિ મર્યાદાગુણનીલો રે, શ્રી **વિનયવિમલ** કવિરાય,
તાસ વિનેય અમેય અજય ગુણાકરૂ રે, **ધીરવિમલ** કવિરાય.ભણ્યો. ૫
તાસ સીસ **નયવિમલ** મતિ જેહની રે, દેષીને ગુણગેહ,
પુન્ય પસાઈ સુવિહિત આચરણ થકી રે, સૂરિ બિરૂદ લહેં(એહ).
ભણ્યો. ૬
જ્ઞાનવિમલસૂરિ નામેં સંપ્રતિ જે અછે રે, સજ્જન-જન-સુખકાર,
રચના ક્રીધી ભવિજન ભણવા જાણવા રે, અનોપમ એ અધિકાર.
ભણ્યો. ૭
અડત્રીસેં ઢાલેં કરી સુલલિત પદબંધ સું રે, સંપૂરણ થયો એહ,
એ **ઉપદેશમાલા** અર્થ હૃદયમાં ભાવતાં રે, વાધઈ ધર્મસનેહ.ભણ્યો. ૮
ભણેં ભણાવેં લિખેં લિખાવેં સાંભલેં, તસ ઘરિ મંગલમાલ,

ઋદ્ધિ વૃદ્ધિ નવ નિદ્ધિ સિદ્ધિ સંપદા રે, લીલા લહેં વિશાલ. ભણુયો. ૯
—ઇતિ શ્રી રણુસિંહ રાજઋષિ રાસ સંપૂર્ણ.

(૧) સંવત ૧૮૦૨ વર્ષે કાર્તિક માસે શુક્લપક્ષે ત્રયોદશી રવિવાસરે શુભં ભવતુ લિખતં **સૂ**રતિબિંદરે લેખકપાઠકયોઃ કલ્યાણ ભવતુ. પ.સં. ૫૫–૧૩, આ.ક.ભં. (૨) સર્વગાથા ૧૧૨૨ ઇતિ શ્રી રણુસિંહ રાજઋષિ-રાસ સંપૂર્ણમ્. સં.૧૮૧૩ પોસ વદ ૬ + ગુરૌ લિ. મહોપાધ્યાય શ્રી **સુ**ંદર-સૌભાગ્યગણિ શિ. ખુશાલસૌભાગ્યગણિ શિ. મુનિ **રં**ગસૌભાગ્યેન લિપિકૃતં **સૂ**ર્યપુર મધ્યે. પ.સં.૪૫–૧૫, વી.પા. (૩) પ.સં.૬૩–૧૧, રત્ન.ભં. દા.૪૨ નં.૮. (૪) સં.૧૭૬૫ કા.શુ.૧૩ શનિ. પ.સં.૩૫–૧૬, મુક્તિ. નં.૨૩૫૭. (૫) પ.સં.૫૭–૧૩, દા.૨ નં.૩૮. ભાગ્યરત્ન મુનિ ખેડા. [હેજૈ-જ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૦).]

(૩૪૧૭) + વીસ સ્થાનક સ્ત. કડી ૮૧ ૨.સં.૧૭૬૬ પોષ વદિ ૮ બુધ સુરતમાં

આદિ – શ્રી જિન-મુખકજ-વાસિની, બ્રહ્માણી શ્રુતદેવિ,
થાનક તપ મહિમા વિધિઇ, હું પભણું નિતમેવ. ૧

અંત – **સૂ**રતિ બંદિર સુંદર શ્રાવક થાનક તપ આદરતાજી,
તેહ તણા વિધિ જાણણ હેતઇ, પ્રબલ પુણ્ય અનુસરતાજી. બલિ.
ગ્રંથ **વિચારામૃત**થી નિસુણી, **જ્ઞાનવિમલ** ગુરૂ વાણીજી,
સમકિત અનુભવ ઉલસૈ એહથી, અવર ન એહ સમાણીજી.
સંવત **રસ ઋતુ મુનિ વિધુ** માસે, પોસ વદિ આઠમિ બુધવારઇજી.
ભણવા કાજૈ તવન કર્યું એ, નિતુનિતુ મંગલ ચ્યારજી. ૮૧
બલિહારીશ્રી જિન તણી.

(૧) પ.સં.૬–૧૧, વી.ઉ.ભં. દા.૧૭.

પ્રકાશિત : ૧. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૧.

(૩૪૧૮) + ચંદકેવલી રાસ અથવા **આનંદ મંદિર રાસ** ૧૧૧ ઢાળ ૨૩૯૪ કડી ૨.સં.૧૭૭૦ માહ શુદ ૧૩ રાધનપુરમાં

આદિ – દોહા.
સુખકર સાહેબ સેવીયેં, શ્રી **સંખેસર પાસ,**
જસ સુજસ જગ વિસ્તર્યો, મહિમાનિધિ આવાસ. ૧
વાસવપૂજિત ચરણકજ, રજપાવિત ભૂપિઠ,
પરતાપૂરણ પરગડો, એહવો અવર ન દીઠ. ૨

સંપ્રતિ કાલે તીર્થ છે, જે મહિમાભંડાર,
પણ એ અતીત ચોવીશમેં, કહી ઉત્પત્તિ વિસ્તાર. ૩

*

જિનગુરૂ **સરસતી**નેં નમી, તેમ પ્રણમી ઓંકાર,
શ્રી શ્રી **ચન્દ** કેવલી તણો, કહું કથા અધિકાર. ૩૦
જેમ જણ્યો છે શાસ્ત્રમાં, ગુરૂઉપદેશે રસાલ,
નામઠામ તસ દાખવું, સુણુજો થઇ ઉજમાલ. ૩૧

અંત – ઢાલ ૫૫મી રાગ ધન્યાસી. તપગચ્છકો સૂલતાંન સુહાવે એ દેશી.

તપગચ્છ નીર્મલ જિમ ગંગાજલ લાયક નાયક તેહનાજી,
શ્રી **આનંદવિમલ** સૂરીસર, સંપ્રતિ સંવેગ ગુણ જેહનાજી. ૧
સુણયો ભવીયત સાધ તણા ગુણ, ભણયો ભાવ ધરીનેંજી,
જિનદર્શન મુનીવંદન એ બેહુ, મોટાં કરણી ભવિનેંજી. ૨ સુ.
ક્રીયાઉધાર કરીને જેણે સાસનસોભ ચઢાઇજી,
કુમત-જલધીમાં પડતાં જનને બોધ દીએા સુખદાઇજી. ૩
શ્રી **વિજયદાન** સુરીસર સુંદર, તસ પાટિ દિનકર સરીષાજી,
અઢાર(અઢી) લાખ જિનબિંબ પ્રતિષ્ઠી, જ્યમતે (જિનમતે) શુદ્ધા પરિષ્યાજી. ૪
હારો **હીરવિજય** જયો સુરી, કીર્ત્તિ સજી જિણેં ગોરીજી,
સાહિ **અકબર**નિં નીજવયણેં, જિનમત સ્યૂં મતિ જોરીજી. ૫
સાહિબ **સલેમ** આગલિં જય વરીએા, શ્રી **વિજયસેન**સુરી ગુંણુદરીએાજી,
બિરૂદ સવાઇ જગતગુરૂ ધરીએા, મતિ સુરગુરૂ અધીકરીએા. ૬
શ્રી **વિજયદેવ**સૂરીશ્વર તાસ પાટે, ઉદયો અવિચલ(અભિનવ) ભાંણુજી,
આચારીજ શ્રી **વિજયસિંહ** સૂરીસર, જ્ઞાંન ક્રિયા ગુણ જાંણુજી. ૭
અનુક્રમે તે આચારિજ સુરપતી, પ્રતિબોધનનેં પોહતાજી,
શ્રી **વિજયદેવ**સૂરી નીજ પટે થાપેં, શ્રી **વિજયપ્રભ**સૂરી વિનીતાજી.૮
સંપ્રતિ તે જયવંતા હૂતા, તસ પટેં (ગચ્છ) સોભાકારીજી,
શ્રી **આણંદવિમલ**સૂરી દીક્ષિત, કવિ **ધર્મસિંહ** મતિ સારીજી. ૯
તસ શિષ્ય શ્રી(વિ)**જયવિમલ** વિબુધવર, **કીર્તિવિમલ** કવિ સીસ તેહનાજી,
શુદ્ધાચારી શુદ્ધાહારી, બિરૂદ કહીજે તેહનાજી. ૯

શ્રી **વિનયવિમલ** પંડિત વૈરાગી, શીક્ષા તેહની લહીઇજી,
શ્રી **વિજયપ્રભસૂરી**ની આણા, સીસ ધરી નિરવહીઇજી. ૧૦
ધીરવિમલ પંડિત તસ સેવક, સમયમાંને શુધિ વાણીજી,
શક્તિ પ્રમાણે ક્રિયા અનુસરતા, સીષવતા ભવી પ્રાણીજી. ૧૧
વર્દ્ધમાનતપકારક તેહના, **લબ્ધિવિમલ** તસ સીસાજી,
લધુ સેવક **નયવિમલ** વિબુધજી, બુદ્ધિમાં સબલ જગીસાજી. ૧૨
સયણ સહાયે ચિત્ત નીરમાઇ, ઉપસંપદ કરી લીધુંજી,
આચારીજપદ **જ્ઞાનવિમલ** ધતિ, નામ થયું સુપ્રસિદ્ધજી. ૧૩
નિધિ યુગ મુનિ શશી સંવત માને (**૧૭૪૯**) ફાગણ સુદિ
પંચમી દિવસેંજી,
પત્તન નયર તણે તસ પાસે, પદ પામ્યા સુભ દેસેજી. ૧૪
શ્રી **વિજયપ્રભસૂરી**નેં પાટેં, પક્ષ સંવેગી સુહાયાજી,
જ્ઞાનવિમલસૂરી સંપ્રતિ દીપે, તેજે તરણી સવાયાજી. ૧૫
તિણેં એ **આનંદમંદિર** નામે, રાસ કર્યો સુષહેતેંજી,
સાગર વિજય બીહૂ સમવાઇ, સુણવાને સંકેતેજી. ૧૬
રાધનપૂર સહેરે પ્રારંભ્યો, સંપૂર્ણ થયો તિહાંઇંજી,
નભ મુનિ મુની સિંધુ સંવત માને **૧૭૭૦**, અધિક અધિક
ઉછાંહિજી. ૧૭
માહ સુદિ અજુઆલી તેરસ, પુષ્યારકને યોગેજી,
સ્નાત્રોચ્છવદિનેં ચઢયો પ્રમાણે, એહથી સુષીઓ સવિ લોગજી. ૧૮
અરિહંત સિદ્ધ સુસાધુ સુધર્મના, મંગલ એહિ ચારજી,
એ **આનંદમંદિર**માં તેહથી, સુષીઓ બહુ સંસારજી. ૧૯
એકશત એકાદશે છે ઢાલાં, નવનવ બંધ રસાલાજી.
સાર્દ્ધસહસ્ત્ર ષટ માન ગ્રંથે, ભણુતાં મંગલમાલાજી. ૨૦
શત છીહોત્તરિ ગુણુયાલ ગ્રંથ૪.

(૧) મહો. રવિવર્દ્ધન શિ. પં. ઋદ્ધિવર્દ્ધન શિ. પં. ધીરવર્દ્ધન શિ. પં. સંપ્રતિ કલ્યાણવર્દ્ધન શિ. પં. રંગવર્દ્ધનગણિના સ્થંભતીર્થ બંદિરે સં.૧૭૭૨ ફા.શુ.૭ રવિજયવારે લિ. પ.સં.૨૫૭-૧૨, હા.ભં. દા.૭૮ નં.૧૨. (૨) સં.૧૭૭૯ ચૈ.વ.૮ બુધે **રાજનગરે**. પ.સં.૩૫૫-૧૧, ખેડા ભં. દા.૬ નં.૨. (૩) સં.૧૭૮૦ કા.વ.૧૨ સોમે. પ.સં.૧૩૧-૨૧, વિજાપુર જ્ઞા.ભં. નં.૬૦૯. (૪) સં.૧૭૯૩ આષાઢ શુ.૧૫ **રાજનગરે** લિ.

પ.સં.૧૯૭-૧૩, સીમંધર. દા.૨૨. (૫) સં.૧૮૨૭ શાકે ૧૬૯૨ કા.કૃ.૩ ભોમે ધર્મનાથ પ્રસાદાત્ ઉવરંગાબાદે લ. પ.સં.૨૯૮-૧૧, મો. સુરત પો.૧૨૦. (૬) સં.૧૮૫૭ માહ શુ.૧૩ ભોમે લિ. પં. હીરાચંદ શિ. પં. દેવચંદ વોહરા જયરાજ્યેન વાંચનાર્થં. લીં.ભં. દા.૨૫ નં.૧. (૭) લિ. રતંભતીર્થે. પ.સં.૧૯૩-૧૫, હા.ભં. દા.૭૮ નં.૭. (૮) સં.૧૮૬૩ માર્ગસિર વ.૫ મંગલ લ. પં. (નામો છેકી નાખ્યાં છે) વીરમગ્રામે અજિત શાંતિ પ્રસાદાત્. પ.સં.૨૧૭-૧૬, ઝીં. દા.૩૫ નં.૧૬૧. (૯) સં.૧૮૬૪ શાકે ૧૭૨૯ માધ શુ.૮ ભૃગુવાસરે લિ. રૂપહંસગણિના. ભ્રાતૃ પં. શિવહંસ લિ. પ.સં.૨૧૬-૧૬, મો. સુરત પો.૧૨૦. (૧૦) પ.સં.૨૨૭-૧૩, વી.ઉ.ભં. દા.૧૯. (૧૧) સં.૧૭૭૦ ફા.શુ.૧૪ બુધે પં. સુખસાગરગણિના રાધનપુર નગરે. પ.સં.૧૫૫-૧૭, ખેડા ભં.૩. (૧૨) સં.૧૮૭૩ માઘ શુ.૭ અર્કવાસરે ખેટકપુરે ઋષભ પ્રસાદાત્ સેઠી વેત્રવત્યોપકંઠે લિ. પં. રાજરત્ન શિ. મુનિ અનોપરત્નેન. પ.સં.૧૫૫-૧૪, ખેડા ભં.૩. (૧૩) ભં. વિજયદેવસૂરિ શિ. પં. લબ્ધિવિજય શિ. પં. રત્નવિજય શિ. પં. વિવેકવિજય શિ. પં. અમૃતવિજયેન લિ. સં.૧૮૨૪ માહા શુ.૭ શનિ ખેટકપુરે મૂળ અમદાવાદ જૈનશાલાની પ્રત લાવી ઉતારી પટેલ વકીલ વરજલાલ વેણીદાસ સં.૧૯૨૭ માહા શુ.૭ શનિ ખેટકપુરે પ.સં.૧૯૫-૧૯, ખેડા ભં. દા.૭ નં.૮૮. (૧૪) ગુરૂ હીરાલાલજી રહેવાસી કિલ્લે ખેડાના અર્થે ખેડાના રહેનાર વ્યાસજી કાલીદાસ પ્રાણુનાથે લખ્યો સં.૧૯૪૦ આસો સુ.૧૦ ચંદ્રવાર. પ.સં.૩૦૪-૧૨, મો. સુરત પો.૧૨૨. (૧૫) પ.સં.૩૧૫-૧૧, ગુ. નં.૫૪-૨. (૧૬) સં.૧૭૯૧ શાકે ૧૬૫૬ વૈ.શુ.૧૦ રવાસરે બર્હાણપુર સહાદ્રંગે પં. જયસુંદરગણિભિઃ લિખાપિતં. વિ.મે. અમદાવાદ. (૧૭) સર્વગાથા ૩૩૮૫ ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૭૯૩૬ ઇતિ શ્રી ચંદ્ર પ્રબંધે પ્રવાસચર્યાયાં.....અનેકવિચારસારમય આનંદમંદિરનામ્નિ રાસકે ચતુર્થોધિકારઃ સંપૂર્ણઃ શ્રી શ્રી વિદ્યાપુરે ગ્રામે લિષિતસ્ય વાચયા, શ્રીમદ્દેવસુરિય ગણે શ્રી ચિંતામણી પ્રસાદયેત્. સકલભદ્રારકપુરંદર ભ. શ્રી શ્રી વિજયપ્રભસૂરી તતશિષ્ય પં. શ્રી હેમવિજયગણિ તત્શિષ્ય પં. ગંગવિજયગણિ તત્ સુશિષ્ય પં. શ્રી ગજવિજયગણિ તત્શિષ્ય પં. શ્રી હંસવિજયગણિ તત્શિષ્ય પં. મુક્તિવિજયગણિ લિપિકૃત્યઃ શિષ્યાદિહેતવે.

સંવત અઢાર ઓગણોત્તરે રહ્યા વિદ્યાપુરે ચોમાસ,

હેત કરી ચિત્ત ચોપ રચૂં, લખીઓ શ્રી શ્રી ચંદ્રજરાસ. સં.૧૮૬૯ સાકે ૧૭૩૪ પ્રવર્ત્તમાને ફા.વદિ ૨ ગુરૌ. [ભં. ?] (૧૮) સર્વગાથા ૨૩૯૪ ગ્રંથાગ્રંથ ૬૮૩૯. ઇતિ શ્રી ચંદ્રપ્રબંધે પ્રવાસચર્યાયાં. ઇત્યાદ્યનેક વિચારસારમય આનંદમંદિરનામ્નિ રાસકે ચતુર્થોધિકાર સમાપ્તઃ ૪ ઇતિ શ્રી ચંદ્રકેવલી રાસ. આનંદમંદિરનામા સંપૂર્ણો લિખિતઃ પંડિત સુખસાગર-ગણિના શ્રી રાજનગરે સંવત ૧૭૭૧ વર્ષે કાર્ત્તિક વદિ ૪ દિને સોમવાસરે. પ.સં.૧૭૨-૧૫, આ.ક.ભં. (૧૯) પ.સં.૨૩૪, મો.ભં. (૨૦) સર્વગાથા ૨૩૯૪ ગ્રંથાગ્રંથમાન ૭૬૪૯ સકલભટ્ટારકપુરંદર ભાંમણિભાલસ્થલતિલકાયમાન ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રી વિજયમાન સૂરીશ્વર શિષ્ય પંડિત શ્રી ૫ મહિમાવિજયસૂરિ શિષ્ય પંડિત શ્રી રૂપવિજયગણિ શિષ્ય પં. શ્રી જીત વિજય લપિકૃતં. સં.૧૭૮૩ વર્ષે ફાગુણ સુદિ ૭ દિને વાર શુકરે લખિતોયં શ્રી ખંભાતબંદેરે સકલ ભટ્ટારક શ્રી શ્રી વિજયઋદ્ધિરી વિજયૈ રાજ્યે સુભં ભવતુ. પ.સં.૨૬૦-૧૪, ભ.ભં. (૨૧) સં.૧૮૩૬ શાકે ૧૭૦૧ ભાદ્રપદ માસે શુકલપક્ષે ૫ ભોમવાસરે લિ. શ્રી લીંબડી મધ્યે. પ.સં.૨૭૦-૧૪, લીં.ભં. (૨૨) પં.૧૮૫૬ ચૈત્ર કૃષ્ણપક્ષે ત્રયોદશી તિથૌ ચંદ્રવાસરે લિ. લીંબપૂરી મધ્યે. શ્રી શાંતિનાથ પ્રસાદાત્. વોહરા જયરાજ જયૈડા લખાવીતં આત્માર્થે વાંચનાર્થે. પ.સં.૩૫-૧૩, લીં.ભં. (૨૩) ગ્રં.૬૯૩૯ લ.સં.૧૮૫૭, પ.સં. ૩૮૪, લીં.ભં. દા.૨૫ નં.૧. (૨૪) સંવત્ ૧૮૮૪ વર્ષે જેષ્ઠ વદિ દ્વાદશ્યાં તિથૌ ભોમવાસર દિને લિપીકૃત શ્રી ફલવર્દ્ધી (ફલોધી) મધ્યે. પ.સં. ૧૪૪-૧૫, અનંત. ભં. [ડિકેટલોગભાઇ વૉ.૧૯ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ, ભા.૧ (પૃ.૨૪૫, ૫૦૦).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણેક. [૨. સંપા. કપૂરચંદ રણછોડદાસ વારૈયા.]

(૩૪૧૯) + અશોકચંદ્ર રોહિણી રાસ ૩૧ ઢાળ ૨.સં.૧૭૭૪ માગશર શુ.૫ સુરત પાસે સૈદપુરે

આદિ –

દૂહા.

સુખકર શ્રી સંખેશરૂ, પાસ જિણંદ દયાલ,
પ્રણમી પદયુગ તેહના, મનવંછિત સુખ રસાલ. ૧
પરતાપૂરણ પરગડો, મહિમા મહિમનિવાસ,
ધરણરાય પદમાવતી, પૂરો વંછિત આશ. ૨
પાસ જખ્ય જસ શાસને, સાનિધ કરે કર જોડ,

અલિય-વિઘન દૂરેં કરે, દુઃખદોહગ સવિ છોડ. ૩
કીડીને કુંજર કરે, તે શ્રી સુગુરુપ્રસાદ,
અહનિશ જે સંભારતાં, ઉપજે અધિક આલ્હાદ. ૪
જિમ અંજન નિર્મલ થકી, વાધે નયણે તેજ,
તિમ મતિ દીપે દેખીઇં, સકલ વસ્તુ ગુરુહેજ. ૫
ગુણમણિ રોહિણી રોહણા, ચલ ભુમિકા સમાન,
રોહિણી નામે જે થઈ, તાસ પ્રબંધ કહું આંન. ૬
સુણતાં શ્રવણે સુખ હોઇ, ભણતાં નાવે શોક,
આયત હિતને કારણેં, સદા કાલ ત્રિહું લોક. ૭
[૧]ધર્મ ધર્મ ભાષેં સહુ, પણ પરમાર્થ ધર્મ્મ,
આત્મભાવિ આચરણ કરે, દૂર કરઈ સવિ કર્મ્મ. ૮

અંત – ઢાલ ૩૧મી સાંભલિયા ગુણ ગાવા મુઝ મનિ હીરના – એ દેશી.

ધનધન સુવિહિત **તપગચ્છ** સાધુપરંપરા રે, **આણંદવિમલ** સૂરીરાય રે,
ક્રિયાઉદ્ધાર કરી કર્યું સાસન ઉજલું રે, નિરમોહી નેં નિરમાય રે. ધન. ૧
શ્રી **વિજયદાન** સૂરીસ તસ પાટેં થયા રે, તે પણ તસ પ્રતિરૂપ રે,
શ્રી **હીરવિજયસૂરી** તસ પાટેં સોહેં રે, પ્રતિબોધ્યા **અકબર** ભૂપ રે. ધન. ૨
થોકેંથોકેં લોકાં તસ ગુણ ગાવતાં રે, આજ લગેં વલી વિખ્યાત રે,
શ્રી **વિજયસેન** સૂરીસ્વર સુગુરૂ સારિખો રે, બુદ્ધિ **સરસ્વતી** સાક્ષાત રે. ધન. ૩
શ્રી **વિજયદેવ** સૂરીસર તસ પટધારકું રે, આચારજ **વિજયસિંહ** રે,
અભિનવ જાણે સૂરપતિ સુરગુરુનેં જિસ્યો રે, સુવિહિત મુનિ મન માંહિં લીહ રે. ધન. ૪
તસ પાટ ઉદયાચલ ઉદયપ્રભા જિસ્યા રે, શ્રી **વિજયપ્રભસૂરી** ભૂર રે,

---

૧. સરખાવો આનંદઘનના 'ધર્મનાથ સ્તવન'માંની કડી –
ધરમધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મનો જાણે ન મર્મ, જિનેસર,
ધર્મ જિણેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ, જિનેસર.

સંપ્રતિ સમયેં જોતાં તેહના ગુણ ઘણા રે, કહેતાં વાધેં વલી નૂર રે. ધન. ૫
હવે શ્રી **આણંદવિમલ** સૂરિ તણા વડસીસ જે રે, **ધરમસીહ** અણગાર રે,
વયરાગી ગીતારથ ગુરૂ ગુણરાગીયા રે, સંવેગી સીણગાર રે. ધન. ૬
તસ શિષ્ય ગણિ **જયવિમલ** નામેં ભલા રે, **કીર્ત્તિવિમલ** કવિ સીસ રે,
.....ગૌરી ગાવેં જસ જગીસ રે. ધન. ૭
સીસ તેહનો **નયવિમલ** નામેં કવિ રે, વિનયી વહેં ગુરૂઆણ રે,
ઉપસંપદથી તિણેં આચારિજપદ લહ્યું રે, લહી શ્રી **વિજયપ્રભ**-સૂરી આંણ રે. ધન. ૮
નામ લહ્યું તિણેં **જ્ઞાનવિમલસૂરિ** છેસ્યું રે, તેણે એ રચીઓ રાસ રે,
ઢાલબંધ એ ભવિજનનેં ભણવા ભણી રે, નેહથી હોઇ બૂદ્ધિ-પ્રકાસ રે. ધન. ૯
સંવત **યુગ મુનિ મુનિ વિધુ** વર્ષ નામથી રે **સૂરતિ** બિંદર પાસ રે,
સૈદપૂર બંદિર તિલકનેં સારિખૂં રે, તિહાં રહી ચોમાસ રે. ધન. ૧૦
વિમલ શાંતિ જિન ચરણસેવા સુપસાયથી રે, સંપૂરણ એ પ્રબંધ રે,
માગસિર સુદિ જ્ઞાનપંચમી દિવસ સોહામણો રે, મનહ મનોરથ સીધ રે. ધન. ૧૧
સંતોષી સહુ સંઘ તણાં મન મન રીઝીયા રે, **સાંભલી** એહ સંબંધ રે,
ઇમ જાણીનેં તપજ્યે અનિ દાંનથી રે, ઉપસમનો અનુબંધ રે. ધન. ૧૨
ઢાલ એકત્રીસ એમનું એકત્રીસ સીધાના રે, એકએકથી અધિકાય રે,
સુણતાં ભણતાં પાતિકડાં સર્વ પૂલાઈ રે, મંગલમાલા થાય રે. ધન. ૧૩
શ્રી **સુખસાગર** ઉવઝાયેં એ લષિઓ હર્ષથી રે, પ્રથમાદર્શે એ રાસ રે,
સોવનકૂલેં વધાવો ભાવિં ભવિજન રે, જિમ પોહચેં મનિ આસ રે. ધન. ૧૪

(૧) સં.૧૮૨૨ પો.વ.૮ શનિ અમૃત ચોઘડીઇ પં. **મોહન**વિજય-ગણિ શિ. મુ. ઉદયવિજય લખીઉં છે **ભાવનગર** બંદિર ચોમાસ્યું. પ.સં. ૩૭-૧૬, હા.ભં. દા.૮૨ નં.૨૧૮. (૨) સં.૧૮૩૪ વૈ.વ.૧૧ **સૂરતિ** બિંદરે વા. **મુનીરં**ગજીગણિ શિ. વા. **ક્ષમાનં**દનગણિ પં. **ચંદ્રભાં**ણિ ઉત્તમચંદ **વિજૈ**ચંદ **સરૂપ**ચંદ **જગરૂ**પ સહિતાન્ લિ. શ્રી **અજિત**નાથ પ્રસાદાત્.

(૧) ત્રણ ખંડ, પહેલામાં ઢાલ ૨૧, બીજામાં ૧૧, ત્રીજામાં ૩૬ સર્વ મળી ઢાલ ૬૮. પ.સં.૭૧, અભય. નં.૨૯૦૬. (૨) સં.૧૭૬૪ મા. શુ.૧૧ ગુરુ **બીકા**નેર મધ્યે કુશલધીર શિ. ખેતસી શિ. દીપચંદ શિ. ડાબર સહ દુર્ગદાસ લિ. પ.સં.૫૬, જય. પો.૫૪. (૩) પૂનમચંદ યતિ સંગ્રહ, વિકાનેર. (૪) સં.૧૮૦૩ આ.શુ.૬ **આણું**દધીર શિ. સુખહેમ લિ. પ.સં. ૫૮, જિ.ચા. પો.૮૧ નં.૨૦૪૬.

(૩૪૫૫) સવૈયા બાવની કડી ૫૬

(૧) નાહટા. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૪૬-૪૬, ભા.૩ પૃ.૧૩૧૯-૨૧. 'બાલચંદ' નામ માટેનો આધાર સ્પષ્ટ થતો નથી.]

૯૭૧. કેસરકુશલ (ત. વિજયપ્રભસૂરિ–હર્ષકુશલશિ.)

(૩૪૫૬) ૧૮ પાપસ્થાનક સ્વાધ્યાય ૧૯ ઢાળ ૨.સં.૧૭૩૦ શુચિ માસ ૧૫ ગુરુ

આદિ – પ્રથમ ગોવાલા તણુઈ ભવઈજી. દેશી.
શ્રી જિનવર જિણેસરૂજી, ભાખ્યું ભવિજન કાજ,
દોસ અઢારઈ આકરાજી, સમઝી કીજઈ ત્યાજ,
ભવિકજન! ભાવો નિજમન ભાવ. ૧

*

મંગલમાલા પામીઇજી, જીવદયા-અધિકાર,
હરષકુશલ ગુરુ વાંદતાંજી, **કેસી** ગુરુની વાંણિ. ૭
—ઇતિશ્રી પ્રાણાંતિપાત વિરમણ સજ્ઝાય.

અંત – ૧૯મી. ધન્યાસી. ઝુણુહ વિસાલા મંગલિક માલા એ દેસી.
ઇમ જગનાયક જગગુરૂ જંપઇ, ભવિક ભણી હિતકારીજી,
નિજ મન સૂદ્ધઇ જે આરાધઈ, તસ ભવભવ જઇકારીજી. ઈમ. ૧
પાપસ્થાનક પરિહર પ્રાણી, સાંભલિ એક કહાણીજી,
માન્યિ કહું મેરૂં મનમોહન!, જો તુઝ ચિત શોહાણીજી. ઈમ. ૨
એ અઢારઇ પાપસ્થાનક, દુરગતિ-દુખ-દાતારજી,
ઇમ જાણી મન મોહ નવિ આંણો, કયહિણ કરી મનોહારાજી.
ઈમ. ૩

ગગન તત્ત્વ મુનિ ઇંદુ સંવચ્છર, સૂચી શુદ્ધ પૂનિમ સારીજી,
ગુરૂવારઇ શ્રી ગુરૂ સુપસાઇં, રચ્યા પોહોરઇ જયકારીજી. ઈમ. ૪
તપગચ્છપતિ ગુરૂ ગુણરયણાયર, શ્રી **વિજયપ્રભ** સૂરિંદાજી,
આગનાકારી વિવિધ પટધારી, **હરષકુશલ** મુનિંદાજી. ઈમ. ૫
કેઇ પ્રમાદ કઇ મનવિભ્રમથી, ઓછું અધિકું કહિઉંજી,
પંડિતજન જોઇ શુદ્ધ કરજ્યો, મુઝ ઉપરિ કરી સુપસાયાજી. ૬ ઇમ.
હિતકારી શ્રી ગુરૂ ઉપગારી, જ્ઞાનદષ્ટિદાતારજી
લહી ઉપદેસ કેસરમુનિ ભાષઇ, જાણી એ અધિકારજી, ૭ ઇમ
ભાવઇ ભણજ્યો શ્રવણુઇ સુણજ્યો, મન સૂદ્ધઈ નિત ગણજ્યો રે
ઉપશમરસ-રસીઆ થઇ રાચ્યે, નિરમલ શિવફલ ગણજ્યોજી. ૮ ઇમ
શ્રી ગુરૂ શિષ્ય સદા હિતકારી, જે એ ભણુઈ નરનારીજી
મનવંછિત પામઈ વંછંતાં, તસ ભવભવ જયકારીજી. ૯ ઈમ

(૧) પ.સં.૯-૧૦, ગે.ના.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૭૫-૭૬.]

૯૭૨. અમૃતસાગર (આં. અમરસાગરસૂરિ-નેમસાગર-શીલસાગરશિ.)

(૩૪૫૭) રાત્રિભોજન પરિહાર રાસ અથવા **જયસેનકુમાર રાસ**

૪૪ ઢાળ ૮૯૬ કડી ૨.સં.૧૭૩૦ વિજયદશમી ગુરુવારે અંજારમાં

(આદિ પત્ર નથી)

એહવઈ પૂરઉ રે ખંડ ઇહાં થયઉ, પહિલઉ પુણ્યપ્રકાસ,
સરસતિ ગુરૂ સુપસાયઇં સંપદા, લહીયઇ લીલવિલાસ. પુ.૧૨
શ્રી **અંચલ**ગચ્છનાયક સુંદરૂ, શ્રી **અમરસાગર** સૂરિંદ,
વારઈ તેહનઇ પંડિત પરગડા, શ્રી **નેમસાગર** સુખકંદ. પુ.૧૩
અંતેવાસી તેહના અતિભલા, **શીલસાગર**ગણિ સાર,
શ્રી ગુરૂચરણપ્રસાદઇ મુઝ સદા, આણંદહરષ ઊદાર. પુ.૧૪
સંવત **સતરહ** સઈ **ત્રીસોતરઈ**, શુચિ સિત બીજ સુવારિ,
અમૃતસાગર અધિક ઉમેદ સૂં, ઇમ પભણુઈ **અંજારિ**. પુ.૧૫

દૂહા.

સરસ વચન દઉ **સરસતી**, વાંણી વલિ વિગતાલ,
બાલાલાપન બોલ મુઝ, રચના કરઉ રસાલ. ૧
હવઈ બીજે ખંડ બોલતાં, રયણી ભોજન રાસિ,

વિનય કરી હૂં વીનવૂં, આવો માત ઉલ્લાસિ. ૨
પૂરઉ જગિ પરમેશ્વરી, પ્રેમ ધરી મુઝ પૂઠિ,
વિઘન નિવારઉ વીસ-હત્થિ, **ત્રિપુરા** દેવી તૂઠિ. ૩
માતા હૂં મતિ મૂઢતર, તઉ પણિ તુમ્હ આધારિ,
કાંઇક અક્ષર જે કવૂં, તે સરસ કરે શ્રુત ધારિ. ૪
ભવિક તુમ્હે સુણિજ્યો ભલઉ, મીઠઉ ખંડ મલ્હાય,
પીજઇ જિણ પરિ પ્રેમ સૂં, મિશ્રી દૂધ મિલાય. ૫

*

સુખાનંદ સૂં કેલિ કરતાં, પૂરણ કીધઉ પ્રેમઇજી,
ઈણ પરિ બીજે ખંડ ઉમેદઇ, **અજર્જુનપુર**માં એમઇજી. ૧૨
પૂજ્ય પુરંદર ચિર જગિ પ્રતપઉ, ગચ્છ **અંચલ** ગણધારજી,
શ્રી **અમરસાગર** સૂરીશ્વર સુપરઇ, દૂ જાં લગિ થિરથારજી. ૧૩
પુણ્ય પ્રબલ પંડિતપદધારી, વાદઇ તાસ વિચારીજી,
શ્રી **નેમસાગર**મણિના સુંદર, શિષ્ય ભલા શ્રુતધારીજી. ૧૪
શ્રી **શીલસાગર** ગુરૂ સુપસાયઇ, **અમૃતસિંધુ** ઉદ્ધારજી,
સત્તરહ ત્રીસઈ નભ સુદિ સાતમિ, જોડિ રચી જયકારજી. ૧૫

*

દૂહા.

જિનવર ત્રેવીસમ જયો, પુરસાદાંણી **પાસ**,
ગઉડીમંડણ ગિરૂઅડઈ, અધિકી પૂરઇ આસ. ૧
વરદાયક **વાગેસરી**, મહિર કરઉ મહામાય,
બાલિકની પરિ બોલતાં, અક્ષર આંણો હાય. ૨
હવઈ ત્રીજઉ ખંડ હરષ ધરિ, **રયણી ભોજન રાસિ**,
રચના રંગ વિનોદ સૂં, સુણો ભવિક સુપ્રકાસિ. ૩

અંત – ઢાલ ૨૧મી. રાગ ધવલ ધન્યાસી.

ઢીઠઉ ઢીઠઉ રે **વામા**કો નંદન ઢીઠો એ દેસી.

ગાયઉ ગાયઉ રી જગિ જયણા ધરમજ ગાયઉ,
ભૂપતિ કુમર બિન્હે વડભાગી વારો ભલ વરતાયઉ રી,
જગિ જયણાધરમ જ ગાયઉ—આંકણી ૧

*

રયણીભોજનના ધણ રાસહ, જૂંના છઈ જગિ જાંણ,

અણુસારઈ તેહનઇ એ વિરચ્યેા, સગવટિ વરણ સુજાંણુ રે. જ. ૧૩
શ્રી **અંચલ**ગચ્છ સૂરિસિરેામણિ, ભટ્ટારક વડભાગ,
શ્રી **અમરસાગર** સૂરીસર સુંદર, સલહીજઇ સેાહાગ રે. જ. ૧૪
આજ્ઞાધર એહના અણુગારહ, પંડિત પ્રબલ જગીસ,
શ્રી **નેમસાગર** સાધુસિરેામણિ, સુવિહીત તેહના સીસ રે. ૧૫
શ્રી **શીલસાગર** સુજસ સવાઈ, સહિગુરૂનઈ સુપસાઇ,
રાસ રચંતા **અમૃતસાગર**, પ્રભુતા દઉલતિ પાઈ રે. જ. ૧૬
સતરહ સઈ **ત્રીસઈ** સંવચ્છરિ, વિજયદશમિ ગુરૂવારિ,
ત્રીજે ખંડ થયઉ તીહાં પૂરણ, ઈણુપરિ પુરિ **અંજારિ** રે. જ. ૧૭
અલપમતી હૂંતઈ કાંઇ એહમાં, જૂઠ કહ્યું મઇ જેહ,
મિચ્છા દુક્કડ મન સુદ્ધિ હેાજ્યેા, શ્રી સંઘસાખઈ તેહ રે. જ. ૧૮
સાંભલતાં ભણુતાં સંપતિસુખ, ફલઇ મનેારથમાલ,
આણુંદકરષ સદાએ અહનિસિ, ચતુરપણુઈ ચઉસાલ રે. જ. ૧૯

(૧) સર્વગાથા ૮૬૬ સર્વઢાલ ૪૪ સર્વશ્લેાક ૧૩૮૭ અનુમાને. પ.સં.૧૭-૧૮, પ્રથમનું પત્ર નથી, ખેડા ભં. દા.૭ નં.૬૭. (કર્તાની સ્વ-હસ્તલિખિત પ્રત કદાચ હેાય એમ ભાસે છે. પ્રતિ સારી સુવાચ્ય છે.) (૨) ઢાલ ૪૪ ગા.૯૨૫ શ્લેા.૧૫૦૦ સં.૧૭૮૨ ચૈ.વ.૧૪ બુધે **દેવચંદ્ર વિવેકચંદ્ર** શિ. **તેજચંદ્ર** ભ્રાતૃ **જિનચંદ્ર** શિ. **જીવનચંદ દાનચંદ** શિ. **દીપ-ચંદ** લિ. પ.સં.૬૦, જય. પેા.૬૮. (૩) પ.સં.૩૫, લીં.ભં. દા.૪૦ નં.૫૮. [જૈહાપ્રેાસ્ટા, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૭૧, ભા.૩ પૃ.૧૨૭૩-૭૫.]

૯૭૩. વિવેકવિજય (ત. વીરવિજયશિ.)

(૩૪૫૮) મૃગાંકલેખા રાસ ૪ ખંડ ૨.સં.૧૭૩૦ આસેા શુ.૧૦ ગુરુ માલવાના શાહપુરમાં

આદિ – દુહા.

ઉદય **આદિસર** નામથી, **શાંત** સદા સુખકાર,
નેમનાથ નવનિદ્ધ દીયે, **પાર્શ્વ** પ્રેમ દાતાર. ૧
સાહેબ **વીર** સાસણુધણી, હું નિત્ય કરૂં પ્રણામ,
ઉદય અધિક દિનદિન હુવે, જપતાં જેહનું નામ. ૨
સરસ્વતી સરસ વયન દેા, વરણવું નવરસ રૂપ,
તે તુમચેા આધાર મુઝ, સેવે સુરનરભુપ. ૩

કવિ ત્યાં મહિમા તુઝ કરી, મુઝ વાણી મીઠાસ,
વલી વિસેષે વિનવું, પુરે પરમેસરી આસ. ૪
શ્રી ગુરૂપાય પ્રસાદથી ચરિત્ર કરૂં સુપ્રસિદ્ધ,
મૃગાંકલેષા નિર્મલ સદા, એ મેં ઉદ્યમ કીદ્ધ. ૫
મહિમા કવિકી વિસ્તરે, વગત્તા વાંછિત સુષ,
શ્રવણ પવિત્ર શ્રોતા તણાં, ભવભય ભંજે દુષ. ૬
સીલ સદા સુષદાય છે, સીલ સમો નહિ એકોય,
સીલે સુષ **મૃગાંક** લેહો, સુણુજો સહુ વિવેક. ૭

અંત – ઢાલ ૩૫ રાગ ધનાસી.

*

સુધર્મ પાટથી અનુક્રમે વંદુ સવિ ગણધારો રે,
એહ નામે નવનિદ્ધ સંપજે, જપતા હોએ જયકારો રે. સુ. ૮
શ્રી **વિરવિજય** ગુરૂ સુપસાયો, **મૃગાંકલેષા** રાસ ગાયો રે,
શ્રી **ઋષભદેવ** સંઘ સાનિદ્ધે, સરસ સંબંધ સવાયો રે. સુ. ૯
સુષીયાને સુણતાં સુષ વાદ્ધે, વિરહ ટલે વિન્હેજો રે,
વિવેકવિજય સતી ગુણ સુણ્યાં, પાંમે વંછિત ભોગો રે. સુ. ૧૦
સંવત **સતરે** ત્રીષા વરષે, વિજયાદશમી ગુરૂવાર રે,
સાહપુર સોભીત **માલવે**, રાસ રચ્યો જયકાર રે. સુ. ૧૧
ચોથો ષંડ વર ચઉપઈ, પુરણ વધતે પ્રેમો રે,
ઢાલ ચોત્રીસમી ધનાશ્રીઇ, ઋદ્ધિવૃદ્ધિ વરો નેમો રે. સુ. ૧૨
સતીગુણ સરિસો નાંમ લેવાયે, પુન્ન તણાં ફલ જોહો રે,
થુણી પ્રણમી ભાવ સું, અનુમોદજ્યો સહુ તેહો રે. સુ. ૧૩
ભણે ગુણે શ્રવણે સુણે, તિહાં ઘરે આણંદ પૂરો રે,
વિવેકવિજય પ્રભુ સ્નેહ સ્યું, સિવસુષ પુન્યઅંકુરો રે. સુ. ૧૫

ઉથલો

એમ સંપતી-સુષ-કર નમતાં સુરનર સીલવંત નર સુંદરૂં,
જશ જગતિ રાજે અધિક ગાજે, છાજે છયલ મનોહરૂ,
મૃગાંકલેષા ગુણ સલેષ્યો હેષ્યાં મુઝ મંન સુષકરૂ,
તપગછરાજેવી સાહિબ સું, **વિવેક** સંઘ મંગલકરૂ. ૧૫

(૧) ઇતિ મૃગાંકલેષા સાગરચંદ સંબંદ્ધે વર્ણનો ચરિત્ર ખંડ ૪ **સંપૂર્ણ**. લ.સં.૧૮૭૧. ધો.સ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૭૩-૭૫, ભા.૩ પૃ.૧૨૭૮. ભા.૩માં આ કવિને વિષ્ણુધવિજય (હવે પછી નં.૯૮૪) આને બન્નેની કૃતિ એક જ ગણી લેવામાં આવેલ છે, જે આધારભૂત નથી. બન્ને કૃતિ-કર્તા સ્પષ્ટ રીતે જુદાં છે.]

૯૭૪. તત્ત્વહંસ (ત. વિજયહંસ-મેઘાઋષિ-વિજય-તેજહંસ -તિલકહંસશિ.)

(૩૪૫૯) ઉત્તમકુમાર ચોપાઈ ૫૧ ઢાળ ૨.સં.૧૭૩૧ કાર્તિક શુ.૧૩ ગુરુ મઢાહડમાં

આદિ-

દૂહા.

સરસતિ સાંમણિ પાય નમી, પાંમી વચનવિલાસ,
મન વચન કાયા કરી, હું છું તાહરો દાસ. ૧
ચોવીસે જિણવર નમું, વિહરમાન જિન વીસ,
શ્રી શાસનપતિ ગાઇયે, **મહાવીર** જગદીસ. ૨
અતીત અનાગત વર્ત્તમાન, જિણવર જગ-આધાર,
ચાર તીર્થંકર સાસતા, નામે જયજયકાર. ૩
ગોયમ ગણધર પાય નમું, ગણધર ઇગ્યારે સાર,
મોટા મુનિવર વાંદતાં, ઉપજે હરષ અપાર. ૪
એ સહુને પ્રણમી કરી, **ઉત્તમ**ચરિત કહેસ,
કવિજન જીભ નવિ રહે, માનવફલ લહેસ. ૫
દાન સીયલ તપ ભાવના, ચારે ધર્મપ્રકાર,
પરણીજે તે ગાઇયે, તિહાં દાન તણો અધિકાર. ૬
દાન સુપાત્રે દીજીયે, પામી જે ભવપાર,
સાધુને દીધો સુઝતો, લાભો લચ્છિ અપાર. ૭
શાલિભદ્ર સુખસંપદા, **કયવન્નો** સુખભાવ,
એહવા સુખ જે પામીયા, તે સહુ દાન પસાય. ૮
દાને રૂડા દીસીયે, દાન વડો સંસાર,
દાન થકી સુખ સાસતા, લાભા **ઉત્તમકુમાર**. ૯
શ્રી **ઉત્તમકુમાર**નો માંડીયો, મોટો એહ પ્રબંધ,
સાંભલતા સુખ સંપજે, સરસ એહ પ્રબંધ. ૧૦

અંત- ઢાલ ૫૧ દીઠો ઢીઠો રે વામાકો નંદન એ દેશી.
રાગ ધન્યાસી.

સુપાત્રદાન તણો એ મહિમા, બારે પરષદા માંહિ,
બેસીને **શ્રેણિક** આગલે, **વીર** કહ્યો ઉચ્છાહે રે;
ભવિ દાન દીજ્યો મનરંગે.
સુપાત્રદાન વિશેષે દીજે, પામે સદ્ગતિસંગ રે. ભવિ. ૨
દાન તણા ફલ એહવા જાણીને, દેજ્યો દાન અપાર,
સુપાત્રદાન થકી સુખ પામ્યો, જિમ શ્રી **ઉત્તમકુમાર** રે. ભ. ૩
શ્રી **ચારૂચંદ્ર** સૂરીસર કૃત **ઉત્તમકુમાર** ચરિત્ર,
પદ્યબંધ થકી મેં આણ્યો, એ અધિકાર પવિત્ર રે. ભ. ૪
તેહ થકી કાંઈ ઓછોઅધિકો, કહિવાતો હોવે જેહ,
હોજો ચતુર્વિધ (સંઘ)ની સાખે, મિચ્છામિ દુક્કડં તેહ રે. ભ. ૫
તપગચ્છ ઉદયકારિ દિનમણિ સરિખો, **વિજયદેવસૂરીંદ**,
મોહનવેલ સમ એ ગુરૂ કહિયે, પ્રણમે સુગુણ નરવૃંદ. ભ. ૬
તાસ પટ્ટ પ્રભાકરિ સરિખો, શ્રી **વિજયપ્રભુ** સૂરીસ,
શિવગણુસાહ ભાણુતો(નો) નંદન, પ્રતપો કોડિ વરીસ રે. ૭
તપગચ્છ માંહિ વિબુધવર સોહે, શ્રી **વિજયહંસ** મુણીંદ,
સસી સમ **મેઘા** ઋષિ મુનિવર, પ્રણમે તસ ભૂમીંદ રે. ૮
સકલ પંડિત માંહિ પુરંદર, શ્રી **વિજય** તસુ સીસ,
તેજહંસ ગુરૂ તેહને પાટે, સકલ વિબુધ માંહિ દિનેસ રે. ૯
મેં **ઉત્તમ** ઋષીસર ગાયો, તેહ ગુરૂને સુપસાય,
ગુણવંતના ગુણ ભણતાં સુણતાં, ઋદ્ધિ સિદ્ધિ ઘર થાય રે. ૧૦
પ્રવર પંડિત માંહિ પ્રગટિયો, કલ્પદ્રુમ-અવતાર,
તિલકહંસ ગુરૂ વડો વૈરાગી, નામ જયજયકાર રે. ૧૧
મેં **ઉત્તમ** ઋષીસર ગાયો..... ૧૨
શાંતિનાથ સ્વામી સુપ્રસાદ, મનોરથ ચઢ્યા પ્રમાણ,
સમરતાં શિવસુખ પામીજે, દિનદિન કોડિ કલ્યાણ રે. ૧૩
હિવે સમકિતનો ફલ માંગી, જે શ્રી **ઉત્તમકુમાર** ઋષિ પાસો,
જે તુમે પામ્યો, તે મુઝ ન દીજ્યો આસો રે. ૧૪
સંકર્ષણ શેઠ તણા સુત કહિયે, **મોહણ** હરષ સુજાંણ,
તેહ તણે મેં આગ્રહ કરિને, ગ્રંથ ચઢ્યો પરમાંણ રે. ૧૫
ગ્રંથાગ્રંથ અક્ષર ગિણ આણ્યો, સોલે સે છત્તીસ,
લિખિ લિખાવી સાધુ સુશ્રાવક, લહિજ્યો મનહ જગીસ રે. ૧૬

સંવત **સતરૈં** ઈકતીસાનો કાતી શુદિ તેરસિ દિન સાર,
સિદ્ધયોગ કીયો રાસ સંપૂર્ણ શુભ નક્ષત્ર ગુરૂવાર. ૧૭
મહાહડ નગરમાં સરસ સંબંધ એ **તત્ત્વહંસ** કહ્યો મનરંગે,
ધન્યાસિરિ માંહિ ઢાલ ઇકાવનમી, સુણુજ્યો સહુ મનચંગે રે. ૧૮

(૧) સં.૧૯૧૬ કાર્તિક સુદિ ૧૫ લિષતં **ખરતર**ગચ્છે વા. **રત્ન**-**ચંદ**ગણિ ઉપર ઢીઠી તિસી લિષી. પ.સં.૬૧-૧૧, ગો.ના.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૭૫-૭૭.]

૯૭૫. જિનરંગસૂરિ (ખ.)

(૩૪૬૦) અધ્યાત્મ ભાવની (હિંદીમાં) ૨.સં.૧૭૩૧ માગ.શુ.૨ ગુરુ

અંત – હેતવંત **ખરતર**ગચ્છ **જિનચંદ્રસૂરિ**,
સિંહસૂરિ રાજસૂરિ ભયે જ્ઞાનધારી હૈ,
તાકૈ પાટિ યુગપરધાંન **જિનરંગસૂરિ**,
જ્ઞાતા ગુનવંત ઐસી **સરલ** સુધારી હૈ,
શશિ ગુન મુનિ શશિ સંવત શુક્લ પક્ષિ,
માગસિર બીજ ગુરૂવાર અવતારી હૈ,
ખલ દુરબુદ્ધિ કૌં આગમ ભાંતિભાંતિ કરિ,
સજ્જન સુબુદ્ધિ કૌં સુગમ સુખકારી હૈ.

(૧) શ્લો.૫૨, પ.સં.૭, લીં.ભં. દા.૨૩.

(૩૪૬૧) સૌભાગ્યપંચમી ચોપાઈ ૨.સં.૧૭૩૮ વિજયાદશમી બુધ

(૧) ગુ. નં.૨૯. (૨) જય.

(૩૪૬૨) + રંગ બહુત્તરી (હિંદીમાં) ૭૨ દુહા

આદિ – લોચનપ્યેરે પલક કેં, કર દોઊ વલ્લભ ગાત
જિનરંગ સજ્જન તે કહ્યા, ઔર વાતકી વાત. ૧

અંત – ધર્મકી વાત રૂચે નહીં, પાપકી વાત સુહાઇ
જિનરંગ દાંખાં છારિકૈ, કાંગ તિખેારી ખાઇ. ૭૨
જિનરંગસૂરિ કહી સહી, ગચ્છ **ખરતર** ગુણ જાણ
દૂહાબંધ બહુત્તરી, વાચે ચતુર સુજાણ. ૭૩

(૧) એક ગુટકો, પ.૬.૧થી ૭, નાહટા.સં.

પ્રકાશિત: ૧. દિલ્હીમાં પ્રકાશિત.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૭૩, ભા.૩ પૃ.૧૨૭૭.]

૬૭૬. જિનવિજય (ત. કલ્યાણવિજય-ધનવિજય અને વિમલવિજય -કીર્તિવિજયશિ.)

જિનવિજયે સં.૧૬૯૪ (યુગનિધિ કાય શશાંક પ્રમિતે) 'વાક્યપ્રકાશ' (જુઓ ભા.૧ પૃ.૬૪) પર અવચૂરિ વાર્તામાં રચી. (ભાં.ઇ. સને ૧૮૭૩ -૪ નં.૨૮૦)

(૩૪૬૩) + ચોવીશ જિન સ્ત. [અથવા **ચોવીશી**] ૨.સં.૧૭૩૧ માગ.શુ.૧૩ બુધ ફલોધીમાં

આદિ –

દુહા

સગવીસે ઢાલે કરી, થુણસ્યું જિન ચોવીસ
સાંભલજ્યો સહુ ચતુરનર, શ્રવણે વિશ્વાવીસ.

અંત – માગસિર વદિ તેરસ દિને, અનુરાધા બુધવાર,
સસિ મુનિ તિઅ શુભ સંવતે, તવન કર્યો સુખકાર. ૨૬

કલસ

કૃ(ફ)લવિધિ નયરે કરિ ચઉમાસો, ચોવીસે એ જિનવરા
નવિનવિઅ ઢાલે અતિ રસાલે થુણ્યા મેં પરમેશ્વરા
તપગચ્છ મુનિપુરંદર શ્રી **કીર્ત્તિવિજય** વાચક તણો
જિનવિજય વાણી કહે પ્રાણી સુણો તવન સોહામણો. ૨૭

[જૈનગ્રાસૂચિ ભા.૧ (પૃ.૨૬૪).]

પ્રકાશિત : ૧. ચોવીશી તથા વીશી સંગ્રહ, સા પ્રેમચંદ કેવલદાસ, સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ.૫૬૮થી ૫૭૨.

(૩૪૬૪) જયવિજય કુંવર પ્રબંધ ૨.સં.૧૭૩૪ દશાડા

આદિ –

દૂહા

આદિ **આદિ** જિણેસરૂ, પય પ્રણમી સુવિલાસ,
યુગલાંધર્મ નિવારિને, કીધો ધર્મપ્રકાસ. ૧
સુખકર સાહિબ **શાંતિજી**, પ્રણમી પુણ્યઅંકૂર,
નામ જપંતાં નેહનું, ભય નાસઈ સવિ દૂર. ૨
નમીય **નેમ** જિણેસરૂ, બ્રહ્મચારી શિરદાર,
સમુદ્રવિજય નૃપકુલતિલો, **રાજિમતી** ભરતાર. ૪
પુરીસાંદાણી **પાસજી**, મહિમાવંત મુણિંદ,
ધરણરાય પદ્માવતી, સેવઇ પય-અરવિંદ. ૪
તીરથનાયક સેવીઈ, વર્દ્ધમાન જિનરાય,

એ પાંચે પરમેસરૂ, હું પ્રણમું સુખદાય. ૫
શશિવયણી **સરસતી** નમું, વિદ્યાવર દાતાર,
મયા કરી મુઝને દીયો, વાણીનો વિસ્તાર. ૬
નિજગુરૂચરણ નમી કરી, નાણરયણભંડાર,
મૂરખને પંડિત કરે, નાણનયણદાતાર. ૭
સમકિતવ્રત ભવિ આદરો, છઈ સમકિત સુખદાય,
સમકિત વિણ નર જે કરે, તે સવિ નિષ્ફલ થાય. ૮
સમકિત સબહુમાં વડો, સમકિત મોટો ધર્મ,
સમકિતથી સુખસંપદા, સમકિતથી સવિ શર્મ. ૯

*

સમ્યક્ત્વાધિકારે જયવિજયકુંવર પ્રબંધે નિજગૃહાન્નિમિતવિજય-રાજ્યાપ્તિવર્ણનો પ્રથમોધિકારઃ

*

તપગચ્છપતી નિતુ સેવીએ રે, શ્રી **વિજયપ્રભસૂરિ**,
તસ રાજ્યે પંડિતવરૂ રે, નામે સુખ ભરપૂર રે
કીર્તિવિજય બુધરાયનો રે, સીસ કહે સુખકાર,
જિનવિજય કહે સાંભલો રે, એ બીજો અધિકાર રે.

*

સમ્યક્ત્વાધિકારે જયવિજયકુંવર પ્રબંધે ગતવસ્તુદ્વયપ્રાપ્તિવર્ણનો દ્વિતીયાધિકારઃ

*

સમ્યક્ત્વાધિકારે જયવિજયકુંવર પ્રબંધે બાંધવદ્વયમિલન નિજ-ગૃહાગમન ખંડત્રય સાધનો નામ તૃતીયોધિકારઃ

અંત – શ્રી **પડીકમણા સૂત્ર**ની વૃત્તિમાં, એ અધિકાર વખાણ્યો રે,
તિહાંથી જોઇને મેં સઘલા, ઈહાં સંબંધ એ આણ્યો રે. ૪ સં.
જીભ તણો વશિ ઓછું અધિકું, જે મેં ઈહાં ભણ્યું રે,
તે મેં શ્રી સંઘ સાખિ તેહ તણો હું મિચ્છામી દુક્કડું ભાખ્યું રે. ૫ સં.
ગ્રંથાગર અનુમાને કીનો સાત સયાં પચવીસો રે,
લખીલખાવી સાધુ સુશ્રાવક સુણતાં અધિક જગીસો રે. ૬ સં.
સંવત **સતર ચોતરીસા** વરસે નયર **દશાડા** માંહિ ને,
રાસ રચ્યો મેં સમકિત ઉપરિં, શ્રી **શાંતિનાથ** સુપસાઇ રે. ૭ સં.

તપગચ્છનાયક સૂરિશિરોમણી, શ્રી **વિજયપ્રભ** સૂરિરાયો રે,
પુણ્યપ્રતાપી જસ જગિ વ્યાપી, સકલસૂરિસવાયો રે. ૮ સં.
શ્રી **કલ્યાણવિજય** વાચકના સેવક, શ્રી **ધનવિજય** ઉવઝાયો રે,
તસ બાંધવ શ્રી **વિમલવિજય** બુધ, નામે નવનિધિ પાયો રે. ૯ સં.
તસ સીસ પંડિત માંહિ સોહે, **કીર્તિવિજય** બુધરાયો રે,
તસ સેવક ઇણી પરિં બોલે, એ સુણતાં સંપદ થાયો રે. ૧૦ સં.
ભણે ગણે જેહ સાંભલે, નવનિધિ હોઇ તસ ગેહિં રે,
જિનવિજય કહે સાંભલો, એ અધિકાર સનેહિં રે. ૧૧ સં.

(૧) ઇતિ શ્રી સમ્યક્ત્વાધિકારે જયવિજય કુંવર પ્રબંધે ઉપસહનસિદ્ધિગમનો નામ ચતુર્થાધિકારઃ સંપૂર્ણમ્ સં.૧૭૬૮ કાર્તિક શુદિ ૩ દિને વાર શુક્રે. પ.સં.૧૯–૧૭, પ્ર.કાલં. (૨) સં.૧૭૮૯ જે.શુ.૮ ગુરૂ પં. હિતવિજય શિ. પ્રસિદ્ધવિજયેન લિ. પાલનપુરે. પ.સં.૧૯–૧૫, ખેડા ભં.૧ દા.૬ નં.૨૪. (૩) લ. પં. શાંતિવિમલ દક્ષિણ દેસે જૂના જાલણા મધ્યે શ્રાવક લખમણજી બોડાં. લસકરમાં શ્રી પારસનાથજી પ્રસાદાત્ જાલણામેં શ્રી નેમીસ્વરજી શ્રી ચંદ્રપ્રભૂજી પ્રસાદાત્. પ.સં.૧૭–૧૭, ખેડા ભં.૩. (૪) સં.૧૮૯૩ પો.શુ.૧ રવિ સૂરજપુરે શાંતિનાથ ચરણે પંન્યાસ કીર્તિરત્ન સૂરભી(?) શિ. પંન્યાસ ભયારત્નેન શિ. પં. સૌભાગ્યરત્નેન શિ. પં. રાજેંદ્રરત્નેન શિ. મુ. તેજરત્નેન. પ.સં.૨૭–૧૫, ઝીં. પો.૩૮ નં.૧૮૬. (૫) સં.૧૮૯૪ આ(સા)૬ શુ.૮ મંગલ શુર્જપુર ગ્રામેં લખ્યું શાંતિનાથ ચરણે લ. લોજક પ્રેમચંદ જેઠા. પ.સં.૨૪–૧૬, ઝીં. પો.૩૮ નં.૧૮૫. (૬) સં.૧૮૨૬ પો.વ.૮ શનિ વિદ્યુતપુરે પં. જ્ઞાનવિજય શિ. ભાગવિજય લ. પ.સં.૧૨–૨૩, ગો.ના. [ડિકૅટલોગભા૪ વૈ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૦૮).]

(૩૪૬૫) [+] દશ દૃષ્ટાંત ઉપર દશ સ્વાધ્યાય ૨.સં.૧૭૩૬ ઉસમાપુરમાં આદિ– ૧ ભોજન દૃષ્ટાંત. પ્રથમ ગોવાલી તણે ભવેજી મોહની.

શ્રી જિન વીર નમી કરિજી, પુછે ગૌતમસ્વામિ
ભગવન! નરભવના કહ્યાજી, દસ દૃષ્ટાંતના નામ. ૧
સુણો જિઉ દશ દૃષ્ટાંત વિચાર
ગતિ ચ્યારમાં જોવતાંણ, દુલહો નરઅવતાર. સુ.

*

ગૌતમ પૂછુ જિન કહ્યાજી, પહિલો એહ દૃષ્ટાંત

જિનવિજય કવિઅણ કહેજી, બીજનો વૃત્તાંત. ૧૩ સુ.

અંત – ઢાલ ૧૦ રાગ ધન્યાસી

ત્રિશલાનંદન વીર જિણેસર રે, તેહને કરિઅ પ્રણામ,
દસમો દૃષ્ટાંત પૂછે પ્રેમ સુ રે, ગણુહર **ગોઅમસ**વામી. ૧
ભવિઅણ સુણજો વાણી **વીર**ની રે.

*

ઉસમાપુર ચઉમાસો કરી રે એ ઉદ્યમ ઉલ્લાસ
શ્રી **વિજયપ્રભ** સૂરીસર આદેસથી રે પામ્યા પરમ વિલાસ. ૧૧ ભ.
ચંદ્ર ૧ સાત ૭ ત્રિય ૩ નવ ૯ સંવત્સરે, દસ દૃષ્ટાંત વિચ્યાર
શ્રી ગણુધર ભાષ્યા સૂત્રથી રે, લહજ્યો બહૂ વિસ્તાર. ૧૨ ભ.
ભણુસે ગુણુસે સુણુસે જે નર, આદરે રે એ સઝાય સુજાંણુ
કવિ **જિનવિજય** કહે સુખસંપદા રે, તસ ઘર કોડિ કલ્યાણુ. ૧૩ ભ.

(૧) પ.સં.૩-૧૯, જશ.સં.

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ વર્ષ ૧૨ અંક ૯ પૃ.૨૪૨-૪૯.]
[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૭-૯૯, ભા.૩ પૃ.૧૨૮૮-૯૦.]

૯૭૭. ક્ષમાસાગર

(૩૪૬૬) શત્રુંજય બૃહત્સ્ત. ૨ ઢાળ ૨.સં.૧૭૩૧ ચૈત્ર શુ.૫

આદિ – ઢાલ હડીલા વયરીની.

ધણા દીહી મનમઈ હુંતી રે, જાત્ર કરેવા ખાંત રે, ડુંગર ભલો,
દેસ **સોરઠમઇ** સોભતઉ રે લાલ
સોરઠદેસ સોહામણુઉ રે, તીરથ જિહાં બહુ ભાંત રે. ડુંગર ભલો. ૧

અંત – બીજી ઢાલ.

સંવત **સતર** ઈકત્રીસમૈ વલિ ચૈત્રી હો સુદિ પંચમી જાણુ, સે.
શ્રી **જિનધર્મ** સૂરીસરૂ, જિણ ભેટ્યા હો સબલઇ મંડાણુ. સે. ૧૩
અહમ્મદાવાદ ખંભાઈતી, **વિમલાદે** હો **માસબાઈ** ખાસ,
સંઘ સાથઈ ઈમ પ્રેમ સું, વત્તરાવ્યા હો છઠમનઇ ઉલ્લાસ. સે. ૧૪
મનની આસ્યા સહૂ ફલી, રંગઇ ગાયા હો **સેત્રુંજ** ગિરરાય, સે.
ક્ષમાસાગર મુનિવર ભણુઇ, વલિ હોજ્યો સેવતાં તુમ પાય. સે. ૧૫

(૧) મારી પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૩.]

૯૭૮. આણંદ

[શિવજીગણિ જન્મ સં.૧૬૫૪, ગચ્છનાયક સં.૧૬૮૮, અવ. સં. ૧૭૩૩. કૃતિનો રચનાસમય સં.૧૬૯૨ પછી શા આધારે દર્શાવ્યો છે તે સમજાતું નથી, પણ શિવજીગણિ સં.૧૬૮૮માં ગચ્છનાયક બન્યા પછી એમની હયાતીમાં કૃતિ રચાયેલી જણાય છે. તો કર્તા આ પછીના ત્રિલોક-સિંહશિષ્ય આનંદ મુનિ હોઈ શકે.]

(૩૪૬૭) શિવજી આચાર્યનો સલોકો (ગૈ.) ૧૪ કડી સં.૧૬૯૨ પછી

આદિ – શ્રી જિન ચોવીસે નિતિ ધ્યાઉ, શ્રી **શિવજી** ગચ્છનાયક ગાઉં,
દેશ સવે સિર **સોરઠ** દેશ, નગર નગીનો **જામ** નરેશ. ૧

અંત – સંવત **સોલ સેય અઠયાસી, કેશવ** પાટિ પામ્યા ઉલ્હાસી,
ગણી છતીસ ગુણ ભંડાર, માહા મુનીવર ચારિત્ર ધાર. ૧૨

*

જ્યું તારા માહે ચંદ વને જિમ નંદનવન જાણુ,
મુનિવર માંહિ મહંત જિસુ **મહાવીર** વખાણુ.
મંત્રા જિમ નવકાર, સ્વરા કોકિલ સલહીજઈ
ત્યું રૂપ તેજ પરતાપ કરિ, પ્રતપો શ્રી **શિવજી**ગણિ,
આણંદ કહત ગણી ગાવતાં, ઋદ્ધિ વૃદ્ધિ કીરતિ ઘણી. ૧૪

(૧) પ.સં.૪, તેમાં છેવટે, મુનિ સુખસાગર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૮૨.]

૯૭૯. આણંદમુનિ (લૌં. રૂપ–જીવરાજ–કુંવરજી–શ્રીમલ્લજી–રત્નાકર–કેશવજી–શિવજી–ત્રિલોકસિંહશિ.)

(૩૪૬૮) ગણિતસાર ૨.સં.૧૭૩૧ શ્રાવણ દિલ્હીના લાલપુરમાં

અંત – **દહલી જહાનાબાદ** વખાંણુ, **અવરંગસાહ** છત્રપતિ જાંણુ,
લોક વસે નિજ સુખિયા સહુ, પરઉપગાર કરે તે બહુ. ૪૦
કાજી તિહાં છે **અબદલબાદ,** કોટવાલ **સિદ્દાં ચોલાદ,**
અદાલત **સેખ સલેમાંન, મીર હુસેની** ને બહુમાંન. ૪૧
જે જે નર આવે ફરિયાદ, સુણે સહુકો વાદવિવાદ,
તુરતિ લેખ લખી આપે ઘણા, ન્યાય કરે કુલ મૂલકહ તણા. ૪૨
સખર હજારીકો બાજાર, શ્રાવક **નાગોરી** સિરદાર,
રામચંદકે નંદન ચાર, **માનસંઘ હરિકૃષ્ણ** ઉદાર. ૪૩
ભાગીરથ રૂપચંદ વિચાર, ધર્મકાજ થાનક ઘે સાર,

ગણિ **ત્રિલોકસી** ગુણભંડાર, તત્ર ચોમાસું કરિ શ્રીકાર. ૪૪
કંઠ કલા ડાકિલ ઉચ્ચાર, મડીમંડલ મહિમાવિસ્તાર.
જાણ વિચક્ષણ ચતુર ઉદાર, સંઘ ચતુર્વિધકું સુખકાર. ૪૫
શ્રી **શિવજી**કે પાટિ વિરાજે, ગણિ **ત્રિલોકસી** ગચ્છપતિ રાજે,
સહેર **હાલપુર** હે અતિ ભલા, નિજ ભગતિ શ્રાવક ગુણનિલા. ૪૬
સંવત **સતર સયે એકતીસ**, શ્રાવણ માસ સદા સુજગીસ,
ગણિતસાર મુનિ **આનંદ** કહે, ભણે ગણે સિખે સુખ લહે. ૪૭

(૧) ઇતિશ્રી ગણિતસારગ્રંથે વિદ્વદ્વિચારચાતુરીચમત્કારાલંકારે ગુણકમુખમંડને વિબુધજનમનોરંજન ગણિ **ત્રિલોકસી** નામાલંકૃતે મુન્યાનંદ વિરચિતે. ચતુર. (૨) મ.ભ.સં.

(૩૪૬૯) હરિવંશ ચરિત્ર ૪ ખંડ ૨.સં.૧૭૩૮ કાર્તિક શુદિ ૧૫ સોમ રાધનપુર

આદિ – દૂહા.

શ્રી સુખદાયક **નેમજી**, જાદવકૂલશણગાર,
શ્રી હરિવંસતિલક પ્રભુ, વંછીતવરદાતાર. ૧
સમુદ્રવિજયસૂત ગુણનીલો, કરૂણાવંત કૃપાલ,
સતિય **સીવાદે**નંદ જિ, જિવદયાપ્રતિપાલ. ૨
મુનિસુવ્રત જિમ વિસમા, બાવીસમા **નેમનાથ**,
શ્રી હરિવંસ વષાંણુ સૂ, હરષે જોડી હાથ. ૩
ગુજરાતિ લોકા ગુણી, ગિરૂયા ગુણભંડાર,
શ્રી **તિલોકસી** ગચ્છપતિ, આચારિજ અધિકાર. ૪
શ્રી ગુરૂને પસાઉલે, આણી મન આણંદ,
રાસ ભણુ રલિઆમણો, ભણુતાં પરમાણંદ. ૫

અંત – ઢાલ રાગ ધન્યાસી. આજ અહ્મારે આંગણુડે – એ દેશી.

શ્રી **મુનિસુવ્રત** વીસમા, બાવીસમા **નેમનાથો**જી,
શ્રી **હરીવંસમે** ઊપના, ભવિજન કીયા સનાથોજી. ૧
શ્રી સુખદાયક **નેમ**જી, બાલપણે બ્રહ્મચારીજી,
જાદવવંસસીરોમણી, ધનધન **રાજુલ** નારીજી. શ્રી **સુષ**. ૨
ધન બંધવ **રહનેમ**જી, **સંબ પ્રજુન** ગુણવાંણીજી,
ગજસુકુમાલ ધીરજ ધર્યો, **ભાંમા રૂકમણી** રાંણીજી. શ્રી. ૩
કૃષ્ણ તણો મહિમા તણો, **બલભદ્ર** બહુ અધિકારજી,

ગુણ ગાયા **યદુવંસના**, સાંભલતાં સુષકારીજી. શ્રી. ૪
ગુજરાતી લુકા ગચ્છનાયક, **૩૫** ઋષી **જીવરાજોજી**,
કુંવરજી શ્રીમલ્લજી, **રતનાગર** ઋષિરાજોજી. શ્રી. ૫
કેશવજી શિવજીગણી, **ત્રિલોકસીહ** મુણિંદોજી.
ઉંસવંસ અધિકી કલા, **છાજહડવંસ**-દિણંદોજી. શ્રી. ૬
સાહ **નેતસી** કુલતીલો, **નવરંગદે**-અંગજાતોજી,
મરૂધર મહેવા દેસના, ધુરંધર લોપ્યાતોજી. શ્રી. ૭
વાંણી લહેંર તરંગણી, સરદ-મેઘ સમ ગાજેંજી,
જીવરાજ બંધવ વડા, ગીતારથ ગુણ છાજેજી. શ્રી.૮
શ્રી રાયધનપુર રંગ સ્યું, **સત્તર સેં અડત્રીસજી**,
કાર્તિક શુદિ પુન્યમ દિને, સોમવાર સુજગીસજી. શ્રી.૯
શ્રી **ભાણસાલી સુરજી**, તસ સુત **ભીમજી** રંગોજી,
નવનવ ઢાલ કહી તિણેં, મોજી મન-ઉચ્છરંગોજી. શ્રી.૧૦
આગ્રહ કીધો અતિઘણો, વીનતી કરીય અપારોજી,
જોડાવ્યો મનરંગ સ્યું, **હરીવંસ** ચરીત્ર ઉદારોજી. શ્રી.૧૧
પાઇ **ઉત્તરાધ્યયનની**, ટીકા અંતર વાંચીજી,
સંપ્રદાય પ્રકરણથી કેતલો સુત્રેં સાચજી. શ્રી.૧૨
જ્ઞાતા સમવાયંગથી, **અંતગડ** અંગ મઝારોજી,
એહ શાસ્ત્ર અનુંસારથી, રાસ કર્યો સુવિચારોજી. શ્રી.૧૩
અધિકોઓછો સુત્રથી, આપ મતેં જે ભાખ્યોજી,
તે મુઝ મિચ્છામી દુકડં, ગીતારથની સાખ્યોજી. શ્રી.૧૪
રાંમ રાઘવ ધ્રમરાગ સ્યું, **હરીવંસ**-કુલશિણગારોજી,
મુનીસુવ્રત જિન **નેમજી**, તીર્થંકર સુષકારોજી. શ્રી.૧૫
ચોથા ખંડ તણી સહી, ઢાલ કહી એકત્રીસજી,
ભણેં ગુણેં વાંચે સુણેં, **સુખસંપત્તિ** જગીસજી. શ્રી.૧૬
આચારિજ **ત્રિલોકસી**, ગચ્છમંડન સિણગારોજી.
આણંદજી મુની ઉચરે, સંઘ સહુ જયકારોજી. શ્રી.૧૭

કલસ.

હરીવંસ ઉતપતી સાસ્ત્ર બહૂ શ્રુતિ **નેમિ** જિનપતિ જગગુરૂ,
શ્રીકૃષ્ણ યદુપતિ ત્રિખંડ નરપતિ બાંધવ **બલભદ્ર** સુષકરૂ. ૧
ભામાદિ રૂક્મણિ આઠ ભામણી મુગતિગામણી ગાઇએ,

સંબ પરજુન આદિ બહુ ગુણ ભણુત સહુ સુષ પાઇએ. ૨

(૧) ઇતિશ્રી મુન્યાનંદવિરચિતે શ્રી હરીવંસ ચરીત્રે ચતુર્થ ખંડ સંપૂર્ણઃ સં.૧૮૭૧ માધ વદ ૧૧ ચંદ્રવાસરે શ્રી **થા**નગઢમાં લ. ઋષિ **વેલજી** રૂપાજી. પ.સં.૫૯-૧૯, માં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૩-૮૬. જુઓ આની આગળના આણંદ વિશેની સંપાદકીય નોંધ.]

૯૮૦. નિત્યસૌભાગ્ય (ત. વૃદ્ધિસૌભાગ્યશિ.)

(૩૪૭૦) નંદબત્રીશી ૧૬ ઢાળ ૨.સં.૧૭૩૧

આદિ – શ્રી અઝારી પરમેશ્વરી નમો નમઃ

દૂહા.

શ્રી **આદીસર** આદિકર, ચૌવીસે જિણચંદ,
પ્રણમું નિતનિત પુહસમેં, આપૈ પરમાણંદ. ૧
કાસમીર-મુષમંડણી, કલિમેં ઈધક પ્રતાપ,
વડગિરિવરા વડગિરવો, અવતરિ બઇઠી આપ. ૨
અંબાઈ તુ **અરબુદા, અઝારી** અભિધાન,
વરવન વાડી સરપવરા ગિરવર વિવર પ્રધાન. ૩

(પછી સરસ્વતીવર્ણન)

*

ચૌપઇ

નંદરાઇ વઇરોચન તણૌ, પરસિધ મહિયલિ પરમંધ ઘણુ,
વઇરોચન મુંહતો ગુણવંત, તેહની વાત સુણુ ધરિ ષંત. ૧
પુર **પાડલી**નયર પરસિદ્ધ, ધણ કણ કંચણ રિદ્ધ સમૃધ,
મોટા દેસ ઘણા જિહાં ગામ, જન દુરલિષ્ય ન જાણઇ નામ. ૨
પુર પટ્ટણ પુહવી મઈ ઘણા, મનમોહન ને રલિયાંમણા,
પાડલીપુર સમ નહી પૃથમાદિ, અછૈ હૂં નૌ આદિ અનાદિ. ૩

અંત – ઢાલ દાન સુપાત્રઈ શ્રાવક દીજિઇ એ ઢાલ. ધવલ ધન્યાસી.
નવરંગી ચઉપઈ નવરસ ઘણી રે, સાંભલિયો સહુ કોય,
ભણતાં ગુણતાં સહૂઇ ભાવ સૂં રે, સંપતિ લહિસ્યઇ સોય. ૧
મોહણવેલી ચઉપઇ મન વસી, સુણતાં થાસ્યઇ સહૂઇ જન ષુસી રે,
મૂલ પ્રબંધ અછઈ મહિમંડલઇ રે, **નંદબત્રીસી** નામા ચઉપઇ એ

વિરચી ચુંપ સૂં રે પરમેશ્વર પરણામ. ૨ મો.
શ્રી **તપગચ્છપતિ** ગુરૂગુણ ગાજતઉ રે, વચનસુધારસ જલધર
વરસતો રે, પ્રતપઇ આણંદપૂર. ૩ મો.
પ્રવરપ્રધાન સુપંડિત પણમો રે, ગીતારથ ગુણધામ,
વૃદ્ધિસૌભાગ્ય ક્રિયાગુણ આગલો રે, મહીયલિ પ્રગટ નામ. ૪ મો.
નિતસૌભાગ્ય પયંપઇ ધણ પરઇ રે, શ્રી **સારદ** સુપસાય,
ધલિ **અજારી** આપ પરગડી, પ્રણમું પ્રહસમ પાય. ૫ મો.
અંબાઈ વડી તૂં **અરણુદા, કારમીરી** કહિવાય,
વાણી તૂં વિદ્યા વાગેસ્વરી રે, માતા તૂં મહિમાય. ૬ મો.
તૂ માતા હૂં સેવક તાહરઉ રે, પ્રણમું તાહરા પાય,
નિતસૌભાગ્ય સદા આનંદ કરે, ગુણગણ ગુરૂઆ ગાય. ૭ મો.

(૧) ધતિશ્રી નંદરાજ મંત્રી વૈરાગ્યન ચઉપઇ સંપૂરણમ્ **નંદબત્રીસી** નામ. ઢાલ ૧૬ શ્લોકસંખ્યા ૪૨૦ અથવા સર્વગાથા...આઉઆ નગરે લિખિતં **નિતસૌભાગ્યેન** સંવત ૧૭૩૧ વર્ષે માધ સિતપક્ષે. કવિહસ્તલિખિત, પ.સં.૯-૨૧, આ.ક.ભં.

(૩૪૭૧) પંચાખ્યાન ચોપાઈ અથવા **કર્મરેખા ભાવિની ચરિત્ર**
૨૫ ઢાળ ૪૫૩ કડી ૨.સં.૧૭૩૧ આસો શુ.૧૩

આદિ- ચોપઈ.

સરસતીમાત સદા મન ધરી, કથા કહું અતિ આણંદ ધરી,
કથા સુણ્યે કયપય પરિહરો, હૃદયકમલમિં આણંદ ધરો. ૧

અંત - પાર્શ્વનાથ સુપસાયિ કરી, **સરસતી** મનશુદ્ધિ સમરિ કરી,
રચ્યો તાસુ એહ ચરિત્ત સાંભલયો એકાગર ચિત્ત. ૪
સંવત **સતર એકત્રીસે** જાણ, (૧૭૩૧) શુદિ આશો તેરસિ વખાણ,
સારદમાત તણિં સુપસાય, **નિત્યસૌભાગ્ય** અહોનિશિ ગુણ ગાય.૫

દૂહા.

ચોપઇની ગાથા ચારસેં તિણિ ઉપરિ તેપન્ની
નિત્યસૌભાગ્ય કવિયણ કહે, સુણયો સહુ એક મન્ન. ૬

ઢાલ ૨૫મી દીદોદીઠો કે વામાકો નંદ દીઠો એ દેશી.

ગુણિયણ એ ગુણ ગાયો એ, સરસ પયત્રીસે ઢાલ.
ચતુર સુણજ્યો ચોપઇ એ, સકલસભામન રંજસી એ, સુણતાં
અતિહિ રસાલ. ચ.૧

ચોપઇ એ મનમોહની એ, નવનવ ઢાલ રસાળ, ચ.
કંઠ સુકંઠે ગાવતાં એ લાગે અધિક રસાલ. ચ.૨
ચોપઇ એ ચંગી અછઇ એ, સગવટનું કસતામ, ચ.
નવરસ ભાવ નવનવા એ, તેણિ કરી અભિરામ. ચ.૩
પંડિત **વૃદ્ધિસૌભાગ્ય, નિત્યસૌભાગ્ય** સુજાણ, ચ.
સરસતીનિં સુપસાઉલે એ, ધરી કવિત્ત સુ ધ્યાન. ચ.૪
ગુણિયણ મિલિ ગાયજ્યો એ, અરય સહિત અધિકાર. ચ.
મન રંજસી મોહેલો, સુણતાં ચતુર સુળિ ચાર. ચ.૫
—ઇતિ પંચાખ્યાન વિષયે કર્મરેખા ભાવિની ચરિત્રં સંપૂર્ણ.

(૧) સં.૧૭૭૦ વર્ષે આશો સુદિ ૨ દિને ગુરૂવાસરે સંપૂર્ણ લિખિતોડયં રાસ સકલ મહોપાધ્યાય ૧૦૮ શ્રી **જિનયંદ્રગણિ** શિષ્ય સકલકોવિદ-કોટીકોટીર પંડિતશ્રી ૫ શ્રી જીતયંદ્રગણી શિષ્ય ગણિ **યશશ્ચંદ્રેણ** લિખિતોડયં આત્માર્થે. ૫.સં.૧૩, અમર.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૭૯–૮૨. 'નંદબત્રીસી'નો ૨.સં. સ્વ-લિખિત પ્રતના લ.સં.ને અનુલક્ષીને અપાયો છે.]

૯૮૧. માનમુનિ (લીં. નવલઋષિશિ.)

(૩૪૭૨) સંયોગ બત્રીસી ૨.સં.૧૭૩૧ ચૈ.શુ.૬

અંત – સંવત **ચંદ સમુદ્ર સિવાક્ષ શશી** યુત વર્ષ વિચારઇ તિસી
ચૈત સિતા તસુ છઠ્ઠિ ગિરાપતિ **માંન** રચિયું સંયોગ બત્તીસી. ૩૨

*

અમરચંદ મુની આગ્રહેં સમર હૂઇ **સરસતિ**
સંયમ બત્તીસી રચી આછીઆંનિ ઉકતિ. ૪૨

(૧) ઇતિ શ્રીમન્ માંનમુનિના વિરચિતાયાં ચતુર્થોન્મોદ સંવત ૧૭૬૩ વર્ષે મતિ દ્વિતીય આસાઢ સુદિ ૨ દિને વારે શનિસ્વરે. વિ.ધ.ભં.

(૩૪૭૩) જ્ઞાનરસ (હિંદીમાં) ૧૨૬ કડી ૨.સં.૧૭૩૯ વર્ષાઋતુ આનંદ માસમાં

આદિ – પૂરણ બ્રહ્મ નમઃ
શ્રી જિન નિત પ્રતિ શમરીએં, પુરૂષોત્તમ પરિબ્રહ્મ,
અકલ અલખ અરિહંત જે, ભવભયટાલણ ભ્રમ. ૧
મનખજનમ લાભેં મના, કાજેં ઉત્તમ કર્મ,
જે જાણો જગદીશનેં, ધ્યાવો એક જિનધર્મ. ૨

જગપતિ જે જગનાથ જિન, કાપઈ કોટિય કર્મ,
જગ સગલો જંજલમાં, ભૂલા મ ભમો ભ્રમ. ૩

*

આર્યા છંદ

વૃદ્ધિ વચન સુમતિ દેહ બ્રહ્માણી, હૃદય ધરિ વાસ કરો સુરરાણી,
જયું જગપતિ ગાવૂં યુગ જંણી, પામઇ ભવપાર સંસારહ પ્રાણી. ૯

અંત – (છંદ બે આખરી, મોતીદામ, આર્યા, મોતીદામ)

સસીહર સાગર રામ સુનંદ, અનાદ વર્ષારિતિ માસ આનંદ,
નવલ રૂષિ ગુરૂ મોરોય નાથ, હરીગુણ મોપેં બતાવ્યોય હાથ. ૧૨૪
દેખાવ્યોય દેવનિરંજન નાંમ, કીયો મેંય એમ જિનેસ્વર કાંમ,
સહી સિવલોકનૂં એહ સ્વરૂપ, અનંત અનંત અનંત અનૂપ. ૧૨૫

કલશ.

અનંત તુંહ અનહદ, ગ્યાન ધ્યાન મહ ગાવે,
માત તાત નહ માંન, પ્રભૂ નાત જાત ન પાવે;
નાદ બિંદ વિણ નાંમ, રૂપ રંગ વિણ રત્તા,
આદિ અનંત નહીં એમ ધ્યાન યોગેસર ધરત્તા.
સિવ સગત ઉભેં દોય સંભહેક નિરંજન આપ હુય,
નવનવા રૂપ નર નિત્ય તું, આદિપુરૂષ આદેશ તુય. ૧૨૬

(૧) ઇતિ શ્રી **માન** મુનિ વિરચિતે જ્ઞાનરસ સંપૂર્ણ. સંવત ૧૮૪૭ શાકે ૧૭૧૨ માર્ગસર વિદ ૩ શુક્રે કેરાડારા મધ્યે. લિ. મુનિ ધર્મચંદ્ર શિ. **જિણચંદ્ર** તથા હેમચંદ્ર પઠનાર્થં. પ.સં.૬–૧૬, મ.જૈ.વિ. નં.૪૬૨.

(૩૪૭૪) સવૈયા માન ભાવની

(૧) સં.૧૮૧૨ જ્યે.શુ.૫ લિ.ઋ. **મયાચંદ** ગ્રામ ધોધૂદા મધ્યે. પ.સં.૪, અભય. નં.૨૬૧૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૨, ભા.૩ પૃ.૧૨૮૦–૮૧ તથા ૧૫૨૪.]

૯૮૨. સમયનિધાન વા. (ખ. સમયસુંદર–હર્ષનંદન–જયકીર્તિ પ્રશિષ્ય રાજસોમશિ.)

સમયસુંદર જુઓ નં.૬૧૮.

(૩૪૭૫) સુસઢ ચોપાઈ ૨.સં.૧૭૩૧(૭) અકબરાબાદમાં

આમાં ઘણી ઢાળો – દેશીઓ છે.

અંત – શ્રી **જિનચંદ** સૂરીસર રે, **સકલચંદ** તસુ સીસ,

સમયસુંદર પાઠક સદા રે, જયવંતા જગદીસ. ૭
પાટોધર તસુ પરગડા રે, કંદવાદ-કુદ્દાલ,
હરષનંદન વાચક હઠી રે, પ્રીછઇ બાલગોપાલ. ૮
જયકીરત વાચક જયો રે, સીહાં સીહ સુશિષ્ય,
રાજસોમ પાઠક રિધૂ(ધૂરિ) રે, પ્રસિદ્ધ હૈ તાસુ પ્રશિષ્ય. ૯
જ્ઞાનલાભગણિ ગુણનિલો રે, અંતેવાસી અમ્હ,
સમયનિધાન વાચક સુખી રે, તિણ કહ્યો ચોપઇ તુમ્હ. ૧૦
સુસઢ તણી અતિ સુંદરૂ રે, મુઝ શિષ્ય નામ **મુરારિ**,
તેહનૈ કરિ દેવો તુમ્હે રે, અરજ એહ અવધારિ. ૧૧
ચતુર જોડી ચઉપઇ રે, શ્રી **જિનધર્મ** સૂરિસ

*

રિધૂ(ધૂરિ) તલે તસુ રાજમઇ રે, સંવત **સતરૈ સૈતીસ** (પા.**એકતીસ**)
અકબરાબાદ કીધી અમ્હે રે, **આલમગીર** અધીસ. ૧૩

(૧) સં.૧૮૧૮ ફા. કૃષ્ણ પંચમી શનિ. દેશણોક મધ્યે ભ. **જિનભક્તિસૂરિ** શિષ્ય વા. **માણિક્યસાગરગણિ** શિષ્ય પં. **તત્ત્વધર્મ** લિ. દેસણોક ગ્રામે ચતુર્માસી કૃતા. ચુનીજી ભં. કાશી ? (૨) પ.સં.૧૮, જય. પો.૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૭૭-૭૮. ભા.૧ પૃ.૩૭૦ પર કૃતિ ભૂલથી સમયસુંદરને નામે મુકાયેલી તે પછીથી સુધાર્યું છે.]

૯૮૩. જયસાગર (દિ. મૂલસંઘ સરસ્વતીગચ્છ વિદ્યાનંદ-મલ્લીભૂષણ-લક્ષ્મીચંદ્ર-વીરચંદ્ર-પ્રભાચંદ્ર-વાદીચંદ્ર-મહીચંદ્રશિષ્ય)

(૩૪૭૬) **અનિરુદ્ધહરણ** ૪ ખંડ ૨.સં.૧૭૩૨ માગસર શુ.૧૩ ભૃગુવાર સુરત

આદિ – રાગ દેશાખ.

સમરવિ **સારદા** સ્વામીની, પ્રણમવિ **નેમિ** જિણંદ,
કથા કહું **અનિરૂદ્ધની**, મને ધરી આનંદ. ૧
બાવિસમો જિનવર હવો, તેહનૈં વરિ સાર,
નારાયણસુત જાણીયૈં, **કામ** કામ-અવતાર. ૨
તેહ તણો સુત **અનિરૂદ્ધ** હવો, રૂપવંત ગુણવંત,
તેહ તણા ગુણ વરણવું, સાંભલજ્યો સહુ સંત,

અંત – ચાલિ – કોડિ પૂરવનૂં આયુજ પાંમી,
સાધ્યાં રાયાં કોડિજી – એ ભાસુ

અનિરૂદ્ધ સ્વામી મુગતિ જ પાંમી, કીધૂં તેહ વખાણુજી,
ભવિયણુજણ જે સુણુસે ભણુસે, તે પાંમે સુષખાંણીજી. ૧
શાસ્ત્રસિદ્ધાંત કાંઈ નહી જાંણું, નથી કરતો અભિમાંનજી,
પૂર્વ સૂરિ તણે અનુક્રમેં કીધું, **અનિરૂદ્ધહરણ** આખ્યાનજી. ૨
કવિજન દોષ માં મુઝનેં દેજો, કહું છું મુંકી માંનજી,
હીન-અધિક જે એહ માંહે હોવે, સોધજો તહમે સાવધાનજી. ૩
મૂલસંઘે સરસ્વતીગચ્છે, **વિદ્યાનંદ** મુનિંદજી,
તસ પાટેં ગોર **મલ્લી**ભૂષણ, દીઠે હોંયે આનંદજી. ૪
લક્ષ્મીચંદ્ર મુનિજનમોહન, **વીરચંદ્ર** તસ પાટજી.
જ્ઞાનભૂષણ ગુરૂ **ગૌતમ** સરિષો, સોહે વંશ લેલાટજી. ૫
પ્રભાચંદ્ર તસ પાટેં પ્રગટયો, હુંબડ વડિલ વિખ્યાતજી,
વાદીચંદ્ર તસ અનુક્રમિં સોહે, તેહની વાદીવૃંદમાં વાતજી. ૬
તેહ પાટેં **મહીચંદ્ર** ભટારક, દીઠે જનમન મોહેજી,
મેરૂચંદ્ર તસ પાટેં જાંણો, વાંણી અમીરસ સોહેજી. ૭
ગોર **મહીચંદ્ર** શિષ્ય એમ બોલે, **જયસાગર** બ્રહ્મચારજી,
અનિરૂદ્ધ નામે જે નિત્યેં જાંપે, તેહ ઘરિ જયજયકારજી. ૮
હાંસોટે સિંઘપરા શુભ ગ્રાતેં, લિખ્યૂં પત્રવિશાલજી,
જીવંધર છીતા તણે વચનેં, રચ્યૂં જૂજૂયેં ઢાલેંજી. ૯
સંવત **સતર બત્રાસ** માહેં, માગસિર માસ ભૃગુવારજી,
સુદિ તેરસિ રચના રચિયે, પૂર્ણગ્રંથ થયો સારજી. ૧૦
સૂરતનયર માંહિ તલો જાંણો, **આદિજિનગેહેં** સારજી,
પદ્માવતી મુઝ પ્રસન્ન થઇનેં, નિત્યેં કર્યો જયજયકારજી. ૧૧

દૂહા.

જયજયકારજી તેહ ઘરેં, જેહનેં નિજ વિશ્વાસ,
પુન્ય કરો રે માંનવી, પોહોચે મનની આસ. ૧
અનિરૂદ્ધહરણ જે મેં કર્યું, દુઃખહરણ એ સાર,
સાંભલતાં સુખ ઉપજે, કહે **જયસાગર** બ્રહ્મચાર. ૨

(૧) ઇતિ ભટ્ટારક શ્રી મહીચંદ્ર શિષ્ય બ્રહ્મશ્રી જયસાગર વિરચિતે અનિરૂદ્ધહરણાખ્યાને **અનિરૂદ્ધગમન** વર્ણનો નામ ચતુર્થોધિકારઃ સમાપ્તઃ. પ.સં.૨૮–૧૫, સ.ભ. (૨) સંવત ૧૭૮૧ માગસર વદિ ૫ સોમે પ્રથિરાજે સ્વહસ્તે લિષિંત **માનરાજ** પઠનાર્થે શુભં ભવતુ. પ.સં.૩૫–૧૫, સ.ભ.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૧-૯૩. રચનાસ્થળ 'હાંસોટ-સુરત' એમ દર્શાવેલું પણ હાંસોટના જીવંધર છીતાના વચનથી કૃતિ સુરતમાં રચાઈ છે એમ સમજાય છે.]

૯૮૪. વિબુધવિજય (ત. વિજયસિંહ-વીરવિજયશિ.)

(૩૪૭૭) મંગલકલશ રાસ ૪૦(૪૪) ઢાળ ૬૬૮ કડી ર.સં. (આરંભ) ૧૭૩૦ આણંદપુર (પૂર્ણ) ૧૭૩૨ માધવમાસ ૨ બુધ સિદ્ધપુર

આદિ –

દૂહા.

શ્રી જિનપય પ્રણમું સદા, **ઋષભાદિક** જિન જેહ;
ચઉવીસે એ જિનવર નમું વાધે અધિકો નેહ. ૧
પુંડરીક ગોતમ પ્રમુખ, ચઉદસેં બાવન;
ગુણદરિઆ ગણધર નમું, હરષિત હોય જગમન. ૨
હંસગમની હંસાસની, ભગવતી **ભારતી** માય;
મૂરખને પંડિત કરે, પ્રણમું તેહના પાય. ૩
જ્ઞાનવંત ગુરૂ માહરો, જ્ઞાનનયણદાતાર;
તે ગુરૂનેં પ્રણમું સદા, આણી હરષ અપાર. ૪
દાન શિયળ તપ ભાવના, ધરમ એ ચાર પ્રકાર;
પ્રથમ દાન ગુણ વરણવું, **મંગલકલશ** અધિકાર. ૫

અંત – શ્રી **સુમતિનાથ** ચરિત્ર, એ સંબંધ જોઇ ભલેં ચિત્ત
મુજ બુદ્ધિ સારૂ એ રાસ, કીધો છે પ્રથમ અભ્યાસ. ૯
શ્રી **વિજયદેવ**સૂરીંદ, તસ પાટિં દોઈ મુણિંદ
શ્રી **વિજયસિંહ** સૂરીસ, જયો શ્રી **વિજયપ્રભ**સૂરીસ. ૧૦
જિનશાસન જેણિં દીપાયો, પ્રતિબોધ્યો **મેવાડો** રાણો
શ્રી **વિજયસિંહ**સૂરી જાણો, જગતસંઘજી રીઝાયો. ૧૧
સકલ પંડિત પરધાન, પંડિત-સિરમુગટ સમાંન;
શ્રી **વીરવિજય** કવિરાય, સીસ **વિબુધ** લહે સુપસાય. ૧૨

દૂહા.

શ્રી **વિજયપ્રભ** સૂરીંદને, આદેશેં ઉલ્લાસ;
સત્તર ત્રીસેં વડનગરે, ચતુર રહિયા ચોમાસ. ૧
આણંદપુર એ નગરથી જોડવા માંડ્યો રાસ,
સંપૂરણ કીધો **સિદ્ધપુરે**, આણી મન ઉલ્લાસ. ૨

રાગ ધવલ ધન્યાસી ઢાલ.

ગાયો ગાયો રે મેં પુણ્યવિલાસ જ ગાયો;
દાંન સીલ તપ ભાવ પસાઈ, **મંગલકલસ** સુખ પાયો રે. ૧
ઢાલ ચઉઆલીસ વચન રસાલ, દાનધરમ દીપાયો,
ભણે ગુણે ને સુણે નરનારી, તસ ઘરિ ઋદ્ધિ ભરાયો. ૨
શશિ સાગર ને **દંત** સંવચ્છરિ માધવ **માસ** કહેવાયો,
દ્વિતીયા બુધ દિન સિદ્ધ સંયોગે અનોપમ રાસ નિપાયો રે. ૩
શ્રી **વિજયદેવ** સૂરીશ્વર પાટે કીરતિ સબ જગ છાયો,
શ્રી **વિજયસિંહ** સૂરીશ્વર સાહબ, દિન દિન દોલત દાયો રે. ૪
તાસ સીસ સુંદર સોભાગી **વીરવિજય** કવિરાયો,
તાસ સીસ **વૃદ્ધિવિજય** બંધવ **વિબુધવિજય** સુખ પાયો રે. ૫
છસેં અડસઠિ ગાથા કહિએ સરવસંખ્યા કહિવાયો,
જિહાં લગિ ધ્રુ સશિ સાયર દિનકર તિહાં લગિં એ થિર થાયો રે. ૬

(૧) ભટ્ટારક **વિજયદેવસૂરીશ્વર** સકલ ભ. **વિજયપ્રભસૂરિસદ્** ગુરુભ્યો નમઃ તત્શિષ્ય ઉ. શ્રી **વિમલવિજયગણિ** તત્શિ. **શુભવિજયગણિ** તતશિ. **ગંગવિજયગણિ** તતશિ. **નયવિજયગણિ** તત્શિ. પં. **મોહનવિજયગણિ** તતશિ. **રાજવિજયગણિ** સં.૧૮૮૯ ચૈત્ર શુકલપક્ષે તિથિ ૧ પડવે ભોમવાસરે શ્રી **રાધિકાપુરે** શ્રી શાંતિનાથપ્રસાદે શ્રી **તપાગચ્છે** લખાવીતાં સાધ્વી **તેજવિજયગણી** પં. **રૂપસતકેન** લ. શ્રી **નેમવિજયગણિ** તત્શિ. લષિતં મુનિ **વિદ્યાવિજય**. પ.સં.૩૫-૧૫, ૨ત્ન.ભં. દા.૪૩. (૨) લ.સં.૧૭૩૨, પ્રે.૨.સં. નં.૨૯ (વે.).

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૭૮-૭૯, ભા.૩ પૃ.૧૨૭૮. વિવેકવિજય (નં.૯૭૩) અને આ કવિને તથા તેમની કૃતિઓને પછીથી એક કરી નાખવામાં આવેલ તે યોગ્ય જણાતું નથી. જુઓ વિવેકવિજય વિશેની સંપાદકીય નોંધ.]

૯૮૫. ભગોતીદાસ (દિ. આગ્રાવાસી ઓસવાલ લાલજીનો પુત્ર)

(૩૪૭૮) ચેતનચરિત્ર (હિંદીમાં) ૨૯૭ કડી ૨.સં.૧૭૩૨ જે.૭ ગુરુ

આદિ – શ્રી જિનચરણ પ્રનામ કરિ, ભાવભગતિ ઉર આંનિ
ચેતન અરૂ કછુ કર્મકી, કહૌ ચરિત્ર વખાનિ. ૧

અંત – ચેતન અરૂપહ કર્મકૌં, કહૌ ચરિત્રપ્રકાસ
સુનત પરમ સુખ પાઇએ, કહૈ **ભગૌતીદાસ**. ૨૯૬
સંવત **સત્રહ** સૈ **બતીસક**, જ્યેષ્ઠ સપ્તમી આદિ

શ્રી ગુરવાર સુહાવનૌં, રચના કહી અનાદિ. ૨૯૭

(૧) સં.૧૭૬૫ ચૈ.વ.૮ ઘોઘાબંદર લિ. મણિસુંદરગણિભિઃ કર્મસાગર પઠનાર્થં. પ.સં.૨૫, જિ.ચા. પો.૮૩ નં.૨૨૨૬. (૨) સં.૧૯૦૭ કલકત્તા દુર્ગાનંદ લિ. પ.સં.૯, જિ.ચા. પો.૮૩ નં.૨૦૯૯. (૩) પ.સં. ૧૫-૧૦, કુશલ.

(૩૪૭૯) બ્રહ્મવિલાસ (હિંદીમાં) ૨.સં.૧૭૫૫ વૈશાખ શુદ ૩ રવિ આગ્રામાં

અંત – જંબુદ્વિપ માંહિ છિન ભર્તા, તામે આર્યખંડ વિસરતા,
તિહાં **ઉચસેનપુર** થાના, નગર **આગરા** નામ પ્રધાના.
તિહાં વસે જિનધર્મલોક, પુન્યવંત ગુનકે બહુ થોક,
બુધવંત અનુસરસા કરે, અખેભંડાર ધર્મકો ભરે.
નરપતિ તિહાં એ રાજે **અવરંગ**, જાકી આજ્ઞા વહે અખંડ,
ઇત ભીત વ્યાપે નહીં કોય, યહ ઉપગાર નૃપતિકે હોય.
તિહાં નાત ઉત્તમ બહુ વસે, તામેં **ઓસવાલ** કુલિલેસે,
તિનકે ગોત બહુત વિસ્તાર, નામ કહત નહિ આવે પાર.
સબતે લોગ ગોત પ્રસીદ્ધ, તામ **કટારિયા** અરી સમૃદ્ધ,
દશરથ સાહ પુંન્યકે ધનિ, તિનકે ઋદ્ધિવૃદ્ધિ અતી ઘની.
તિનકે પુત્ર **લાલજી** ભએ, ધર્મવંત ગુનગુન નિરમએ,
તિનકે નામ **ભગોતીદાસ**, જિન ઇહ કીનો **બ્રહ્મવિલાસ.**
જામે નિજ આતમકી કથા, **બ્રહ્મવિલાસ** નામ હે જથા,
બુધવંત હસિયો મત કોય, અલ્પમતી ભાષા કની હોય.
ભુલચુક નિજ નેન નિહાર, શુદ્ધિ કીયે થે અરથવિચાર,
સંવત **સતરે સે પંચાવન**, સુવેશભ વૈશાખ સોહાવન
શુક્લવંશ તૃતિયે રવિવાર, સંઘ ચતુર્વિધ જેજેકાર.
પઢત સુનત સબકો કલ્યાણ, પ્રગટ હોય નિજ આતમજ્ઞાન,
ભૈયા નામ **ભગોતિદાસ**, પ્રકટ કિયો જિન **બ્રહ્મવિલાસ.**
બહોત પાતક કહીએ કહા, ધનપદ જીવ ત્રિભુવનકો ધણી,
પ્રગટ હોય જબ કેવલજ્ઞાન, શુદ્ધ સ્વરૂપ વહે **ભગવાન.**

(૧) રો.એ.સો. (ડા. ત્રિ. પ્રશસ્તિસંગ્રહ)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૭૯-૮૦.]

૯૮૬. સુખસાગર (ત. કલ્યાણસાગર-સુંદરસાગરશિ.)

(૩૪૮૦) ઇંદ્રભાનુપ્રિયા રત્નસુંદરી સતી ચોપાઈ ૩૨ ઢાળ ૨.સં.

૧૭૩૨ ભાદ્રપદ સુદ ૮ બુધવારે રેઆં ગામે

આદિ – શ્રી **સંખેશ્વર પાસ**જિન, પણમેા પય-અરવિંદ;
આસસેન નૃપ કુલતિલેા **વામાદેવી** નંદ. ૧
ઈંદ્ર ઈંદ્ર નાગેંદ્ર નર, સેવા સારૈ સાર;
પાસ સંખેસર પ્રણમતાં, સફલ હુવૈ અવતાર. ૨
ઈહભવિ પરભવિ સુષ હુવૈ, પામઈ લીલવિલાસ,
સંપતિ સંતતિ વિસ્તરઇ, પૂજ્યાં શ્રી જિન **પાસ**. ૩
સુભ મતિ દ્યો મુઝ **સરસતી**, હંસવાહિની માત,
કુમતિ કાઢિ દૂરૈં કરેા, સુમતિ સમાપેા માત. ૪
જગદંબા જગદીશ્વરી, ત્રિણ જગ કેરી માય,
વાંકેરાય વિશ્વેશ્વરી, સેવ્યાં બહું સુષ થાય. ૫
વચનવિલાસ દ્યો સરસ મુઝ, સેવકનઈ સિરદાર,
સુગમ સાસ્ત્ર ભાષા સહિત, વરણું ચેાપઇ સાર. ૬
સદ્ગુરૂચરણપ્રસાદથી, ગાવું સતીગુણગાન,
સરસકથા **રતનસુંદરી**, સુણેા થઇ સાવધાંન. ૭

અંત – સેારઠા.

ટાળ્યેા **વિક્રમ**માંન, રાષ્યેા નિજ મદ માનિની,
સીલવતી સાવધાંન, **રતનસુંદરી** ભામિની.
નામ લિઆં નિસતાર, ભણુતાં સુણુતાં ભાવ સ્યું,
સફલ હુવૈ અવતાર, સુણતાં ચેાપઈ હરષ સું.

ઢાલ ૩૧ સાલિભદ્રધન્નેા રિષરાયા એ ઢાલ.

વીર પટોધર પાટ વિરાજૈ, **તપ**ગછપતિ ગુર છાજૈજી.
શ્રી **વિજૈપ્રભ** સૂરીસરરાયા, તાસ તણા નમું પાયાજી. ૧
તસુ ગછ માંહિ પંડિતરાયા, **કલ્યાણસાગર** ગુરરાયાજી,
પડિબેાહી ફીઆ શ્રાવક રાયા, તાસ તણા નમું પાયાજી. ૨
તસુ સીસ રવિ જિમ સહગુરૂ સેાહૈ, ભવઅણના મન મેાહૈજી,
બુધ **સુંદરસાગર** ગુરૂરાયા, તાસ તણા નમું પાયાજી. ૩
બુધ **સુંદરસાગર** ગુરૂરાયા, સતી તણા ગુણ ગાયાજી,
દિનદિન વધતૈ નૂર સવાયા, તાસ તણા. ૪
તસુ સીસ આપણી મતિ-અનુસારૈં, ચરિત રચ્યેા સુવિચારૈંજી,
પંડિત **સુષસાગર** ગુણ ગાયા, દિનદિન સુષ સવાયાજી. ૫

સંવત સંજયમગુણ લેઇજઇ, નરલષ્યણ દેઇજઇ,
ભાદવ સુદિ આઠમી બુધવારેં, ગ્રંથ રચ્યો સુષકારેંજી. ૬

ઢાલ ૩૨ ચૌપઇ.

ચોપઇ જોડી હર્ષ ધરી, વાંકેરાય મયા બહુ કરી,
સેવક નૈ સુષ સંપતિ બહુ, પૂરૈ દેવી વાંછા સહુ. ૧
એકચિત્ત ધ્યાસી વાંકેરાય, તાસ ઘરેં નવનિધિ જયુ થાય,
પુત્ર કલત્ર ધન ધાન્યેં સદા, તૂટી આપૈ અતિ સુષ સુદા. ૨
રેઆં નગરી રલિયાંમણી, સગલાં સહરાંરી સિરમણી,
ચોસઠિ દેવી મુષ્ય સમુષ્ય, ધ્યાયાંથી હોવૈ પરતષ્ય. ૩
વાંકેરાય ભવાંની સહી, સેવા સારૈ સગલી મહી,
જસ જ્યોતિ જિગામગિ ઘણી, ઓપૈ દિનપતિ જિમ દિનમણી. ૪
સુષસાગર સેવક કવિ આસ, દિનદિન દોલતિ દેવૈ ઉલ્લાસ,
મનરી વાંછા પૂરી કરૈ, લિષમી બહુ ભંડારેં ભરેં. ૫
દિનદિન વધતૈ પુન્ય-અંકૂર, દિનદિન વધતૈ નૂર સનૂર,
દિનદિન વધતૈ સુષ્ય સુનાંણ, દિનદિન વરતૈ કોડિકલ્યાણ. ૬
દિનદિન પાવૈ શ્રીકી વેલિ, દિનદિન વરતેં રૂપારેલિ.
દિનદિન સુષસાગર કવિસાર, દિન વાધૈ જયજયકાર. ૭

(૧) સં.૧૭૩૫ વ વૈશાષ વ.૧૪ દિને પં. સુષસાગરગણિ લિખિતં શ્રી રૂપનગર મધ્યે. પ.સં.૧૩–૧૭, ના.ભં. (કવિની સ્વહસ્તલિખિત)

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૭–૯૦. 'રત્નસુંદર સતી ચોપાઈ'નું રચનાસ્થળ રેઆં ગામ (રૂપનગર ગામ) દર્શાવેલું, પરંતુ કવિએ રૂપનગરમાં લખેલી સં.૧૭૩૫ની પ્રત મળે છે તેથી રેઆં ગામ તે રૂપનગર છે એમ કહી ન શકાય.

આ પછીના સુખસાગરની 'ચોવીસી' આ કવિને નામે મૂકેલી તેમાં ભૂલ જ છે.]

૯૮૭. સુખસાગર (ત. દીપસાગરશિષ્ય)

(૩૪૮૧) ચોવીસી

આદિ – સકલપંડિતશિરોમણિ પં. શ્રી ૫ શ્રી દીપસાગરગણિ પરમગુરૂભ્યો નમઃ

આદિ સ્ત.

રાગ સામેરી. મુનિ સ્યું મન માન્યો એ દેશી.

પ્રથમ જિણેસર પ્રણમીઇં, અજિદેવીનો નંદ રે,

જિન સ્યું મન માન્યો,
નાભિનૃપતિકુલમંડણો, વૃષભલંછન જિનચંદ રે. જિન. ૧

*

દીપસાગર કવિરાયનો **સુખસાગર** કહે સીસ રે. ૫ જિ.

અંત – માધવન સુપનનું ધન જીવી એ દેશી.

ચોવીસ જિણેસર કેસર ચરચિત કાય,
જેહના પદ સેવે ચોવિધ દેવનિકાય.

*

સંવેગી ગચ્છપતિ **જ્ઞાનવિમલ** સૂરિરાય,
જ્ઞાનાદિક ગુણનો પામી તાસ પસાય,
તપગચ્છસોભાકર દીપસા(ગ)ર કવિરાય,
તેહનો લઘુ બાલક **સુખસાગર** ગુણ ગાય. ૫

(૧) પ.સં.૮–૧૩, ડે.ભં. દા.૭૧ નં.૯૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૮૯–૯૦. ત્યાં આ કૃતિ આ પૂર્વેના સુંદરસાગરશિ. સુખસાગરને નામે ભૂલથી મુકાયેલી.]

૯૮૮. સુરવિજય (ત. સિદ્ધિવિજયશિ.)

(૩૪૮૨) રતનપાળ રાસ ૩ ખંડ ૩૪ ઢાળ ૨.સં.૧૭૩૨ બુરાનપુરમાં

આદિ – દૂહા.

શ્રી ઋષભાદિક જીનં નમું, વર્તમાન ચોવીસ,
શ્રીમંધર પરમુષ નમું, વિહરમાંન વલી વીસ. ૧
પુંડરીક ગૌતમ પ્રમુખ, ગણધર હુવા ગુણવંત,
ચઉદસે બાવન નમું, મોટા મહીમાવંત. ૨
સમરૂ હું શ્રી **શારદા**, ત્રણ જગ માંહી વિખ્યાત,
વીણાપુસ્તકધારણી, શુભ મતી આપઇ માત. ૩
નિજ ગુરૂનાંમ જપું સદા, સિદ્ધિઋદ્ધિદાતાર,
મુંરીષનેં પંડિત કરે, એ મોટો ઉપગાર. ૪
તાસ તણે સુપસાઉલે, રચસ્યું રાસ રસાલ,
રતનપાલ ગુણ ગાઈવા, મુંઝ મન થયો ઉજયાલ. ૫
દાંન સીયલ તપ ભાવના, મુગતીમારગ એ ચાર,
રતનપાલ તણો ચરીત્ર, દાન તણો અધીકાર. ૬
કવણ ષેત્ર કીણી પુરી થયો, કીમ ઈણે દીધું દાંન,

લિલાલચ્છિ કિણ પરિ લતી, તે સુણજ્યો સાવધ્યાંન. ૭

અંત – ઢાલ ૩૪ સાહબ મે નવિપલવ જાસ્યું.
દાનપ્રબંધ ગ્રંથ મેં દીઠો, સખરો એ અધિકાર,
મેં માહરી મતિને અનુસારે, રચિયો રાસ ઉદાર રે;
ભવિયણ સુણજ્યો શ્રી જિનવાણી, જેહથી લહિયે શિવપટરાણી રે.
દાનથી દોલત અધિકી લહિયે, દાનથી કીરત બોલે
દાનથી સહૂ કો હોએ રાગી, નહિ કોઇ દાનને તોલે.
દાનથી દૂરિજન હોઈ ભાઇ, દાનથી સહુ સગાઇ
દાનથી લહિયે બુદ્ધિ સવાઇ, દાનથી પામિયે ઠકુરાઇ.
દાય દેઇને અનુમોદો, મ કરો પશ્ચાતાપ
ઉલટ આણી દાન જો દેસ્યો, તો ટલસ્યે પાપસંતાપ રે. ૪
તપગછનાયક બહુસુખદાયક, શ્રી **વિજયાણંદ** સૂરંદ રે,
શ્રી **વિજયરાજ**સૂરી તસ પાટેં, સંપ્રતિ સોહે મુણીંદ રે. ભ. ૫
તસ રાજે પંડીત ગુણવંતા, **સીધીવિજય** બુધરાયા રે,
સંવેગીને શુદ્ધ વયરાગી, નામથી દુરીત પલાયા રે. ભ. ૬
તેહ તણેં સુપસાય લહીંને, રાસ પૂરો ઇમ કીધો રે,
રતનપાલ તણા ગુણ ગાતાં, મનનો મનોરથ સીધો રે. ભ. ૭
શ્રી **બરાનપૂર** નગર મઝારેં પીઠમાં રહ્યા ચોમાસ રે,
શ્રી મનમોહન **વીર**પ્રસાદેં રચ્યો એ મેં રાસ રે. ભ. ૮
ઉછુંઅધિકું જે મેં ભાખ્યું, મીચ્છા દુક્કડ મુઝ તાસ રે,
ત્રીજા ખંડની ઢાલ આઠમી, મેં કહી મનઉલાસે રે. ભ. ૯
સંવત **સત્તર બત્રીસા** વર્ષે, શુભ મહુત શુભ વાર રે,
સૂરવિજય કહે સંપૂર્ણ કીધો, રાસ ત્રીજે ખંડ ઉદાર રે. ભ. ૧૦
વિનતિ કરૂં હું તુમ કર જોડિ, કોવિદ ન ચિત ધરજો,
અશુદ્ધ હોએ તે તમે શોધજ્યો, પિણ હાંસી મત કરજો. ભ. ૧૧
ભણતાં ગુણતાં ને સાંભલતાં, થુણતાં હરખ અપાર,
ગુણ ગાતાં વલી ગુણવંત કેરાં, વરત્યો જયજયકાર. ભ. ૧૨

(૧) સં.૧૭૬૫ ચૈ.વ.૧૧ ગુરૂ મહો. દેવવિજય શિ. **વીર**વિજય શિ. ગણિ **લાભ**વિજય શિ. ગ. રૂપવિજય લિ. ગ્રં.૧૦૨૫ રોહિડા નગરે. પ.સં. ૧૯–૧૮, કોટ ઉ. નં.૧૦૯. (૨) સં.૧૭૬૬ પો.વ.૬ લિ. ઋ. **વિજયકર્ણ** વાંચનાર્થં ઋ. રવજી વાચનાર્થં. પ.સં.૧૭–૧૮, ખેડા ભં.૩. (૩) સં.

૧૭૮૭ પ્ર.ભાદ્ર.શુ.૧૩ વણથલી ગામે પં. વિદ્યારુચિગણિ શિ. માનરુચિગણિ શિ. ગંગરુચિગણિ શિ. જીતરુચિ પઠનાર્થં. પ.સં.૨૪–૧૭, વિ. ને.ભં. નં.૪૫૨૯. (૪) સં.૧૭૯૪ જે.વ.૧૧ જાવાલપુર(જાલોર) મધ્યે ભુવનસાગર શિ. વિવેકસાગર લિ. પ.સં.૩૫, અભય. પો.૧૨ નં.૧૧૩. (૫) સં.૧૭૯૫ પો.શુ.૧૩ ગુરુ લ. ગેરીતા મધ્યે. પ.સં.૩૪–૧૪, ગો.ના. (૬) પ.સં.૨૮, જિ.ચા. પો.૮૨ નં.૨૦૬૪. (૭) પ.સં.૩૦–૧૪, ડા. પાલણપુર દા.૩૬. (૮) સં.૧૮૪૩ મા.શુ.૫ શિવજી ઋષિ લિ. પ.સં.૨૯, ૧૪થી ૨૮ નથી, ચતુ. પો.૫. (૯) સં.૧૭૭૦ કા.શુ.૧૦ રવિ. લિ. પૂજ્ય ઋ. દેવજી શિ. પૂજ્ય ઋ. નરસંઘ શિ. પૂ. ઋ. લખમસી શિ. પૂ. ઋ. ગાંગજી શિ.ઋ. રતનસી ગુરુભાઈ ઋ. કલ્યાણજી ઋ. વજેકર્ણજી તત્ ગુરુભાઈ લિ. મુ. શિવજી મુંજલપુર મધ્યે. પ.સં.૧૮–૧૮, રાજકોટ મોટા સંઘનો ભં. (૧૦) સં.૧૮૧૮ આષાઢ શુ.૧૦ વીસલનગરે. પ.સં.૨૫–૧૬, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૯. (૧૧) પૂજ્ય ઋ. સુજાણજી શિ. પૂ. ઋ. અમીધરજી શિ. ઋ. મનરૂપજી લિ. ભ્રાતા ઋ. મોતીચંદ વૈ. ગંગાધર સં.૧૮૩૪ મહા વદિ ૧૨ સોમ ભાવનગર મધ્યે. પ.સં.૨૭–૧૬, સંઘ ભં. પાલણપુર દા.૪૪ નં.૧૧. (૧૨) સંવત્ ૧૭૮૬ વર્ષે શુકલપક્ષે ચૈત્ર શુદ ૧૫ દિને વાર સોમે લિખિતં, ભાલદેસે ગગપૂરે ગ્રામે લખીતં મહોપાધ્યાય શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી શ્રી સીધયંદ્રગણિ તત્સીષ્ય પંડિત શ્રી ૧૯ શ્રી સભાચંદ્રગણી તત્સિષ્ય સકલપંડિતોત્તમ પંડિત શ્રી ૫ ભાગાચંદ્રગણી તત્સીસુષુ સ્વાચંદ્રેણ લપીકૃતં ભ્રાતા લખમીચંદજી વાંચનાર્થં શ્રી ભાલદેશે પ.સં.૪૦–૧૨, ધો.ભં. (૧૩) લિ.સં.૧૯૫૩ ફા.શુ.૧ ભોમ, ખત્રી વશરામ આભાભાઈ. ધો.ભં. (૧૪) પ.સં.૨૮–૧૬, ધો.ભં. (૧૫) પ્ર.કા.ભં. (૧૬) રત્ન.ભં. (૧૭) ભા.ભં. (૧૮) લીં.ભં. (૧૯) ડે.ભં. (૨૦) સં. ૧૭૩૮ વર્ષે શ્રાવણમાસે કૃષ્ણપક્ષે ૨ ગુરુવાસરે લપીકૃતં....સકલપંડિતલબ્ધપ્રતિષ્ઠોત્કૃષ્ટ યશોરાજીરાજિતગાત્ર પંડિત શ્રી ૫ શ્રી ધનસોમગણિ તત્શિષ્ય ગ. કનકસોમેન લપીકૃતં...સુશ્રાવિકા રાજકુંયરિ વાંચનાર્થં. ગોડીજીનો ભંડાર, ઉદયપુર. (૨૧) સં.૧૮૭૯ કાર્તિક શુ.૫ બુધવાસરે ઘોરાજી મધ્યે લિ. ભાવચારિત્રીયા ઋ. ઝવેરચંદ જીવર્દ્ધ શિવજી માલજી આત્માર્થં જાડેજા શ્રી ચંદરસિંઘજીના રાજ્યમાં તથા પ્રધાન ભાઇ જુઠા ગોપાલજી તે વારે લિખ્યું છે. પ.સં.૨૬–૧૬, રા.પૂ.અ. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૨૯૪–૯૬, ભા.૩ પૃ.૧૨૮૨–૮૩. જુઓ આ પછીના કવિ સૂર.]

૯૮૯. સૂર (દિ. ઇંદ્રભૂષણસૂરિ–પ્ર. શ્રીપતિના શ્રાવકશિ.)

સુરવિજય નં.૯૮૮ને બદલે સૂર, બુર્હાનપુરને બદલે વર્ધનપુર વગેરે ફેરફાર કોઈ દિગંબરી ભાઈએ કર્યા લાગે છે. મૂળ સુરવિજયના 'રત્નપાલ રાસ' નં.૩૪૮૨નું અનુકરણ છે.

(૩૪૮૩) રત્નપાલનો રાસ ૩ ખંડ ૨.સં.૧૭૩૨ આસો શુ.૫ રવિ વર્ધનપુરમાં

અંત – કેતા દિન લગી કેવલી, વીહાર કરે મનના રલી,
પછે વલી અંત સમય ગિરપુર ચઢચા એ. ૧૯
ચ્યાર કરમ દૂરે કરી, મુગતીવધુ હેલે વરી,
ગુણ ભરી જન્મમરણભય ટાલીયા.

*

ત્રીજા ખંડ તણી ઢાલ, કહી સાતમી તતકાલ,
વૃદ્ધવાલ સુર કહે, સુણજ્યો સહુ એ. ૨૬

દૂહા

રત્નવતી રત્નપાલનો, ચરીત્ર કહ્યો એ સાર,
સુણતાં બહુ સુખ પામીએ, લહિએ લછિ અપાર. ૧
ગુણવંતના ગુણ ગાવતાં, સમરંતા વલી નામ
દુખદોહગ દૂર ટલે, સઝે સઘાં કામ. ૨

ઢાલ રાગ ધન્યાસી

દાંન પ્રબંધ ગ્રંથ દીઠો, સખરો એ અધિકાર રે
મેં મારી મતને અનુસારે, રચિયો રાસ ઉદાર રે. ૧
ભવીયણ સુણજ્યો શ્રી જિનવાંણી, પવયણવચન વખાણી
રાજી હોઇને જે કોઇ ભણસ્યૈ, પુરવ દુકૃત હણસ્યે રે. ભ. ૨
દાંન દેઇને પ્રસંસા કીજે, મત કરો પશ્ચાતાપ રે
ઉલટ આંણી દાંન દેજ્યો, તો ટલસ્યે સંતાપ રે. ભ. ૩
ગજ **દીગંબર** ગુરૂઓ ગોતમ, **ઇંદ્રભુષણ** સુરીરાય રે,
તાસ સીષ્ય **શ્રીપતી** ઇમચાર, જિનવરભક્તિ સુદાય રે. ભ. ૪
કથાકોશ ગ્રંથ જોઇવૈ, રચ્યો રાસ સિરદાર રે,
સુરચંદ ભૈયાને આદર, એહ પ્રબંધ ઉદાર રે. ૫

અલ્પબુદ્ધિ શ્રાવક અવિતાર રે, પંડિત **સૂરઈ** નામ રે,
ગુરૂ પસાએ બુદ્ધિ પ્રકાસી, સજ્જન સુણ્યો સુખ પાવે રે. ૬
સંવત **સત્તર બત્રીસા** વરષૈ, શુભ મુહરત શુભ વાર રે,
આસો સૂદિ૬ પાંચ રસ રવિ દિનૈ, **બદ્ધ્યનપુર** મઝાર રે. ૭
રત્નપાલ મુનીના ગુણ ગાયા, મનના મનોરેથ સીધા રે,
અનેક દેશ દેસની દેશી, રાસ ઉત્તમ મે કીધો રે. ૮
કવિયણ કહૈ મૈ પૂરો કીધો, ત્રીજે ખંડ રસાલ રે.
વીનતી કહું બુધજન સાથેં, સુદ્ધ કરો સુવિશાલ રે. ૯
ભણતાં ગુણતાં ને સાંભલતાં, સુણતાં હર્ષ અપાર રે,
ગુણ ગાતાં ગુણવંત કેરા, વરત્યો જયજયકાર રે. ૧૦

(૧) સંવત ૧૮૦૩ કાર્તિક સુદી ૧૩ **ક્ષેમ**કીર્તિ તત્પટ્ટે ભ. **નરેંદ્ર**-કીર્તિ તત્પટ્ટે ભ. **વિજય**કીર્તિ તત્શિષ્ય બ્રહ્મ શ્રી **લહુજી** તતશિષ્ય મુની **દેવંદ**કીર્તિજી પં. દયાલ વાચનાર્થં ઉદૈપુર મધ્યે લિષતં પન્યાસ **જત્ન**-રૂચિજી રૂકમ સવા માટેં લીખાયો ગ્રંથાગ્રંથ ૧૦૭૫ છૈ. પ.સં.૬૫–૧૦ ખેડા ભં.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૮૩–૮૪.]

□ □ □

લક્ષ્મીપૂજક જમાનાની આશ્ચર્યકારક ઘટના

'જૈન ગૂર્જર કવિઓ' એક અદ્‌ભુત આકર-ગ્રંથ છે. વકીલાતનો સર્વસમયભક્ષી વ્યવસાય કરતાંકરતાં મોહનભાઈએ 'જૈન ગૂર્જર કવિઓ'-નાં ચારેક હજાર પાનાં હસ્તપ્રતોને આધારે સંકલિત કર્યાં, લખ્યાં અને એનાં પ્રૂફો સુધ્ધાં સુધાર્યાં એ આપણા લક્ષ્મીપૂજક જમાનાની એક આશ્ચર્યકારક ઘટના છે.

આ ગૌરવગ્રન્થનું સંશોધન-સંવર્ધન અતિ-આવશ્યક હતું અને તે જયંત કોઠારી જેવા આપણા ચીવટવાળા, ખંતીલા અને તેજસ્વી સંશોધક વિદ્વાનને હાથે થયું છે એ આનંદની વાત છે. આ કામ કેટલી તિતિક્ષા, પરિશ્રમ અને ધૈર્ય માગી લે છે તે, એનો અનુભવ હોય તે જ સમજી શકે. મોહનભાઈના ભારે કામને, સંસ્કૃત વાઙ્મયનો શબ્દ પ્રયોજીએ તો, 'કૃત-પરિશ્રમ' જયંતભાઈએ પરિમાર્જન અને શોધન દ્વારા દિપાવ્યું છે.

જૈન ગૂર્જર સાહિત્યના આ આકરગ્રન્થો-ના સંપાદન અને પરિશોધનનું 'કપૂરનું વૈતરું' કરીને જયંતભાઈ કોઠારીએ ભારતીય ભાષા-ઓના અને વિશેષતઃ ગુજરાતી ભાષાસાહિત્યના અભ્યાસીઓને ઉપકૃત કર્યા છે. આ માતબર પ્રકાશનનો આર્થિક ભાર ઉપાડવાની દૂરદર્શિતા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોને પણ ધન્યવાદ ઘટે છે.

ભોગીલાલ જ. સાંડેસરા

(બુદ્ધિપ્રકાશ, જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર ૧૯૮૭)